
કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી · સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં
નાગરિકોનું માસિક

વર્ષ ૫૭મું
અંક ૧૦મો
ઑક્ટોબર
૧૯૮૦
સળંગ અંક
૬૮૨


તંત્રી
બિહારીલાલ ટાંક



◁ બોધિસત્ત્વ
બંગાળના પાલયુગની
એક અલંકૃત બૌદ્ધપ્રતિમા



ગોપિકા (ચિત્રકાર સોમાલાલ શાહ)



કુમાર

ઑક્ટોબર ૧૯૮૦ · અંક ૬૮૨

આદ્યતંત્રી: બચુભાઈ રાવત — તંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

બોધિસત્વ — પૂઠું
ગોપિકા (ચિત્રકાર: સોમાલાલ શાહ) — ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

નગર તરુના ઉદ્ગાર (ભાનુપ્રસાદ પંડયા) 315
આ ઉદધિ ઊછળ્યો જાય (ચંદ્રકાન્ત શેઠ), હાઇકુ ('સ્નેહરશ્મિ') 315
હરો (હરીશ ધોબી), વિદ્યાર્થી અંગ (ધીરુ પરીખ) 315

ચરિત્ર

વલ્લભાચાર્ય — પ્રફુલ્લ રાવળ 317
એ રાજસેવક (વ્યક્તિચિત્ર) — મુકુન્દરાય વિ. પારાશર્ય 323

વાર્તા

એની આંખનો કાળો તલ — અશ્વિન દેસાઈ 321
જેઠ બહાદુર (ગતાંકથી સંપૂર્ણ) — સુકન્યા ઝવેરી 339

લેખો

સત્સંગ (વિચાર-વિશેષ) — બહાદુરશાહ પંડિત 316
મયૂરપિચ્છ ભસ્મ (નુસખા-૪) — વૈદ્ય નવીનભાઈ ઓઝા 322
અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ — ડૉ. મધુસૂદન પારેખ 325
આપણી જીવનસંસ્કૃતિ અને ૭નો આંકડો — પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર 326
શતરંજનો કોયડો-૧૦ — સુરેશ મોદી 334
પૃથ્વીરાજ ચૌહાણ — વિનોદ ભટ્ટ 335
પેન કૉંગ્રેસની બેઠકો (પ્રદેશે જય-વિજયના-૧૧) — ડૉ. ર. ચી. શાહ 337
જાસૂદ (પુષ્પમાળા-૨૦) — પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર 340
બાયોકેમિક ઔષધપદ્ધતિ — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી 351

વિભાગો

વાચકો લખે છે 314
કલાવાર્તા (ચમ્બાનાં ભીંતચિત્રો) — વાસુદેવ સ્માર્ત 330
સાહિત્યસંપર્ક (શબ્દકથા, દિવંગત, અવલોકનો, આવકાર) 345
પચ્ચીસ વર્ષ પહેલાં 349
ધર્મચક્ર : ધાર્મિક સંજ્ઞાઓ-૧૦ 350
માધુકરી (પ્રા. નિહારરંજન રાય) 350
આકાશદર્શન 353
આગામી માસ ઇતિહાસમાં 354
બુદ્ધિમતના ઓળા 354
છેલ્લું પાનું 355

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત (મૅનેજર) · મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

दीपावली–मंगलम्

दीपात् समुद्भवं ज्योतिः
चकासे प्रति–मन्दिरम् ।
प्रज्ञालोक स्तथा पुण्यः
अन्तर्लोकं प्रकाशताम् ॥
प्रोज्ज्वलोऽयं विना तैलम्
निर्धूमा यस्य वर्तिका ।
रश्मयो ज्ञान–दीपस्य
भासन्तां भुवने सदा ॥

रामेण धर्म–विजयो विहितः पृथिव्याम् ।
पाप–क्षयात् प्रमुदितानि तपोवनानि ।
दीपैः प्रजा निज–मुदं प्रकटी करोति
पुण्य–प्रभाभि रमलं भुवनं समस्तम् ॥
एवं सदा विजयतां खलु धर्म–निष्ठा ।
सद्वृत्त–पाटव–धियः सततं विदग्धाः ।
सक्ताः मुहुः सुकृतिनो नव–सर्जनायाम् ।
सारस्वतं च सुकृतं विशदं विधत्ताम् ॥

(પોરબંદર) — શંકરદેવ વિદ્યાલંકાર

મહર્ષિ દયાનંદ સરસ્વતી

શ્રી મધુસૂદન પારેખના 'ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' (નવેમ્બર, ૧૯૭૯)માં, મહર્ષિ દયાનન્દ સરસ્વતી વિષે સ્વ. ભોળાભાઈ દીવેટિયાએ લખેલા જીવનચરિત્રમાંથી જે ઉદ્ધૃત કરાયું છે તથા શ્રી પારેખે પોતે પણ જે વિધાન કર્યાં છે ને તે વિષે એક વાચક ભાઈશ્રી ગણાત્રાએ પણ લખ્યું છે (જૂન ૧૯૮૦) તેના અનુસંધાને જણાવવાનું કે, તે ભૂલભરેલું છે.

ભાઈ ગણાત્રા કહે છે કે, પ્રો. જોર્ડન્સ કૃત મહર્ષિની જીવનકથામાં આવું કંઈ નથી તે સાચું છે, પરંતુ અત્યાર સુધીનાં મહર્ષિજીનાં જે જીવનચરિત્રો આલેખાયાં છે તેમાં પણ તેમ નથી. મહર્ષિજીના અધિકૃત જીવનચરિત્રકાર શ્રી બાબુ દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય, જેમણે એમના જીવનના અનુસંધાન કાજે સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું અને જે પોતે આર્ય સમાજી પણ ન હતા, તેમના 'દયાનન્દ જીવનચરિત્ર'માં આવો કોઈ પ્રસંગોલ્લેખ નથી.

મહર્ષિજીની ઉગ્ર સત્યનિષ્ઠાને કારણે એમનાથી વિરુદ્ધ મત રાખનારાઓ પણ તેમના સત્યસેવીપણાને સદાય માન આપતા. આ સંદર્ભમાં ઈસાઈ ને મુસ્લિમ સંપ્રદાયના વરિષ્ઠ નેતાઓએ એમના મૃત્યુ સમયે આપેલી શોકાંજલિઓ તપાસવા જેવી છે. એમની સત્યનિષ્ઠાની તુલના હમેશાં ગાંધીજીની સત્યનિષ્ઠા સાથે કરાતી આવી છે. ખુદ ગાંધીજીએ નોંધ્યું છે કે, 'હું જ્યાંજ્યાં ગમન કરું છું ત્યાંત્યાં મને મહર્ષિજીનાં જ ચરણારવિન્દો દૃષ્ટિગોચર થાય છે.' તો ફ્રેન્ચ ચિંતક રોમાં રોલાએ એમને માનવજાતના મુક્તિદાતા કહ્યા છે.

ગાંધીજીની માફક મહર્ષિજીનું જીવન જ એમનો સંદેશ હતો. મહર્ષિજી પાસે દેખાડવાના અને ચાવવાના દાંત જુદાજુદા ન હતા. મહર્ષિજીને આવા પ્રપંચી ચીતરવાનો પ્રયાસ એ તો કવિ સમ્રાટ ન્હાનાલાલે ગાંધીજી વિષે લખેલ 'વર્ધાનો વંઠેલો' જેવો હાસ્યાસ્પદ લાગે.

મહર્ષિજીએ વેદોના અર્થો મારીમચડીને કર્યા તે વિષેનાં વિધાનો અંગે શ્રી ગણાત્રાએ રામકૃષ્ણ પરમહંસનો દાખલો પોતાના સમર્થનમાં ટાંક્યો છે. રામકૃષ્ણ પરમહંસ પરમ તપસ્વી હોઈ શકે, પરંતુ સાક્ષર ન હતા. સંસ્કૃતના પંડિત ન હતા, એટલે મહર્ષિજીનાં વેદભાષ્યો પ્રત્યેનો એમનો અભિપ્રાય અધિકૃત તો ન જ ગણાય. મહર્ષિજીનાં વેદભાષ્યો વિષે સમ્મતિ દર્શાવતા પશ્ચિમના અને પૂર્વના અનેક વિદ્વાનોના અભિપ્રાયો ટાંકી શકાય તેમ છે, પણ વિસ્તારભયે એકમાત્ર શ્રી અરવિંદનો અભિપ્રાય પ્રસ્તુત કરું છું. તેઓ કહે છે :

'In the matter of vedic interpretation I am convinced that Dayananda will be honoured as the first discoverer of the right clues. Amidst the caos and obsinity of old ignorance and age old misunderstanding his was the eye of direct vision that pierced to the truth and fastened on that which was essencial. He had found the keys of the doors that time had closed.'

શ્રી પારેખની બીજી કેટલીક સમજફેર પણ છે. આર્ય સમાજ સૌપ્રથમ રાજકોટમાં સ્થપાયો જે અંગ્રેજી હકૂમતે બંધ કરાવ્યો, એ પછી મુંબઈમાં સ્થપાયો અને પછી ક્રમશઃ અન્ય સ્થળોએ. શ્રી પારેખ માને છે તેમ માત્ર પંજાબમાં જ નહિ. બીજું, હવે એ સર્વ-સ્વીકૃત છે કે, મહર્ષિજીનો જન્મ ટંકારામાં થયો હતો.

'હિન્દુ ધર્મમાં લોકોની શ્રદ્ધા પુનઃસ્થાપિત કરવાનું કાર્ય' એમણે કર્યું ન હતું. એમ કરવાનો એમનો આશય પણ ન હતો. એમણે ઘડેલા દસ નિયમોમાં કે મહર્ષિજી લિખિત કોઈ ગ્રંથમાં પણ એવું ક્યાંય અભિપ્રેત નથી. એમનો આશય સમસ્ત સંસાર પર ઉપકાર કરવાનો હતો. આર્ય સમાજ માટે જે ગૂર્જર તપસ્વી આધુનિક ભારતીય જનક્રાન્તિના આદ્ય જનક હતા, જે 'રાષ્ટ્રપિતામહ' કહેવાયા, જે સત્યનું સાક્ષાત્ સ્વરૂપ ગણાયા, જેણે 'વેદ'નાં સાચાં અર્થઘટનો દ્વારા વિશ્વની મહાન સેવા બજાવી, જે પોતાના ઉગ્ર તપ અને સત્યના આગ્રહને કારણે મહર્ષિપદ પામ્યા, તેવા આ મહાન ગુજરાતી વિષે ભ્રમ ન રહે અને સર્વનું ભ્રમોચ્છેદન થાય તે હેતુથી આ લખાણ મોકલ્યું છે.

(અમદાવાદ) —નરેન્દ્ર દવે

જાસૂદ

આ માસના પુષ્પમાળાના લેખ 'જાસૂદ'માં આટલું ઉમેરી લેવા વિનંતી : જાસૂદની જાંબુડા રંગની જાત ઉપરાંત તેની એક બહુપત્રી દુગ્ધધવલ શ્વેત પુષ્પોવાળી જાત પણ કેટલાક ઉદ્યાનમાં જોવા મળે છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

ભાથીજી

જૂન '૮૦માં ભાઈશ્રી શશિકાંત ચિમનલાલ જરદોસના પત્રે સારી એવી જિજ્ઞાસા જગવી —ભાથીજી એક લોકદેવ છે. આપણે ત્યાં, ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારમાં પ્રજાઓની હેરફેર બહુ મોટા પાયા ઉપર થયેલી છે. બહારથી કોઈ પ્રજા આવે એટલે શરૂઆતમાં સંઘર્ષ થાય, અલગ અલગ સ્થાનો ઊભાં થાય અને સમય જતાં સંલગ્ન થાય એટલે વળી સંયુક્ત એવાં નવાં સ્થાનો સર્જાય। આ કારણે જ કચ્છ અને સૌરાષ્ટ્રનો ઇતિહાસ ભારે અટપટો તથા વિસ્મયકર બનેલો છે. જુદાજુદા સમયમાં જુદી જુદી પ્રજા વચ્ચે ઊભા થએલા સ્થાનિક દેવતા (local God) અભ્યાસની વિશિષ્ટ સામગ્રી પૂરી પાડે છે. હમણાં ગુજરાત વિદ્યાપીઠે સંશોધન વિશેષાંક પ્રસિદ્ધ કર્યો છે એમાં એક સૂર એ પણ સંભળાય છે કે ગુજરાતમાં શોધખોળ–ખાંખાંખોળા કરવાની વૃત્તિ બહુ જ ઓછી છે. આ વાત સાથે સહમત થયા વિના ચાલે તેમ નથી. ભાઈ શશીકાંતને થઈ તેવી જિજ્ઞાસા દરેક શિક્ષિતને થતી હોય તો!

ખેર, વાછરાડાડાની માફક ભાથીજી પણ મધ્યકાળમાં ઊભા થયેલા લોકદેવ છે. મૂળમાં એ વીરપુરુષો હતા, પોતાના પ્રદેશનું રક્ષણ કરતાં મૃત્યુને ભેટયા. લોકોએ એને દેવ કહીને સ્થાપ્યા અને સમય જતાં 'ભાથીજીદાદા વીંછીનું ઝેર ઉતારે છે' એવી માન્યતા રૂઢ થઈ અને પૂજાવિધિ આરંભાયો! વાછરાડાડાનું તો વત્સરાજ સોલંકી એવું નામ પણ મળે છે, ગાયોની વારમાં વીરગતિ પામ્યા અને પાછળથી વાછરાડાડા સર્પનું ઝેર ઉતારે છે એવી માન્યતા પ્રચલિત બની લોકશ્રદ્ધાને પામી. આવા લોકદેવોની આપણે એક સૂચિ બનાવવી જોઈએ.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

નગરતરુના ઉદ્‌ગાર / ભાનુપ્રસાદ પંડ્યા

· શિખરિણી-સૉનેટ ·

મને લાગે કે આ દગવિહીનનો દેશ, કરમાં
ભલે ના યષ્ટિકા, પણ ભટકતાં લોક સહુ આ.
યથા કો વાસંતી લહર પરશે લોહસળિયે
પડે જેવો કર્ણે બધિર–ખસિયાણો ખગરવ
અહીં આ હું તેવું! પણ મુકુરની જેમ જરીકે
ઝિલાયે મુદ્રા તો ધરપત. નહીં, ભીંત પરથી
સરે જેવી છાયા ત્યમ જ વણુનોંધી ખરી જતી
હયાતી મારી આ અયસરચિયાં લોચન થકી!

નહીં તો આ શાખા પર નજર કો છોરું સરખી
છલાંગે ના? સામે કુસુમદલનો છાક નીરખી
ધસે શું ના કોઈ દગભ્રમર? મારાં પરણુની
અડે રાતી લીલી ટશર–ખસતું કોણ પછીથી?
હવે ચાલો, મારાં તરુ-ફૂલ! લિયો પંથ વળતો,
જઈએ જ્યાં ખુલ્લે દગ હરિત હો કેફ ચડતો.

હશે / હરીશ ધોબી

· ગઝલ ·

લોહીમાં જંપેલ તારો લય હશે
બસ પછી વિસ્મય પછી વિસ્મય હશે.

શબ્દ કોઈ ઘેરી વળશે એ પછી
કૈંક નવતર અર્થનો પરિચય હશે.

સૂર્ય સમજણનો મને ઊગ્યા પછી
કેટલીયે લાગણીનો ક્ષય હશે.

સાથમાં લીધું છે મેં મારાપણું
કે મને મારા વિશેનો ભય હશે.

આ ઉદધિ ઊછળ્યો જાય

ચંદ્રકાન્ત શેઠ

· ગાન ·

આ ઉદધિ ઊછળ્યો જાય.
અહીં ગગન ને પણે ગગન,
મહીં અંતરાય ઘોળાય.—

આ કાંઠેથી સૂર્ય ઊગે છે,
એ કાંઠેથી ચંદ;
અંધકારના અણુ અણુથીયે
ઊઠતો તારક છંદ.
ખડક ખડકથી મોતી ઊછળે,
ભીતર ઝગમગ થાય.—

જેબ લગીનાં ઊછળે જલ,
મહીં દિશ દિશના ગુંજાર,
જલમાં જલ શું બાંધ્યું રૂહે? એ
વહે સમયની પાર.
એનાથી હું દૂર રહું ક્યાં?
એ મુજથી ઊભરાય!!—

હાઈકુ / સ્નેહરશ્મિ

દશેરા : હાર
ગલગોટાના તાજા :
ઘોડા ઘરડા.

*

ભોંયે પડતું
ફૂલ : પર્ણોએ લીધું
વચ્ચેથી ઝીલી.

*

સરે ઠેકતી
કાંકરી : હલમલી
સૂરજ જાય.

*

શૃંગનાં શૃંગ
ચઢું-ઊતરું : બધું
પાછળ રહે.

*

નદી–બેટમાં
વડલો : હોડીઓ કૈં
આવે ને જાય.

વિદ્યાર્થી અંગ / ધીરુ પરીખ

· છપ્પા ·

ભણવું નામે ઊઘડ્યો દેશ, વસ્તીનો તોટો ન્હૈ લેશ;
માંહોમાંહે બકતા હોડ, પુસ્તકિયા દુનિયાને છોડ;
થોડા વર્ગે, ઝાઝા બ્હાર, વિદ્યાથી કોણ ઊતર્યું પાર?

પાર ઊતરવા કાષ્ઠ જ જોય, મણિ બાંધ્યે કોઈ તરતું હોય?
જે સમજે તરવાનો મર્મ, ત્યજી વતરણાં પાળે ધર્મ;
સમજ વગરનો વિદ્યાપ્રેમ, ઘેટા પાછળ ઘેટું જેમ.

મૂગાં મેંઢાં ચાલ્યાં જાય, ખરીદનારો મન હરખાય;
ઠૂંઠા બૂંઠા સહુ કોઈ મળ્યા, ભણતર નામે ઘરથી ટળ્યા;
થોડું ભણીને ઝાઝું ભૂલે, સોનહિંડોળે ક્યાં કોઈ ઝૂલે?

ઝૂલવાનો તો એક ઉપાય, અક્ષરથી મન અળગું થાય;
ખિસ્સામાં એક કાગળ બસ, ફ્હે પુસ્તકને આઘું ખસ;
લખવાનું જો ભૂલી જવાય, ત્રીજું યુદ્ધ એથી નવ થાય.

શાહી વગરની પેન વિશુદ્ધ, કાગળ સાથે ખેલે જુદ્ધ;
ફી ફી કરતું હસતું કોઈ, કોક ભોટને લખતો જોઈ;
લખતાને લહિયો ફ્હો ભલા, વિદ્યાર્થીને શી એ બલા!

◖ નગરતરુના ઉદ્‌ગાર: નગરપથ ઉપરના વૃક્ષની ઉક્તિરૂપે રચાએલા આ સૉનેટમાં વૃક્ષની વેદના વ્યક્ત થઈ છે કે નગરમાં સહુ લાકડી વગરનાં અંધજનોની જ્યમ ચાલે છે અને તેથી તેમની નજર વૃક્ષ ભણી જતી નથી. છતી આંખે અંધ એવાં નગરજનો પ્રકૃતિ માણી શકતાં નથી એ વસવસો વૃક્ષની મિષે પ્રકૃતિનો અને એ મિષે સંવેદનશીલનગરજન-નો—કવિનો—છે. અહીં લોકોનાં સૌંદર્ય ન પારખતાં જડ લોચનોને 'અયસરચિયાં' કહી વેદનાગર્ભ વ્યંગ પ્રકટાવ્યો છે. પછી બીજા ખંડમાંની કલ્પના 'નજર કો છોરું સરખી' હૃદ્ય બની રહે છે. પણ સૌંદર્ય અહીં નગરમાં નિહાળે કોણ? એટલે છેલ્લે વૃક્ષ પોતાનાં પુષ્પોને ઉદ્દેશીને નગરમાંથી પાછાં વળી જવાની કાકલૂદી કરે છે. પ્રકૃતિ અને નગરસંસ્કૃતિ-ના સંઘર્ષનું આ સૉનેટ સ્વતઃસ્પષ્ટ છે. **◖ આ ઉદધિ ઊછળ્યો જાય:** દર્શક સર્વનામ 'આ'થી ઊપડતું આ ગીત 'અહીં' અને 'પણે' દ્વારા સર્વત્ર વિલસી રહેલા ગગનની મધ્યમાં ઘોળાતા સમદરનું નૈકટ્ય ઇંગિતી રહે છે. પછીના અંતરામાં આ કાંઠો અને એ કાંઠો દ્વારા બ્રહ્માંડની વાત સ્પષ્ટ કરી અંધકારમાં તારકતેજના છંદોમાધુર્યથી એક સરસ ચિત્ર ઉપસાવવામાં આવ્યું છે. અને બીજા અંતરામાં ગીત ગેબમાં પહોંચી જાય છે. સર્વત્ર નાદદર્શન છે. આ તો સનાતન લહેરાતું જલતત્ત્વ! માટેસ્તો એને સમયની પાર વહેતું કહ્યું છે. અને અંતે તો એ જ તત્ત્વ કાવ્યનાયક કહે છે મુજમાં—વ્યાપ્તિથી આપણુ સહુમાં—ઊભરાય છે! આ અનુભવને પ્રથમ પંક્તિમાંના 'આ' અને અંતિમ પંક્તિમાંના 'એ'થી અદ્વૈતાનુભવમાં ઢાળી દેવાયો છે.

—ધી. પ.

સત્સંગ

બહાદુરશાહ પંડિત

એક વાર વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે વાદવિવાદ થયો. વિશ્વામિત્ર કહે, 'તપનો મહિમા ઘણો છે.' અને વસિષ્ઠ કહે, 'તપ કરતાં સત્સંગ ચડિયાતો છે.' બંનેની દલીલો ચાલુ જ રહી પણ કોઈ કોઈને હરાવી શક્યું નહિ. આખરે બંને જણ ન્યાય કરાવવા શંકર ભગવાન પાસે ગયા. શંકર ભગવાને કહ્યું, 'તમારા જેવા જ્ઞાનીઓનો ન્યાય કરવાનું મારું ગજું નહિ. તમે બ્રહ્મા પાસે જાઓ.' બંને જણ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્માએ એમને વિષ્ણુ પાસે મોકલ્યા અને વિષ્ણુએ કહ્યું તમારા વિવાદનો ઉકેલ શેષનાગ જ આપી શકે.'

વસિષ્ઠ અને વિશ્વામિત્ર બંને શેષનાગ પાસે ગયા અને પોતાના વાદવિવાદની વાત કરી. શેષનાગે કહ્યું, 'તમારી દલીલો સાંભળવા મારે જરા નિરાંતે બેસવું પડે એટલા સમય માટે આ પૃથ્વીનો ભાર ઉપાડવાની કંઈ વ્યવસ્થા કરો.'

વિશ્વામિત્રે કહ્યું, 'ઓહો ! એમાં શું ? હું મારું બધું તપ પૃથ્વીને સ્થિર રાખવા માટે અર્પણ કરું છું. તમે પૃથ્વીને છોડી દો.'

શેષનાગે પૃથ્વીને માથા ઉપરથી ખસેડી પણ એ તો સ્થિર રહેવાના બદલે અંતરિક્ષમાં સરકવા લાગી. પછી વસિષ્ઠે કહ્યું, 'વિશ્વામિત્ર સાથેનો મારો જે સત્સંગ છે એ અર્પણ કરીને હું પૃથ્વીને સ્થિર રહેવા આદેશ આપું છું.' અને પૃથ્વી થંભી ગઈ. શેષનાગે કહ્યું, 'હે ઋષિવરો, તમારા વિવાદનો ઉકેલ તમને મળી ગયો ને ?'

આ આખ્યાયિકા સત્સંગનો મહિમા બતાવે છે. હિંદીમાં કબીરજીનો એક દુહો છે :

એક ઘડી, આધી ઘડી આધી મેં પુની આધ
સંત સમાગમ કીજીયે કોટિ યજ્ઞફલ હોય.

આપણાં શાસ્ત્રોમાં સત્સંગનો ખૂબ મહિમા કરવામાં આવ્યો છે. સારા માણસની સોબત [illegible]

ગમે તેવા દુષ્ટ અને અધમ માણસને પણ સદાચારના માર્ગે ચાલવાની ફરજ પાડે છે. વાલિયો લૂંટારો વાલ્મિકી નામનો મહાન સંત કવિ બન્યો એ સત્સંગનો ચમત્કાર છે. જેલમાં ગાંધીજીના સંસર્ગમાં આવનાર અનેક પીઢ ગુનેગારો સન્માર્ગે વળ્યાના દાખલા ગાંધી સાહિત્યમાંથી મળી આવે છે. એ જ રીતે શ્રી રવિશંકર મહારાજના સંસર્ગથી બહારવટિયાઓમાં આવેલા પરિવર્તનની કથાઓ શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખેલા 'માણસાઈના દીવા' નામના પુસ્તકમાં સંપાદિત કરેલી છે. શ્રી ગણેશ વાસુદેવ માવલંકરના 'માનવતાનાં ઝરણાં' નામના જેલજીવનના અનુભવ પરથી લખાએલા પુસ્તકમાં પણ સારી સોબતનો મહિમા ધ્વનિત થાય છે.

સત્સંગનો અર્થ માત્ર સાધુપુરુષની સોબત જ થતો નથી, સારાં પુસ્તકોનું વાચન, સારી કથાનું શ્રવણ અને સારા માણસોનું દૈનિક નિરીક્ષણ પણ સત્સંગની ગરજ સારે છે. શાસ્ત્રના એકાદ વાક્યના શ્રવણથી પણ માણસના જીવનમાં પરિવર્તન આવી જાય છે. એ દર્શાવતી એક સરસ લોકવાર્તા છે :

એક પીઢ ચોરે મરતી વખતે એના પુત્રને સલાહ આપી હતી કે જ્યાં કથા વંચાતી હોય એ માર્ગેથી પસાર થવું નહિ, અને સંજોગવશાત ત્યાંથી પસાર થવું પડે તો કાને હાથ દઈને પસાર થઈ જવું. કથાકારનો એક શબ્દ પણ કાને પડવા ના દેવો. ચોરપુત્રે આ સલાહનું ઘણા સમય સુધી પાલન કર્યું. પણ એક વાર એ ગામના મંદિર પાસેથી પસાર થતો હતો ત્યારે એકાએક એના પગમાં કાંટો વાગ્યો. ચોરપુત્રે કાંટો કાઢવા હાથ લંબાવ્યો એટલે એના કાને મંદિરમાં વંચાતી કથાનું એક વાક્ય પડી ગયું. 'જૂઠું બોલવા જેવું બીજું કોઈ પાપ નથી.' ચોરપુત્રે નિશ્ચય કર્યો કે હવે પછી કદી જૂઠું બોલવું નહિ. પણ સાચું બોલવું અને ચોરી કરવી એ બે પ્રવૃત્તિઓ સાથે કેવી રીતે ચાલી શકે ? કથા કહે છે કે આ ચોરપુત્રે વિક્રમ રાજાના મહેલમાં ચોરી કરી અને રાજાના હાથે પકડાઈ જતાં સાચું બોલીને રાજાનું દિલ જીતી લીધું. પરિણામે એ ચોર મટી રાજાનો પ્રધાન બની ગયો.

સારાં પુસ્તકોના વાચને માણસોના જીવનમાં મોટું પરિવર્તન આણ્યાના દાખલા પણ શોધવા જવા પડે એમ નથી. મહાત્મા ગાંધીજી પર રસ્કિનના 'અન ટુ ધ લાસ્ટ' પુસ્તકની કેવી જબરજસ્ત પરિવર્તનકારી અસર પડી હતી એ એમણે આત્મકથામાં નોંધ્યું છે. ડેલ કાર્નેગી, નૉર્મન પિલ, સ્વેટ માર્ડન અને ડૉ. નેપોલિયન હિલ જેવા ચિંતકોનાં પુસ્તકોએ દુનિયાના કેટલા બધા માણસોને નિરાશાની ઊંડી ખાઈમાં ગબડતા અટકાવ્યા છે !

સત્સંગ એટલે સારી સોબત. સારા માણસનો ઘડીક સંગ પણ આપણા જીવનમાં એક નવો રંગ અને ઉમંગ લાવી શકે છે. ડૉક્ટર જૉસેફ સીઝ ખૂબ નિરાશ અને હતાશ થઈ ગયા હતા. એ સમયે તેઓ ડૉક્ટર નહોતા કે અર્ધી દુનિયામાં વિખ્યાત પણ નહોતા. એ એક યુવાન હતા અને હજી દુનિયાના અજાણ્યા પથ પર પગ મૂકતાં નિષ્ફળતા મળવાથી હતાશ થએલા હતા. એવી હતાશાની પળે એમને એક સજ્જનનો ભેટો થઈ ગયો. એ સજ્જને એમને એક વાક્ય કહ્યું અને ડૉ. જૉસેફ સીઝનું આખું જીવન પલટાઈ ગયું. જીવનના ઘોર અંધકારમાં એમને આશાનું એક અનોખું કિરણ મળી ગયું. આ વાક્ય સાંભળ્યા બાદ એમણે અધૂરો રાખેલો અભ્યાસ આગળ લંબાવ્યો, ડૉક્ટરની ઉપાધિ પ્રાપ્ત કરી, ધર્મપ્રચાર અને સમાજસેવા શરૂ કરી ભૂલેલાઓને સાચો રાહ બતાવવાનું શરૂ કર્યું. પેલા સજ્જને એમને આ વાક્ય કહ્યું હતું : 'જેણે તને આ જગતમાં મોકલ્યો છે એ જીવનયાત્રામાં તારી સાથે જ છે. એણે તને એકલો છોડી દીધો નથી.'


સારા માણસની સોબત એ જીવનનો એક અમૂલ્ય લહાવો છે. સંતની સાથે આપણે જેટલો સમય પસાર કરીએ છીએ એટલો સમય આપણા મનમાં ઉદાત્ત અને કોમળ ભાવનાઓ તરવરતી હોય છે. એથી સાધુ પુરુષોના સાન્નિધ્યમાં આપણને પ્રસન્નતા અને શાંતિ મળે છે. એટલા સમય સુધી આપણા મનમાં શુભ આદર્શો પ્રત્યે આપણા જીવનને વાળવાના સંકલ્પો જાગે છે.

પણ સંતસમાગમની અસર એ સંતની લાકડી પર કે એમની ચાખડીઓ પર કરી થતી નથી એ ધ્યાનમાં રાખવા જેવું છે. સત્સંગ કરનાર વ્યક્તિને એ સંત માટે આદર હોય, એમની સાધુતા જોવાની સમજવાની શક્તિ હોય તો એમનો લાભ મળી શકે.

સાધુનાં પગલાંથી ઘરમાં લક્ષ્મી આવશે, સંતાન મળશે, [illegible] રોગ મટી જશે અથવા કોર્ટમાં વિજય થશે એવા દુન્યવી લાભની અપેક્ષા રાખનાર સત્સંગનો મહિમા સમજતો જ નથી એમ માનવું રહ્યું. આવી સિદ્ધિ કોઈ સાધુ પાસે હોય તો પણ એની પાસેથી એવી આશા રાખવી એ પંગુતાની નિશાની છે.

પ

વિજય ગુમાન ન પ્રેરે તો જીવન નૈયાનું સુકાન બની રહે-નહિતર તુફાન!
વાગતાં પહેલાં વાંસળીને વીંધાવું પડે છે.
પ્રેમે પૂજાવું હોય તો ત્યાગના ટાંકણા વડે ઘડાવું રહ્યું.
કસોટી કનકની થાય છે, પથ્થરની નહિ.
પુણ્યનો ગર્વ એ પાપ છે, જ્ઞાનનું ગુમાન એ અજ્ઞાન છે.
જિંદગીની આમ્રકુંજ ત્યાગીને કલાની કોકિલા કદી ગાઈ ન શકે.



શુદ્ધાદ્વૈત મતના પ્રતિષ્ઠાપક અને પુષ્ટિમાર્ગી વૈષ્ણવ ભક્તિ-પરંપરાના પ્રવર્તક

વલ્લભાચાર્ય

—લેખક · પ્રફુલ્લ રાવળ

ભક્તિ ઈશ્વર પરત્વેની આસક્તિ વ્યક્ત કરવાનું સરળ પગથિયું છે. ભક્તિમાર્ગ અતિ પ્રાચીન હોવા છતાં વેદમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. માત્ર સ્તવન કે ભક્તિતત્ત્વ સંબંધી થોડાક વિચારો વેદ ને ઉપનિષદકાળમાંથી તારવી શકાય છે. પરંતુ ભક્તિમાર્ગ અંગેનું સાહિત્ય જનસમાજમાં લગભગ તરતું રહ્યું લાગે છે. 'ભક્તિ' શબ્દનો ઈશ્વરાનુરક્તિ અર્થ સહુ પ્રથમ શ્વેતાશ્વતર ઉપનિષદમાં (૬–૨૩) ઉપલબ્ધ થાય છે. વૈદિક દેવ વિષ્ણુની ઉપાસના પ્રાચીનકાલીન છે. ભાગવત ધર્મમાં વિષ્ણુ, નારાયણ ને વાસુદેવનું એકત્વ મુખ્ય છે. શંકરાચાર્યના ગીતા-ભાષ્યના ઉપોદ્‌ઘાત પરથી એમનું એકત્વ સ્પષ્ટ થાય છે. એમાં વિષ્ણુના અનુયાયીઓ વૈષ્ણવ કહેવાય છે. કાળક્રમે લગભગ મહાભારતકાળની આજુબાજુમાં વિષ્ણુના અનુયાયી વૈષ્ણવોનો ભક્તિમાર્ગ અસ્તિત્વમાં આવવા લાગ્યો. આમ તો વૈષ્ણવસંપ્રદાયના મૂળમાં વિષ્ણુપૂજાનો જ મહિમા છે. પરંતુ કાળક્રમે વિષ્ણુના અવતાર મનાતા વાસુદેવ કૃષ્ણની આરાધના થવા માંડી. નિશ્ચિત્ પ્રમાણોથી ઇ. સ. પૂર્વે પહેલાથી ચોથા શતકમાં વાસુદેવ-પૂજા પ્રચલિત હોવાનું સ્પષ્ટ થયું છે, અને છેવટે કૃષ્ણને જ સર્વસ્વ માની વૈષ્ણવસંપ્રદાયનો ભક્તિમાર્ગ પૂર્ણતઃ વિકાસ પામ્યો.

વૈષ્ણવ સંપ્રદાય ગુજરાતમાં મહદ્ અંશે વલ્લભાચાર્યના સંપ્રદાયથી ઓળખાય છે. પરંતુ રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ, ચૈતન્ય ઈ. સંપ્રદાયો સ્પષ્ટતઃ પુષ્ટિમાર્ગના પૂર્વકાલીન વૈષ્ણવ સંપ્રદાયો છે. એમાં રામાનુજાચાર્યથી પ્રારંભાએલો શ્રીવૈષ્ણવ સંપ્રદાય સહુથી પ્રાચીન વૈષ્ણવ સંપ્રદાય છે. તે ઈ. સ.ના સાતમા આઠમા સૈકામાં અસ્તિત્વમાં હતો. આ સંપ્રદાયના સ્થાપક–પ્રવર્તક રામાનુજાચાર્યથી પણ પૂર્વે દક્ષિણમાંથી તો પરંપરાથી ભાગવત્ ધર્મ મેળવી સ્વતંત્ર રીતે અતિમાન રાખનાર 'આળવારો' નામના આર્દ્ર હૃદયી વિષ્ણુભક્તો થઈ ગયા, જે ભક્તિમાર્ગના પૂર્વજ લેખાય. આ રામાનુજ સંપ્રદાય પર પાઞ્ચરાત્ર અથવા ભાગવત્ સંપ્રદાયની અસર છે. તેનું મૂળ ભગવદ્‌ગીતા છે. ભાગવત્ સંપ્રદાય જ ભક્તિમાર્ગનો પ્રાચીન નિર્દેશ કરે છે. જેમાં વાસુદેવ કૃષ્ણની ભક્તિ પ્રધાન સ્થાને છે.

મહાભારતકાલીન ભાગવત્ સંપ્રદાયથી આરંભી પુષ્ટિમાર્ગ અને છેક છેલ્લે સ્વામીનારાયણ સંપ્રદાય સુધીની ભક્તિમાર્ગની અવિરત ગતિ વૈષ્ણવ સંપ્રદાયની ગતિ–પ્રગતિઓ પણ નિર્દેશ કરે છે. આ સઘળા સંપ્રદાયના આરાધ્ય દેવ તો વિષ્ણુ જ છે. અલબત્ત, સંપ્રદાય અનુસાર સ્વરૂપ પરત્વે ભિન્નતા અવશ્ય છે.

ગુજરાત અને રાજસ્થાનમાં આજે પણ જેનો વિશાળ અનુયાયી વર્ગ છે તે 'પુષ્ટિમાર્ગ'ના સ્થાપક, અગ્નિના અવતાર મનાતા વલ્લભાચાર્યનો જન્મ આંધ્ર દેશના કાંકર પરગણામાં વ્યોમસ્તંભ કે સ્તંભાદ્રિ નામના નાનકડા પર્વત પાસે જૂનું કાંકરપાડુ કે કાંકરવાડ (જેનો હાલ વિનાશ થયો છે) નામના ગામમાં વસતા બ્રાહ્મણ કુટુમ્બમાં થયો હતો. 'યદુનાથ દિગ્વિજય'માં 'કાંકરપાડુ'ને સ્થાને 'કાકુંભકર' અને પાઠાન્તરે 'કુંભકર' નામ પણ મળે છે.

એમના જન્મ સમયે હિન્દુસ્તાનમાં હિન્દુઓનું શાસન ડગુમગુ થઈ રહ્યું હતું અને પરસ્પર કલહકંકાસથી કેટલીક સત્તાઓ નિર્બળ બની લગભગ મૃતઃપ્રાય સ્થિતિમાં હતી. દિલ્હી પર લોદી વંશનું રાજ્ય હતું. પ્રત્યેક સૂબાઓ પોતાના પ્રદેશના સર્વસત્તાધીશ બની ચૂક્યા હતા. હિંદુઓને આ શાસન પર પૂરતો વિશ્વાસ કે સંતોષ નહોતો. રાજપૂતાના ને માળવાના ક્ષત્રિયોમાં પણ કુસંપ ઘર ઘાલી ગયો હતો. દક્ષિણ નાનાં નાનાં રાજ્યોમાં વિભક્ત થયું હતું. ગુજરાતમાં કરણ વાઘેલાનો સૂર્ય આથમી ગયો હતો. સમગ્ર ભારતવર્ષમાં રાજકીય અંધાધૂંધી વ્યાપી ગઈ હતી. હિંદુ રાજાઓ નિર્બળ બનતાં મુસ્લિમો સત્તાધીશ બની જોરજુલમો કરતા. સમાજમાં વ્યવસ્થાનો અભાવ હતો. પ્રજાનાં માનસ સંકુચિત બની ગયાં હતાં. સર્વત્ર માત્ર સ્વાર્થ, દંભ, ભય અને અવિશ્વાસ દૃષ્ટિગોચર થતા. સ્ત્રીઓનું સ્વાતંત્ર્ય લુપ્ત થયું હતું ભયથી બાળલગ્નો થતાં. ક્રમશઃ પ્રજા નિર્માલ્ય બનતી જતી હતી. શુદ્ધ ધાર્મિક ભાવનાની દોરવણી આપનાર કોઈ ન હોઈ ધાર્મિક અસ્થિરતા વ્યાપી હતી. ધર્માચાર્યોમાં પણ એકમત ન હોવાથી વૈમનસ્યનું વાતાવરણ હતું. ધર્માચારને સ્થાને બાહ્યાચારનું પ્રભુત્વ વધ્યું હતું. આવા વિષમ વાતાવરણ મધ્યે શુદ્ધ વેલનાટ કે વેળનાડુ તરીકે પ્રખ્યાત કુટુમ્બમાં વલ્લભાચાર્ય જન્મેલા. આ કુટુમ્બ પરંપરાથી કાંકરવાડ ગામમાં પ્રચલિત શ્રી વિષ્ણુસ્વામીના સંપ્રદાયનું અનુયાયી અને આરાધ્ય દેવ તરીકે ગોપાળ સ્વરૂપ કૃષ્ણની ભક્તિ કરનારું વૈષ્ણવી દીક્ષાવાળું કૃષ્ણ યજુર્વેદી તૈત્તિરીય શાખી ભારદ્વાજગોત્રી હતું. એમની કુળદેવી રેણુકા ને અવટંક 'અંભપટ્ટીવારુ' હતી'. નિયમિત વેદોક્ત અગ્નિહોત્ર કરનાર તેમ જ વહેલી દીક્ષા લેનાર એ કુટુમ્બ 'દીક્ષિત કુળ' તરીકે પ્રસિદ્ધ હતું. વળી 'સોમયાજી' તરીકે પણ તેઓ ઓળખાતા.

આ દીક્ષિત કુળમાં સોમયજ્ઞનો પ્રારંભ કરનાર યજ્ઞનારાયણ ભટ્ટ વલ્લભ દીક્ષિતના સુપુત્ર હતા. ગોવિંદાચાર્ય એમના પિતામહ હતા. યજ્ઞનારાયણ વેદધર્મના ઉપાસક હતા. એમણે મોટી વયે દેવપુરના પવિત્ર બ્રાહ્મણ સુધર્માની પુત્રી નર્મદા સાથે લગ્ન કર્યાં હતાં. આ યુગલ ધર્મપરાયણ હતું. આતિથ્યભાવના એમના ગૃહસ્થધર્મનું મૂળ અંગ. એમને દ્રાવિડમાંથી આવેલ વિષ્ણુમુનિ નામના ત્યાગી પુરુષે ગોપાલમંત્રની દીક્ષા આપી હતી. એમણે બત્રીસ સોમયજ્ઞ કરેલા. એમના પુત્ર

રામાનુજ, નિમ્બાર્ક અને મધ્વના નેતૃત્વમાં બારમી તેરમી સદીમાં દક્ષિણમાં એક સાથે ભક્તિની જે લહર પ્રકટી હતી તે બસો વર્ષ બાદ એક પ્રબળ ભરતી રૂપે ઉત્તર ભારતમાં લગભગ સર્વત્ર ફેલાઈ ગઈ. રામાનંદ, ચૈતન્ય અને વલ્લભાચાર્ય તેના અધિનાયકો હતા. આમાંના વલ્લભાચાર્યનો પરિચય અહીં આપ્યો છે. તેઓ કેવળ ભક્તિ આંદોલનના પ્રવર્તક જ નહિ, મધ્યકાલીન ભારતીય દર્શનના પણ એક પ્રમુખ સ્તંભ હતા. તેઓ હતા તો દક્ષિણ ભારતના તેલંગણના બ્રાહ્મણ પરિવારના, પરંતુ એમનું કાર્યક્ષેત્ર બહુધા ઉત્તર ભારતમાં વ્યાપ્ત હતું. પિતા લક્ષ્મણ ભટ્ટ, પ્રસિદ્ધ આચાર્ય વિષ્ણુસ્વામી દ્વારા પ્રવર્તિત રુદ્ર સંપ્રદાયના અનુયાયી હતા. પુત્ર વલ્લભના મન પર પિતાના એ રુદ્ર સંપ્રદાયવાદી વિચારોની છાપ તો પ્રથમથી હતી જ, તે ઉપરાંત, નિમ્બાર્ક પ્રણીત રાધા-કૃષ્ણની ઉપાસના સંબંધી ભક્તિધારાનો પણ તેમના પર ઊંડો પ્રભાવ પડ્યો હતો. વૈષ્ણવ હોઈ 'માયાવાદ' તો એમને માન્ય નહોતો, પણ સાથોસાથ માધ્વ દ્વૈતવાદ યા રામાનુજીય વિશિષ્ટાદ્વૈતની ધારણા સાથે પણ સમજૂતી કરવાની તેમની તૈયારી નહોતી. આથી આ બધાથી અલગ પડી એમણે પોતાના આગવા મત માટે એક નવી જ દાર્શનિક વિચાર-ધારાની ભૂમિકા રચી.

શંકરાચાર્ય, રામાનુજ અને મધ્વએ જ્યાં ભારતીય દર્શનની 'પ્રસ્થાન-ત્રયી'–ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્રનો આધાર લીધો હતો ત્યાં વલ્લભાચાર્યે ભાગવત્ મહાપુરાણને પણ પોતાનો એક પ્રમાણભૂત આધાર ગણીને એ ચારે કૃતિઓના પાયા પર એમણે ક્રમશઃ 'શુદ્ધાદ્વૈત'ની દાર્શનિક વિચારધારાનો વિકાસ કર્યો. જે અનુસાર ઉપનિષદોમાં વખાણેલી બ્રહ્મની અદ્વૈત સત્તાનો નિર્વિવાદ સ્વીકાર કરેલો છે, પરંતુ શંકરાચાર્યનો એ મત કે, એક માત્ર નિર્વિશેષ બ્રહ્મની જ પારમાર્થિક સત્તા સ્વીકાર્ય છે અને બીજું બધું માયા છે એ તદ્દન ઊથલી ગઈ. વેદાન્ત-સૂત્રોનું 'અણુભાષ્ય', શ્રીમદ્ ભાગવતની 'સુબોધિની' ટીકા અને 'તત્ત્વ-દીપ નિબંધ'–વલ્લભાચાર્યે સંસ્કૃતમાં લખેલા આ ગ્રંથો તેમના દાર્શનિક મતના પ્રધાન આધારસ્તંભ કહી શકાય તેવા છે. વલ્લભાચાર્યે કહ્યું છે કે બ્રહ્મની અદ્વૈતતા તો માયાની કલ્પના વગર પણ સિદ્ધ છે. વસ્તુતઃ અદ્વૈત બ્રહ્મ પોતાના 'કારણ' અને 'કાર્ય' એ બંને રૂપોમાં સત્ય અને એક છે, એ વિશુદ્ધ છે, માયાની ઉપર એ નિર્વાહ કરી શકે નહિ. આ સમગ્ર દૃશ્ય જગત એ બ્રહ્મની જ તો આત્મકૃતિ છે. જીવોમાં યે લીલા અર્થે અંશ-રૂપમાં પણ તેના સિવાય કોણ પ્રકટ થાય છે? આમ, શંકરાચાર્યે જ્યાં બ્રહ્મના નિરુપાધિ નિર્વિશેષ રૂપને જ યથાર્થ વાસ્તવિક ગણી સગુણને તેનું માયિક રૂપ કહ્યું હતું ત્યાં વલ્લભાચાર્યે તેના સગુણ રૂપને જ યથાર્થ અને વાસ્તવિક માન્યું છે. આ પરમ ચેતનને વલ્લભાચાર્યે સત્-ચિત્-આનન્દમય પૂર્ણ પુરુષોત્તમ અથવા શ્રી કૃષ્ણના નામ સાથે અભિહિત કર્યું અને તેની લીલામાં પ્રવેશ કરવાને જ જીવની સર્વોત્તમ ગતિ માની. એ ગતિની પ્રાપ્તિ માટે જે ઉપાસના-પદ્ધતિનું એમણે વિધાન કર્યું તે 'પુષ્ટિ માર્ગ'ના નામથી ઓળખાઈ. જ્ઞાનના બદલે ભક્તિનો સરળ માર્ગ

ગંગાધર ભટ્ટ. અઠ્યાવીસ સોમયજ્ઞ કરનાર આ વિદ્વાને મીમાંસા ગ્રંથની રચના કરી હતી. એમની પત્નીનું નામ કાંચી ને પુત્ર ગણપતિ ભટ્ટ. આ ગણપતિ ભટ્ટ ખૂબ ઉચ્ચ કોટિના વિદ્વાન હતા. શિષ્યો સહિત દક્ષિણની યાત્રા કરીને એમણે શાક્તો અને તાંત્રિકોના મતનો પરાજય કરી સ્વમતના દૃઢીકરણાર્થે 'સર્વતંત્રનિગ્રહ' નામનો સ્વતંત્ર ગ્રંથ રચ્યો હતો. વેદના પ્રખર અભ્યાસી આ બ્રાહ્મણનાં લગ્ન દક્ષિણ મદુરાના કેશવરામની અંબિકા નામની કન્યા સાથે થયાં હતાં. એમણે ત્રીસ સોમયજ્ઞ કરેલા. એમના પુત્ર વલ્લભ ભટ્ટ ઉર્ફે બાલભટ્ટે દશ ગ્રંથો રચ્યા હતા ને પાંચ સોમયજ્ઞ કરેલા. 'ભક્તિતંત્ર' નામનો એમણે એક સ્વતંત્ર ગ્રંથ રચ્યો હતો. ધર્મપુરીના કાશીનાથની પુત્રી એમની પત્ની હતી. એમના પુત્ર લક્ષ્મણ ભટ્ટ. પૂર્વજોના ઉત્તમ સંસ્કારો જાળવી રાખનાર લક્ષ્મણ ભટ્ટના લગ્ન વિદ્યાનગર (વિજયનગર)ના રાજાના પુરોહિત સુશર્માની પુત્રી એલ્લમાગારુ (કે યલ્લમાગારુ) સાથે થયાં હતાં. એમના સમયમાં કાંકરવાડનો વિનાશ થતાં તેઓ સકુટુમ્બ અગ્રહાર ગામમાં જઈને વસ્યા હોવાનું મનાય છે. લગ્ન બાદ લક્ષ્મણ ભટ્ટ સંન્યાસી બની ઘરનો ત્યાગ કરીને ચાલ્યા ગયા હતા. પરંતુ એમના પિતા વલ્લભ ભટ્ટ ને પત્ની એલ્લમાગારુએ શોધ કરીને એમના ત્યાગી ગુરુ પ્રેમાકર પાસેથી પાછા લાવીને સંસારી બનાવ્યા હતા. યજ્ઞનારાયણથી પ્રારંભાયેલી સોમયજ્ઞની પરંપરા તેમ જ ગોપાલમંત્ર દ્વારા ભક્તિ-સંસ્કાર જાળવી રાખનાર લક્ષ્મણ ભટ્ટ તથા એમની સહધર્મચારિણી એલ્લમાગારુએ ૧૦૦ સોમયજ્ઞ પૂરા થતાં કાશીમાં જઈ સવા-લક્ષ બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવવાનો સંકલ્પ કર્યો. વળી, લક્ષ્મણ ભટ્ટને પરંપરાથી ચાલી આવતી પ્રબળ શ્રદ્ધા હતી કે સો સોમયજ્ઞ પૂરા થતાં હોઈ કુળમાં અવશ્ય દેવાંશી પુરુષનો જન્મ થશે. આથી એ નિમિત્તે તેઓ સકુટુમ્બ તીર્થયાત્રાએ નીકળ્યા ને કાશી પહોંચી પોતાની ભાવનાને કૃતાર્થ કરી. કાશીમાં રહેવાનું વિચાર્યું હતું, પરંતુ યવનોના આક્રમણે અનિચ્છાએ વતન પાછા વળવું પડ્યું. એલ્લમાગારુ તે સમયે સગર્ભા હતાં. માર્ગમાં શ્રમ પડતાં મહાનદીના કિનારાના પ્રદેશમાં ચંપારણ્યમાં સાતમા અધૂરા માસે વિ. સ. ૧૫૩૫ (એક મત મુજબ વિ. સં. ૧૫૨૯)ના ચૈત્ર (વ્રજ વૈશાખ) વદિ ૧૧ ને રવિવારે રાત્રિની ૬ ઘડી અને ૪૪ પળના શુભ મુહૂર્તે એમણે પુત્રને જન્મ આપ્યો. આ પુત્ર તે પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રી વલ્લભાચાર્ય.

જન્મ સમયે બાળક નિશ્ચેતન હોવાથી મૃત માનીને શમીના વૃક્ષની બખોલમાં મૂકી દીધો. સહુએ રાત્રિએ ત્યાં મુકામ કર્યો. સવારે તપાસ કરતાં બાળકને બખોલમાં હર્ષથી રમતો જોઈ માતા એલ્લમાગારુના આનંદની કોઈ સીમા ન રહી. જન્મ-રાત્રિએ શમીના વૃક્ષમાં સ્વયં અગ્નિદેવે એ બાળકનું રક્ષણ કર્યું હતું એમ મનાય છે. સ્નેહથી બાળકને ઉપાડી લઇને ઈશ્વરની અલૌકિકતાની પ્રશંસા કરતાં ચંપારણ્યથી નીકળીને ચૌડાનગરમાં નિવાસ કર્યો. ચૌડાનગર તે સમયે કૃષ્ણદાસ નામના ક્ષત્રિયના વહીવટ તળે હતું. લક્ષ્મણ ભટ્ટને એમની સાથે સ્નેહસંબંધ હોઈ ત્યાં રહેવાની અનુકૂળતા મળી રહી. લક્ષ્મણ ભટ્ટે બાળકના જન્મ-નિમિત્તે યજ્ઞ કર્યો ને હિન્દુ ધર્મ અનુસાર જાતકર્માદિ આવશ્યક સંસ્કાર પતાવી, પોતાના વતનમાં થોડોક સમય ગાળી, પુનઃ કાશીમાં આવી રહ્યા. એ સમયે બાળક વલ્લભની વય ચાર વર્ષની હતી. આમ જ્યારે પરધર્મીઓનો ભય હતો તે કાળે વલ્લભાચાર્યનું પ્રાકટ્ય થઈ ચૂક્યું હતું.

બાળક વલ્લભની પ્રતિભા પ્રારંભથી જ આંજી નાખે તેવી હતી. એમની બુદ્ધિપ્રભા સહુ કોઈને આકર્ષતી હતી. વાણીની મીઠાશ ને ચાતુર્ય એ બાળકના વ્યક્તિત્વને પ્રારંભથી દીપાવતાં. પાંચ વર્ષ ને ત્રણ મહિને પિતાએ અક્ષરારંભ કરાવ્યો અને ચૈત્ર સુદ ૯ના પવિત્ર દિને મોટા સમારંભમાં વિદ્વાનોની ઉપસ્થિતિમાં લક્ષ્મણ ભટ્ટે યજ્ઞોપવીત સંસ્કાર આપ્યા. આમ તો બ્રાહ્મણોમાં સામાન્યતઃ સાતમે કે આઠમે વર્ષે ઉપવીત સંસ્કાર અપાય છે, પરંતુ પોતાનો પુત્ર દેવાંશી હોવાની પરમ શ્રદ્ધાએ તેમ જ તેના દ્વારા ધર્મની નૂતન વિભાવના આકારિત કરાવવાની મનીષાએ, બાળ વયે જ વેદાભ્યાસ સંપૂર્ણ કરાવી; પાંચમે વર્ષે જ ઉપવીત સંસ્કાર આપીને વલ્લભની અપૂર્વ પ્રતિભાનો પરિચય કાશીના વિદ્વાન બ્રાહ્મણોને લક્ષ્મણ ભટ્ટે કરાવ્યો. વળી, પૂર્વજોમાં વિદ્યાનો વ્યાસંગ હતો જ. તેથી સંસ્કારબળે યે વલ્લભમાં વિદ્યાપ્રીતિ હતી.

અપનાવવા એમણે લોકોને પ્રેર્યાં.

વલ્લભાચાર્ય ગોવર્ધનધારી કૃષ્ણના અનન્ય ભક્ત હોવા સાથે પ્રચંડ પંડિત અને ઉચ્ચ કોટિના સાધક હતા. તેમણે ૮૪ ગ્રંથો રચ્યાનું મનાય છે, પણ એ બધા ઉપલબ્ધ નથી. અણુભાષ્ય, સુબોધિની, તત્ત્વદીપ-નિબંધ ઉપરાંત, પૂર્વમીમાંસા-ભાષ્ય, ગાયત્રી ભાષ્ય, પત્રાવલંબન, પુરુષોત્તમ સહસ્રનામ, દશમસ્કંધ અનુક્રમણિકા, ત્રિવિધ નામાવલી, શિક્ષાશ્લોક, ષોડશગ્રંથ (યમુનાષ્ટક, બાલબોધ, સિદ્ધાંત મુક્તાવલી, પુષ્ટિપ્રવાહ મર્યાદાભેદ, સિદ્ધાંત-રહસ્ય, નવરત્ન, અંતઃકરણપ્રબોધ, વિવેકધૈર્યાશ્રય, કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની, જલભેદ, પંચપદ્ય, સંન્યાસ નિર્ણય, નિરોધલક્ષણ અને સેવાફલ), ભગવત્પીઠિકા, ન્યાયાદેશ, સેવાફલવિવરણ, પ્રેમામૃત, અને વિવિધ અષ્ટકો હજી પ્રાપ્ય છે.

વલ્લભાચાર્યના મોટા પુત્ર ગોપીનાથ તો અકાલ મૃત્યુ પામેલા, પણ નાના પુત્ર વિઠ્ઠલનાથ પ્રખર વિદ્વાન હતા. એમણે વલ્લભાચાર્યના ગ્રંથોનું સંપાદન અને તેનો પ્રચાર કરવા સાથે સ્વયં પણ લખ્યું હતું. ઉત્તર ભારતમાં સર્વત્ર ભ્રમણ કરીને વિઠ્ઠલનાથે વલ્લભસંપ્રદાયનો પ્રચાર કર્યો. ગુજરાતમાં પણ એમણે છ વાર યાત્રા કરી હતી વલ્લભ સંપ્રદાય-ની સેવાપદ્ધતિ એમણે નિર્મિત કરેલી છે. પિતાપુત્ર બંને વ્રજભાષાના ઉત્તમ જાણકાર હતા, એટલું જ નહિ એમના થકી વ્રજભાષાને ગૌરવ અને સાહિત્યમાં સ્થાન મળ્યું. પિતાપુત્રના સુરદાસ સહિત આઠ કવિશિષ્યોએ એમની પ્રેરણાથી વ્રજભાષામાં ઉત્તમ કવિતાઓ લખી છે.

વલ્લભસંપ્રદાયમાં લલિતકલાને પણ ઘણું પ્રોત્સાહન મળ્યું છે. સમાસમાના કીર્તન માટેનું ‘હવેલી સંગીત’ એ તેની આગવી દેન છે. શ્રીકૃષ્ણની પૂજાસેવાનું જે વિસ્તૃત વ્યવસ્થિત વિધાન આ સંપ્રદાયમાં છે તે અન્ય કોઈમાં નથી મળતું. સેવા, શૃંગાર અને કીર્તન આ પદ્ધતિ-નાં ત્રણ મુખ્ય અંગ છે. સમગ્ર વર્ષને વિવિધ પર્વો અને ઉત્સવોમાં વહેંચી દઈ તે દરેક ઉત્સવમાં શ્રીકૃષ્ણના શૃંગાર કયા પ્રકારના કરવા, પૂજાપદ્ધતિ કેવી રાખવી, નિત્ય પૂજામાં ક્યારે કયું પદ ગાવું, આ બધું જ રીતસર આ સંપ્રદાયમાં વિગતવાર નિશ્ચિત થએલું છે. પરંતુ જે ઉપાસના–પદ્ધતિ પ્રચલિત થઈ તેમાં વિધિ યા અનુષ્ઠાનનું પ્રાધાન્ય હોવા ઉપરાંત એક કમજોરી એ હતી કે આ સંપ્રદાયમાં ગાદીના ઉત્તરાધિકારી ગુરુની પણ તન મન-ધનથી પૂજા કરવાનું માહાત્મ્ય હતું. અને આગળ જતાં ક્યાંક તેનું અનિષ્ટકર પરિણામ પણ જોવા મળ્યું.

વલ્લભાચાર્ય પછી તેમના પુત્ર વિઠ્ઠલનાથ આચાર્ય બન્યા. તેઓ સર્વથા યોગ્ય પુરુષ પણ હતા જ. એમના મૃત્યુ પછી એમના સાત પુત્રોએ દરેકની અલગ ગાદી અને કૃષ્ણના ભિન્ન ભિન્ન સ્વરૂપની સ્થાપના કરી સંપ્રદાયનો વિસ્તાર કર્યો. એ સાત પુત્રો તે ગિરિધર, ગોવિંદરાય, બાલકૃષ્ણ, ગોકુલનાથ, રઘુનાથ, યદુનાથ અને ઘનશ્યામ. એમના ઉપાસ્ય સ્વરૂપ અનુક્રમે મથુરેશ, વિઠ્ઠલનાથ, દ્વારકાધીશ, ગોકુલનાથ, ગોકુલચંદ્રમા, બાલકૃષ્ણ અને મદનમોહન. કોટા, નાથદ્વારા, કાંકરોલી, ગોકુલ, કામવન અને સૂરતમાં એમની ગાદીઓ છે.

—સંપાદકીય

સાતમા વર્ષે એમનો જન્મોત્સવ આનંદથી ઉજવાયો હતો. તે જ દિવસે લક્ષ્મણ ભટ્ટે પરંપરાથી પ્રાપ્ત ગોપાલમંત્રની દીક્ષા પુત્રને આપી હતી. આ જ દિવસે ગુરુની શોધમાં નીકળેલા કૃષ્ણદાસ મેઘને વલ્લભની પ્રતિભાથી આકર્ષાઈ, તેને જ ગુરુ માનીને આજીવન એમની પરિચર્યા કરી. વિદ્વાન પૂર્વજોનો સંસ્કારિત વારસો તે, પિતાની વિદ્વત્તા, ઉપરાંત ધર્મથી પુષ્ટ થએલું વલ્લભાચાર્યનું સમગ્ર જીવન પ્રેરણાપ્રદ છે. વિદ્યાધામ કાશીમાં વસવાટ એમની વિદ્યાપ્રાપ્તિને સુમેળ રૂપ બની રહે છે. ત્યાં અનેક સંતો-વિદ્વાનો સાથે પરિચય થયો. વેદ-વેદાંગના અભ્યાસ પછી દર્શનોનું અધ્યયન આરંભ્યું. પ્રારંભે લક્ષ્મણ ભટ્ટના પરિચિત આંધ્રના વતની ને મધ્વાચાર્ય સંપ્રદાયના આચાર્ય માધવેન્દ્ર યતિ પાસે કર્યું અને તેમના નિધને અથવા એક મત મુજબ વ્રજગમને એમના જ શિષ્ય માધવાનંદ યતિ પાસે પૂર્ણ કર્યું. ગીતા, ભાગવત્ ઈ. ગ્રંથોના મનનથી એમની વિચારશક્તિ સંપૂર્ણતઃ ખીલી ને દર્શનોનું સાચું રહસ્ય જાણી શકવા સમર્થ બન્યા. એ કાળે કાશી વિદ્યાના શાસ્ત્રાર્થનું પવિત્ર ધામ હતું. અવારનવાર કાશીમાં શાસ્ત્રાર્થ થતા ને તે અંગે વાદવિવાદ ચાલતો. વિદ્યા મેળવનારની પ્રતિભાની કસોટી થતી અને ગુરુ શિષ્યની શક્તિનો કયાસ કાઢી લેતા. વલ્લભાચાર્ય બાળપણથી જ ઉક્ત સમારંભોમાં ભાગ લઈને પોતે પ્રાપ્ત કરેલી વિદ્યાનો પ્રત્યક્ષ પરિચય કરાવતા. શાસ્ત્રાર્થ દ્વારા પોતાની વિદ્યાની વિશેષતાથી નાની વયે કાશીના વિદ્વાનો પાસેથી જ ‘બાલ સરસ્વતી’ની પદવી મેળવી વલ્લભાચાર્યે નિજી પ્રતિભાનો સુપેરે પરિચય કરાવ્યો. ઉચ્ચ સંસ્કારી વારસો અને સાનુકૂળ પરિસ્થિતિના ફળસ્વરૂપ વલ્લભાચાર્યની પ્રતિભાનો વિકાસ સમુચિત રીતે થયો. અનેકાનેક વિદ્વાનોના સંપર્કે હિન્દુધર્મના અંતસ્તત્ત્વની પૂર્ણ જાણકારી પ્રાપ્ત કરનાર આ મહાપુરુષનું ઘડતર જે કાળે અને વાતાવરણમાં થયું તેનો લાભ અવશ્ય હિન્દુધર્મને મળ્યો. અલબત્ત, કાશીનો નિવાસ દીર્ઘકાલીન ન નીવડ્યો.

વલ્લભાચાર્યને બે ભાઈઓ હતા. મોટા રામકૃષ્ણ, નાના રામચંદ્ર અને સરસ્વતી તથા સુભદ્રા બે બહેનો. આખું કુટુમ્બ સૌમ્યતા અને સંસ્કારથી ખરા અર્થમાં બ્રાહ્મણના ગુણોને દીપાવતું હતું.

વલ્લભાચાર્યે પ્રથમ માતાપિતા સાથે લઘુયાત્રા કરી હતી. ઓરિસ્સા-માં શ્રી જગન્નાથજીના વિશાળ ચોકમાં ગજપતિ પુરુષોત્તમ નામના હિંદુ રાજવીએ વિદ્વાનોની સભા સમક્ષ ચાર ધાર્મિક પ્રશ્નોની ચર્ચા મૂકી હતી. ત્યાં વલ્લભાચાર્યે સભામાં પોતાની આગવી સૂઝ, દૃષ્ટિ ને અચિંત્ય તત્ત્વની પ્રેરણાથી ચારેય પ્રશ્નોનો નિચોડ આવી જાય એવો સુંદર એક શ્લોક રજૂ કરીને પોતાની કૃષ્ણ પરત્વેની આસક્તિ તેમ જ સર્વસ્વ ભગવાન શ્રી કૃષ્ણ જ છે તેવું પ્રતિપાદન કર્યું ને સહુના સંશયોને દૂર કર્યા. ‘તત્ત્વાર્થ નિબંધ’માં આ પ્રસંગનો અછડતો નિર્દેશ સ્વયં વલ્લભાચાર્યે કર્યો છે. જગન્નાથથી કુંભસ્નાન પ્રસંગે ઉજ્જૈનમાં આવ્યા હોવાનું અને નરોત્તમ શર્માને તીર્થગોર રૂપે સ્વીકાર્યા તે સંદર્ભના સ્વયં એમના કન્નડ લેખ પરથી પ્રતીત થાય છે. આ હસ્તાક્ષર વિ. સં. ૧૫૪૬ના છે. એ પરથી એમના કુટુમ્બમાં પરંપરાથી વિષ્ણુસ્વામીની સાંપ્રદાયિક વિભાવના પ્રચલિત હોવાનું જણાય છે. ઉજ્જૈનથી વિજયનગર જતાં વચ્ચે દામોદરદાસ હરસાની નામનો યુવક જ્ઞાનપિપાસા અર્થે એમની સાથે જોડાયો ને કૃષ્ણદાસ મેઘનની જેમ એમનો આજીવન સેવક બની રહ્યો.

પિતા લક્ષ્મણ ભટ્ટે સકુટુમ્બ યાત્રા કરવાનું વિચાર્યું અને એ યાત્રા-માં વેંકટાદ્રિનગરમાં બાલાજીને શૃંગાર કરાવતાં વિ. સં. ૧૫૫૦ના ચૈત્ર વદ ૯ ને દિવસે તેઓ અક્ષરધામ પધારી ગયા ત્યારે વલ્લભાચાર્યની વય માત્ર ૧૬ વર્ષની હતી. મોટા ભાઈ રામકૃષ્ણ પિતાની ઉત્તરક્રિયા પતાવી વતન ગયા, પરન્તુ પિતાના અવસાને એમનું મન સંસારથી વિરક્ત થઈ ગયું અને વૈષ્ણવી માધ્વમાર્ગની દીક્ષા લઈ ‘કેશવપુરી’ એવું નામ ધારણ કરીને સંસારત્યાગ કર્યો. એ પછી વલ્લભાચાર્યે રામાનુજાચાર્યના સિદ્ધાંત તેમ જ વૈષ્ણવ અને શિવ ઉભય સંપ્રદાયોનું અતિ ઊંડાણથી અધ્યયન કરીને તે પરત્વે ચિંતન કર્યું. દક્ષિણમાં બારેક વર્ષ વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરી પુનઃ તીર્થાટન દ્વારા ભાગવતધર્મ તત્ત્વને જનસમાજમાં પ્રચલિત કરવાની મનીષાએ માતાની આજ્ઞા લઈને બે સેવકો સહિત વિજયનગરથી પ્રસ્થાન કર્યું. આ તીર્થાટનનો મુખ્ય ઉદ્દેશ

'કૅપ્ટન જ્હૉન સ્મિથ'નું ચરિત્ર કાર્યાલયમાં જ તૈયાર કરેલું હોઈ સપ્ટેમ્બર માસ માટેનું

સુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર પારિતોષિક કોઈને આપવાનું થતું નથી.

હતો શુદ્ધાદ્વૈત ને સામાન્ય ભક્તિમાર્ગનો પ્રચાર. વિજયનગર (વિદ્યાનગર)થી નીકળી થોડાક દિવસ બાદ પંઢરપુરમાં આવીને ત્યાં સહુ પ્રથમ ભીમરથીના કિનારે શ્રી વિઠોબાના મંદિર નજીક ભાગવતની પારાયણ કરી. ભાગવત પરની એમની 'સૂક્ષ્મટીકા'ના મૂળ આ પારાયણમાં શોધી શકાય! આ પરિભ્રમણ દરમિયાન એમણે જૈમિનીનાં પૂર્વ મીમાંસા-સૂત્રો ઉપરનું ભાષ્ય અને બાદરાયણ વ્યાસનાં ઉત્તર મીમાંસા-સૂત્રો ઉપરનું અણુભાષ્ય એ બે ઉત્તમ ગ્રંથોની રચના કરી.

સાદું, સદાચારી ને સંયમી જીવન જીવનાર વલ્લભાચાર્યે પરિભ્રમણમાં પણ લોકોની પ્રીતિ સંપાદન કરેલી. એમના જીવન અને વ્યક્તિત્વ પ્રત્યે લોકો આકર્ષાયા હતા. લોકોને એમની પ્રતિ સહજ રીતે જ પૂજ્યભાવ હતો. તે કાળે એમને રૂઢિચુસ્ત પંડિતોના દ્વેષનો અનુભવ પણ થએલો. ક્યારેક એમનો તિરસ્કાર પણ થતો. તેમ છતાં સઘળું કડવું તે ગળી જતા. એ પ્રતિ એમનામાં ક્યારેય આવેશ જોવા મળતો નહિ. એ અર્થમાં તેઓ સાચા સ્થિતપ્રજ્ઞ પુરુષ હતા. પરિભ્રમણમાં અનેકવિધ સંપ્રદાયો ને વિદ્વાનોનો પરિચય થતાં એમનું માનસ પરિપક્વ બન્યું. કોઈનાથી સહેજ પણ અંજાયા વગર વાણીની કુશાગ્રતા ને વિદ્યાના સમુચિત વિનિયોગથી એમની કીર્તિ ચોમેર ફેલાઈ. બ્રહ્મચારીને યોગ્ય પહેરવેશ પહેરીને એમણે પગે ચાલીને પરિક્રમા કરેલી. સાથે થોડા શિષ્યો હોય. ગામ કે નગરોમાં નહિ પણ નગરની બહારનાં ઉપવનોમાં તેઓ વિશ્રામ કરતા. એમને ત્રાસ આપતા વિધર્મીઓ પણ એમની નીડરતા ને ભક્તિપરાયણતાથી પ્રભાવિત થએલા. યવનોના અનાચારથી દૂર રહેવા ક્યારેક તેઓને યાત્રાને સ્થગિત પણ કરી દેવી પડતી. તીર્થધામમાં રોકાતા. સાધુસંતોનો તેઓ સમાગમ કરતા અને શ્રદ્ધાળુ ભક્તો પ્રતિ પ્રેમ દાખવતા. ભક્તજનો એમના વચનામૃત સાંભળવા ઉત્સુક રહેતા. ભાગવત દ્વારા વેદનો પરિચય કેળવી તેના પ્રચારાર્થે એમણે ભાગવતનો ઉપદેશ પ્રારંભ્યો હતો. ભાગવત પ્રતિ એમનું હૃદય સર્વથા ઝૂકેલું રહેતું. ઈશ્વરના સગુણભેદને તથા લીલા-અવતારને વ્યક્ત કરતી ભાગવતકથા એમને મન અમૃત સમાન હતી. આથી જ એમણે ભાગવતધર્મનો ખૂબ પ્રચાર કરેલો. પોતાના પ્રવાસમાં વિરામસ્થાનોએ તેઓ ભાગવત-પારાયણ કરતા અને કૃષ્ણભક્તિનો ઉપદેશ આપતા. એમના આ પ્રયત્નોથી જ ભાગવત ધર્મ પુનઃ જાગ્રત થયો. શાસ્ત્રાર્થની અનેક ગૂંચોને ભાગવતના ઊંડા અધ્યયનને આધારે તેઓએ ઉકેલી હતી. એમણે જ્યાંજ્યાં ભાગવત-પારાયણ કરી હતી તેને સ્થાને સ્મરણરૂપ બેઠક રાખવામાં આવેલી છે. જે પુષ્ટિમાર્ગમાં મહાપ્રભુજીની ૮૪ બેઠકો રૂપે આજે પ્રચલિત છે ને એ સ્થાનોને પવિત્ર લેખવામાં આવે છે. આ પરિભ્રમણ દરમિયાન આચાર્યશ્રીના અનેક શિષ્યો થએલા. તેમાં બાચા હરિવંશ, પદ્મનાભદાસ, દામોદર હરસાની, દામોદર સંભરવાલા, માધવ ભટ્ટ મુખ્ય હતા. એમાં માધવ ભટ્ટે તો વલ્લભાચાર્યના લેખનનો સઘળો ભાર ઉપાડી લીધો હતો. ગુજરાત-સૌરાષ્ટ્રનાં પવિત્ર તીર્થધામોમાં ભાગવતની પારાયણનો ક્રમ જાળવીને માળવા થઈને બુંદેલખંડમાં વેત્રવતીને કાંઠે આવેલા ઓડછા નજીકના પ્રદેશમાં રાજા મલખાનસિંહના દરબારમાંના શંકરના કેવલાદ્વૈતના સમર્થક ઘટસરસ્વતીનો સબળ દલીલોથી પરાભવ કર્યો. એમાં એમનો ભાગવત ધર્મ પ્રતિનો સમભાવ અને ભાગવતનું ગૂઢ અન્વેષણ-અધ્યયન હોવાનું પ્રતીત થાય છે. પરિભ્રમણમાં હિન્દુ ધર્મસ્થાનોમાં ચાલતા દંભ, પાંખડ, વિતંડાવાદ, વિદ્વાનોની ધનલોલુપતા, સંસાર પ્રતિની આસક્તિ, લોકૈષણા, અનાચારી રીતિનીતિ ઇત્યાદિથી એમનું અંતર દુઃખી થયું હતું.

વિજયનગર (વિદ્યાનગર) એમનું મુખ્ય સ્થાન રહેલું. એ એમનું મોસાળ. ત્યાં સાળુવવંશનો રાજા વીરનરસિંહનો નાનો ભાઈ કૃષ્ણદેવ સેનાપતિ-પદ ધારણ કરીને રાજ્યના સૂત્રો સાંભળતો ને વીરનરસિંહના અવસાને વિજયનગરનો રાજા બનેલો. વિજયનગર એ કાળે મધ્વસંપ્રદાયનું એક સમૃદ્ધ રાજ્ય હતું. એ સંપ્રદાયના વ્યાસતીર્થ નામના આચાર્ય સમર્થ ધર્મપુરુષ હતા. રાજમાતા એ સંપ્રદાયના અનુયાયી હતાં. પ્રચલિત માન્યતા મુજબ વ્યાસતીર્થની ઇચ્છાથી રાજા મધ્વસંપ્રદાયની દીક્ષા લેવા તત્પર થયો. આથી એ સમયના શંકરાચાર્ય તેમજ અન્ય ધર્માચાર્યોમાં ઊહાપોહ થતાં રાજા કૃષ્ણદેવે પંડિતોની સભા બોલાવી હતી. એ સભાના વિવાદનો મુખ્ય વિષય હતો વેદ-ઉપનિષદાદિ કથિત વેદાંત-સિદ્ધાંત દ્વૈત-પરક છે કે અદ્વૈત-પરક. આ તાત્ત્વિક ચર્ચાની મધ્યસ્થી કરવાનું સર્વસંમતિથી વલ્લભાચાર્યને સોંપાયું હતું. લગભગ એક માસ ચાલેલા આ વિવાદનો ખૂબ તાટસ્થ્યથી ઉભયપક્ષને સંતોષકારક નિર્ણય આપીને વલ્લભાચાર્યે પંડિતોનો સમાદર પ્રાપ્ત કર્યો. એ સભાએ આચાર્યની પદવી અર્પીને એમનો સત્કાર કર્યો. વિજયનગરના રાજા કૃષ્ણદેવે ત્યારે ભવ્ય સમારંભ યોજી વલ્લભાચાર્યનો 'કનકાભિષેક' કરીને ચૌદ હજાર મહોરો ભેટ આપી. જેમાંથી એમણે માત્ર સાત જ મહોરો સ્વીકારી. આ પછી થોડોક સમય વિજયનગર રહીને વલ્લભાચાર્યે પુનઃ પરિભ્રમણ આદર્યું. ઉક્ત વિવાદ પછી માધ્વસંપ્રદાયના આચાર્ય વ્યાસતીર્થે વલ્લભાચાર્યની પ્રતિભાથી આકર્ષાઈને પોતાના સંપ્રદાયના આચાર્યની ગાદી લેવા વિનંતી કરી, પરંતુ એમણે સવિનય અસ્વીકાર કર્યો. 'કનકાભિષેક' પછી વલ્લભાચાર્યની પ્રતિષ્ઠા વિજયનગરમાં ફેલાઈ ગઈ અને એમણે પ્રસ્થાપિત કરેલી વિચારણાથી સ્વતંત્ર આચાર્ય તરીકે સર્વમાં સ્વીકૃત બન્યા. આચાર્ય તરીકે એમણે સમગ્ર ભારતનું ભ્રમણ કરીને ધર્મનું સાચું સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કર્યો.

લોદી વંશનો પાદશાહ સિકન્દર લોદી એમનાથી પ્રભાવિત થઈ વિનીતવેશે એમના દર્શનાર્થે આવ્યો હતો. દંતકથાનુસાર એના દ્વારા મોકલાએલા હોનહાર નામનો પ્રસિદ્ધ ચિત્રકાર ત્રીજીવારના પ્રયત્ને વલ્લભાચાર્યનું ચિત્ર બનાવવામાં સફળ થએલો. તે પણ આચાર્યશ્રીની કૃપાથી જ, ચિત્રકારે કદંબ વૃક્ષ નીચે યમુનાકાંઠે આચાર્યશ્રી માધવ ભટ્ટ કાશ્મીરીને 'સુબોધિની' લખાવી રહ્યા છે, કૃષ્ણદાસ મેઘન હાથ જોડીને ઊભા છે અને દામોદરદાસ હરસાની દંડવત્ પ્રણામ કરી રહ્યા છે એવું ચિત્ર બનાવ્યું હતું. આ ચિત્રની ત્રણ નકલ થએલી. જેમાંની એક અદ્યાપિ કાંકરોલીમાં સચવાએલી છે.

વલ્લભાચાર્યે દેવન ભટ્ટનાં સુપુત્રી મહાલક્ષ્મીજી સાથે ત્રીસ વર્ષની વયે લગ્ન કર્યું હતું એમનું ગૃહસ્થ જીવન સુખ અને શાંતિથી પસાર થએલું. અલબત્ત, જીવનમાં ક્યાંક અન્ય મુસીબતો આવેલી. પરન્તુ એમને એનો રંજ નહોતો. વ્રજભૂમિ પરત્વે સ્નેહ હોવા છતાં ત્યાં યવનોનો ભય હોઈ અડેલ નામક સ્થાને અગ્નિહોત્ર સ્થાપીને એમણે વસવાટ કર્યો હતો. કેવલાદ્વૈતના વિદ્વાન આચાર્ય શ્રી મધુસૂદન સરસ્વતી અડેલમાં એમને મળવા આવ્યા હતા. આ જ સ્થળે ચૈતન્યપ્રભુ સાથે પણ એમનો મેળાપ થયો હતો.

વલ્લભાચાર્યને બે પુત્રો હતા. શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી. દ્વિતીય પુત્રના પ્રાકટ્ય પછી એમનું 'શ્રી આચાર્યજી મહાપ્રભુજી' એ નામ પ્રસિદ્ધિ પામ્યું, કેમ કે સેવકો શ્રી વિઠ્ઠલનાથજીને 'પ્રભુ' એવા વહાલસોયા નામથી બોલાવતા ને એથી વલ્લભાચાર્ય મહાપ્રભુજી તરીકે ખ્યાત થયા. આ દ્વિતીય પુત્રને સાત પુત્રો હતા. એ પ્રત્યેકનો સ્વતંત્ર ગાદી પર અભિષેક થએલો. જે વંશપરંપરા આજે (અનુસંધાન પૃ. ૩૫૬)

લેખક
અશ્વિન
દેસાઈ

એની આંખનો કાળો તલ

એની ડાબી આંખમાં એક કાળો તલ હતો.

કૉલેજનાં પગથિયાં ઉપર એક વાર મેં કહેલું: 'સીમા, તારી આંખમાં એક કાળો તલ છે તેની તને ખબર છે?'

'હા,' આદત મુજબ મીઠું મલકીને એ બોલી, 'કોને ખબર ક્યાંથી ઘૂસી ગયો છે! નીકળતો જ નથી!'

'તું જે થોડીઘણી સારી દેખાતી હશે તો એ આ તલને આભારી છે તેની તને ખબર નહિ હોય!' મેં હસીને કહેલું.

'ના, મને ખબર જ નથી, કે હું થોડીઘણી પણ સારી દેખાઉં છું.' અને એ હસી પડેલી.

જો કે આમ તો સીમા કાળી હતી, પણ એનો ચહેરો નકશીદાર, ધારદાર અને તેજસ્વી હતો, અને વધારામાં આ કાળો તલ. એ રૂપાળી છોકરીઓમાં પણ નોખી તરી આવતી.

અને પછી તો એનો આ કાળો તલ કૉલેજમાં સારો એવો પ્રચાર પામ્યો. લગભગ બધાં એને 'કાળા-તલ'ના નામથી જ ઓળખવા લાગ્યાં! તોફાની અને ટીખળી છોકરાઓ એ બાજુમાંથી પસાર થતી ત્યારે 'કાળા તલ'ની મોટેમોટેથી ચર્ચા કરતા. કોઈક વાર એ સહેજ ગુસ્સે પણ થતી અને કોઈક વાર મને ફરિયાદ પણ કરતી.

'આ લોકો મને બહુ હેરાન કરે છે! તું કેમ કંઈ કરતો નથી?' એ લાડથી મને પૂછતી.

'હું શું કરું? તારો કાળો તલ કંઈ કાઢીને બહાર ફેંકી દઈ શકાય એમ નથી!' હું હસતો.

'પણ આ લોકોની બોલતી તો બંધ કર!' એ રીસથી કહેતી.

'લે! કર વાત! કોઈ તારા કાળા તલનાં ગુણગાન ગાય તો મારે તેને બોલતા બંધ કરવાના? આ ક્યાંનો ન્યાય?'

'મને ખબર છે! તું પણ એ લોકોની સાથે ભળી ગએલો છે!' એ મોં ચડાવીને ચાલી જતી. અને હસવું આવતું.

એક વાર ફિઝિક્સના પિરિયડમાં પ્રોફેસરે વાત કાઢી, અને કોઈની આંખમાં કાળો તલ કેવી રીતે ઉદ્ભવી શકે તે સમજાવવાનો પ્રયત્ન કર્યો.

છોકરાઓ આનંદથી કિકિયારી પાડી ઊઠયા અને બેંચ ઠોકવા લાગ્યા! પ્રોફેસર વિચારમાં પડી ગયા, અને સીમા નીચું જોઈ ગઈ.

'શી વાત છે? કેમ બધાં એકદમ ઉત્સાહમાં આવી ગયાં?' પ્રોફેસરે હસતાં હસતાં પૂછ્યું.

'સાહેબ, પ્રૅક્ટિકલ પણ મોજૂદ છે!' કોઈકે ખૂણામાંથી કહ્યું.

'શાનો?' પ્રોફેસર બિચારા સાવ સીધાસાદા, સરળ હતા.

'કાળા તલનો!' કોઈકે જવાબ પણ આપ્યો.

'એમ! પ્રોફેસરને આનંદ અને આશ્ચર્ય બંને થયાં; 'કોની આંખમાં કાળો તલ છે?' એમણે કુતૂહલવશ પૂછ્યું.

સીમાની બહેનપણીઓએ સીમાને ગોદા માર્યા અને ઊભા થવા કહ્યું, પણ સીમા કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ! આખરે મેં ઊભા થઈને કહ્યું, 'સાહેબ! સીમા દેસાઈની આંખમાં કાળો તલ છે!'

છોકરાઓ જોરજોરથી ચિચિયારી પાડી ઊઠયા. સીમા ઊભી થઈને ક્લાસની બહાર ચાલી ગઈ. સાંજે બસમાં મળી ત્યારે મેં કહ્યું, 'તું તો એકદમ પાગલ છે!'

'અને તું મારાથી સવાયો છે!' એણે ગુસ્સાથી મારી સામે જોયું.

'પણ એમાં શું થઈ ગયું? ઈટ્સ અ ક્રેડિટ!' હું હસી પડયો.

'હા, હા. જઈને છાપામાં છપાવ!' એ વધુ ચીડાઈ. 'શું?'

'કે સીમા દેસાઈની આંખમાં કાળો તલ છે.' એણે ચાળા પાડયા.

'ગાંડી! તને તો એનું ગૌરવ હોવું જોઇએ! તેને બદલે તું છણકા કરે છે!' મેં હસીને એને મનાવવાનો પ્રયત્ન કર્યો.

'હા, હા. આંખમાં તલ હોવો એ તો મોટી ગૌરવની વાત.'

'અરે, છોકરીઓ એમ ઇચ્છતી હોય છે, કે એમની આંખમાં કાળો તલ હોય તો કેવું સારું!'

'તું કોને પૂછવા ગયો હતો?' એણે સૂચક પ્રશ્ન કર્યો.

'અરે આ તો સામાન્ય વાત! સામાન્ય રીતે છોકરીઓને એવું ગમતું હોય છે! ઈટ્સ અ સાઇકૉલૉજી!'

'મને નથી ગમતું! હું તો કઢાવી નાખીશ!' એણે ગુસ્સાથી કહ્યું.

'સારું. આપણે અમેરિકા જઇએ ને, ત્યારે ત્યાં ઑપરેશન કરી કઢાવી નાખજે, બસ?' એ અચાનક હસી પડી અને મને જોઈ જ રહી.

કૉલેજમાંથી તીથલની ટૂર પર જવાનું થયું ત્યારે તીથલના દરિયાકિનારે આકસ્મિક જ એકાંત મળ્યું! 'કેટલો સુંદર કિનારો છે, નહિ?' સીમાએ ખૂબ જ આવેશમાં આવી જઈને મને કહ્યું.

'હા.' હું એની આંખોમાં જોઈ રહ્યો અને એની નજર આખા દરિયા ઉપર ફરતી રહી.

થોડી વારે અચાનક એને ખ્યાલ આવ્યો એટલે ચમકીને મારી તરફ જોઇ આંખો તીણી કરીને બોલી, 'મારી તરફ શું જોયા કરે છે? જે જોવાનું છે તે જો ને!'

'જે જોવાનું છે તે જ જોઉં છું!' મેં એની તીણી થએલી આંખોને પહોળી કરીને કહ્યું.

'શું જુએ છે? મારી આંખમાં કંઈ કચરું પડયું છે?' એ હસીને બોલી.

'હા, એક કાળું કચરું આંખમાં ચોંટી ગયું છે ને!' મેં પણ મજાક કરી.

'બહુ ગમતું હોય તો એને, કાઢીને વઘાર કરીને ખાઈ જા ને!' એ ખડખડાટ હસી પડી. આખા દરિયા ઉપર એ હાસ્ય ફેલાઈ ગયું.

'મારું ચાલે તો...' હું સહેજ અટકી ગયો.

'શું કરી શકે? આ તલ કઢાવીને તારી આંખમાં ફિટ કરાવી શકે?' એ હજી ય મારી ફીરકી લેવાના મિજાજમાં જ હતી.

'ના, તારી બીજી આંખમાં ય એક તલ ફિટ કરાવી દઉં!'

'પેલા દિવસે તો કહેતો હતો કે, તારી આંખમાંનો તલ કાઢીને તારા ગાલ ઉપર બેસાડવો જોઇએ!' એ મરકતી રહી.

'હા, પણ દરિયાકિનારે, કોને ખબર કેમ, આંખની અંદરનો તલ વધારે ચમકે છે!'

'એટલે, તારું કહેવું એમ છે, કે મારે આંખમાં મબલખ તલ બેસાડીને અહીં દરિયાકિનારે જ બેઠા રહેવું જોઇએ?' એ ફરીથી હસી પડી.

'હા, મારું ચાલે તો!' મેં કહ્યું. અને એ રેતીમાંથી કપડાં ખંખેરીને ઊભી થઈ ગઈ.

વૅકેશનમાં એ સીમલા પહોંચી જતી. એના મામા ત્યાં મિલિટરીમાં નોકરી કરતા હતા. એક વાર વળી મૂડમાં હતી તે જતી વખતે એનું સરનામું પણ આપતી ગઈ.

'લે! મારી યાદ આવે તો પત્ર લખજે! પણ હું જવાબ નહિ આપું!'

'કેમ? તો પછી મારી પાસે શું કામ મહેનત કરાવવી છે?'

'કારણ કે તું...' અને એ એની આદત મુજબ ખડખડાટ હસી પડેલી.

મેં સરનામું તો લીધેલું પણ મહિના સુધી પત્ર જ ન લખ્યો. એક દિવસ મારા નામનો એક પોસ્ટકાર્ડ આવ્યો. લખ્યું હતું: 'વ્હાલ ના

લેટર?!' એટલે પછી જવાબ લખવાનું મન થયું:

'સીમા, કેમ ગમે છે ને?

એક મહિના પછી ત્રણ શબ્દ લખવાની ફુરસદ મળી એટલે સારું એવું ગોઠી ગયું હશે!

ઠીક છે—આપણને તો અહીં ઘણી મઝા આવે છે!

પાછી ક્યારે આવવાની? કે પછી ત્યાં જ કોઈ ફાલતુ કૉલેજમાં મામાને ખરચે...

ફુરસદ મળે તો ખરેખર પત્ર કહી શકાય એવો પત્ર લખજે.

બસ એ જ. લિ. તારી આંખનો કાળો તલ!'

બે-ચાર દિવસમાં જ મારા આશ્ચર્ય વચ્ચે જવાબ આવ્યો.

'મારી આંખના પ્રિય 'તલ'!

મારા વગર પણ-'ઘણી મઝા આવે છે?'—એમ ને? તો પછી—'પાછી ક્યારે આવવાની?'—એમ શા માટે લખ્યું? એ જ બતાવે છે કે...... અહીં તો મોસમ પૂર-બહારમાં ખીલી છે, અને પ્રકૃતિને જોતાં આંખ થાકતી જ નથી! પણ મારી આંખો સામે જોનાર જ કોઈ નથી! કાળું કચરું ય કદાચ કંટાળી ગયું હશે!

તું આવતો હોય તો? સિમલા ક્યાં દૂર છે? રાહ જોઉં?

લિ. તારા તલની સીમા!'

પણ બીજો પત્ર લખું એ પહેલાં કૉલેજ શરૂ થઈ ગઈ, અને સીમાનો મુકામ પણ આવી ગયો. પરંતુ પછી તો પત્ર-વ્યવહાર સારો એવો ફૂલ્યો-ફાલ્યો, અને વૅકેશનમાં તો પત્રો લખવાની કંઈ ઓર જ મઝા આવતી.

છેલ્લા વર્ષમાં પણ પરીક્ષા પતી ગઈ; પછી તરત જ સીમા સિમલા જવા માટે તૈયારી કરવા લાગી. મને ખબર પડી એટલે મેં કહ્યુ:

'સીમા! હવે ક્યાં વૅકેશન છે? હવે તો સિમલા જવાનું બંધ કર!'

'કેમ, તારો જીવ બળે છે? બહુ જલન થતી હોય તો તું પણ આવ!'

હું એનો ભાવ સમજી ન શક્યો.

'મારો જીવ શું કામ બળે? તને ડિઝનીલૅન્ડ જવાનું મળે તો ય હું તો રાજી થાઉં!' મેં હસીને કહેલું.

'એટલે, તારે મને અમેરિકા ભગાવવી છે?'

'ના. પણ તને જવા મળે તો રાજી જરૂર થાઉં!'

'આભાર.' એણે મોં ફુલાવીને કહેલું.

'આ તો—તારા વગર અહીં ગમતું નથી એટલે કહું છું!' મેં ભાવથી એનો હાથ પકડવા પ્રયત્ન કરેલો.

'એ માટે પણ આભાર.' એણે હાથ ખસેડી લીધેલો.

'જાય છે તું, અને રીસાય છે પણ તું જ! એ કેવી કમાલની વાત! ચોર જ કોટવાલને દંડે?'

'તને એવું લાગતું હોય તો હું નહિ જાઉં!' એણે સહેજ લાડથી કહેલું.

'ના! ના! મારે ખાતર તારે તારો પ્રોગ્રામ બદલવાની શી જરૂર? હું પણ એમ જ માની લઈશ કે—આપણે ભણી નથી રહ્યાં—અને આ પણ વૅકેશન જ છે!'

મેં કહેલું અને ખરેખર જ એ એકાદ અઠવાડિયામાં સિમલા જવા રવાના થઈ ગએલી.

સ્ટેશન ઉપર પહેલી જ વાર હું મૂકવા ગએલો ત્યારે મેં કહેલું: 'આ વખતે સિમલાની કોઈ યાદગાર ચીજ મારે માટે લઈ આવજે! લાવશે ને?'

'લાવ પૈસા!' એણે આંખો નચાવીને કહેલું.

'તારા મામાને કહેજે ને! એ તો મોટા મિલિટરી ઑફિસર છે! તું કહેશે તે અપાવશે!' મેં હસીને કહેલું.

નાણેલા નુસખા

મયૂરપિચ્છ ભસ્મ

મોરનાં પીંછાં તો દરેક જગ્યાએ મળે. તેને લેમાં કરી વચ્ચેની સફેદ દાંડલી કાઢી માત્ર ચમકતો ભાગ જ ભેગો કરવો. તેને લોખંડની કડાઈ કે તવીમાં નાખી ધીમા તાપે ગરમ કરવાં. થોડી વારમાં તીવ્ર વાસ સાથે એ પીંછાં બળવા લાગશે અને કાળો કણીદાર થોડો અવશેષ બાકી રહેશે. તેને ખૂબ ઘૂંટીને શીશીમાં ભરી લેવો.

ઊલટીનું આ અમોઘ ઔષધ છે. ગમે તેવી ઊલટી માત્ર એક જ વાર આ દવા લેવાથી પાછી પડે છે. ૧ થી ૨ ગ્રામની માત્રામાં આ ભસ્મ જરૂર પ્રમાણે વારંવાર આપી શકાય. આ ઉપરાંત હેડકી, ઉધરસ, શ્વાસ વગેરેમાં પણ આ ભસ્મ આપી શકાય.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

'હું તો લુચ્ચો ને લુચ્ચો જ રહેવાનો!' એણે મને ચીમટો ભરેલો અને ગાડી ખસવા માંડેલી. મેં થોડેક સુધી ગાડી સાથે ચાલીને અને પછી હાથ ઊંચો કરીને એને વિદાય આપેલી.

સીમાને ગયાને એકાદ મહિનો થવા આવ્યો તો ય કોઈ પત્ર ન આવ્યો. મને ખૂબ ચીડ ચડી. એટલી જિદ્દી છે કે કદાચ પહેલો પત્ર મારે જ લખવો પડશે એમ મનમાં થયું. છતાં 'વ્હાય નો લેટર?!'ની રાહ જોવા લાગ્યો.

પણ, બીજો મહિનો પૂરો થવા આવ્યો તો ય કંઈ આવ્યું નહિ! હું ય જીદે ચડ્યો. આપણે પણ આ વખતે તો નથી જ લખવું. એ શું સમજે છે એના મનમાં?

પણ ત્રણ મહિના પૂરા થયા ત્યારે હું સહેજ ઢીલો પડ્યો અને લખ્યું: 'વ્હાય નો લેટર?!'

પણ કંઈ જ જવાબ આવ્યો નહિ! બીજા ત્રણ મહિના ય વીતી ગયા! હવે સીમા પાછી આવશે નહિ? ત્યાં જ રહેશે? કંઈ જ સમજ પડતી નહોતી! ગડમથલમાં જ હતો ને એક દિવસ છાપેલું કાર્ડ આવ્યું!

'કૅપ્ટન સુભાષ પોતાની ભાણેજ સીમા દેસાઈ તથા મૅજર આનંદકુમાર મલ્હોત્રાના લગ્નના સત્કાર-સંમારંભમાં પધારવા આપને આમંત્રણ પાઠવે છે.'

વાંચીને હું તો સ્તબ્ધ જ થઈ ગયો! સરનામાના અક્ષરો સીમાના જ હતા પણ કાર્ડ ઉપર છાપેલા લખાણ સિવાય કંઈ જ નહોતું! શું કરવું તેની કંઈ સમજ નહોતી પડતી! બે-ત્રણ દિવસ તો ઊંડા વિચારોમાં જ વિતાવ્યા. પછી થયું કે, કંઈક આવ્યું છે તો કંઈક તો લખવું જ જોઈએ: એટલે એક મધરાતે પથારીમાંથી ઊભા થઈ જઈને કાગળ-પેન હાથમાં લીધાં. પણ શું લખવું? થોડી વાર તો બેસી જ રહ્યો–પછી શરૂ કર્યું:

'મૅડમ સીમા આનંદકુમાર મલ્હોત્રા,

અભિનંદન!

મને હતું કે મારું સરનામું કદાચ તમારાથી ગુમ થઈ ગયું હશે! પણ હજી એ તમારી પાસે છે તેથી આનંદ થયો!

મૅજરસાહેબને મારી સલામ અને તમને પ્રણામ!

કુશળ હશો.

લિ. આપની આંખનો 'ખટકતો' તલ!'

બે રાજસેવક

વીત્યા યુગના વ્યક્તિવિશેષ

લેખક • મુકુન્દરાય વિ. પારાશર્ય

સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી (ઈ. સ. ૧૮૬૨-૧૯૩૮) ભાવનગરના દીવાન તથા ઍડમિનિસ્ટ્રેટર તરીકે, હિંદનાં કેટલાં રાજ્યોના સલાહકાર તરીકે બ્રિટિશ સરકારના અત્યંત વિચારક અમલદાર તરીકે, મહાત્મા ગાંધીજીના મિત્ર તરીકે, ભાંગ્યાના ભેરુ તરીકે એમ ઘણી રીતે નામના મેળવી ગયા. તેમના કાકા વૈદ્યરાજ કાનજી હરિરામ કોટડા સાંગાણીમાં રાજવૈદ્ય તરીકે નોકરી કરતા, તે બંનેના સંબંધ વિષેની ઘણી વાતો નોંધવા જેવી છે. પણ અહીં એક વિષય પરત્વે બંનેની દૃષ્ટિ તથા વર્તન વિષે કહેવું છે.

કોટડા સાંગાણીમાં ઠાકોર તોગાજી ઈ. સ. ૧૮૭૯ સુધી ગાદી પર હતા ત્યારે ત્યાં કાનજી હરિરામ રાજવૈદ્ય તરીકે હતા. નોકરીએ જોડાયેલા તો અગિયાર રૂપિયાના માસિક પગારે નોકર તરીકે, પણ ટૂંક સમયમાં જ તોગાજી તેમને એક સારા વૈદ્ય કે સજ્જન માત્ર નહિ પણ ગુરુ ગણાતા થઈ ગયા હતા. રાજકુટુંબનું ભલું વૈદ્યરાજ કાનજીભાઈની દોરવણી હેઠળ જ થશે એમ એ પામી ગએલા. પણ એમને ભય હતો કે વૈદ્યરાજનો પગાર ટૂંકો, વ્યવહાર મોટો ને હાથ છૂટો છે તેથી બીજા મોટા રાજ્યો વધુ પગારે બોલાવશે ને વૈદ્યરાજ જશે તો પોતાના બાળ કુંવરના ઉછેરમાં ખામી આવશે. આથી જ્યારે પોતાનો મંદવાડ લંબાયો ને અવસાન સામે જોયું ત્યારે ઠાકોરે ૭ વરસના કુંવરને વૈદ્યરાજના પગમાં ધરી કહેલું કે, 'તમે મને સવળે માર્ગે ચડાવ્યો પણ ઈ મોર હું માણસ નો'તો. આ છોકરો મારા જેવો નહિ, પણ મૂળમાંથી સારી ચાલનો રાજા થાય તેમ ઉછેરવા માટે તમને સોંપું છું. એના ખાતર તમે કોટડું છોડીને ન જશો. અમે તમને કુટુંબના ગુરુ ગણ્યા છે.' વૈદ્યરાજે એ કુંવર મૂળવાજીને તેડી લીધા. બે-ત્રણ માસ પછી તોગાજી અવસાન પામ્યા.

મૂળવાજી સગીર વયના હોવાથી રાજકોટ કોઠી સરકારે રાજ્યનો વહીવટ સંભાળી લીધો. સરકારે જેને રાજ્યના કારભારી તરીકે નીમ્યા તે કુશળ વહીવટી તરીકે પંકાયેલા હતા. પણ એ અમલદારને જૂનવાણી ધાર્મિક જીવનધારી તરફ કેવળ ઉપેક્ષા નહિ, નફરત હતી. અતિ ધર્મપરાયણ રાજમાતા જામબા પ્રત્યે વિના નિમિત્તે એ પોતાનો અણગમો પ્રકટ થઈ જતો એમ નહિ, પણ 'જામબાનું ધરમનું પૂછડું' છોડાવવા અણગમો વારંવાર બતાવવો એ જરૂરી છે એમ પણ કહેતા. પશ્ચિમી જીવનથી અંજાએલા આ અમલદારને આ રીતે કુટુંબ, વ્યક્તિ કે સમાજ'-નો સુધારો એ પોતાનું ઐચ્છિક કર્તવ્ય હતું. એટલે રાજમાતાને રાજમાતા કે જામબા કહેવાને બદલે દરેક વખતે 'ભગતડી' કહીને, ઉલ્લેખ કરતા, તેમ જ જામબા પાસે જતાઆવતા ગામલોકો ને રાજસેવકો સાથે યે કડકાઈથી વર્તતા. જામબા વૈદ્યરાજને પિતાતુલ્ય ગણતાં. વૈદ્યરાજ કે કાનજીભાઈ નહિ, ભાઈ તરીકે જ તેમનો ઉલ્લેખ કરતાં અને સવારસાંજ બાળકુંવર મૂળવાજી સાથે તેમની પાસે બેસી સદાચાર, રાજનીતિ તથા ધર્મવિષયક વાતો સાંભળતાં. નવા જમાના પ્રમાણે બાળરાજાના ઉછેર માટે આગ્રહી મૅનેજરને આ પસંદ ન હતું. એમને પસંદ નથી એ સમજવા છતાં વૈદ્યરાજે વ્યવહારમાં ફેરફાર કર્યો નથી તે જોઈ તેની સાન ઠેકાણે લાવવા તેમને બોલાવી કહ્યું કે, 'રાજનાં ઊપજ તથા ખર્ચ જોતાં કરકસર કર્યા વગર છૂટકો નથી તેથી તમારો પગાર અર્ધો કરવામાં આવે છે. તમને એ પોષાય તેમ ન હોય તો છૂટા થવા દેવામાં આવશે.'

તોગાજીની અંતિમ માગણીને યાદ કરીને તથા રાજમાં વધેલી ખટપટને અંગે ભાવિ રાજવી મૂળવાજીને સોસવું ન પડે તે હેતુ વિચારીને વૈદ્યરાજે કહ્યું કે, 'જો રાજ માટે આપ આટલી કાળજી રાખો છો તો હું યે જૂનો નોકર છું. મારો ધર્મ છે કે વિના પગારે પણ મારે રાજની સેવા કરવી જોઈએ, હું અરધે પગારે ચાલુ રહીશ'.

રાતે વૈદ્યરાજ તથા તેમનાં પત્નીએ સ્પષ્ટ નિશ્ચય કર્યો કે કુંવરનું હિત એ ભાવિ રાજાનું હિત, અને એ રીતે પ્રજાનું હિત છે. એ એકની સંભાળની અસર, પ્રજામાં પણ ઘણે સુધી પહોંચશે. જે થાય તે આપણે છોકરાને છોડવો જ નથી. અમથું યે આટલા ખર્ચમાં રાજનો પગાર પાંચ ટોકડા છે. ભગવાન જે બાકીનું પૂરું કરે છે તે જ ભલે બધું પૂરું કરે.

થોડા દિવસ રહી મૅનેજર રાજકોટ ગએલા. ત્યાં તેમના એક મિત્ર અમલદારને પોતે કઈ રીતે વૈદ્યને રંજાડી કાઢવા માગે છે તે જણાવ્યું, ત્યારે એ અમલદારે મૅનેજરને વૈદ્યરાજ સાથે સંબંધ સુધારી લેવા ભારપૂર્વક સલાહ આપી. રાજકોટ એજન્સીના શિરસ્તદાર મોતીચંદના ભયંકર મંદવાડ વખતે બાલાચડીમાં તેમને હવાફેર માટે રાખી અને તેમની સાથે રહીને વૈદ્યરાજ કાનજીભાઈએ અમલદારને સાજા કરેલા. રાજકોટ કોઠીના અન્ય ઘણા અમલદારોને પણ વૈદ્યરાજ માટે માન હતું. આ પછી થોડા દિવસે વૈદ્યરાજ રાજકોટ ગએલા ત્યારે ઝંડુ ભટ્ટજીના ભાઈ વૈદ્યરાજ મણિશંકરને ઘરે એ જ અમલદાર અચાનક મળી ગયા. ત્યારે તેમણે વૈદ્યરાજને પૂછ્યું કે મૅનેજરે પૂરો પગાર કરી સંબંધ સુધાર્યો કે નહિ? ત્યારે વૈદ્યરાજે જણાવ્યું કે અર્ધો શરૂ થયો છે, પણ ખાસ રંજાડ રહી નથી. એટલું સુધર્યું છે.

અમલદારે કહ્યું કે એ હવે આવશે ત્યારે તેને કહીને પૂરો પગાર કરાવી દઈશ. વૈદ્યરાજે કહ્યું કે 'મૅનેજરને જો પગાર અર્ધો કરવાથી પોતે કંઈક કર્યું છે એવો પોરસ રહેતો હોય તો રહેવા દેવો એ સારું છે. પણ એક પાયાની વાત હું તેને સમજાવી શકું તેમ નથી, તમે સમજાવી જુઓ કે ધર્મના સંસ્કાર હશે તો પ્રજામાં સદાચાર ટકશે, ધર્મની સૂગથી સદાચારમાં હાનિ થશે ને પરિણામે લોકોમાં કલહકંકાશ વધશે. મને એની ચિંતા છે.'

એ પગાર અર્ધો જ રહ્યો. બીજી બાજુ સારા વૈદ્યની શોધ કરતાં ગોંડલ, વઢવાણ, લીંબડી વગેરેના નરેશોએ વૈદ્યરાજને પોતાને ત્યાં માગે તે પગાર દઈ બોલાવ્યા, પણ તેઓ ગયા નહિ. પ્રજામાં રાજ્યભક્તિ અને રાજામાં પ્રજાહિતની ભાવના વિકસાવવાના હેતુને ધ્યાનમાં રાખી તેઓ વ્યવહાર કરતા.

પણ એમાં યે અંતરાય આવ્યો. વૈદ્યરાજને દરબારગઢમાં જતાં ન રોકી શકનાર મૅનેજરે બાળકુંવરને તેમનાથી છૂટા પાડવા સરળ ઉપાય યોજ્યો. કુંવર મૂળવાજીને રાજકોટ રાજકુમાર કૉલેજમાં ભણવા મૂકવાની વાત થઈ. સરકારની એ સામાન્ય નીતિ હતી. દરેક રાજ્યના કુંવર ત્યાં ભણતા. ના કહી શકાય તેમ ન હતું. છતાં બે'ક વરસ ઘર આગળ ભણાવવા રાજમાતાએ અરજી કરી. એ અરજી મંજૂર ન થવામાં મૅનેજરની પોતાની એવી ભલામણ હતી કે રાજકુમાર કૉલેજની તાલીમ જેટલી વહેલી શરૂ થાય તેટલું બાળ રાજા મૂળવાજી માટે જરૂરનું છે. જમાના પ્રમાણે તાલીમ મળવી જોઈએ. વૈદ્યરાજ વૈદ્યરાજ હતા, રાજદ્વારી અધિકારી ન હતા. હાથ હેઠા પડયા. મૂળવાજીને રાજકુમાર કૉલેજમાં રાજકોટ મોકલવામાં આવ્યા. કૉલેજમાં શિક્ષણ મળતું, જમાનાની રીતભાત શીખવા મળતી, નવી રમતો ને વૈભવ જોવા મળતા. બુદ્ધિની ખિલવણી માટે વાતાવરણ અનુકૂળ હતું. પણ ત્યાં લાગણીને, સ્નેહને, મમતાને, પ્રભુ પરાયણતાને પોષે એવું કંઈ જ ન હતું. ત્યાં જે ખોટ સાલતી તે રજામાં મૂળવાજી કોટડે આવે ત્યારે પોષાતી. ૧૯૧૨માં વૈદ્યરાજ કાનજીભાઈનું અવસાન થયું ત્યારે કારજ પર કુટુંબ ભેગું થએલું. ત્યાં રોજ મૂળવાજી ઠાકોર બેએક કલાક બેસવા આવતા. તે વખતે

તેમણે કહેલું કે, 'વૈદ્યરાજે સદાચાર અને ધર્મપરાયણતા બાબતમાં મને એટલું સમજાવી દીધેલું કે આઠ વર્ષની વયથી હું રાજકુમાર કૉલેજમાં તેરચૌદ વર્ષ ભણ્યો, પણ ત્યાં બીજા રાજકુમારોનો આગ્રહ છતાં મિજબાનીઓમાં કે એકાંતમાં મેં શરાબ પીધો નથી કે સિગાર પણ ફૂંકી નથી. આથી હું મશ્કરીનું પાત્ર બનતો પણ મેં મારો નિયમ કદી છોડયો ન હતો. મારી માનું ને વૈદ્યરાજનું સ્મરણ મને બળ આપતાં. આ પ્રભાશંકર થોડો વખત મહારાજા ભાવસિંહજી સાથે ત્યાં હતા તેથી જાણે છે. એ પણ મારી સંભાળ લેતા.

પ્રભાશંકર પટ્ટણી મુંબઈમાં મેડિકલ કૉલેજમાં ભણતા ત્યાં સખત બીમાર પડવાથી ભણવું છોડીને દેશમાં આવેલા અને બેએક જગ્યાએ ટૂંકી નોકરી કરી રાજકુમાર કૉલેજમાં ભણતા ભાવનગરના યુવરાજ ભાવસિંહજીના ટયૂટર તરીકે નોકરીએ રહેલા. પ્રભાશંકરને ભાવસિંહજીના ટયૂટર તરીકે રાખવાની ભલામણ તે વખતના રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ ચેસ્ટર મૅકનોટને જાતે કરેલી. કારણ કે પ્રભાશંકર રાજકોટની કાઠિયાવાડ હાઈસ્કૂલમાં ભણતા ત્યારથી તેઓ એમને ઓળખતા હતા. હોકી-ફૂટબોલની રમત-સ્પર્ધામાં એમની રમતો જોએલી. વળી, રાજકુમાર કૉલેજના તે વખતના અંગ્રેજીના પ્રોફેસર પાસે પ્રભાશંકર તેમના મામાના દીકરા ભાઈ હરિલાલ ઝીણા સાથે અંગ્રેજી કવિતા ને કાવ્યમીમાંસા શીખવા આવતા ત્યારે મોડી રાત સુધી ચર્ચા થતી તેમાં પ્રિન્સિપાલ પણ ક્યારેક હાજર રહેતા. પ્રભાશંકર પ્રત્યે એમને માનની લાગણી હતી. ૧૯૦૮માં પ્રભાશંકરના પૌત્રની જન્મગાંઠ પ્રસંગે પ્રભાશંકરના પિતા દલપતરામ પાસે આ પ્રસંગનો ઉલ્લેખ કરીને મહારાજા ભાવસિંહજીએ કહેલું કે, એક દિવસ કૉલેજમાં હું ને પ્રભાશંકર ઊભા હતા ત્યાંથી પ્રિન્સિપાલ નીકળ્યા, તેમણે ઊભા રહી પ્રભાશંકરની નિમણૂક વિષે ખુશી જાહેર કરીને મને કહેલું કે આ ફક્ત કૉલેજમાં ભણવાના વિષયના શિક્ષક નથી પણ જીવનકલાના કુશળ શિક્ષક તરીકેની લાયકાત ધરાવે છે. એનો લાભ લેવાનું ચૂકશો નહિ. કાકા કાનજીભાઈએ ભત્રિજા પ્રભાશંકરને એ નોકરી સ્વીકારી લેવા સૂચવ્યું હતું.

ઝંડુ ભટ્ટજીની ઈચ્છા હતી કે પ્રભાશંકર વૈદું શીખી ને ડૉક્ટર થાય તો દેશને મોટો લાભ થાય. પ્રભાશંકર વૈદું ભણીને મેડિકલ કૉલેજમાં દાખલ પણ થએલા. પરંતુ આર્થિક સ્થિતિ એવી કે પ્રભાશંકર દાક્તરી ભણી જ ન શકે. પણ ઝંડુ ભટ્ટજી મદદ કરતા. પછી માંદવાડને કારણે પ્રભાશંકરને એ ભણતર છોડવું પડેલું. તે પછી બે ત્રણ સ્થળે વૈદ તરીકે રહેલા. મીંયાણાના માળિયા ઠાકોરના એ રાજવૈદ્ય હતા ત્યાંથી રાજીનામું દઈ છૂટા થએલા. એ વખતે કાકાએ એમને આ નોકરી સ્વીકારી લેવા કહ્યું ને ઉમેર્યું કે પાટવી કુંવરને શિક્ષણ દેતી વખતે જો ચારિત્ર્યઘડતરનો પાયો નાખી દેવામાં આવે તો એ જ્યારે રાજા થાય ત્યારે એની રૈયતનું એ જે ભલું કરે તે જોઈ આપણે કરેલી સેવાનો આપણને સંતોષ થાય. પેટ માટે સેવા તો સૌ કરે. વૈદ થવું સારું છે. હું રાજવૈદ છું. પણ બાળ ઠાકોર સાહેબ મૂળવાજીને તૈયાર કરવામાં મને મુશ્કેલી નડે છે. તું જો રાજકુમાર કૉલેજમાં જ હો તો ભાવસિંહજી તથા મૂળવાજી બંનેનું ધ્યાન રહે. એ બંને ચારિત્ર્યશીલ રાજા થાય એમાં આપણી સેવાની સફળતા છે.

પ્રભાશંકરે ભાવસિંહજીના ટયૂટર તરીકે નોકરી સ્વીકારી. એમણે થોડા જ સમયમાં ભાવસિંહજીની પ્રીતિ સંપાદિત કરી. પણ એમણે જોયું કે ભાવસિંહજી પાસે પોતાના હાથખર્ચીના પૈસા પણ ન રહેતા. મહારાજા તખ્તસિંહજી તરફથી તેમને કશું ન મળતું. યુવરાજને માસિક હાથખર્ચીની રકમ દીવાન ઑફિસેથી મંજૂર થતી. એ રકમ ઘણી ઓછી હતી, એટલું જ નહિ, પણ દર મહિને નિયમિત ન મળતી. અને ભાવસિંહજી માગે તો અપમાનજનક રીતે આપવામાં આવે છે એવું ભાવસિંહજીને લાગતું. આથી ભાવસિંહજી બહુ અકળાતા. પ્રભાશંકર પોતાના ટૂંકા પગારમાંથી ઘરવ્યવહાર માંડ ચલાવતા. એક વાર ભાવસિંહજીને પૈસાની ઘણી ખેંચ પડી. પોતાના લાગવા માંડેલા પ્રભાશંકર પાસે ભાવસિંહજીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. પ્રભાશંકર તે રાત્રે ચાલીને રાજકોટથી કોટડા-સાંગાણી પહોંચ્યા. રાજકોટ જેતલસરની રેલવેલાઈન તો તા. ૧૨-૪-૧૮૯૩થી શરૂ થઈ. તેમણે કાકાને વાત કરી. કાનજીભાઈ પ્રભાશંકરને લઈને રાજમાતા જામબા પાસે ગયા. રાજકુમાર કૉલેજમાં જ કાનજીભાઈના ભત્રિજા પ્રભાશંકર છે ને મૂળવાજીનું પણ ધ્યાન રાખે છે તે જામબા જાણતાં જ હતાં. વળી, પ્રભાશંકર હાઈસ્કૂલમાં ભણતા ત્યારે દર શનિ-રવિ કોટડે આવતા તેથી નજીકનો પરિચય હતો. માગો તેટલી રકમ અને જ્યારે માગો ત્યારે આપીશ એમ જામબાએ કહેવા છતાં પ્રભાશંકરે ફક્ત સવાસો રૂપિયા લીધા. કાકાએ જણાવેલું કે પૈસા માગો ત્યારે મળી શકે છે તેવો જો રાજાના મગજમાં ખયાલ આવી જાય તો એ મનફાવે તેમ વાપરવાની તથા લીધેલા પૈસા પાછા ન આપવાની ટેવવાળા થઈ જાય. માટે યોગ્ય સ્થળે જ ને જરૂરિયાત પૂરતું જ જ ખર્ચ કરાય તે શીખવી દેવાની આ ઉત્તમ તક છે. પ્રભાશંકરે પણ ભાવસિંહજીને પોતે પૈસા કઈ રીતે મેળવ્યા તે જણાવતાં કહ્યું કે ભાવસિંહજી ચારિત્ર્યશીલ પ્રજાપાલક રાજા થવાને લાયક ગુણ ધરાવે છે એવા વિશ્વાસે કોટડા સાંગાણીનાં રાજમાતાએ આ રકમ ઉછીની આપી છે. એ રકમ પાછી ચૂકવાઈ ન હતી ત્યાં ફરી ભાવસિંહજીને પૈસાની તાણ પડી. એ વખતે કોઈને માટે પણ માગતાં સંકોચ અનુભવનાર પ્રભાશંકરે પોતાની પત્નીનાં ઘરેણાં વેચીને ભાવસિંહજીને પૈસા આપેલા.

આ પછી ભાવસિંહજીને મારવાડમાં મિ. એસ. એમ. ફ્રેઝર, આઈ. સી. એસ., સી. એન. આઈ.ના વાલીપણા નીચે ભણવા જવાનું થતાં પ્રભાશંકર પણ તેમની સાથે ગએલા. પરંતુ ત્યાં સુધી મૂળવાજી તથા ભાવસિંહજી બંનેનાં ચારિત્ર્ય-ઘડતરની સંભાળ એમણે લીધેલી. પોતે રાજકુમાર કૉલેજમાં ભણતા ત્યારથી વૈદ્યરાજ કાનજીભાઈએ કરેલી આ વ્યવસ્થાના મહત્ત્વની પૂરી સમજ મૂળવાજીને હતી. એથી કાનજીભાઈ તરફ એમને ઘણો આદરભાવ માત્ર નહિ, પૂજ્યભાવ હતો.

કોટડાના સગીર વહીવટના પંદર વર્ષના ગાળામાં મૅનેજર તરીકે જે પહેલા નીમાએલા તે કુશળ વહીવટી હોવા ઉપરાંત ઘણી લાગવગવાળા હતા. અંગ્રેજ અમલદારો પણ એમની ઇચ્છાને માન આપતા. કોટડા સાંગાણીમાં એમને બહુ ફાવી ગએલું. આથી તેઓ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા ત્યારે પોતાના પુત્રને જ કોટડા-સાંગાણીના મૅનેજરપદે નિયુક્ત કરાવી શકેલા. નવા મૅનેજરનું રાજકુટુંબ તથા વૈદ્યરાજ તરફનું વર્તન ઘણું તોછડું હતું. યુવાનીમાં આવતા મૂળવાજી એ જાણતા-સમજતા પણ ગળી જવાનું એ શીખી ગએલા. ૧૮૯૪માં તેઓ ગાદીએ બેસવાના હતા ત્યારે એમણે વાતવાતમાં રાજમાતા જામબાને જણાવેલું કે ગાદીએ બેસવા સાથે એ મૅનેજરને કોટડાની હદમાં રહેવા નહિ દઉં, મારું, તમારું, અને વૈદ્યબાપાનું અપમાન કરવામાં એણે કંઈ બાકી નથી રાખ્યું. જામબાએ એ માટે વૈદ્યબાપાની સલાહ લેવા કહ્યું, અને કાનજીભાઈની સલાહ મુજબ મૂળવાજી વર્ત્યા. એ ગાદીનશીન થયા તે સમારંભ વખતના પોતાના પ્રવચનમાં તેમણે બંને મૅનેજરોએ રાજ્યની આબાદી માટે કરેલા પ્રયત્નોની પ્રસંસા કરીને ઉમેર્યું કે ગાદી સંભાળવાનું મને પ્રાપ્ત થયું છે અને રાજ્યના દીવાન તરીકે હવે એ મૅનેજર સાહેબ હોદ્દો સંભાળે એવી મારી વિનંતી તેમણે માન્ય રાખી છે તેનો હું જાહેરમાં આભાર માનું છું.

મૅનેજર સાહેબનાં વાણીવર્તન તરફનો અણગમો મૂળવાજીએ કદી વ્યક્ત થવા દીધેલો નહિ. છતાં મૅનેજરને શંકા હતી કે મૂળવાજી ગાદીએ બેસે કે તુરત પોતાને હોદ્દો સોંપી દઈને કોટડા છોડવું પડશે. (અનુ.પૃ.૩૩૬)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ



પ્રકરણ ૪ [ચાલુ]

વીર કાવ્યોનો નાયક નર્મદ

લેખક

પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

નર્મદની ગદ્ય પ્રવૃત્તિ

નર્મદે જોસ્સાપૂર્વક સમાજસુધારાની પ્રવૃત્તિ કરી, ગદ્યનું ખેડાણ કર્યું, ઇતિહાસ અને કોશ પણ રચ્યા, તેમ છતાં તેણે પોતાને મુખ્યત્વે કવિ તરીકે જ ઓળખાવ્યો છે. કવિતાની સાધના માટે નોકરી નહિ કરવાનો સંકલ્પ કર્યો અને જીવનપર્યંત આર્થિક વિટંબણા વેઠી. ઈ. ૧૮૫૮ થી ૧૮૬૬ સુધીનાં દસેક વર્ષ તો તેનો કવિ તરીકે ડંકો વાગી રહ્યો. સાચી કવિતા વિશે તેનામાં સમજદારી હતી, કાવ્યમાં રસનું પ્રાધાન્ય હોય એ વાત તે સમજતો હતો, કાવ્ય માટે તેનામાં ઊછળતી ઊર્મિ હતી. આ બધું હોવા છતાં નર્મદ આજે કવિ તરીકે નહિ, પણ કવિતાનું સુકાન બદલનાર એક પરિબળ તરીકે પ્રતીત થાય છે. નર્મદની કવિતાને તેના આંતરજીવનના આલેખ જેવી ગણવામાં આવી છે, પણ તેના ગદ્યમાં એનું શીલ, એનું જોસ્સાદાર વ્યક્તિત્વ ઓછું પ્રગટતું નથી. સત્તર વર્ષની વયે ગદ્ય લખવાનો આરંભ કરીને નર્મદે એ પ્રવૃત્તિ જીવન-ભર જારી રાખી. અને કવિ કરતાં ય ગદ્યકાર તરીકેની પોતાની સવિશેષ શક્તિ તેમાં જ પ્રગટતી જણાય છે. સંસારસુધારો એ જેમ તેના કાવ્યની તેમ તેના ગદ્યની પણ પ્રેરણારૂપ હતો. એ પ્રવૃત્તિમાં એને નિરાશા સાંપડી ત્યારથી એની કાવ્યપ્રવૃત્તિનું ઝરણું સુકાઈ ગયું. એના ગદ્યલેખોમાં પણ વિચારનો અને શૈલીનો નવો વળાંક આવ્યો. કોશપ્રવૃત્તિએ પણ નર્મદની સર્જક પ્રવૃત્તિને મંદ કરવામાં ભાગ ભજવ્યો.

નર્મદની ગદ્યપ્રવૃત્તિનો આરંભ ઈ. ૧૮૫૧માં તેના પ્રથમ નિબંધ ‘મંડળી મળવાથી થતા લાભ’થી થાય છે. સત્તરેક વર્ષની વયથી તેણે ગદ્ય લેખન આરંભ્યું. નર્મદના પૂર્વે અર્વાચીન ઢબના ગદ્યલેખનની આછી પાતળી પ્રવૃત્તિ થઈ હતી. રણછોડભાઈ ઝવેરીએ ભાષાંતર પ્રવૃત્તિ દ્વારા ગુજરાતી ગદ્ય ખેડવા માંડ્યું, પરંતુ એ નિષ્પ્રાણ ગદ્ય હતું. દલપતરામે ‘બુદ્ધિપ્રકાશ’માં લેખો દ્વારા ને નિબંધો દ્વારા ગદ્યપ્રવૃત્તિ વિપુલપણે આરંભી હતી, પણ વિવેચક વિશ્વનાથ ભટ્ટ કહે છે તેમ; ‘તે સાવ અણઘડ છે ને અર્વાચીન ગદ્યનાં બહુ ઓછાં લક્ષણો મૂર્ત કરી શકે છે. ગદ્યમાં તો દલપતને પોતાના વિચાર વ્યવસ્થિત રીતે કલાત્મક રૂપમાં મૂકતાં જ નથી આવડતું. વાક્ય ક્યાં શરૂ કરવું ને ક્યાં પૂરું કરવું, વિરામચિહ્નો ક્યાં મૂકવાં, ને પરિચ્છેદ કેમ પાડવા એ બધી બાબતની તેને પૂરી ખબર જ નથી.’ (વીર નર્મદ, પાંચમી આવૃત્તિ, ઈ. ૧૯૪૬, પૃ. ૧૧૮–૧૧૯). દુર્ગારામે પણ ‘માનવધર્મસભા’ના સંચાલક તરીકે ગદ્યમાં લેખન-પ્રવૃત્તિ કરી હતી. રણછોડભાઈ અને દલપતરામના ગદ્ય કરતાં તે વધુ સફાઈદાર છે, પણ તે ખૂબ થોડું છે અને તે પ્રકટ થયું છેક ઈ. ૧૮૭૯માં.

નર્મદ ગદ્યપ્રવૃત્તિના આરંભકાર તરીકેનો યશ જર્વિસને આપે છે. પરંતુ ગદ્યનું વિપુલપણે વ્યવસ્થિત રીતે નમૂનેદાર ખેડાણ કરવાનું શ્રેય તો નર્મદને જ ઘટે છે. નર્મદે શિષ્ટ સચોટ ને સફાઈદાર ગદ્ય લખીને ગદ્યના વિકાસની અનેક શક્યતાઓ પ્રગટ કરી અને ગદ્યલેખકોની પરંપરા ઊભી કરી. ‘મંડળી મળવાથી થતા લાભ’ એ અર્વાચીન ગદ્યનો પ્રથમ આહ્લાદક આવિષ્કાર છે. નર્મદની ગદ્યકાર તરીકેની શક્તિનો અણસાર એ પહેલા નિબંધથી જ મળવા માંડે છે. તેણે જેમ પદ્યમાં તેમ ગદ્યમાં પણ અનેક પ્રકારો ખેડ્યા છે. નિબંધોમાં તો એ ગદ્યકાર તરીકે દીપી ઊઠે છે જ, પણ ‘મારી હકીકત’ એ આત્મકથામાં, ચરિત્ર-લેખોમાં, ‘ડાંડિયો’ના તંત્રી તરીકેના લેખોમાં તેમ જ અન્ય ગદ્ય પ્રકારોમાં પણ તેના વ્યક્તિત્વની અનેક લાક્ષણિકતાઓ પ્રગટ થાય છે. નર્મદના પત્રોમાં પણ તેના સ્વભાવનાં અનેક પાસાંનું ચિત્ર મળે છે. વિશ્વનાથ ભટ્ટના શબ્દોમાં: ‘એના ચિત્તની ખરી છાપ પડે છે, એના જીવનનું યથાર્થ પ્રતિબિંબ પડે છે તે પણ પદ્ય કરતાં ગદ્યમાં વિશેષ. પદ્યમાં એની ભાષા ઘણી વાર ક્લિષ્ટ, કૃત્રિમ બની જાય છે, પણ ગદ્યમાં તે સર્વત્ર સરળ ને સ્વાભાવિક રીતે જ વહે છે. જેવું શીલ તેવી શૈલી એ નિયમ નર્મદના ગદ્યમાં અક્ષરેઅક્ષર સાચો પડે છે. (એજન, પૃ. ૧૨૦)

નર્મગદ્ય

નર્મદે ગદ્યમાં અનેક વિષયો નિરૂપ્યા છે. તેની યાદી નવલરામ પંડ્યાએ ‘કવિજીવન’માં આપી છે. પશ્ચિમના સંપર્કથી નવા વિચારો ઝીલનાર નર્મદમાં સમાજસુધારાની ધગશ તો હોય જ અને એ ધગશ સામાજિક વિષયોના નિબંધોમાં બરાબર પ્રગટે છે. નર્મદ કવિતા–સાહિત્ય અને ઇતિહાસનો પણ અભ્યાસી હતો. કવિતા વિશે તેણે વિવેચનના લેખો લખ્યા છે. આદિ વિવેચક તરીકે ભલે તેનો મહિમા ન કરીએ તો પણ કાવ્યવિવેચનની દિશાબારી તેણે ઉઘાડી છે એ નિઃશંક છે. નર્મદે કોશ અને વ્યાકરણ રચ્યાં છે, મહાકાવ્યોના સાર લખ્યા છે અને ભાષાંતરો પણ કર્યાં છે. ‘નર્મગદ્ય’માં નર્મદ એક સમર્થ ગદ્ય-લેખક તરીકેની શક્તિ દાખવે છે. નર્મદના વિચારો અને અભિપ્રાયોનો સાચો ક્યાસ મેળવવા માટે ‘જૂનું નર્મગદ્ય’ જોવું જોઈએ. સરકારીખાતા તરફથી પ્રગટ થએલા ‘નર્મગદ્ય’માં નર્મદને અન્યાય થાય, તેના વિશે ગેરસમજ થાય એવા કેટલાક ફેરફાર તેના લેખોમાં થયા છે.

નર્મદના નિબંધોમાં વિષયના કેન્દ્ર તરફ સોંસરી ગતિ, વક્તૃત્વછટા, ચિત્રાત્મકતા, વક્તવ્યના અર્થઘટન માટે શબ્દોની લાક્ષણિક પસંદગી, પરોક્ષ વસ્તુને પ્રત્યક્ષ કરાવવાનું સામર્થ્ય, અલંકારનો ઉચિત ઉપયોગ, પ્રસંગોપાત્ત ફારસી શબ્દોનો પ્રયોગ એ સર્વ લક્ષણો ધ્યાન ખેંચી રહે છે. એના પહેલા નિબંધ ‘મંડળી મળવાથી થતા લાભ’થી જ એની નિબંધકાર તરીકેની, ગદ્યકાર તરીકેની વિશિષ્ટતાઓ પ્રતીત થવા માંડે છે. એ મૂળ નિબંધમાંથી શ્રી રામનારાયણ પાઠકે અવતરણ આપ્યાં છે તે અહીં ઉતારવાં યોગ્ય ગણ્યાં છે.* ‘હરેક દેશને આબાદ થવાનાં કારણો ત્રણ છે.મંડળી મળવાનો સંપ્રદાય, વેપાર અને સ્વતંત્રરાજ. પણ એ ત્રણનું મૂળ મંડળી અથવા સંપ છે.’ દેશના સુખ માટે નિર્ભયપણે નર્મદ સ્વરાજની હિમાયત કરે છે. એ સાથે લોકોની પ્રમાદી વૃત્તિને પણ તે ઝાટકે છે: ‘આપણા લોકો એવા તો આળસુ થઈ જઈ વિચારશૂન્ય થઈ ગયા છે કે ભણવુંગણવું તથા વેપારરોજગાર અનેક પ્રકારના ઉદ્યોગો કરવા મૂકી દઈ, બજારેબજારે, મોહોલ્લે મોહોલ્લે ને ચકલે ચકલે એકઠા મળી બેસી રહે છે. કેટલાએક મજાકઠઠ્ઠામાં મગન રહે છે. કેટલાએક ઢોલ છક્કડ વગેરે કરી અપશબ્દો બોલવામાં મોટાઈ માને છે; કેટલાએક હાથપગ બાંધી નવરા બેઠા બેઠા લોકોની નિંદા કરે છે, કેટલાએક જમણવાર વગેરે ખાવ પીવાની જ વાતો કરે છે. એ રીતે સર્વ તરેહના લોકો નિરુદ્યોગી કાળ કાહાડે છે. તેમાં ઘણું

* ‘જૂનું નર્મગદ્ય’માંથી શ્રી પાઠકે આ અવતરણ ટાંક્યાં છે. સરકારી-ખાતા તરફથી પ્રગટ થએલા ‘નર્મગદ્ય’માં આ નિબંધમાં સારી એવી કાપકૂપ ને સુધારા થએલા જણાય છે. શ્રી પાઠકે ટાંકેલા પરિચ્છેદો એમાં નથી. સરકારી નીતિને એ બાધક જણાયા હોય.

આ પણાં સાહિત્ય, સંસ્કૃતિ અને જીવનવ્યવહારમાં વિવિધ આંકડા જુદીજુદી રીતે સંકળાએલા છે. ધાર્મિક અનુષ્ઠાનો, સાહિત્યરચના, સામયિક કાર્યો, કર્મકાંડ, શાસ્ત્રો વગેરેમાં અન્ય શબ્દો સાથે સમાસરૂપે જોડાઈને આ આંકડાઓએ પ્રબોધક અને મનોરંજક અર્થવિસ્તાર દ્વારા આપણી ભાષાકીય અને વ્યાવહારિક સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે. અગાઉ પાંચ અને છના આંકડાનો વિસ્તાર જોયા પછી હવે સાતનો આંકડો જોઈએ.

ભારતમાં છેક પ્રાચીનકાળથી સાતના આંકડાનું મહત્ત્વ રહ્યું છે. સપ્તર્ષિ એ સાત મહા ઋષિનો પ્રતીક શબ્દ છે. માતૃકા, સ્વર્ગ, સમુદ્ર, પાતાલ, પવિત્ર નદીઓ, પવિત્ર દ્વીપ-કલ્પો, પ્રમુખ તીર્થક્ષેત્રો વગેરેની સંખ્યા સાત સાતની જ છે. વૈદિક વાઙ્મયમાં સાત પ્રકારના આનંદ, છંદ, સ્વર, યજ્ઞ, ગાય, અશ્વ વગેરેના ઉલ્લેખો છે. વૈદકશાસ્ત્રમાં નવા ઔષધપ્રયોગની અસર તપાસવા સાત દિવસના સપ્તકની અવધિ પર્યાપ્ત માની છે. જપ કે મૌન માટે સાત દિવસનો સમય ઇષ્ટ માન્યો છે. કથા-પારાયણ પણ સાત દિવસ ચાલે છે. લગ્નવિધિ સપ્તપદી પછી જ પૂર્ણ થાય છે. લોકકથાઓમાં સાત સમુદ્રો કે પર્વતોના ઉલ્લંઘનનાં પરાક્રમોની વાતો મળે છે અહીં કેટલાંક સપ્તકો જોઈએ:

સપ્તર્ષિ મહાભારત પ્રમાણે સાત ઋષિઓ–

मरीचिरत्रिः पुलहः
पुलस्त्यः क्रतुरंगिरा ।
वसिष्ठश्च महाभाग
ब्रह्मणो मानसाः सुताः ॥

અને શતપથ બ્રાહ્મણ પ્રમાણે–

कश्यपोऽत्रि वसिष्ठश्च
विश्वामित्रोऽथ गौतमः ।
जमदग्निर्भरद्वाजः
इति सप्तर्षयः स्मृताः ॥

કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ.

સપ્તજિહ્વ

અગ્નિ. તેની સાત જિહ્વા–જ્વાળાઓ:

काली कराली च मनोजवा च
सुलोहिता चैव सुधूम्रवर्णा ।
उग्रा प्रदीप्ता च कृपीटयोनेः
सप्तैव कीलाः कथिता श्च जिह्वाः ॥

જ્વાલાઓમાં પણ સાત્ત્વિક, રાજસિક અને તામસિક એવા ભેદ છે.

(૧) યજ્ઞાદિ કર્મોની સાત સાત્ત્વિક જ્વાલા–હિરણ્યા, રક્તા, કૃષ્ણા, સુપ્રભા, બહુરૂપા, અતિરક્તા અને કનકા.

(૨) કામ્ય કર્મોની રાજસિક જ્વાલા: પદ્મરાગા, સુવર્ણા, ભદ્રલોહિતા, લોહિતા, શ્વેતા, ધૂમિની, કરાલિકા.

(૩) ક્રૂર કર્મોની તામસિક જ્વાલા: વિશ્વપૂર્તિ, સ્ફુલિંગિની, ધૂમ્રવર્ણા, મનોજવા, લોહિતા, કરાલા, કાલી.

સપ્તાંગ રાજ્ય: રાજા, મંત્રી, સામન્ત, કોશ, દેશ, દુર્ગ અને સેના. એમ સાત અંગોવાળું રાજ્ય.

સપ્તપ્રકૃતિ: સાંખ્યદર્શન પ્રમાણે સાત પ્રકૃતિઓ: પંચતન્માત્રાઓ અર્થાત્ સૂક્ષ્મ પંચમહાભૂતો તથા મહત્તત્વ અને અહંકાર.

સપ્તધાતુ: રાજનિઘંટુ પ્રમાણે શરીરમાં રહેલી સાત ધાતુઓ–

रसास्र–मांस–मेदोऽस्थि
मज्जानः शुक्र–संयुताः ।
शरीरस्थै यंदा संम्यक्
विज्ञेयाः सप्तधातवः ॥

અન્નરસ, લોહી, માંસ, ચરબી, હાડ,

કરીને બ્રાહ્મણ લોક ને તેમાં પણ અબળાને મુકી દઈ મારા સ્વન્યાતિલોકો હવાડીએ ચકલે બેશી તડાકા માર્યા કરે છે. તેમાં સારાંશ, ભોજનવાર્તા તથા નિંદાવાર્તા હોય છે એ કેવું નઠારું છે?' (જૂનું નર્મગદ્ય પૃ. ૩)

નર્મદની વક્તૃત્વછટાના ઉદાહરણ અનેક નિબંધોમાં મળશે. અહીં 'રણમાં પાછાં પગલાં ન કરવા વિષે' એ નિબંધમાંથી અવતરણ ટાંકીએ:

'ભાઈઓ, આપણે બહુ પાછા હઠયા છીએ! ના ન કહેવાય. ના હઠીએ? જાણી જોઈને ભૂલ કરીએ ત્યારે પસ્તાવો શાનો? રે જાઓ જાઓ. જાણી જોઈને તે વળી કોઈ ભૂલ કરતા હશે? સ્વાર્થીઓ, સ્વાર્થને માટે જાગતો બમણું ઘોરે તેની પેઠે જાણી જોઈ આંધળા થઈ રસ્તો ભૂલી જઈ ખાડામાં ન પડે વારુ!—ખરું કહો.—ઉભા રહો ઉભા રહો; પંચોપાખ્યાનમાં બ્રાહ્મણ ને ત્રણ ઠગની વાત છે તે આહા કેવી મઝાની છે! આપણે દ્રવ્યમાનના લોભથી કેટલી ધામધૂમ કરી મેલી હતી!! ને તે ધામધૂમમાં આપણે કેટલા બધા ફાવ્યા હતા!! આહા! વહેમજપન કેટલો નબળો પડયો હતો! પણ રે! તેનું ને તેવું ન ચાલ્યું!

'શેનું ચાલે? 'ઢમઢોલ, માંહે પોલ' તે ક્યાં સુધી ચાલે? વહેલું મોડું ભોપાળું નીકળ્યા વિના રહે જ નહિ. 'બાપ તેવા બેટા' એ કહેવત ખોટી નથી. વાણીઆની નજર પૈસા તરફ ને બ્રાહ્મણની નજર ખાવા તરફ; આપણા વાણીઆ સાથીઓ સુધારો સુધારો પોકારી માન મેળવી આખરે હાલ પૈસા જંપી રહ્યા છે; અને બ્રાહ્મણ સાથીઓ સુધારો-સુધારો પોકારી ધર્માચાર્યો થવાનું ડોળ ઘાલી ઉભા હતા તે આજકાલ જુદીજુદી ટુકડીઓમાં બેઠાબેઠા નિરાંતે રસનેન્દ્રિયને લડાવ્યા કરે છે.' (નર્મગદ્ય, બીજી આવૃત્તિ, ઈ. ૧૯૨૪. પૃ. ૨૫)

નર્મદનો આ આખો નિબંધ તેની વાગ્મિતાના પરિચય માટે વાંચવા જેવો છે. શ્રી વિશ્વનાથ ભટ્ટે ઉચિત કહ્યું છે: 'નર્મદની ગદ્યશૈલી પણ એના શીલ જેવી સીધી, સરળ, સચોટ, જુસ્સાદાર, દર્દમય છે. જાણે ઉભોઉભો બોલતો હોય એમ એ લખે છે. બોલી ને લખાણ વચ્ચે અંતર રાખવાની એને જરાય દરકાર નથી. એના નિબંધો વાંચો તો આવેશમાં જોરથી હાથ વીંઝતોવીંઝતો કોઈ વક્તા પોતાના હૃદયની ઊકળતી લાગણીઓ ઠાલવી રહ્યો હોય એવું લાગે. (વીર નર્મદ, પાંચમી આવૃત્તિ, ઈ. ૧૯૪૬, પૃ. ૧૨૦)

'લગ્ન તથા પુનર્લગ્ન' નિબંધમાં પુનર્લગ્ન શા માટે જરૂરી છે તે સમજાવવા માટે વિધવાઓની અતિ કરુણ સ્થિતિનું અને એમાંથી પ્રેરાતાં એમનાં કુકર્મોનું તે રુવાં ખડાં કરે તેવું ચિત્ર આપે છે: 'રે ગૃહસ્થો, વિધવા કુકર્મ કરે છે તે જોવા, તેઓને ગર્ભ રહે છે તે જોવા તેઓ ગર્ભપાત કરે છે તે જોવા—આવી આવી રીતે કે ધગધગતા અંગારા બચ્ચાંઓનાં મોઢામાં મૂકે છે; કુમળું ડોકું મરડી નાખે છે, રઝળતું રસ્તામાં ફેંકી દે છે, તેના પર છરી મૂકે છે, તેના પર લરતની ઓર ઢાંકીને ગુંગળાવે છે, એ જોવાં, તેઓની અને તેઓનાં સગાંઓની લોકમાં લાજ જાય છે એ જોવાં એ સૌ શું માણસજાતની કુમળી છાતીને ફાડી નાખનાર તોપના ધણધણતા ગોળા અને તરવારના તીખા ઝટકા નથી?' (નર્મગદ્ય, ઈ. ૧૯૨૪. પૃ. ૧૦૭)

નર્મદ પોતાની ઊર્મિના યોગ્ય આવિષ્કાર માટે લાંબાંટૂંકાં વાક્યો રચે છે, આરોહઅવરોહ રચે છે, અર્થ પ્રમાણે વિરામ યોજે છે અને ગદ્યનો લય સિદ્ધ કરે છે. નર્મદના ગદ્યમાં સાહિત્યની ફોરમ છે. એનો ભાષા પર પણ પ્રશસ્ય કાબૂ છે. સંસ્કૃત, અરબી, ફારસી તેમ જ તળપદા ધરગથ્થુ શબ્દો તેને અનાયાસે જરૂર પ્રમાણે સૂઝી રહે છે. રોજિંદા વ્યવહારની ભાષાનો પણ તે બરાબર ઉપયોગ કરી લે છે. થોડાંક ઉદાહરણો જોઈએ:

આપણી જીવનસંસ્કૃતિ અને ૭ નો આંકડો

લેખક - શંકરદેવ વિદ્યાલંકાર

મજ્જા અને વીર્ય.

સપ્તપાતાલ : અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ.

સપ્તધાન્ય : પૂજામાં વપરાતાં સાત ધાન્યો ઘઉં, ચોખા, અડદ, મગ, જવ, તલ અને કાંગ.

સપ્તદ્વીપ : પુરાણાનુસાર પૃથ્વીના સાત મોટા ભૂખંડ જમ્બુ, કુશ, પ્લક્ષ, શાલ્મલિ, ક્રૌંચ, શાક અને પુષ્કર.

સપ્તપુરી :

अयोध्या मथुरा माया
काशी कांची अवंतिका ।
पुरी द्वारावती चैव
सप्तैताः मोक्ष–दायकाः ॥

સાત મોક્ષદાયી નગરો—અયોધ્યા, મથુરા માયા (હરિદ્વાર), કાશી, કાંચી, અવંતિકા (ઉજ્જયિની) અને દ્વારકા.

સપ્તધાતુ : સુવર્ણ, રૂપું, તાંબુ, લોઢું, સીસું, કલાઈ અને જસત.

સપ્તપદાર્થ : ન્યાયશાસ્ત્ર પ્રમાણે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ.

સપ્તમાતૃકા : બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઇન્દ્રાણી અને ચામુંડા એ સાત માતૃકાઓ.

સપ્તરક્ત :

पाणि–पाद–तलौ रक्तौ
नेत्रांतर–नखानि च ।
तालुका घर जिह्वा च
सप्त रक्तं प्रशस्यते ॥

હથેળી, પદતલ, નખ, નેત્રકોણ, જીભ, ઓષ્ઠ અને તાલુ શરીરનાં આ સાત રક્તરંગી અંગો.

સપ્તસ્વર : ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સંગીતના સાત સ્વરો.

સપ્તસાગર (સપ્તસમુદ્ર) : પુરાણ પ્રમાણે લવણ, ઈક્ષુરસ, સુરા, ઘૃત, ક્ષીર, દધિ અને શુદ્ધોદક એ સાત સાગર.

સપ્તપર્વત (કુલપર્વત) : મહેન્દ્ર, મલય, સહ્ય, શુક્તિમાન, ગંધમાદન (ઋક્ષ), વિન્ધ્ય અને પારિયાત્ર એ પર્વતો.

महेन्द्रो मलयः सह्यः
शुक्तिमान् ऋक्षपर्वतः ।
विन्ध्यश्च पारियात्रश्च
सप्तैते कुल–पर्वताः ॥

સપ્તલોક (સપ્તભુવન) : ભૂ, ભુવર, સ્વર, મહર, તપઃ, જતઃ, સત્ય એ સાતલોક.

સપ્તસિન્ધુ : સરસ્વતી, સતલજ, બિયાસ, રાવી, ચિનાબ, ઝેલમ અને સિંધુ એ સાત નદીઓનો પ્રદેશ.

સપ્તદ્વાર :

सप्तद्वारावकीर्णां च
न वाचं अनृतां वदेत् ।

પાંચ જ્ઞાનેન્દ્રિય અને મન તથા બુદ્ધિ એ વાણીનાં સાત દ્વાર કહેવાય છે. □

'ઘર ચલાવવા વિષે વાકેફ થવાથી સ્ત્રી ઘરમાં આવેલી વસ્તુઓને ઘટતેઘટતે ઠેકાણે ગોઠવે છે કે જેથી ઘરમાં ગડગચ્ચો ન દેખાતાં મોકળાશ તથા સફાઈ રહે છે.' (એજન, પૃ. ૧૨૧)

'કોઈ ડાહી હશે પણ તે ચતુર નહિ હોય, ને કોઈ ડાવકી દેખાતી હશે પણ તે બોડાબોલી ને થાંભલાફોરી હશે.' (એજન, પૃ. ૧૧૩)

'કામદાર લોક જે આમ જ સમજતા કે ઈસકોલીઆ તે રાજકાજમાં શું સમજે ? તેઓ આજ જોય છે કે અંગ્રેજી ભણેલાનો કેવો કોર છે.' (એજન, પૃ. ૭૫)

'મરનાર પર ગુજરાતીઓની કેવી અજ્ઞાનતા છે આ ?' (એજન, પૃ. ૧૨૬)

'જે ગરીબ પોતાને પીડતી ભૂખથી ખાવાની વાત કરે તે તો ધાનભુખ્યા ને ઓડા કહેવાય. (એજન, પૃ. ૮૯)

નર્મદે 'બંદોબસ્ત', 'તરબીયત' જેવા અનેક અરબીફારસી શબ્દો પણ પ્રયોજ્યા છે, શબ્દની પસંદગીમાં એણે કશી છોછ રાખી નથી. પોતાનો અર્થ સારે એવા કોઈ પણ ભાષાના શબ્દ તે નિઃસંકોચ પ્રયોજે છે.

વસ્તુસ્થિતિનું ચિત્ર પ્રત્યક્ષ કરાવવા માટે એ અલંકારો પણ યોજે છે. તેમાં સજીવારોપણ ને રૂપકઉપમા તેના પ્રિય અલંકારો છે. સજીવારોપણ અલંકાર વિશે તો તેણે આખો લેખ લખ્યો છે. 'સંપ' નિબંધમાં સંપનું તે રસિક ચિત્ર આપે છે : 'સંપ ગોરવર્ણો છે. તે બેઠી પણ મજબુત કદીનો પહેલવાન છે. તે ઘણો જાડો નથી તેમ ઘણો પાતળો પણ નથી. તેની રગો કસાઇને ઉચકાએલી તૈયાર રહેલી છે. તેનું મોઢું ગોળ ને ભરાવ છે. ડાચાં બેસી ગએલાં નથી પણ મજબુત છે અને તેના ગાલ ઉપર તન્દુરસ્તીની લાલી આવી રહેલી છે. તેની આંખ કચકડાં જેવી નિર્મળ છે ને કાળી ભમ્મર તેજસ્વી કીકી છે......' (એજન, પૃ. ૧૧.)

'નિરાશ્રિત પ્રત્યે શ્રીમંતના ધર્મ'માંથી એક દૃષ્ટાંત ટાંકીએ : 'મંડળીસિદ્ધ નામના વિદ્વાન ગોરા વૈદની પરીક્ષામાં આવે છે કે આપણામાંથી સ્વદેશપ્રીતિરૂપી આભોઈ ખરી ગઈ છે. અસલના સ્વદેશાભિમાનનો કંઈ પણ ભાગ નાડીપરીક્ષાથી જણાતો નથી; સ્વદેશાભિમાનને શીત આવ્યાં છે ! જલદીથી ગરમી પહોંચાડવાની નહિ તજવીજ કરીએ તો તે જવા બેઠું છે.' (એજન, પૃ. ૮૮)

'કવિચરિત્ર'માં નરસિંહની કવિતા વિશે તે કહે છે : 'ભરતીઓટને આધીન નહિ એવી રેતાળ તળની નાની નદી શરદ ઋતુમાં સવારે, બપોરે, સાંજે, રાતે ચાંદરણામાં પવનથી લહરી કરતી હોય તેવી નરસિંહની કવિતા છે...' (એજન, પૃ. ૪૨)

'કવિ અને કવિતા' જેવા નિબંધમાં નર્મદની કાવ્ય વિષેની વિભાવનાનો ખ્યાલ મળે છે. અંગ્રેજ વિવેચક હેઝલીટનો કાવ્ય વિષેનો ખ્યાલ તેને અનુકૂળ નીવડ્યો છે. કવિ કોને કહેવા એ વિશે સમજૂતી આપતાં તે કહે છે. 'જેનું રસજ્ઞાન થનથન કરી રહેલું હોય છે, જે લાગણીઓને વશ છે, જેવું દીઠું સાંભળ્યું તેવું બોલવાની, કરી દેખાડવાની અથવા કેઈ પણ રીતે સમજાવો એમ જુક્તિથી રંગીને બતાવવાની જેની શક્તિ છે, તેઓને 'કવિ' કહેવા.' (એજન, પૃ. ૩૩)

કાવ્યમાં રસનું તત્ત્વ સમજાવતાં કહે છે : 'રસ એટલે અંદરની મજા.' (એજન, પૃ ૩૪) અને આગળ નોંધે છે : 'હવે ઉત્તમ કવિ તે કોણ તે વિશે હેઝલીટનું મત આ છે; જે કવિ કુદરત સંબંધી આપણા વિચારને બેહદ મોટાઇ આપે છે, અથવા દીલના જોસ્સાને બેહદ જોર આપે છે, જેનો તર્ક જબરો, જેનો પ્રેમ શ્રેષ્ઠ, જેનું ઇશ્વરી સૌંદર્ય વિશે રસજ્ઞાન ઉભરાતું અને માણસ જાતના દીલમાં જે જે વિકારો ઉત્પન્ન થાય છે તેનો જાણનાર તે ઉત્તમ કવિ.' (એજન, પૃ. ૩૬) 'નર્મગદ્ય'ના નિબંધોમાં સાહિત્યગુણ સર્વત્ર નથી. તેમ છતાં નર્મદનો વિવિધ શાસ્ત્રોનો વ્યાપક

અભ્યાસ, તેની તર્કશક્તિ, તેનો જોરસો, તેનું દર્દ, તેની સમાજ સુધારણા વિશેની તીવ્ર લગની, તેના અંતરની બળતરા, તેનો ભાષા પરનો પ્રશસ્ય કાબૂ. તેના ગદ્યની વિવિધ અને આકર્ષક લઢણો સર્વનો માતબર પરિચય નિબંધોમાં મળી રહે છે, અને ગદ્યનું કેવું સમૃદ્ધ ખેડાણ નર્મદને હાથે પ્રથમવાર થયું છે તેની સુખદ પ્રતીતિ તે નિબંધો કરાવી રહે છે.

નર્મદના વ્યક્તિત્વની અને તેના પ્રગતિશીલ વિચારોની ઝાંખી પણ તેના નિબંધોમાં થાય છે. સ્ત્રીપુરુષ વિશેના સંબંધો બાબતમાં નર્મદ સર્વથા આધુનિક છે. બંનેની સમાનતા તે પ્રમાણે છે; સ્ત્રીઓની અવદશા અંગે તેનામાં ઊંડી દાઝ છે. સમાજની અનિષ્ટ રૂઢિઓ વિશે તે નીડરતાપૂર્વક સ્પષ્ટતાથી બોલે છે. નર્મદમાં સ્ત્રીપુરુષ વચ્ચેના આકર્ષણ અંગેની સમજ પણ વ્યાપક અને ઊંડી છે. કામેચ્છાની બાબતમાં એનું વલણ સંકુચિત નથી, તેમ જ સ્વચ્છંદી પણ નથી. નર્મદને માટે 'સમયમૂર્તિ'નું બિરુદ યથાર્થ છે.

નર્મદનું પત્ર : 'ડાંડિયો'

નર્મદની કવિતા અને તેના મોટા ભાગના નિબંધોની પાછળ પ્રેરણા સંસાર-સુધારાની હતી. એ રીતે એનું સાહિત્ય ઉદ્દેશમૂલક હતું. તેમ છતાં તેની દૃષ્ટિ સમાજનાં ઘણાં ક્ષેત્રોમાં ફરી વળી હતી અને સમાજ-સુધારાની સાચી લગનીથી તેનું સાહિત્ય નિર્માણ થયું હોવાથી તેમાં ઊંચી નિષ્ઠા અને ગાંભીર્યના ગુણો છે. એના વિચારોને એની ઊર્મિને તે કલાત્મક સ્વરૂપ આપી શક્યો છે. જે પ્રેરણા તેની કવિતા અને નિબંધો પાછળ હતી તે જ પ્રેરણા 'ડાંડિયો' પત્ર પાછળ પણ હતી. 'ડાંડિયો'નું મુખ્ય પ્રયોજન કોઈની પણ શેહશરમ રાખ્યા વિના દંભી અને અન્યાયી તથા જુલમીઓને ઉઘાડા પાડવાનું અને તેમની ઝાટકણી કાઢવાનું હતું. અને ભારે જોખમો ખેડીને પણ એ પાક્ષિકે પોતાનું પ્રયોજન પાર પાડ્યું હતું. 'ડાંડિયો'માં લખનારાઓનું એક લેખકમંડળ હતું અને લેખકોનાં નામ માટે જુદી જુદી સંજ્ઞા પ્રયોજાતી. 'ડાંડિયો'નું પ્રકાશન ૧લી સપ્ટેમ્બર ૧૮૬૪થી શરૂ થયું હોવાનું રા. વિ. પાઠકે નોંધ્યું છે. (નર્મદ આવૃત્તિ ૧લી, ઈ. ૧૯૪૫, પૃ. ૧૩૮) અને એમની જ નોંધ પ્રમાણે ઈ. ૧૮૬૯માં તેનું પ્રકાશન બંધ થયું.

નર્મદની ઇચ્છા 'ડાંડિયો'ને અંગ્રેજી પત્ર 'સ્પેક્ટેટર' જેવું બનાવવાની હતી, પરંતુ 'સ્પેક્ટેટર'ના તંત્રીનો સંયમ કે એની શક્તિ નર્મદમાં નહોતી. એ જમાનામાં 'બુદ્ધિપ્રકાશ', 'શાળાપત્ર' જેવાં સામયિકો હતાં પરંતુ 'ડાંડિયો'ના તંત્રીનું પ્રયોજન લાક્ષણિક છે. રૈયતને અજ્ઞાનની ઘોર નિદ્રામાંથી જગાડવી એ પ્રયોજન તો મુખ્ય ખરું જ; પરંતુ તે ઉમેરે છે: 'રૈયતને જુલમીઓના જુલમમાંથી બચાવવાને, લુચ્ચાની ટોળી વિખેરી નાખવાને, તમારામાંથી અજ્ઞાન વેહેમ ને અનીતિ કાહાડી નખાવવાને, દેશનું ભલું થાય તેમ કરવાને, હું થોડો ઘણો લાયક છઉં' અને વળી કહે છે: 'તેમ ઘણો રસિક છઉં, એટલે વેળાએ વેળાએ થોડાનું મન દુખવી ઘણાઓને ખડખડ હસાવ્યા વના પણ રહેનાર નથી.' (જૂનું નર્મગદ્ય પૃ. ૩૭૫-૩૭૬)

નર્મદે 'ડાંડિયો'માં અનેક વિષયો અને વ્યક્તિઓ વિશે નિર્ભયપણે લખ્યું છે. અલબત્ત, એનાં લખાણો ઊહાપોહ મચાવી શકતાં, પરંતુ ઘણી વાર એ લખાણો ઢંગધડા વિનાનાં મનના ઊભરા રૂપ હતાં. એમાં સામાજિક નોંધ, કાવ્યચર્ચા, નિબંધો એમ વિવિધ સામગ્રી પ્રગટ થતી. 'હસવું સારું કે રડવું સારું', 'એક રંડાયેલા શેઠને એક વિધવાનો કાગળ', 'માણેકઠારી પુનેમ' વગેરે આવા વિષયો 'ડાંડિયો'ની વિષય-સામગ્રીનો ખ્યાલ આપી રહે છે.

નર્મદ પ્રકૃતિએ ગંભીર હતો. એનાં કાવ્યોમાં તો હાસ્યરસનો સદંતર અભાવ છે, નિબંધોમાં રોષ છે, ક્યાંક કટાક્ષ છે, પરંતુ નર્મદના સચોટ કટાક્ષનો અને હાસ્યનો પરિચય 'ડાંડિયો'માં થાય છે. રા. વિ. પાઠકે 'નર્મદ'માં હાસ્યનાં દૃષ્ટાંતો નોંધ્યાં છે તેમાંથી અત્રે ઉતારીએ. શેરબજારની સ્થિતિ વિશે તે લખે છે—

'નક્કી સમજજો કે બજાર કંમરમાંથી લુલો થઈ ટાંટિયા અમળાવી લાંબો થઈ પડયો છે, તે પાછો ટટાર થનાર નથી. મોહોટાઓ પોતાની મતલબને સારુ કોઈ ડાકટરોની મારફતે વીજળીના ધક્કા લગડાવી થોડી વારને સારુ કદાપી ઉઠાડશે, તો પણ તે પાછો વહેલો પડશે જ.' (પૃ. ૧૪૪)

કોઈક વાર તે પ્રાસની સહાયથી હાસ્ય ઉપજાવે છે:

'જે સુધારાવાળા ખારા થઇને ભાષણોના ભારા બાંધી મહારાજોને ડારા દેતા હતા તે રાંડેલી દારાઓનાં લગ્ન કરવાના ધારા કહાડવામાં સારા આગેવાન તારા જેવા ગણાતા હતા તે હવે પરબારા નઠારા થઈ જઈ મહોડેથી કહેવાતા સુધારાને છોડી, રાંડીરાંડોની પેઠે કાળાં મ્હોડાં કરી ક્યાં ફરે છે?' (પૃ. ૧૪૪)

નર્મદમાં ઉચ્ચ હાસ્ય માટેની નૈસર્ગિક શક્તિ નથી. કેટલીક વાર તે બાલિશ તરકીબો અજમાવે છે અને હાસ્ય ઉપજાવવા માટે અશ્લીલતા સુધી પણ પહોંચી જાય છે. ગમે તેમ પણ 'ડાંડિયો' દ્વારા તેણે શેરસટ્ટામાં પતંગિયાની જેમ ઝંપલાવતા લોકોને હાથ ઊંચા કરી કરીને ચેતવ્યા છે અને દુષ્ટ જુલમી સરકારી અધિકારીઓનાં કરતૂતો ખુલ્લાં પાડી પ્રજાના બેલી થવાનું પુણ્ય ગાંઠનાં ગોપીચંદન કરીને પણ મેળવ્યું છે.

નર્મદની કોશપ્રવૃત્તિ

નર્મદને કોશ રચવાની પ્રેરણા કેવા સંજોગોમાં થઈ તે વિશે 'મારી હકીકત'માં તેની નોંધ છે:'મારી કવિતામાંના શબ્દો સમજવા નિશાળમાં ભણતાં છોકરાંઓને કઠણ લાગતા હતા, તે ઉપરથી મેં તેમાંના જ અઘરા શબ્દોના અર્થો વર્ણાનુક્રમે લખીને વાકેબ્યુલરી કરવાનો વિચાર કીધો હતો, પણ તેને માટે શબ્દ જુદા પાડયા તો ઘણા જ નિકળ્યા–પછી જોસ્સો થયો કે એક મોટો કોશ જ કરવો...મેં તા. ૧૮મી નવંબર સને ૧૮૬૦થી મોટો કોશ કરવો શરૂ કર્યો. (પહેલી આવૃત્તિ ઈ. ૧૯૩૪). ઈ. ૧૮૬૪ સુધીમાં કોશના ત્રણ ભાગ તેણે પ્રસિદ્ધ કર્યા પણ આ પ્રવૃત્તિએ તેને માટે આર્થિક વિટંબણા ઊભી કરી. નર્મદ લગભગ ભાંગી પડયો. બે વર્ષ તેણે એ કામ પડતું મેલ્યું. પણ નવલરામ પંડયા નોંધે છે તેમ, '...ધીરવીર નર્મદ આરંભેલું કામ અધૂરું મૂકે એવો નહોતો. જાણે એકદમ ચમકી ઉઠયો હોય તેમ તેણે ૧૮૬૮માં કોશનું કામ પાછું હાથમાં લીધું, અને રાત ને દહાડો તેની જ પછાડી મંડી એ વર્ષ પૂરું થતાં પહેલાં ગ્રંથની સમાપ્તિ કરી નાખી.' (કવિજીવન, ગુજરાત વિદ્યાપીઠ પ્રકાશન, આવૃત્તિ પહેલી, ઈ. ૧૯૬૬, પૃ. ૩૩)

નવલરામ ઉમેરે છે કે: 'ગ્રંથ મોટો લખવા કરતાં પણ તે છપાવવો એ ગરીબ ગ્રંથકારને મહા મુશ્કેલી અને દુઃખનું મૂળ છે, તે બિચારા નર્મદાશંકરે પૂરેપૂરું આ વેળા અનુભવ્યું. આશ્રય સારુ એણે જે આ પ્રસંગે તરફડીયાં માર્યાં અને ચોતરફથી એને જે અન્યાય કે બેકદરપણું મળ્યું તે ત્રાસ ઉપજાવે તેવું છે...' (એજન, પૃ. ૩૩) નર્મદે આ કોશ રચવા પાછળ તનમનધનથી ખુવારી વેઠી. કોઈ સંસ્થાને માટે પણ મુશ્કેલ ગણાય તેવું આ કાર્ય નર્મદે એકલે હાથે અથાગ પરિશ્રમથી અને ધીરજથી કર્યું. એ નર્મદને માટે ગૌરવપ્રદ ઘટના છે. નર્મદે 'નર્મકોશ'ની સાથે ગુજરાતી ભાષાના બદલાતા જતા સ્વરૂપનો ચિતાર આપતો ઉપયોગી લેખ પણ જોડયો છે.

મારી હકીકત

ગુજરાતીમાં ગદ્યક્ષેત્રે નર્મદે અનેક સાહિત્ય પ્રકાર ખેડયા તેમાં આત્મકથાના પ્રકાર તરીકે 'મારી હકીકત'નું સ્થાન મહત્ત્વનું છે. નર્મદે એનું પ્રયોજન સમજાવતાં નોંધ્યું છે: 'આ હકીકત લખું છું તે કોઈને માટે નહીં, પણ મારે જ માટે–મારે માટે પણ તે, ઓળખાવાને નહીં (ઓળખાઈ ચુકો છઉં), દ્રવ્ય પદવિ મેળવવાને નહિ, પણ ભૂતનું જોઈ

ભવિષ્યમાં ઉત્તેજન મળ્યાં કરે તેને માટે.' ('મારી હકીકત', ઈ. ૧૯૩૪) બીજાં કારણોમાં તે આત્મકથા લખવાનો નવો ચાલ પાડવો, મિત્રોની માગણી, પોતાને પણ માલમ પડે કે આ ખરું કે ખોટું; મરણ પછી સાચી હકીકત બીજાને મળી રહે વગેરે જણાવે છે.

આ હકીકતને તે અધૂરી અને ખરડારૂપ જણાવે છે. તેણે પોતે 'મારી હકીકત'ની અલ્પ નકલો જ મિત્રો તેમ જ સગાંસંબંધીમાં વહેંચવા પ્રગટ કરેલી, પ્રજામાં વેચાણ માટે મૂકેલી નહિ. આ પુસ્તકમાં નર્મદે ઉત્સાહપૂર્વક અને નિખાલસતાથી પોતાના જીવનની સારીનરસી ઘટનાઓ વર્ણવી છે. નર્મદના સમયનો સમાજ, નર્મદની ન્યાત, એનાં માતાપિતા, એનું બચપણમાં ભીરુ, વહેમી માનસ, એનો શિક્ષણકાળ, યુવાવસ્થાના ઉંબરે એણે અનુભવેલાં મંથન, એનો પુરુષાર્થ, એનું લલાપણું, શિક્ષકગીરી, એની કાવ્યપ્રવૃત્તિ, સુધારા-પ્રવૃત્તિ, એના જાતીય આવેગો, એનો જોસ્સો—એ સર્વનું સચ્ચાઈભર્યું ચિત્ર 'મારી હકીકત'માં સાંપડે છે. નર્મદ વિશે પુસ્તક લખનાર દરેકને માટે 'મારી હકીકત' એ મહત્ત્વનો સંદર્ભગ્રંથ બની રહે છે. નર્મદનું ગદ્ય આ પુસ્તકમાં સરળ ને પ્રાસાદિક છે. પ્રસંગનિરૂપણ તે રસિક બનાવી શક્યો છે અને વ્યક્તિ-ચિત્રો પણ તે આકર્ષક અને સુરેખ રીતે આલેખી શક્યો છે. પિતા લાલશંકર દવેનું તેણે આલેખેલું ચિત્ર તેના આ કલાકસબના એક નમૂનારૂપ છે.

'મારા ઉપર એનો પ્રેમ અતીસે-મને જ દેખતા-મારી મરજી ઉપરાંત કામ કરતા નહીં. મારાં લખાણની નકલ કરી આપતા, ને હું પણ નિબંધ અથવા કવિતા લખીને પ્રથમ એની આગળ વાંચતો ને જાંહા હદથી જ્યાદે ફાટયો હોઉં તાં હાં ફેરફાર કરવાની સલાહ આપતા—ને તેમ હું કરતો. મારી ઉમ્મરમાં એણે એક પ્રસંગ સિવાય કોઈ વખત ઝાંસો સરખો પણ કીધો નથી-મિઠી બાંધણીનો બોધ કરયાં કીધો છે-રે મને દુઃખ થાય માટે પોતે બીજી વાર પરણ્યા નહીં. મારી ભૂલ, મારૂં સાહસ એણે સાંખ્યા કીધું છ ને મારા ઉદ્યોગમાં મને હંમેશ ઉત્તેજન અને સાહ્યતા આપ્યાં કીધાં છ.' (એજન, પૃ. ૧૮)

નર્મદની નિડરતાના નિદર્શન માટે જદુનાથજી મહારાજ સાથે તેના વાદવિવાદનો પ્રસંગ ટાંકીએ : 'મારી સાથે સુધારાવાળા ન આવેલા ને હું પાછલે પ્હોરે ત્રણ વાગતાનો ગયો હતો...સંવાદ થવાથી આગાઉ મારી ને જદુનાથજીની વચ્ચે જે કાગળપત્રો ચાલ્યા હતા, તે મેં એવા જોશથી વાંચ્યા હતા ને પછી મ્હોડેથી બોલ્યો હતો કે 'ધરમગુરૂ થઈને જુઠું બોલે તેની સાથે ભાષણ કરવું હમારે યોગ્ય નથી તો વાદ કેમ કરિયે, તો પણ એ બહાને સુધારાવાળા હારી ગયા, એમ અજ્ઞાનીયોમાં કહેવાય માટે આવ્યો છું.' મેં કાગળ વાંચવા માંડ્યા ત્યારે જદુનાથજીએ કહ્યું હતું કે, 'તમારે છપાવવા હોય તો છપાવજો પણ હમણાં વાંચશો નહીં.' મેં કહ્યું કે, 'એ કાગળો વંચાયા વના કંઈ કામ ચાલે નહીં.' એ કાગળો વાંચતો હતો તે વેળા જદુનાથજી શરમથી નીચે મ્હોડે ટકટક જોયા કરતા હતા. સભાનું કામ બંધ થયા પછી એક મશ્કરો પોકરણો બામણ ઊભો થઈ બુમ પાડીને બોલ્યો હતો કે 'નર્મશંકરનો ય.' દીવાનખાનામાં ૨૦૦)ને બ્હાર કંપાઉન્ડમાં ૮૦૦) એક વૈષ્ણવો હતા. કેટલાકનો વિચાર મને મારવાનો હતો. પોલીસનો બંદોબસ્ત ન્હોતો. એવામાં મારા બાપ જેને ખબર ન્હોતી કે છોકરો સભામાં ગયો છે તે ગભરાતા ગભરાતા મારી પાસ આવ્યા—મને તેની ખબર પડી કે ડોસો છુંદાઈ જશે. મેં મારા દોસ્તદાર કિસનદાસ બાવા સાથે તેને વિદાય કીધા ને પછી જદુનાથને કહ્યું કે 'અગર કોઈ મારા ઉપર હાથ ઉગામશે તો તેનો જવાબ તમારે આપવો પડશે માટે કહી દો કે ભીડ ઓછી થાય.' પછી હું ઉઠ્યો ને જોઉ છ તો જોડા મળે નહીં; પગમાં મોજાં ખરાં. હું જોડા પહેરયાવનાં જ દાદર ઉતરયો. કેટલાકે મને પૂછ્યું કે 'પેલો કહાં છે?' તારે હું ઉત્તર દેતો કે 'આ ચાલ્યો જાય છ.' રસ્તામાં આવ્યો કે તરત એક દોસ્તના જોડા પ્હેરી લીધા ને પછી ઘેર આવ્યો. બારણાં આગળ ઘણા લોક ભેગા થઇ મને ગાળો દેતા હતા પણ બંદા તો બારણાં બંધ કરીને ઉપર ચહડી ગયા હતા. (એજન, પૃ. ૭૨)

નર્મદના ઇતિહાસરસનું ફળ તે 'રાજ્યરંગ.' ગુજરાતી ભાષામાં જગતનો ઇતિહાસ લખવાનો તેનો પુરુષાર્થ નાનોસૂનો નથી. પ્રલયકાળથી આરંભીને ઈ. ૧૮૫૮ સુધીનો ઇતિહાસ તેણે વર્ણવેલો છે : નર્મદને અભ્યાસકાળ દરમ્યાન ઇતિહાસનો અભ્યાસ કરવાનો આવેલો હતો. એ અભ્યાસમાંથી તેને જગતનો ઇતિહાસ લખવાનો ખ્યાલ આવ્યો.

'ધર્મ વિચાર' નર્મદની પરિવર્તન પામેલી શ્રદ્ધાનો ઉદ્‌ગાર કરતું મહત્ત્વનું પુસ્તક છે. પૂર્વજીવનના ચંચળ તરવરિયા ને કંઈક ઉન્મત્ત નર્મદે ઇતિહાસ અને ધર્મશાસ્ત્રના અધ્યયન પછી અને સુધારાવાળાઓના દંભી વલણ બાદ પોતાના અભિપ્રાયોને ફરી તોળી જોયા અને એમાંથી તેનું માનસ પરિવર્તન થયું. નર્મદની પ્રકૃતિ જ એવી હતી કે તે અંતિમતાએ જઇને જ અટકે. સુધારાવાદી હતો ત્યારે તે સુધારાના અંતિમબિંદુએ જઈ ઊભો અને સુધારામાં તે નિરાશ થયો ત્યારે પાછો સનાતની ધર્મનો પ્રબળ પુરસ્કર્તા બની રહ્યો. રા. વિ. પાઠક આ સંદર્ભમાં લખે છે : 'સુધારો પ્રગતિ ન કરી શક્યો એ પરિસ્થિતિ નર્મદને માટે એક મહાન પરાભવની ને નિરાશાની હતી, અને તેણે નર્મદના મન ઉપર બહુ ગંભીર અસર કરી હોવી જોઇએ.' ('નર્મદ', ઈ. ૧૯૪૫. પૃ. ૧૬૯). તેઓ વધુમાં લખે છે : 'નર્મદના સંબંધમાં મને જણાય છે કે ઉત્સાહનો ઓટ આવતો દેખાતાં તેણે થોડો સમય તો પોતાને ખોટો ઉત્સાહ ચડાવ્યો, પણ તે પણ જ્યારે શક્ય ન રહ્યું ત્યારે તેનો વિષાદ અનર્ગલ થઈ ગયો. એ વિષાદ પછી રસનો વિભાવ ન રહ્યો, તેમાંથી કાવ્યો ન થયાં. તે મૂંઝવણના રૂપનો બની ગયો. દેવાથી અને પૈસાની તંગીથી તે ગભરાયેલો હતો જ. તે નિરુપાય લાચાર થઇને જૂના મતોને શરણે ગયો હોય એમ જણાય છે. તેમાં તેની બુદ્ધિ પણ કંઈક કુંઠિત થઈ ગઈ જણાય છે. તેની નોંધો જોતાં તેની આ વિહ્વલતા નિરાધારતા જણાઈ આવે છે. જપ, તપ, દર્શન, શ્રાદ્ધ સંવત્સરી વગેરે બધાંને તે માનવા મંડી જાય છે.' (એજન, પૃ. ૧૭૦)

'ધર્મ વિચાર'માં નર્મદ પોતાના બદલાયેલા વિચારોનો વારંવાર હિંમતપૂર્વક અને નિખાલસતાથી એકરાર કરતો દેખાય છે. તેના વક્તવ્યનો સૂર હવે એવો છે કે : 'હિંદુ પ્રવૃત્તિ નબળીને યુરોપની નીતિએ સબળી કરવી એવો અમારો ઉદ્યમ પ્રથમ હતો, બીજા સૌ સુધારાવાળાની સાથે; એ યોજના હાનિ કરનારી થઈ છે એમ અમે પાછળથી જાણ્યું; ને સાથીઓને કહીએ છીએ. હવે હિંદુ નિવૃત્તિ નબળી તેને સબળી કરવાને ઉદ્યમી છીએ; સમજીને કે એમ થશે તો એની સાથે અનાયાસે પ્રવૃત્તિ પણ સબળી થશે. (આવૃત્તિ ત્રીજી, ઈ. ૧૯૧૪. પૃ. ૧૭) 'નર્મ ગદ્ય' કરતાં 'ધર્મવિચાર'ની નર્મદશૈલી સર્વથા નિરાળી બની રહી છે. 'ધર્મવિચાર'માં વક્તૃત્વ છટા અવારનવાર દેખાય તો પણ તેનો પૂર્વનો તરવરાટ, જુસ્સો એકાગ્રતા એ સર્વ હવે નજરે પડતાં નથી. એનું એક કારણ એ છે કે 'રાજ્યરંગ'માં છે તેમ અહીં પણ પુસ્તક હકીકતોથી ખચિત છે. એ હકીકતો જ વર્ણવ્યા કરે છે. હાર્યા જોદ્ધાની તેની મનોદશા અહીં પ્રતીત થાય છે. આ પુસ્તકમાં સનાતન ધર્મનો મહિમા હોવાથી ભાષા સંસ્કૃતમય અને કૃત્રિમ બની ગયેલી દેખાય છે. નર્મદની વ્યુત્ક્રમશૈલી પણ 'ધર્મવિચાર'માં ખાસ ધ્યાન ખેંચી રહે છે. જેમ કે—

'૧૮૩૦માં કવિ નર્મદાશંકરે પુનર્વિવાહ સંબંધી વાદ માંડયો જદુનાથજી સાથે...' (ધર્મવિચાર, પૃ. ૨૪)

'નર્મદાશંકર ૧૮૫૮માં શાસ્ત્રી વ્રજલાલ સાથે વાતો કરતો એકેશ્વર મતના પ્રસારને અર્થે' (એજન, પૃ. ૩૫)

'ધર્મવિચાર' નર્મદના ઉત્તર જીવનની મનોદશાનો સ્પષ્ટ ચિતાર આપતું પુસ્તક છે.

(ચોથું પ્રકરણ પૂરું)

કલાવાર્તા

ચમ્બાનાં ભીંતચિત્રો

લેખક-આલેખક : વાસુદેવ સ્માર્ત

अस्तुत्तरस्यां दिशी देवतात्मा
हिमालयो नाम नगाधिराजः ।
पूर्वापरौ तोयनिधिवगाह्य स्थितः
पृथिव्यां इव मानदण्डः ॥

આમ 'કુમારસંભવમ્'માં મહાકવિ કાલિદાસે જેને પૃથ્વીના માનદંડ સમો વર્ણવ્યો છે તે દેવતાત્મા નગાધિરાજ હિમાલયનાં ચરણોમાં વિસ્તરેલ હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારમાં ભારતીય કલા અને સંસ્કૃતિ અદ્યાવધિ અક્ષુણ્ણ સુરક્ષિત રહી છે. અહીંનાં ગિરિશૃંગો, સઘન વનશ્રી, કલકલ વહેતાં નદી-ઝરણાં અને અભંગ શાંતિભર્યા અગમ્ય પ્રદેશે, રાજનીતિથી અસંતુષ્ટ, ધર્મના આતંકથી ભયભીત ને વિદેશી આક્રમણકારોએ હાંકી કાઢેલા અનેક રાજપુરુષોને આશ્રય આપ્યો છે. બિયાસ, રાવી અને સતલજ જેવી મોટી નદીઓવાળા આ પહાડી પ્રદેશની કાંગરાખીણમાં ભારતીય ચિત્રકલાની એક આગવી શૈલીએ વિકાસ સાધ્યો છે. કુલુની ખીણ તો દેવોની ખીણ કહેવાઈ છે અને મન્ડીનું પણ એવું જ માન છે. બૌદ્ધ સ્તૂપો, કુશાણ શિલ્પો, બ્રાહ્મી શિલાલેખો વગેરે સંખ્યાબંધ પુરાવશેષો આ પ્રદેશમાં મળી આવ્યા છે. બ્રહ્મોર (ભરમોર)નું કાષ્ઠમંદિર ગુપ્તકાલીન પ્રભાવનું પ્રમાણ આપે છે.

આ બ્રહ્મોર એક કાળે જેનું પાટનગર હતું, એ ચમ્બા આજે તો હિમાચલ પ્રદેશનો એક જિલ્લો ગણાય છે, પરંતુ આ વિસ્તારનાં પહાડી રાજ્યોમાં ચમ્બા એક મહત્ત્વનું રાજ્ય હતું. ચૌદમી સદીમાં ચમ્બા તેનું પાટનગર બન્યું. ત્યાં પહોંચવા માટે જે એક સાંકડો પહાડી માર્ગ છે તે ય હજી હમણાં મોટરની આવજા માટે યોગ્ય બનાવાયો છે.

હિમાલયની પશ્ચિમના આ વિસ્તારમાં મધ્ય કાળમાં અનેક નાનાં રાજ્યો હતાં. આમાંનાં ઘણાં મેદાની પ્રદેશના રાજવંશોનાં હતાં. નૂરપુરના રાજા દિલ્હીના તોમાર વંશના, કુલુ અને જસવાનનાં પ્રયાગ અને અયોધ્યાના, બિલાસપુર, નલગઢ અને ચનેહનીના ઘણું કરીને ચંદેરી બુંદેલખંડના, સીમુરના જેસલમેરના તથા દારાકોટી ને બંગહાલના રાજા મેવાડ અને વારાણસીના હોવાનું જાણવા મળે છે. સુકેત અને મંડીના ચંદ્રવંશી રાજપૂતો ૧૩મી સદીમાં બંગાળથી આવેલા અને ચમ્બાના રાજવીઓ મેવાડ–રાજસ્થાનના હોવાનું જાણવા મળે છે.

મધ્ય યુગના આ રાજવીઓએ પોતાની સાથે આણેલી કલા અને સંસ્કૃતિનો પણ અહીં પ્રભાવ પાડ્યો. એમનાં શૌર્ય, દરબારી ઠાઠ ને ભાષાની પણ અહીં અસર પડી. એમના એ સંસ્કારો એમની કલાપ્રવૃત્તિમાં–ખાસ કરીને ચિત્રકલામાં પરિણમ્યા. આ પ્રદેશનાં ભીંતચિત્રોમાં રાજપૂત જીવનની રીતરસમ, શિકાર-સહેલગાહો, ઐતિહાસિક પ્રસંગો, પ્રેમશૌર્યની ગાથાઓ અને નૃત્ય-સંગીતના દરબારી શૉખનું પ્રતિબિંબ અહીંનાં ભીંતચિત્રોમાં જોવા મળે છે.

તુર્ક મુસલમાનો અને મોગલોના આગમને પણ આ પહાડી પ્રદેશના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વાતાવરણમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો. પહેલીવાર પશ્ચિમ હિમાલય-પ્રદેશની ધર્મ અને સંસ્કૃતિની પરંપરા પર વિદેશીઓનો પ્રભાવ પડ્યો. મહમદ ગઝનવી અને અનેક મુસ્લિમ શાસકોએ આ પ્રદેશમાં પણ આતંક ફેલાવ્યો. રાજા સંસારચંદ પહેલો સૈયદવંશી મહમદશાહનો પ્રથમ ખંડિયો રાજા થયો હતો. મોગલ બાદશાહોએ પણ આ પહાડી રાજાઓ


ચમ્બા આજના હિમાચલ પ્રદેશમાં મધ્યકાળનું એ એક પહાડી રાજ્ય હતું. ચમ્બા નગરી તેની રાજધાની હતી, જે આજે ચમ્બા જિલ્લાનું મુખ્ય મથક છે. દુર્ગમ અને જંગલમય, પણ અત્યંત રમણીય પહાડી પ્રદેશમાં રાવી નદીને કિનારે વસેલું આ નાનું શહેર, ઈસ્વી સનના દસમા શતકની પૂર્વાર્ધમાં જ્યારે સાહિલવર્માનું રાજ હતું ત્યારે તેણે વસાવેલું, પણ બ્રહ્મોર – લોકબોલીમાં આજનું ભરમોર તે રાજ્યનું પાટનગર હતું. ચમ્બા નગરમાં રાવી તટે એક રાજપ્રાસાદ છે. રંગમહાલ નામે ઓળખાતા આ મહેલમાં છત અને બારીબારણાં સહિત બધી ભીંતો ઉપર અત્યંત સુંદર ભીંતચિત્રો જોવા મળે છે. આ ચિત્રોમાંનો ઘણો ભાગ અહીંથી ઉખેડીને રાષ્ટ્રીય સંગ્રહાલયમાં પણ સંઘરવામાં આવ્યો છે. આ ભીંતચિત્રો એ સમયનાં લઘુચિત્રોની મોટા કદમાં કરેલી નકલો છે, છતાં તેને ભીંત ઉપર ઉતારવામાં ચિતારાઓએ આગવું કૌશલ દાખવ્યું છે. બાજુમાં આપેલા ફોટોચિત્ર પરથી તેનો ખયાલ આવશે. નીચે ઊભા રહીને જોતાં જોવા-સમજવામાં સરળ પડે એ સારુ ભીંતના ઉપરના ભાગમાં ચિત્રો મોટા કદમાં કરવામાં ચિત્રકારોએ



ઝૂલો • હવામાં ઊડતાં વસ્ત્રો બતાવીને ચિત્રકારે ચિત્રાંકનમાં ગતિ આરોપી છે.

જમણી બાજુ ઉપર : સિંહાસન પર બેઠેલાં રાધાકૃષ્ણને દર્પણમાં જોતાં આલેખ્યાં છે. આ ચિત્રનું અલંકરણ પણ પ્રેક્ષણીય છે.

બુદ્ધિ દાખવી છે. રામાયણ, ભાગવત, દુર્ગા-સપ્તશતી, ઈત્યાદિના પ્રસંગો પર તે આલેખાયાં છે. બાજુમાં વૃક્ષ તળે વ્યાઘ્રચર્મ પર બેઠેલા શિવ પરિવારનું એક સુંદર ભીંતચિત્ર દેખાય છે. (લેખકે કરેલું તેનું રેખાંકન નીચે આપ્યું છે.) રૂપાળા શિવે ખોળામાં પુત્ર ગણેશને બેસાર્યા છે, કાર્તિકેય શિવની બાજુમાં બેઠા છે, પાર્વતી પોતાના સ્વામીને ઠાવકાઈથી કંઈ ધરી રહ્યાં છે. આગળ દેવદેવીનાં વાહન નંદી અને વ્યાઘ્ર છે, જમણી બાજુ ગણેશનું વાહન મૂષક પણ દર્શાવ્યું છે. અને બાજુની છબી કે નીચેના રેખાંકનમાં ન દેખાતો કાર્તિકેયનો મોર પણ વૃક્ષની ઘટામાં આલેખેલો છે. નંદીના દેહ-આકારની રેખાના વળાંક તેની પીઠ પરની ઝૂલના ચોરસ આકાર સામે સુંદર સમતોલન રચે છે. ચિત્રકારે પારિવારિક પરિતોષને, પાર્વતી-ને ગૃહિણીના પોશાકમાં આલેખીને સુંદર ઉઠાવ આપ્યો છે. ખુદ શંકર પણ અહીં મૃદુ સ્વરૂપ-માં દેખાય છે. શિવપાર્વતીની આંખોમાંથી ટપકતી પ્રેમાળતા આ સમગ્ર ચિત્રને સજીવતા અર્પે છે. શિવપરિવાર દર્શાવતું આવું પુરોગામી લઘુચિત્ર પણ થએલું છે, પણ આ ભીંતચિત્ર પણ પોતાનું આગવું સૌંદર્ય ધરાવે છે જ.



પર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું હતું અને ખંડણી તરીકે તેઓ તેમની પાસેથી સૈનિક સેવા અને નજરાણું મેળવતા હતા. ઘણા પહાડી રાજાઓને એમણે ખિતાબ-ઈલકાબ પણ આપ્યા હતા, અને ભેટસોગાદમાં કલા-કારીગરીની વસ્તુઓ પણ અપાતી. આમાં જે ઉમદા ચિત્રો પણ આ પ્રદેશમાં આવ્યાં તેનો પ્રભાવ પણ અહીંની ચિત્રકળા પર પડયો હોય એ સંભવિત છે. મોગલ દરબારની ચિત્રકળાથી પ્રભાવિત થઈ અહીંના રાજાઓએ પણ ચિત્રકળાને રાજ્યાશ્રય તળે વિકસાવી. મોગલ કલાકારોએ પણ પહાડી રાજાઓનાં છબિચિત્રો ચીતર્યાં હતાં.

મુઘલાઈના પતન પછી પણ સંભવ છે કે રાજ્યાશ્રય માટે આ તરફ પણ ઊતરી આવ્યા હશે. બીજી બાજુ અહીંના અનેક રાજપૂત રાજવી-









△નૃસિંહ-અવતાર. પહાડી ચિત્રોના એક લોકપ્રિય ચિત્રવિષયનું રંગમહાલમાં આલેખાએલું ભીંતચિત્ર. જમણી બાજુ: મહિષાસુરમર્દિની. શક્તિદહેરાનું એક જોમવંતુ ભીંતચિત્ર. અહીંનાં ભીંતચિત્રો ચમ્બાના કરતાં વધુ જૂના લાગે છે. બસોલી ચિત્રશૈલીથી પ્રભાવિત અહીંના આલેખનમાં સુકોમલતાના અભાવવાળી મુખાકૃતિઓ, લાંબા પાતળા દેહ, ગોળાકાર હડપચી, કાનમાં અને છાતી ઉપર આભૂષણો, રેખાઓ દ્વારા વસ્ત્રોમાં છાયાભેદ વગેરે સાથે જોરદાર આલેખન એ આ ભીંતચિત્રોની આગળપડતી લક્ષણિકતાઓ છે.

ઓએ સ્વતંત્રતા મેળવી લઈને પોતાનાં રાજ્યોમાં આગવો વિકાસ પણ સાધ્યો હશે, જેમાં રાવી, બિયાસ અને સતલજના પ્રદેશોમાં ચિત્રકલાનો પણ વિકાસ થયો. જમ્મુથી પઠાણ-કોટ ને ગઢવાલ સુધીમાં કલાનાં અનેક કેન્દ્રો વિકસ્યાં, જેમાં મંડી, નૂરપુર, ટેહરી, કુલ્લુ, કાંગરા, બસોલી અને ચમ્બાનું આગવું મહત્ત્વ રહ્યું છે. સત્તરમી સદીમાં નૂરપુર અને મંડીનાં પતન પછી આ ક્ષેત્રમાં મંડી અને ચમ્બા સાંસ્કૃતિક કેન્દ્રો બન્યાં. આમાં ચિત્રકલાના વિકાસ અને સર્જનમાં ચમ્બાનું આગવું મહત્ત્વ છે. આ તરફ મળતાં ઘણાં ભીંતચિત્રો મોગલ સામ્રાજ્યના પતન પછી તથા આ રાજ્યોના ઉત્થાનકાળ દરમિયાન ચીતરાએલાં છે.

ચમ્બા પઠાણકોટથી ૭૯ માઈલ દૂર રાવી નદીના તટ પર આવેલું છે. એની સાંસ્કૃતિક પરંપરા ઘણી પુરાણી છે. બરમોર અને છત્રાડીનાં કાષ્ઠમંદિરો સાતમી સદીમાં રાજા મેરુવર્મને બંધાવ્યાં હતાં. દસમી સદી પછી ચમ્બાની ચડતીપડતી શરૂ થઈ. ઈ. ૧૬૪૧માં રાજા પૃથ્વીસિંહે ચમ્બાનો પુનરુદ્ધાર કર્યો હતો. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં રાજા ઉમેદસિંહે ચમ્બાને નવજીવન આપ્યું. એના સમકાલીન રાજા અમૃતપાલને બસોલી અને રાજા ગહમચંદને કાંગરા અને પહાડી ચિત્રકલાનો પરિચય હતો. થોડા મોગલ કલાકારો જે પંજાબથી બસોલી થઈ ચમ્બા આવ્યા હતા, તેમને ત્યાં નવું જીવન પ્રાપ્ત થયું. બસોલી કલમનું જોમ અને કાંગરા કલમની નજાકતનું અહીં સંમિશ્રણ થયું.

રાજા ઉમેદસિંહે સત્તરમી સદીની મધ્યમાં રાજનગરમાં એક મહેલ બનાવ્યો હતો. બસોલીની લડાઈમાં એ નષ્ટ થયો હતો. ચમ્બામાં એણે બીજો મહેલ બંધાવ્યો જેમાં મોગલ સ્થાપત્યનો પ્રભાવ પણ ઉમેરાયો. 'રંગમહાલ' નામે આ મહેલ આજે યે વિખ્યાત છે. ઓગણીસમી સદીના મધ્યકાળ સુધી આ મહેલમાં પરિવર્તન-પરિવર્ધન થતાં રહ્યાં હતાં. પહેલાં જિતસિંહે અને પછી ચરતસિંહે એ કાર્ય પૂરું કર્યું. (ઈ. ૧૮૦૮-'૪૪). આજે આ મહેલમાં જોવા મળતાં ભીંતચિત્રો રાજા ચરતસિંહના સમયનાં છે. આ ભીંતચિત્રોની નીચે તેની યે પહેલાં ચીતરાએલાં ચિત્રોના સ્તર ઢંકાયેલા છે એમ જાણવા મળ્યું છે. ભારતીય ચિત્રકલાના આ આગવા નમૂનાના રક્ષણાર્થે ખાસ નિષ્ણાતો દ્વારા આમાંનાં ઘણાં ભીંતચિત્રોને રંગમહાલની દીવાલો ઉપરથી ઉખાડીને દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહસ્થાનમાં યથાતથ એક ખંડની ભીંત પર લગાડી સુરક્ષિત બનાવ્યાં છે. કેટલાંક ચમ્બાના સંગ્રહસ્થાનમાં રાખ્યાં છે, અને હજી યે જે રંગમહાલમાં જ છે તેને પણ બહુ કાળજીપૂર્વક સાચવવાની વ્યવસ્થા થએલી છે.

આ રંગમહાલ એ રાજપરિવારની રાણીઓ માટે હોવાથી એની અંદરની સમૃદ્ધ કલાનો પરિચય આમ જનતાને ઓછો રહ્યો છે.

રંગમહાલમાં દાખલ થતાં જ ઓસરીમાં ફૂલપત્તીની વિવિધ ભાત ને પક્ષીઓ ઈત્યાદિનાં જે ચિત્રો છે તે સામાન્ય કલાકારોએ કરેલાં લાગે છે. પણ એની જોડેના કક્ષમાં ઉત્કૃષ્ટ ભીંતચિત્રો છે. ત્યાંની ઓસરીમાં પણ અગાઉ ચિત્રો હતાં, પરંતુ પાછળથી તેના પર ચૂનો અને રંગરોગાન થયું હોવાથી એ ઢંકાઈ ગયાં છે. ક્યાંકક્યાંક વધુ જૂનાં ચિત્રો પણ દેખાઈ આવે છે, પણ તેનો સમય નક્કી કરવો મુશ્કેલ છે. ભીંતો ઉપરાંત રંગમહાલનાં બારીબારણાં ઉપર પણ ચિત્રાલેખન થએલું છે. રંગમહાલનાં આ બધાં ભીંતચિત્રો છક નીચેથી ઉપર છત સુધી ભરચક આલેખાયાં છે. અને આ બધું ચિત્રકામ સિદ્ધહસ્ત ચિત્રકારોના હાથે થએલું જણાઈ આવે છે. બધાં ચિત્રોની આસપાસ ફૂલપત્તીની વેલ-કિનારી આલેખીને તેમને એકબીજાથી અલગ પાડયાં છે. અનેકવિધ વિષયને ચિત્રાંકિત કરવા સાથે ચિત્રકારોએ નીચેની હારનાં ચિત્રો કરતાં ઉપરની હારનાં ચિત્રોને મોટા કદમાં ચીતરીને પણ પોતાની જે ચાતુરી બતાવી છે તેથી ઉપરનાં ચિત્રોની વિગતો પણ સ્પષ્ટ જોવી સુગમ પડે છે.

આ ચિત્રોના વિષયો બહુધા પહાડી ચિત્ર-





'વામન-અવતાર' અને 'કૃષ્ણ–બલરામ'.

નીચે : 'મત્સ્યાવતાર' અને 'અઘાસુરવધ'.

શક્તિદહેરાનાં ચાર ભીંતચિત્રોનાં લેખકે કરેલાં રેખાંકન.

કલાનાં લઘુચિત્રોમાં જોવા મળે છે. તેવા જ, એટલે કે, રામાયણ-મહાભારતના પ્રસંગો, શિવ-પાર્વતી, દુર્ગાપાઠ, કૃષ્ણજીવન–ખાસ કરીને રાસલીલા વગેરેના જ છે. એક રીતે પહાડી લઘુચિત્રોને જ અહીં મોટા કદમાં ઉતાર્યાં હોય એવું પણ લાગે.

તેજસ્વી રંગો, લોચદાર અને ગતિશીલ રેખાંકન વગેરેની સાથે આ ભીંતચિત્રોમાં મોગલ શૈલીનાં નબળાં રેખાંકન અને વધુ પડતી સફાઈથી કેટલાંક ચિત્રો જડ પણ લાગે છે. વળી, પહાડી ચિત્રોની અનુકૃતિને કારણે તેનું આકર્ષણ પણ ઘટે છે.


રંગમહાલનાં ભીંતચિત્રો કોણે કર્યા હશે એ તો જાણી શકાતું નથી, પરંતુ દુર્ગા અને એના પુત્ર મઘનુનાં નામ જાણીતાં છે. એમની સાથે બસોહલી અને ગુલેરમાં આશ્રય લઈ આવેલા બીજા હિન્દુ-મુસલમાન ચિત્રકારો પણ હતા. અનાય છે કે એ લોકો મૂળ લાહોરથી આવેલા.

રંગમહાલનાં ભીંતચિત્રો પરંપરાગત ભારતીય ભીંતચિત્રોની પદ્ધતિથી જ તૈયાર કરેલાં છે. મોટા ભાગનાં ચિત્રો માટીના પ્લાસ્ટર પર છે, પણ બએક ઓરડામાં ચૂનાના સ્તર ઉપર પણ ચિત્રો કરેલાં છે. ચિત્રોમાં વપરાએલા રંગો પણ ચિત્રકારો જાતે જ બનાવી લેતા.

રંગમહાલ ઉપરાંત, ચમ્બામાં અખંડચંડી મહેલમાં પણ સારી રીતે જળવાએલાં ભીંત-ચિત્રો છે, જે રાજા શ્રીસિંહના સમયમાં મીયાં તારાસિંહ અને અન્ય ચિત્રકારોએ કર્યાં હોવાનું જાણવા મળે છે. એ ચિત્રોમાં યુદ્ધનું એક ઉત્કૃષ્ટ ચિત્ર છે, જે ચૂનાના લેપ ઉપર કરેલું છે.

આ ઉપરાંત, ઓવરી ધર્મશાળામાં પણ ભીંત-ચિત્રો છે, જેમાંનાં કેટલાંક તો રંગમહાલનાં ચિત્રોથી પણ ચઢીઆતાં લાગે છે, પણ એ





ચિત્રો નષ્ટપ્રાય: છે. મુખ્યત્વે તેમાં દુર્ગા અને પાર્વતીનું આલેખન છે.


ચમ્બાથી લગભગ પંદર કિ. મી. દૂર કિયાની નામે એક ગામ છે. ત્યાંથી સાતેક કિ.મી. દૂર, ઊંચીઊંચી ત્રણ ગિરિમાળાઓની પાર તળેટીમાં ચણેદેરા ગામ છે. ત્યાં શક્તિમાતાનું એક નાનું મંદિર છે. આ મંદિર કાષ્ઠનું છે, અને તેની બાંધણી ચમ્બાનાં જૂનાં મંદિરોને મળતી છે. તેની ઘણી જૂની અને સુંદર કાષ્ઠકોતરણીમાં મનુષ્યાકૃતિઓ સાથે ફૂલવેલ અને ભૌમિતિક ભાતોને બહુ ઝીણવટથી કોરેલી છે, જેમાં કૃષ્ણજીવનના પ્રસંગો રજૂ કરેલા છે. આ મંદિરના નાનકડા ગર્ભગૃહની દીવાલોની બહારની બાજુઓ પર પણ ભીંતચિત્રો કરેલાં છે. જો કે એની હાલત બહુ સારી નથી રહી, પણ તેમાં ગોપીવસ્ત્રહરણ, કૃષ્ણયશોદા, કૃષ્ણબલદેવ, અઘાસુરવધ, બકાસુરવધ, કૃષ્ણલીલા તથા મત્સ્યાવતાર, નૃસિંહાવતાર, વરાહઅવતાર, વામનઅવતાર ને મહિષાસુરમર્દિનીનાં ઉત્કૃષ્ટ ચિત્રો સાથે રાજદરબારનાં પણ ચિત્રો છે.

આ શક્તિમંદિર કે શક્તિદેહેરાનાં ચિત્રો ચમ્બાનાં અન્ય ભીંતચિત્રો કરતાં જૂનાં લાગે છે, જે ઈ. ૧૭૨૫ થી ૧૭૪૦ની આસપાસનાં હોઈ શકે. એની કલમ અને વિશેષતા પરથી લાગે છે કે રંગમહાલનાં ચિત્રો આની પછીનાં હશે. આ ચિત્રોમાં બસોહલી ચિત્રોનો સ્પષ્ટ પ્રભાવ દેખાય છે. જોરદાર રેખાંકન, લાંબી પાતળી દેહાકૃતિઓ, સુકોમલ નહિ એવી મુખાકૃતિઓ, મોટી ફાડેલી આંખો, લાંબું તીણું નાક, ગોળાકાર હડપચી, કાન, ગરદન અને છાતી ઉપર આભૂષણો, વસ્ત્રો, દુપટ્ટા, ને પીતાંબરમાં રેખાઓ દ્વારા છાયાભેદ અને મુખાકૃતિઓને આછા ગેરુઆ રંગથી ઉભરાવાનો પ્રયત્ન ખાસ ધ્યાન ખેંચે છે. આ ક્ષેત્રની લોકકળાનો સ્પર્શ પણ તેમાં હોઈ શકે. આ મંદિરનાં ચિત્રોનો અન્યત્ર ઉલ્લેખ મળતો નથી, પરંતુ આ મંદિરનું મહત્ત્વ આ ક્ષેત્રમાં અધિક છે અને એની કલમ જોતાં ચમ્બાનાં ભીંતચિત્રોમાં એનું સ્થાન પણ નોંધનીય છે.

શતરંજનો કોયડો-૧૦

સુરેશ મોદી

આ અંકમાં આપણે અંતના તબક્કાને લગતો એક કોયડો (End-game study) જોઈશું. આકૃતિ પ્રમાણે સફેદ પાસે એક પ્યાદું વધુ છે, પણ તેને વજીર બનાવી શકાય તેમ નથી લાગતું. છતાં સફેદ કેવી રીતે જીતે છે તે દર્શાવવાનું છે. ઉકેલ તા. ૨૦ નવેમ્બર ૧૯૮૦ સુધીમાં નીચેના સરનામે મોકલવો. Suresh M. Mody, H 6, Saraswati Society, Govandi Road, Chembur, Bombay 400071



સ્થિતિ : 4k3/8/7B/P7/2N1K3/2b5/n7/8.

કોયડા નં. ૫નો ઉકેલ

સ્થિતિ : 3N3n / Kp3bpp / pRN-3nk/R4Bp1/6PB/2r5/1r6/q6Q.

કોયડો : સફેદે રમવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું. ચાવી : 1 N-K7!

ધમકી : 2 N×Bch, N×N; 3N-N8 મ્હાત.

વિકલ્પો: 1...,B-R7;2B-N1,(3B×P dbl. ch & mateની નવી ધમકી)

2 ..., R-B4; 3 R-KB2dis. Ch & mate.

2 ..., R-N4; 3 B-N3 dis. ch & mate.

1..., B-N6; 2 B-QB2, (વળી 3B×Pdbl, ch & mateની ધમકી).

2 ..., Q×R; 3 B-N3 dis. ch & mate.

2 ..., R-B4; 3 B-K1 dis. ch & mate.

1..., B-B5; 2 B-Q3, (વળી એ જ 3 B×P dbl. ch & mateની ધમકી).

2 ..., R-N4; 3 B-K1 dis. ch & mate.

2 ..., Q×R; 3 R-KB2 dis. ch & mate.

આ છ વિકલ્પો thematic વિકલ્પો છે. આના જેવા બીજા બે વિકલ્પ છે :

1..., R-B1; 2 B-K1 dis. ch; R-R7; 3 Q×R mate.

1..., Q-R7; 2 B-KB2 dis. ch., R-R6; 3 Q×R mate.

આ ઉપરાંત પણ વિકલ્પો છે. પણ તે એટલા રસમય નથી.

1..., B-Q4; 2 R×B અને 1..., B-K3; 2N×B, પછી 3N-N8ની મૂળ ધમકી. ફરી આવે છે અને તેમની સામે કોઈ ઇલાજ રહેતો નથી.

1..., B-K1 ? અને 1..., B-N1 ? આમાં તો બીજી ચાલે મ્હાત શક્ય બને છે.

É. Vissermanના સુંદર કોયડાને પ્રથમ ઈનામ મળ્યું હતું. કાળાનો વજીર ને બે હાથી એમ ત્રણ મ્હોરાં સફેદ વજીરના મ્હાતને અટકાવી શકે છે. સફેદનો KB5 પરનો ઊંટ બીજી ચાલે આમાં એકની લાઈન બંધ કરે છે અને સાથેસાથે 3B×Pની ધમકી ઊભી કરે છે. કાળાનું એક મહોરું તે ધમકીના બચાવ માટે ખસે છે અને છેલ્લે સફેદનો બીજો ઊંટ વજીરની શેહ ખેલવા સાથેસાથે કાળાના બાકી રહેલા ત્રીજા મહોરાની લાઈન બંધ કરે છે. જુદાજુદા વિકલ્પોમાં સફેદની ચાલ ક્રમિક રીતે બદલાતી રહે છે, તે આ કોયડાનું ખાસ આકર્ષણ છે.

કોયડા નં. ૭નો ઉકેલ

સ્થિતિ : 2b2r1k/1r2qp1p/p1rp1-b2/5p2/3BP2P/7B/PPPQ4/1K3-RR1. કોયડો: સફેદે રમવાનું ને જીતવાનું.

આ સ્થિતિ ૧૯૫૨માં 'Zuralev અને Romanov' વચ્ચે રમાએલી રમતમાંથી લીધેલી છે. ઉકેલ : 1 Q-N5!

કાળાનો ઊંટ સફેદ ઊંટથી તેની લાઈનમાં અણીઠ (line-pinned) છે, તેથી 1..., B×Q રમી શકાય તેમ નથી સફેદની ચાલથી કાળાના ઊંટ પર બે હુમલા છે અને બચાવમાં ફક્ત વજીર એક જ છે. હવે કાળો તેને બીજું એક રક્ષણ આપે છે.

1..., P-Q4; (અહીં 1...., B×B; પછી કાળો 2Q-Qથી વજીર ગુમાવીને હારે જ.)

આ ચાલથી કાળાએ બાજી બચાવી લીધી એમ લાગે છે, પણ હવે વજીરનો ભોગ આપે છે અને ત્રણ ચાલમાં મ્હાત કરે છે.

2 Q-N7ch! B×Q (ફરજિયાત); 3 B×Bch, K-N1; 4 B-B6 dis. ch & mate

આ બંને કોયડાના ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ :

	કો.નં. ૫	નં. ૭
૧ અશોક દવે, કેશોદ	૧૦	૧૦
૨ લક્ષ્મણ કુરસીની, અમદા૦	૮	૧૦
૩ ધીરુભા ગોહીલ, વડપંચાસરા	૮	૧૦
૪ હરેશચંદ્ર દવે, સિદ્ધપુર	૮	૮
૫ જયંતીલાલ પંડયા, સાવરકુંડલા	૪	૧૦
૬ દીપકકુમાર જોશી, જામનગર	૨	૧૦
૭ હર્ષદ દવે, રાજકોટ	૪	૮
૮ આર. એમ. પારેખ, ઉધના	—	૧૦
૯ અરવિંદ બોઘરા, જસદણ	૪	૪
૧૦ વિજય શાહ, કલકત્તા	૦	૩
૧૧ અમીર વિરાણી	—	૨
૧૨ યોગેશ મહેતા, વાઘોડિયા	૦	૦
૧૩ ધનપતિ નાગદા, મુંબઈ	—	૦

વિનોદ ભટ્ટ(+આચાર્ય)ની નજરે

પૃથ્વીરાજ ચૌહાણ

આઠમા-નવમા ધોરણના વિદ્યાર્થીઓના ઇતિહાસમાં પૃથ્વીરાજ ચૌહાણનું જે ચિત્ર આપવામાં આવ્યું છે તે આબેહૂબ અકબર જેવું જ લાગે છે, હાથમાં ગુલાબ પણ છે. પરંતુ અકબર જેવો જે દેખાતો તે પૃથ્વીરાજ આ નહિ, પણ બીજો પૃથ્વીરાજ છે-પૃથ્વીરાજ કપૂર. એ તો, અકબર જેવો જ નહિ, સિકંદર જેવો પણ લાગતો હતો. જૂના જમાનાની 'સિકંદર' ફિલ્મ જોનારાઓ એ જાણે છે.

કહે છે કે છેક બાલ્યકાળથી પૃથ્વીરાજ—એટલે કે ઇતિહાસનો પૃથ્વીરાજ વીર હતો. તે અચ્છો તીરંદાજ હતો. આંખે પાટા બાંધીને, ફક્ત અવાજ સાંભળીને તે નિશાન લેતો. કેટલીકવાર કોઈ નાના છોકરાના માથા ઉપર મોસંબી, અને મોસંબી મોંઘી હોય ત્યારે લીંબુ મૂકીને તેને વીંધવાની એ પ્રૅક્ટિસ કરતો, અને તે મોસંબી યા લીંબુ ન વીંધાય ત્યારે એ છોકરાનું મસ્તક તો અચૂક વીંધાતું જ, પણ પૃથ્વીરાજનું નિશાન કદી ખાલી જતું નહિ. આથી સામંતો પોતાનાં બાળકોને પૃથ્વીરાજ સાથે રમવા મોકલતાં ગભરાતા.

પૃથ્વીરાજ દસ વર્ષનો થયો ત્યારે તેને યુવરાજ-પદ આપવામાં આવ્યું. દીકરો પરણે તો તેનામાં દુનિયાદારીનું જ્ઞાન આવે એ માટે ઘણાં મા-બાપ તેને વહેલો પરણાવી દે છે એ રીતે, તેના પિતા સોમેશ્વર એવું માનતા કે યુવરાજપદ પામવાથી છોકરામાં રાજ-કાજનું જ્ઞાન આવે છે.

મહમદ ઉર્ફે શાહબુદ્દીન ઘોરીએ પૃથ્વીરાજ પર ચડાઈ કરી, બન્ને જણ વચ્ચે ત્રણ દિવસનું 'ફ્રેન્ડલી-યુદ્ધ' નક્કી થયું હતું. પૃથ્વીરાજના માહિતી અને પ્રસારણ ખાતાએ આપેલા આંકડા પ્રમાણે પહેલા દિવસે એમના ફક્ત તેર જ માણસો ઘવાયા અથવા માર્યા ગયા હતા, જ્યારે તે સામે શાહબુદ્દીનના તેર હજાર સૈનિકો કપાઈ મૂઆ હતા. જોકે આ સમાચારને રદિયો આપતાં શાહબુદ્દીને જાહેર નિવેદન આપેલું કે તેની પાસે આટલું મોટું લશ્કર હતું જ નહિ. હોત તો હિન્દને બદલે ચીન પર જ તેણે ચડાઈ કરી હોત. 'ટિકિટ રૉ'માં દંગલ કરતાં પહેલવાનોમાં અગાઉથી કરેલી સમજૂતી પ્રમાણે પહેલા રાઉન્ડમાં એક હારે તો બીજા રાઉન્ડમાં બીજા પહેલવાને હારી જવાનું હોય છે; પણ આવી કોઈ પૂર્વ-સમજૂતી આ બે જણ વચ્ચે નહોતી થઈ એટલે શાહબુદ્દીન હારી ગયો. અને તેણે પૃથ્વીરાજ સાથે સંધી કરી. ઊંચી ઓલાદના નવ હજાર તથા નીચી ઓલાદના સાત સો ઘોડા, સફેદ હાથી નહોતા એટલે કાળા હાથીને રંગીને તૈયાર કરેલા એવા આઠ સફેદ હાથી, હીરા-માણેક, તથા ભવિષ્યમાં પોતાનો સામનો કરવા વીસ ઢાલ, વગેરે પૃથ્વીરાજને આપીને શાહબુદ્દીન પાછો જતો રહ્યો—બીજી વખત હારે તો પૃથ્વીરાજને આપવા માટે હાથી-ઘોડા એકઠા કરવા.

ગુજરાતના અણહિલપુર ગામે ભોળો ભીમ નામે રાજા રાજ્ય કરતો હતો; જો કે નામ પ્રમાણે તે ભોળો નહોતો. ભોળાભાઈ નામધારી બધા જ માણસો દેખાય છે એટલા ભોળા નથી હોતા. (અપવાદ અથવા પુરાવો—ભોળાભાઈ પટેલ.) રાજા અમરસિંહને શાંતિકુમારી યાને ઈચ્છનકુમારી નામની એક રાજકુંવરી હતી. ભોળા ભીમે તેની સાથે પરણવાની ઈચ્છા કરીને અમરસિંહને પોતાના શ્વસુર બનવા કહેણ મોકલ્યું. આ શાંતિકુમારીનું સગપણ તો અગાઉ પૃથ્વીરાજ સાથે નક્કી થઈ ગયું હતું. આથી એક જ કુંવરી માટે, એક જ સમયે બે જમાઈઓના શ્વસુર બનવું અશક્ય હોઈ તેણે પૃથ્વીરાજની મદદ માગી, પૃથ્વીરાજે ભોળા ભીમ સાથે યુદ્ધ કર્યું, તેને હરાવ્યો અને પોતે શાંતિકુમારી સાથે પરણ્યો. આથી જો કે સરવાળે તો ભોળા ભીમને ભાગે શાંતિ ને પૃથ્વીરાજના ભાગે યુદ્ધ આવ્યું; પણ એ વાત અહીં અપ્રસ્તુત છે!

ફરી એક વાર યુદ્ધની વધુ પ્રૅક્ટિસ માટે શાહબુદ્દીન ઘોરીએ પૃથ્વીરાજ પર ચડાઈ કરી. આ વખતે યુદ્ધના અંતે પોતાના ઘોડા, હાથી, સૈનિકો વગેરે યુદ્ધના મેદાનમાં મૂકીને એ નાસી ગયો; આ બધું પૃથ્વીરાજને હાથોહાથ આપવાનું સૌજન્ય દાખવવાય તે રોકાયો નહોતો.

એક દંતકથા પ્રમાણે પૃથ્વીરાજ એટલો બધો દેખાવડો હતો કે અનેક નવયુવતીઓ તેનો ફોટોગ્રાફ પોતાની પર્સમાં રાખતી ને 'પૃથ્વીરાજ મુજ સ્વામી સાચા' એવાં જોડકણાં મનમાં ગોઠવતી; કિન્તુ તેને પરણવાનું સાહસ રાજકુંવરી સિવાય કોઇ કરી શકતું નહિ.

એક દિવસ પૃથ્વીરાજ મહેલના ઝરૂખામાં બેઠો હતો ત્યાં એક પોપટ તેની પાસે આવ્યો. કેટલાક માણસો પોપટના અવાજની નકલ કરતા હોય છે એ રીતે માણસના અવાજની મિમિક્રી કરતાં પોપટે રાજાને પૂછ્યું:

'તમે જ રાજા પૃથ્વીરાજ ચૌહાણ છો?'

'હા, અમે જ છીએ...બોલો, શું કામ છે?'

'પ્રથમ આઈડેન્ટીટી કાર્ડ બતાવો, તો હું માનું...' પોપટ બોલ્યો. રાજાએ પોતાની સુવર્ણ-મુદ્રા બતાવી એટલે પોપટે જણાવ્યું: 'મહારાજ, પોસ્ટ ખાતાના માણસો ગુલાબી રંગના સેન્ટેડ પત્રો પોતાની પત્નીને વંચાવવા માટે ટપાલમાંથી સેરવી લેતા હોય છે, એટલે આપને રૂબરૂ પહોંચાડવા માટે એવો એક પત્ર લઈને હું આવ્યો છું. મારા પગે તે બાંધેલો છે. આપ છોડીને વાંચી લો.' રાજાએ તે પત્ર વાંચ્યો. વિજયસૂર રાજાની કુંવરી પદ્માવતીનો એ પત્ર હતો. રાજકુંવરી પૃથ્વીરાજની એક રાણી બનવા ઈચ્છતી હતી પત્ર વાંચીને તુરત જ શુભ ચોઘડિયું જોઇ. પૃથ્વીરાજે જાન જોડી. યુદ્ધ તેમ જ લગ્ન કરવાની બાબતમાં રાજાએ જરા ય સમય વેડફવો ન જોઇએ એવું તે માનતો. પોતાના લગ્ન અંગે ચિંતિત રાજકુમારીઓના ઉદ્ધારને તે રાજાની એક ફરજ સમજી તે અંગે સદા સક્રિયપણે ચિંતિત રહેતો.

કહેવાય છે કે કનોજનો રાજા જયચંદ પૃથ્વીરાજનો પિતરાઇ થતો હતો એટલે બન્ને વચ્ચે પિતરાઈઓમાં હોય છે એવા જ સંબંધો હતા, જયચંદને સંયુક્તા ઉર્ફે સંયોગિતા નામે એક કુંવરી હતી. એ પૃથ્વીરાજને પરણવા ઈચ્છતી હતી. જયચંદને એ હરગિજ પસંદ નહોતું. જયચંદે સંયુકતા માટે સ્વયંવર યોજ્યો. પૃથ્વીરાજને તેણે જાણી જોઈને આમંત્રણ પાઠવ્યું નહિ. સ્વયંવરમાં પુત્રીને પરણાવવા કરતાં ય અદકો આનંદ તો જયચંદને પૃથ્વીરાજનું અપમાન કરવામાં હતો. આથી તેણે દ્વારપાલના સ્થાને પૃથ્વીરાજનું બાવલું મુકાવરાવ્યું હતું. એટલું જ નહિ પણ સ્વયંવરમાં આવીને પૃથ્વીરાજ સત્યાગ્રહ, ધરણાં કે એવું કશું તોફાન ના કરે એ વાસ્તે જયચંદે પાકો બંદોબસ્ત ગોઠવ્યો હતો. મંડપને ચારે બાજુએથી સી. આર. પી. વડે કૉર્ડન કરી દીધો હતો.

જ્યારે સંયુકતાએ પણ મનોમન નક્કી કરી નાખેલું કે પરણવું તો પૃથ્વીરાજને જ; બાકી બધા દિયર-જેઠ.

સમય થતાં પોતપોતાના ભાટ-ચારણો સાથે એકઠા થએલા રાજાઓમાંથી પતિ પસંદ કરવા માટે સંયુકતાને તેની દાસી મંજુઘોષા મંડપમાં દોરી લાવી. કોઈ ચારણ પોતાના રાજાને મળેલાં ઍવૉર્ડ્ઝ-સર્ટિફિકેટ્સ વગેરે બતાવતો'તો, તો વળી કોઈ તેના રાજાએ શિકારમાં મારેલ સિંહના પેટ પર બંદૂક સાથે ઊભા રહીને પડાવેલા ફોટાનું આલ્બમ દેખાડતાં'તો.

એ બધા સામે જોતી, ફૉરહેન્સિયું સ્મિત કરતી સંયુક્તા પોતાની દાસી મંજુઘોષા સાથે મંડપના દ્વાર પાસે આવી. જયચંદે ત્યાં મુકાવેલા

પૃથ્વીરાજના પૂતળા સામે જોઈ મીઠું હસી અને તે પૂતળાના ગળામાં વરમાળા આરોપી દીધી.

બરાબર એ જ પળે ફિલ્મના ટૉપ હીરોને પણ શરમાવે તેવા એક્શનમાં પૃથ્વીરાજ પોતાના ઘોડા સાથે જ સ્વયંવરના મંડપમાં ધસી આવ્યો, અને ઘોડા ઉપરથી કૂદીને, મારમાર કરતો આવ્યાને લીધે ફૂલી ગએલા શ્વાસે હાંફતો સંયુક્તા પાસે જઈ ઊભો. તેને જોતાં જ સંયુક્તા રાણીની રેડ થઈ ગઈ. પ્રસન્નતાથી તેની આંખો છલકાઇ ઊઠી 'આવી-ગયા?' ભાવવિભોર અવાજે તે બોલી.

પણ સંયુક્તાની પાસે દાસી પણ છે એ જોતાં જ તે તેના તરફ કૂદ્યો અને મંજુઘોષાનો હાથ પકડી તેને ખેંચવા લાગ્યો. દાસીએ પણ સુંદર વસ્ત્રાભૂષણો પહેર્યાં હતાં એટલે પૃથ્વીરાજે પોતાને ઓળખવામાં ગોટાળો કર્યો હતો એમ સમજી સંયુક્તાએ દબાએલા અવાજે તેને કહ્યું: 'બેવકૂફ! સંયુક્તા તો હું છું... એ તો મારી દાસી છે...'

'મને ખબર છે...' સંયુક્તા તરફ ઊડતી નજર નાખતાં પૃથ્વીરાજ બોલ્યો: 'સંયુક્તા તો અનેક મળી રહેશે, પણ આજ–કાલ ઘરકામ માટે દાસદાસીઓ ક્યાં મળે છે?' એટલું કહીને પૃથ્વીરાજ દાસીને ઘોડા ઉપર બેસાડીને પવનવેગે નાસી ગયો. આ કથા જાણીતા ઇતિહાસવિદ્ પ્રોફેસર વિનોદ ભટ્ટાચાર્યે પોતાના ગ્રંથમાં ઉતારી છે. પણ જૂના ઇતિહાસો જુદી જ વાત કહે છે. તેમાં લખ્યા પ્રમાણે તો પૃથ્વીરાજ ભર્યા મંડપમાંથી સંયુક્તાનું હરણ કરી ગએલો. પહેલાં સંયુક્તા તેને કાકા કહેતી હતી; એટલે હવે પૃથ્વીરાજે તેને 'કાકાની શશી' બનાવી દીધી.

લગ્ન પછી ધીરેધીરે પૃથ્વીરાજે રાજદરબારમાં આવવાનું બંધ કર્યું. એવું પણ કહેવાય છે કે કેટલાક દરબારીઓ તો રાજમહેલની બહાર ફૂટપાથ ઉપર બેસતા જ્યોતિષીઓને પોતાનો હાથ બતાવીને, 'આ અઠવાડિયામાં મને રાજાના દર્શનનો યોગ છે કે કેમ?' તેવું યે પૂછવા લાગ્યા હતા.

પૃથ્વીરાજને કારણે પોતાની જ પુત્રીના જેક બનવા બદલ જયચંદને તેના પર ભયંકર ક્રોધ ચડયો હતો અને એથી ઉશ્કેરાઇને શાહબુદ્દીન ઘોરીને દિલ્હી પર આક્રમણ કરવા આમંત્રણ પાઠવ્યું.

આ વખતે શાહબુદ્દીન ઘોરી હારી જાય તો પૃથ્વીરાજને આપવા તેની પાસે હાથીઘોડા નહોતા. એટલે તે માત્ર અનુભવી લડવૈયાઓ લઈને લડવા આવેલો. વળી, પોતાને હાથે સાતસાત વખત હારેલાને હરાવવામાં પૃથ્વીરાજને ય હવે શરમ આવતી હતી, એટલે આ વખતે પૃથ્વીરાજે પણ ઘોરીને એક વાર જીતી જોવાની પૂરી તક આપી. પૃથ્વીરાજની મદદમાં અન્ય મિત્ર રાજાઓએ મોકલી આપેલું લશ્કર પણ લડવા સિવાયના તમામ અનુભવ ધરાવતું હતું. તેથી તેણે પણ શાહબુદ્દીનને જીતાડવામાં પૃથ્વીરાજને પૂરો સાથ આપ્યો. આથી ઘોરી જીતી ગયો. પોતાના રાજાને સાત-સાત વાર હરાવનાર માણસને જોવાનું કુતૂહલ ઘોરીની પ્રજાને હતું, પણ શાહબુદ્દીન કંઈ સમગ્ર પ્રજાને દિલ્હી લાવી શકે એમ નહોતો એટલે એ પૃથ્વીરાજને કેદ કરીને પોતાને ત્યાં લઈ ગયો. પૃથ્વીરાજની આંખમાં ઘોરીને પોતાના સાતસાત પરાજયો દેખાવા માંડયા હતા એટલે તેને ખાળવા શાહબુદ્દીને પૃથ્વીરાજની બન્ને આંખો ફોડી નંખાવી.

પૃથ્વીરાજ પરનો પોતે લખેલો રાસો અધૂરો હોઈ, ચંદ બારોટ તે કેમ પૂરો કરવો એની મૂંઝવણમાં હતો. અંતે એ શાહબુદ્દીન પાસે ગયો. પાટનગરની પરાની એક લાયન્સ ક્લબે ગોઠવેલી તીરંદાજીની હરીફાઈનું શાહબુદ્દીને પ્રથમ તીર છોડીને ઉદ્ઘાટન કરવાનું હતું. આ માટે એ પોતાના મહેલમાં તીર ચલાવવાની પ્રેક્ટિસ કરતો હતો. ચંદ બારોટે શાહબુદ્દીન ઘોરીને વિનંતિ કરી: 'લાયન્સ ક્લબની તીરંદાજીની સ્પર્ધામાં પૃથ્વીરાજને ય ભાગ લેવા દો. એવું હોય તો તેને મળતું ઈનામ એ રાજની તિજોરીમાં જમા કરાવી દેશે.... અંધ હોવા છતાં ફળા વિનાનું તીર છોડીને તેના વડે એ લાયન્સ ક્લબનો ઘંટ વગાડી બતાવશે.... પ્રેક્ષકોને પણ આ ખેલ જોઈને વધુ મનોરંજન મળી રહેશે...'

અને પછી ચંદની સૂચનાથી લાયન્સ ક્લબના રિવાજ મુજબ શાહબુદ્દીને કાર્યક્રમનો આરંભ સૂચવવા હથોડીથી ઘંટ વગાડયો, જે તેને માટે મૃત્યુ-ઘંટ સાબિત થયો. પૃથ્વીરાજે તીર છોડયું. લાયન્સ ક્લબનો પ્રેસિડન્ટ સ્હેજમાં બચી ગયો ને તીર ઘોરીની છાતીમાં પેસી ગયું. ત્યાં જ ઘોરીની ઘોર ખોદાઈ ગઈ.

ઘોરીના માણસો પૃથ્વીરાજ તેમ જ ચંદ પર હુમલો કરે તે પહેલાં બન્નેએ તુરત મસલત કરીને નક્કી કરી નાખ્યું કે પરદેશી કટારથી મરવા કરતાં દેશની જ કટારથી મરીને સ્વદેશી બનાવટની ચીજોને ઉત્તેજન આપવાની પ્રેરણા આપતા જવી, અને પછી એ બન્નેએ એકબીજાના સીનામાં સ્વદેશી કટાર ભોંકીને એનું પ્રેરણાત્મક દૃષ્ટાંત પૂરું પાડયું. □

સપ્ટેમ્બર ઈ. ૧૯૭૯થી ઑગસ્ટ ૧૯૮૦ સુધીના 'કુમાર'ના અંકોમાં
પ્રકટ થએલી ઉદાત્ત સંસ્કારોને પ્રતિબિંબિત
કરતી મૌલિક ને પ્રેરક કૃતિઓમાંથી શ્રેષ્ઠને માટે
શ્રી સોમાભાઈ ભાવસાર (હરિ ૐ આશ્રમ – નડિયાદ) તરફથી
તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે વર્ષોવર્ષ અપાતું રૂ. ૫૧નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

'ક્રિકેટનો આનંદ' ફોટોચિત્ર માટે શ્રી મધુકાન્ત તેલીને મળે છે.

અનુસંધાન] રાજસેવક [પૃષ્ઠ ૩૨૪થી

માટે એમણે ગોઠવણ પણ શરૂ કરેલી. ત્યાં મૂળવાજીએ તેમને દીવાનપદની દરખાસ્ત મૂકી એ એમણે સ્વીકારી. રાજ્યના ન્યાયાધીશને એમણે જણાવ્યું કે મૂળવાજી મૂરખ છે, છતાં એટલું સમજે છે કે મૅનેજર સાહેબ વગર રાજ નહિ ચાલે. કોટડા તો ખાડો છે. અહીં કોણ રહે? પણ મૂળવાજીએ રાજકોટ રેસિડન્ટને વિનંતી કરી અને રેસિડન્ટે મને કોટડે રહેવા ભલામણ કરી છે એટલે રહેવું પડે છે. આમ એ કોટડે રહ્યા.

દીવાન તરીકેની નિમણૂક પાછળનું કારણ એ ન સમજ્યા. ઊલટું તેઓ મૂળવાજી તરફ દરબારી નોકરો તથા ગામલોકોની રૂબરૂમાં પણ પહેલાં કરતાં વધુ તોછડાઈથી વર્તતા. મહિનાઓ એ રીતે ગયા. વરસ થયું. એક સાંજે મૂળવાજીએ દીવાન સાહેબને કહ્યું કે હવે આપ રાજીનામું દઈ છૂટા થાઓ. દીવાન નારાજ થયા, કહ્યું કે કોઠી સરકાર જ મને અહીંથી છૂટો કરી શકે, તમે નહિ. તમે કોણ થાઓ છો? ઠાકોરે નમ્રતાથી કહ્યું કે રાજીનામું દો એ તમારા સારા માટે છે. દીવાને કહ્યું કે હું રાજીનામું નહિ દઉં, થાય તે કરી લો. ઠાકોરે કહ્યું કે તો હું રાજીનામું લીધા વગર તમને નોકરીમાંથી છૂટા કરીશ, જુઓ, આ રેસિડેન્ટનો કાગળ. એમ કહી રેસિડેન્ટની મંજૂરી વંચાવીને કહ્યું કે મારે તમારા રાજીનામાની જરૂર ન હતી, પણ તમને માનભેર છૂટા થવાની તક આપવા માટે કહેલું. દીવાને રાજીનામું મૂક્યું. એ પૂરા પગારે મંજૂર કરતાં ઠાકોરે કહ્યું કે, મેં તમારો વહીવટ આજ સુધીનો તપાસ્યો છે, તમે શું કર્યું છે તે તમે જાણો છો. મને પૂરી જાણ છે તેથી તેનો જુદો કેસ તૈયાર કરી રેસિડેન્ટ આગળ રજૂ કરી તમારો જવાબ લઈ શકાય. પણ કાનજીભાઈ વૈદ્યરાજની સલાહથી એવું પગલું ન લેતાં રેસિડેન્ટ પાસેથી બીજી રીતે મંજૂરી મેળવી છે, એટલે ચિંતા ન કરશો. ઠાકોરની ઉદારતાનો તાગ ન લઈ શકેલા નિવૃત્ત થનાર એ દીવાન, પહેલી જ વખત ઠાકોરના પગમાં પડી ગયા. ઠાકોરે તેમને તત્કાલ કોટડા છોડતા વાર્યા ને તે પછી જે ચાર છ મહિના તેઓ ત્યાં રહ્યા તેમાં પ્રજાએ એમનું પલટાએલું વર્તન જોયું હતું. □

પેન કૉંગ્રેસની બેઠકોમાં

(પ્રદેશે જય-વિજયના-૧૧)

લેખક • પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

કારાગૃહમાં પુરાએલા લેખકો

પેન કૉંગ્રેસે નીમેલી એક સમિતિએ દુનિયાભરનાં કારાગૃહોમાં પુરાએલા લેખકો વિષે એક વિગતવાર યાદી તૈયાર કરી હતી. એક પ્રતિનિધિ માઇકલ સ્કેમેલે એ અંગે અહેવાલ તૈયાર કરેલો. આ ઉપરાંત અમેરિકાના પેન સેન્ટરે આ જ બાબતમાં પોતાનો એક આગવો અહેવાલ પણ રજૂ કર્યો હતો.

બંને અહેવાલો જોતાં લાગે કે દુનિયાના ઘણા દેશોમાં સંખ્યાબંધ લેખકો કારાવાસમાં છે. ખાસ કરીને સામ્યવાદી દેશો તથા લશ્કરી યા સરમુખત્યારી શાસનવાળા દેશોમાં આવા કેદીઓની સંખ્યા પ્રમાણમાં ઘણી મોટી છે. ચીનની વિગતો પ્રાપ્ય નહોતી, પણ ત્યાંયે લેખકોને કેદ વેઠવી પડતી હશે એ કલ્પી શકાય તેવું હતું.

બેઠકમાં આ વિષેની ચર્ચામાં એક મુદ્દો એવો પણ ઊઠયો કે અમેરિકાના સેન્ટરે અલગ અહેવાલ તૈયાર કરવાની શી જરૂર હતી? ઘણાંને એવું ય લાગ્યું કે બીજા દેશો કરતાં પોતે ચડિયાતા છે એવું બતાવવા જ એમણે આમ કર્યું હશે. કેટલાક પ્રતિનિધિઓએ એવું પણ કહ્યું કે યાદીમાં કેદમાં પુરાએલા લેખકો તરીકે જેમનાં નામ છે તેઓમાંના ઘણા એવા પણ છે જેઓને એમના લેખન માટે નહિ પણ અન્ય ગુનાસર કેદ કરેલા છે. કોઈકે તો એવો પણ દાવો કર્યો કે ઉલ્લેખ પામેલા કેટલાક તો લેખકો જ નથી.

અમેરિકાની યાદીમાં ભારતના કેદી લેખકોનાં નામ અંગે મારે વાંધો ઉઠાવીને ખુલાસો કરવો પડયો કે કટોકટી દરમિયાન કેટલાક લેખકોને જેલમાં જવું પડેલું ખરું, પણ કટોકટી બાદ એ બધાને છોડી દેવાયા છે. વળી, ભારતમાં એક એવું નામ પણ હતું જેની લેખક તરીકે નહિ પણ એક ખૂનના ખટલા અંગે ધરપકડ થઈ હતી. વળી, લેખક તરીકે એ વ્યક્તિની ખાસ કંઈ નામના પણ નથી. ચર્ચા દરમિયાન ઘણાં નામ કાઢી નાખવાની તથા કેટલાંક નવાં ઉમેરવાની પણ જરૂર પડી, અને અમેરિકન અહેવાલ બિનજરૂરી ગણાઈ તેને પાછો ખેંચી લેવરાવવામાં આવ્યો.

બપોરે સાહિત્યિક બેઠકમાં ઑસ્ટ્રેલિયાના જૅક ડેવિસે આદિવાસીઓના સાહિત્ય વિષે, એલાફ દ્હેને દક્ષિણ પૅસિફિકના દેશોના સાહિત્ય વિષે, ન્યૂ ઝીલૅન્ડના લૉરિસ એડમંડે માઓરી કવિતા અને વાર્તા વિષે નિબંધ વાંચ્યો. ઑસ્ટ્રેલિયન લેખકનાં વિધાનોમાં આદિવાસીઓને ઉતારી પાડવાનો પૂર્વગ્રહયુક્ત સભાન પ્રયાસ જણાતો હતો તે સામે પાપુઆ-ન્યૂગીનીના એક હબસી પ્રતિનિધિએ વાંધો ઉઠાવતાં સામસામા આક્ષેપોમાં વાતાવરણ ગરમ પણ થઈ ગયું. જૂનું ગુલામ માનસ હવે રહ્યું નથી અથવા ચામડીના રંગને કારણે લઘુતાગ્રંથિ યે રહી નથી તથા ખોટા અને ઉતારી પાડનારા આક્ષેપોનો જડબાતોડ જવાબ આપવાની હિંમત નવી પ્રજામાં આવી છે તે આ પ્રસંગ પરથી જોઈ શકાતું હતું.

એ જ દિવસે સાંજે ન્યૂ સાઉથ વેઈલ્સની સરકાર તરફથી સ્વાગત હતું, ફિલિપ સ્ટ્રીટમાં એક ઉત્તુંગ મકાનના એકત્રીસમા માળે. ત્યાં અમે પંદર મિનિટ વહેલા પહોંચેલા એટલે મકાનમાં અમને નીચે જ બેસાડી રાખ્યા અને બરાબર છમાં પાંચ મિનિટે કહેણ આવતાં બે મોટી લિફ્ટમાં સડસડાટ ઉપર પહોંચાડી દીધા.

એકત્રીસમા માળે સ્ટેટ ઑફિસનો એ ખંડ વિશાળ હતો. તેની બહારની દીવાલો આખેઆખી કાચની હોઈ ત્યાંથી સીડની શહેરનું વિહંગ દૃશ્ય એટલું તો રમણીય લાગતું હતું કે થોડી વાર સુધી તો અહીં આવેલા અમે બધા જ એ જોવામાં મગ્ન બની ગયા. જગ્યા પણ એટલી વિશાળ હતી કે સૌ એક સાથે એ માણી શકતા હતા. દૂર દેખાતો દરિયો અને હાર્બર બ્રિજ તથા ઓપેરા હાઉસનું અહીંથી વળી એક અનોખું જ દૃશ્ય દેખાતું હતું.

પાર્ટીમાં એક વૃદ્ધ ઑસ્ટ્રેલીઅન લેખિકાનો પરિચય થયો. ઘણી વાતો કરી. એમના પતિ લશ્કરમાં ડૉક્ટર હતા એટલે ૧૯૪૨થી '૪૫માં એમને ભારતમાં મુંબઇમાં રહેવાનું થએલું. એ વખતે એમણે દિલ્હી, પેશાવર, ક્વેટા, સિંધ-હૈદ્રાબાદ વગેરે કેટલાંક શહેરો પણ જોએલાં. ૧૯૪૪માં મુંબઈની ગોદીમાં થએલા ભયંકર વિસ્ફોટને પણ એમણે યાદ કર્યો અને મુંબઈમાં કોમી રમખાણ વખતે કર્ફ્યુમાં એમની મોટર બગડતાં પોલીસવાને એમને ઘેર પહોંચાડેલાં એ યાદ કર્યું. દિલ્હીમાં એમણે એક વાર અજાણ્યા હિંદી છોકરાને પોતાની મોટરમાં 'લિફ્ટ' આપેલી. હિંદી પ્રત્યે લાગણી બતાવવા બદલ ત્યાંના ગોરાઓએ તેમની બહુ ટીકા કરેલી ને ભારતની આઝાદીની તરફેણમાં એમનો મત હોવાથી અંગ્રેજ બાનુઓ એમની સાથે કેવો તોછડો વર્તાવ રાખતી તે પણ કહ્યું. હજી યે તેઓ ભારતનાં સંસ્મરણોને વાગોળતાં આનંદ પામતાં હતાં.

અર્ધોએક કલાક સુધી આવું અરસપરસ મળવાનું ચાલ્યું. પછી ત્યાંના પ્રધાને સૌનું સ્વાગત કરતાં કહ્યું, 'મને ભાષણ કરવાની બહુ ટેવ નથી. તેમાં યે સાહિત્યકારો અને કલાકારો સાથે બોલતાં તો ગભરાઉં છું. એક વખત એક સંગીત સમારંભમાં મને સંગીત-નિર્દેશકની બાજુમાં જ બેસાડયો હતો. કાર્યક્રમ દરમિયાન સંગીતનિર્દેશક અવારનવાર મારો અભિપ્રાય પૂછતા હતા. એક વખત મેં કહ્યું, 'બ્યૂટિફૂલ', બીજી વેળા કહ્યું, 'મૅગ્નિફિસન્ટ' અને ત્રીજી વેળા 'વન્ડરફૂલ.' બસ આ ત્રણ શબ્દો જ હતા મારી પાસે જે હું વારાફરતી વાપરતો હતો. એવામાં કોઈ બાબત માટે એમણે ફરી મારો અભિપ્રાય પૂછયો. સવાલ મારી સમજ બહારના વિષયનો હતો, પણ મેં તો કહી દીધું 'મૅગ્નિફિસન્ટ'. પેલા નિર્દેશક આ સાંભળી ખૂબ હસ્યા. હું ઝંખવાઈ ગયો. મારે ઉત્તરમાં 'મૅગ્નિફિસન્ટ' નહિ પણ 'પૂઅર' કહેવું જરૂરી હતું. બસ ત્યારથી સાહિત્યકારો અને કલાકારો વચ્ચે બોલતાં હું મૂંઝાઉં છું. મારે વિશેષ કંઈ કહેવું નથી. તમારો બધાંનો આભાર માનું છું.'

પેનના પ્રમુખ મારિયોનો ઉત્તર પણ એવો જ ટૂંકો હતો. કહે, 'મિનિસ્ટરો આપણને પાર્ટી આપે છે એ આપણા માટે આનંદની વાત છે. વસ્તુતઃ મારું કામ તો લેખકોના અંગે જુદાજુદા દેશની સરકારો સામે વિરોધના તાર કરવાનું, કાગળો લખવાનું ને ઠરાવો મોકલવાનું છે. સદ્ભાગ્યે ઑસ્ટ્રેલિયાની સરકારને તાર કરવાનો પ્રસંગ હજી આવ્યો નથી. એમણે આપણું સ્વાગત કર્યું છે તે બદલ આભાર વ્યક્ત કરું છું.'

બીજા દિવસે સવારની બેઠકમાં મુખ્ય ચર્ચા હતી રશિયામાં 'પેન-સેન્ટર' સ્થાપવા અંગેની. પ્રમુખ મારિયાનું કહેવું હતું કે હજી દુનિયાના ઘણા દેશોમાં અને ખાસ કરીને સામ્યવાદી દેશોમાં 'પેન'નું કોઈ સેન્ટર નથી. એટલે 'પેન' સંસ્થાને વધુ પ્રતિનિધિત્વ ધરાવતી બનાવવા એ બધા દેશોમાં પણ તેનાં કેન્દ્રો સ્થાપવાં જોઇએ, અને તો જ તે પૂરા અર્થમાં આંતરરાષ્ટ્રીય બને. આ વિષે બે પક્ષ હતા. પ્રમુખ રશિયન લેખકો સાથે સંપર્ક સ્થાપવાના મતના હતા. એક પ્રતિનિધિએ સોવિયેટ રાઈટર્સ યુનિયનને સરકારની ખુશામત કરનારા લેખકોની સંસ્થા ગણાવીને તેમાં રશિયાના તમામ લેખકોના પ્રતિનિધિત્વ અંગે શંકા વ્યક્ત કરી. જે જે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં રશિયા જોડાયું છે ત્યાં ત્યાં વિસંવાદ ને સંઘર્ષ ઊભા થયા છે અને કોઈ કોઈ સંસ્થાઓમાં તેથી બે પક્ષ પડી જઈ સંસ્થાનું દ્વિભાજન જ થઈ જાય છે, એવું પણ એક પ્રતિનિધિએ જણાવ્યું.

ચર્ચામાં ભાગ લેતાં મેં કહ્યું, 'રશિયા સાથેના સંપર્કમાં મને સુખદ

અનુભવ થયો નથી. મૉસ્કોના એક પ્રોફેસર મારી યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા અંગે મને મળેલા. એમને પાછળથી મેં મારું એક પુસ્તક ભેટ મોકલાવેલું. છ મહિને તે પાછું આવ્યું તેના પર સિક્કો મારેલો હતો કે 'નૉટ એલાઉડ બાય રશિયન કસ્ટમ્સ.' એ પછી એ પ્રોફેસરને મેં ત્રણેક પત્રો પણ લખેલા. કદાચ એ પણ એમને નહિ પહોંચ્યા હોય. કારણ એમનો કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. કદાચ એમને ખબર જ નહિ પડી હોય કે મેં એમને પુસ્તક મોકલ્યું હતું. જો આપણે ત્યાંના લેખકો સાથે મુક્ત રીતે સંપર્ક પણ ન સાધી શકીએ તો તે દેશમાં 'પેન'નું સેન્ટર સ્થાપવાથી વિશેષ શો લાભ થશે? વળી, જ્યાં વાણીસ્વાતંત્ર્ય જ નથી તે દેશો 'પેન'ના ચાર્ટરને પણ કઈ રીતે સ્વીકારી શકશે? અને એ પણ ખરું છે કે સામ્યવાદીઓ જ્યાંજ્યાં પગપેસારો કરે છે ત્યાંત્યાં બધી જ સત્તા સ્વહસ્તક કરવાનો પણ પ્રયાસ કરે જ છે. એટલે જો રશિયામાં 'પેન'નું સેન્ટર સ્થપાય તો વખત જતાં, પેલા 'આરબ અને ઊંટ'ની વાર્તામાં થાય છે તેમ આંતરરાષ્ટ્રીય 'પી ઇ એન' સામ્યવાદી લેખકોના જ કબજામાં હશે અને આપણે બધા તેમાંથી બહાર નીકળી ગયા હોઈશું.'

અંતે વિભિન્ન રાષ્ટ્ર જાતિ ભાષા અને માન્યતાવાળા વધુમાં વધુ લેખકો વચ્ચે સંપર્ક સાધવાની જરૂરત પર ભાર મૂકવા સાથે બિનલોકશાહીવાળા દેશોના લેખકોને ભેળવવા માટે કોઈ ઉપાય વિચારવો જોઈએ તેવું સ્વીકારાયું. અને રશિયન લેખકો તરફથી રશિયામાં 'પી ઈ એન'નું સેન્ટર સ્થાપવા માટે વિધિસર કોઈ માગણી આવી ન હોઈ એ વિષેની ચર્ચાવિચારણા ભવિષ્યની કૉંગ્રેસ પર મુલતવી રખાઈ.

બપોરની સાહિત્યિક બેઠકમાં સિંગાપુરવાસી ભારતીય શીખ લેખક કિરપાલસિંઘે સિંગાપુરની કવિતા વિષે તથા હૉલૅન્ડના માર્ગારેટા ફરગ્યુસને 'ડચ સંસ્થાઓનું સાહિત્ય'. અને ઑસ્ટ્રેલીઆનાં શ્રીમતી રાઈટે 'ઑસ્ટ્રેલીઅન કવિતા' વિષે નિબંધો વાંચ્યા.

સાંજે 'ન્યૂ સાઉથ વેઈલ્સ લાયબ્રેરી' તરફથી યોજાએલા રીસેપ્શનની સાથે ત્યાં પુસ્તક-પ્રદર્શન પણ યોજ્યું હતું. આ કૉંગ્રેસમાં ભાગ લેનાર લેખકોની કૃતિઓ પણ તેમાં રજૂ થએલી. પરંતુ તે માટે લેખકે પોતાનાં પુસ્તકો છ માસ અગાઉથી પોતાના ખર્ચે મોકલવાનાં હતાં અને પ્રદર્શન બાદ તે પુસ્તકો આ ગ્રંથાલય ભેટ તરીકે રાખી લેવાનું હતું. પશ્ચિમના કેટલાક લેખકોની કૃતિઓ ઉપરાંત બહુધા તો ઑસ્ટ્રેલીઅન લેખકોનાં જ પુસ્તકો વધુ નજરે પડતાં હતાં. કેટલાકનાં પુસ્તકો હતાં પણ તેઓ પોતે કૉંગ્રેસમાં આવ્યા નહોતા, તો કેટલાક લેખકો આવ્યા હતા જેમનાં પુસ્તકો પ્રદર્શનમાં નહોતાં. છતાં પ્રદર્શિત થએલાં અહીંના અને ભેટ આવેલાં પુસ્તકોમાં વૈવિધ્ય તો હતું જ. એક ગ્રંથ જોયો–Vakuntala. 'શાકુન્તલ' તો નહિ હોય? પુસ્તકો સાથેની નોંધ જોઈ. એ જ હતું. દોઢસો વર્ષ પૂર્વે યુરોપમાં કોઈએ કરેલો એ શાકુન્તલનો અનુવાદ હતો. ૧૭૮૫માં અંગ્રેજી લિપિમાં છપાએલી 'ભગવદ્ ગીતા' અને 'મત્સ્યપુરાણ'ના અંગ્રેજી અનુવાદની નકલો જોવા મળી. ભારતનાં પક્ષીઓ, વનસ્પતિઓ, પુષ્પો, બે સદી પહેલાંની પ્રજા, ઈસ્ટ ઇંડિયા કંપનીના અહેવાલો વગેરે વિષયક પુસ્તકો ઉપરાંત, ગાંધીજી, નેહરુ અને ટાગોરનાં પુસ્તકો પણ હતાં.

અહીં એક જર્મન પ્રતિનિધિ મળી ગયા. નામ હતું 'કે હૉફ.' મેં કહ્યું, 'માફ કરજો, સભામાં એટલા બધા પ્રતિનિધિઓ હોય છે કે તમને હું હજી મળ્યો હોઉં એવું યાદ નથી.'

'ના, તમે મને નથી જ મળ્યા. કારણ કે મેં હજી સુધી અહીં એકે ય સભામાં હાજરી આપી નથી.'

'નવાઈ કહેવાય! પરિષદમાં ભાગ લેવા આવ્યા છો અને એકે ય સભામાં હાજર જ રહ્યા નહિ?'

'મને સભાઓનો બહુ કંટાળો છે. વળી બધા બોલે ફ્રેંચ અથવા અંગ્રેજીમાં, એટલે મને સમજ ઓછી પડે અને રસ પણ ન પડે. હું બધા અહેવાલો મેળવીને વાંચી લઈશ. એટલે કશું ગુમાવવાનું નહિ રહે.'

'તો તમે આખો દિવસ કઈ રીતે પસાર કરો છો?'

'શહેરમાં બધે ફરું છું, ઘણું ખરું પગપાળા. લોકોને મળું છું, ફોટાઓ પાડું છું. અહીંના લોકજીવનનો મારે અભ્યાસ કરવો છે. આખો દિવસ એમાં જાય છે. પણ સાંજે રિસેપ્શનમાં બરાબર આવી જાઉં છું.'

'હા, એ રીતે બધાંને મળી લેવાય.'

'મળવાનું તો બહુ અગત્યનું નથી, પણ ખાવાનું અગત્યનું છે. સાંજનું ખાવાનું બારોબાર પતી જાય છે અને એટલા પૈસા બચી જાય છે.'

'પણ અમારે એક્ષચેઈન્જનો પ્રશ્ન જેટલો વિકટ છે તેટલો તમારે જર્મનોને નથી હોતો.'

'એ ખરું, પરંતુ હું પોતે સાધારણ સ્થિતિનો છું. સરકારના ખર્ચે આવ્યો છું. સરકારે જે પૈસા આપ્યા છે તેમાંથી વધુમાં વધુ દિવસ હું ઑસ્ટ્રેલિયામાં રહેવા ઈચ્છું છું. લગભગ મહિનો રોકાઈશ. ટ્રેન અને બસમાં, સસ્તામાં, નીચલા વર્ગમાં પ્રવાસ કરીશ. નાની હોટેલોમાં રહીશ. પણ ફરીશ આખા ઑસ્ટ્રેલિયામાં, ખાસ તો દક્ષિણમાં, એક સૈકા પહેલાં આવીને ત્યાં વસેલા જર્મનોની આજની પેઢીના લોકોને મારે મળવું છે, અને તેમનો અભ્યાસ કરવો છે.

બીજાં એક લેખિકા પણ મળ્યાં. નામ લી નૂર્સબર્ગ. એડિલેડમાં શિક્ષિકા છે. બાળકો માટેનું સાહિત્ય લખે છે.

ઑસ્ટ્રેલિયન લોકોની ખાસિયત પ્રમાણે તેઓ એટલું ઝડપથી બોલતા કે એમના શબ્દો હું બરાબર પકડી શકતો નહિ. એ ત્રણવાર બોલે ત્યારે મને અર્ધું વાક્ય સમજાય. વળી, બ્રિટનના અને ઑસ્ટ્રેલિયાના વ્યવહારરૂઢ કેટલાક શબ્દો પણ જુદા. એટલે હું જે બોલું તે એમને પણ ઓછું સમજાય. આપણા ઉચ્ચારણથી પણ તેઓ ટેવાએલાં નહિ. તેઓ ઑસ્ટ્રેલિયામાં પણ પોતાનું નગર છોડીને બીજે બહુ ફરેલાં નહિ. સીડની પણ તેઓ આ પહેલી જ વાર આવ્યાં હતાં એ જાણીને મને નવાઈ લાગી. મેં તે વ્યક્ત પણ કરી ત્યારે કહે, 'આવો પ્રવાસ અમારે માટે બહુ મોંઘો છે.' ઑસ્ટ્રેલિયામાં તેઓ બીજાં કોઈ લેખક–લેખિકાઓના પરિચયમાં પણ નહિ. એટલે એકલાંએકલાં ફર્યા કરે. મેં પૂછ્યું, તમારી નામમાં 'બર્ગ' જેવો જર્મનમાં વપરાતો શબ્દ કેવી રીતે આવ્યો?'

'મારા પતિ જર્મન છે, અલબત્ત, ઑસ્ટ્રેલિયામાં જન્મેલા અને ઑસ્ટ્રેલિયાના નાગરિક છે.' મેં જર્મનીના કે હૉફ સાથે તેમનો પરિચય કરાવ્યો, કારણ કે કે હૉફને અહીંના જર્મન વસાહતીઓનો અભ્યાસ કરવો હતો.

નૂર્સબર્ગને ઇતિહાસ તથા ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિષયમાં રસ હતો. પોતે બૌદ્ધ ધર્મનો અભ્યાસ પણ કરતાં હતાં. અહીંની પ્રજા ખ્રિસ્તી ધર્મ લઈને પશ્ચિમમાંથી આવી છે. અને પૂર્વમાં બૌદ્ધધર્મી દેશોની પાસે વસી છે. એટલે ઑસ્ટ્રેલિયામાં જુદેજુદે ઘણે સ્થળે બૌદ્ધધર્મનાં કેન્દ્રો શરૂ થયાં છે. અહીંની નવી પ્રજા પોતાના પૂર્વજોની પાશ્ચાત્ય સંસ્કૃતિ માટે એટલું ગૌરવ લેતી નથી, બલ્કે પોતે પૂર્વમાં છે માટે પોતાની સંસ્કૃતિ પૌરસ્ત્ય પ્રકારની હોવી ઘટે એમ માને છે. આથી અહીંની રહેણીકરણીમાં પાશ્ચાત્ય દેશો કરતાં કેટલોક તફાવત સ્પષ્ટ જોઈ શકાય છે. અહીં લોકો ઘરમાં તો ઉઘાડે પગે ફરે જ છે, પરંતુ રસ્તા ઉપર પણ ઉઘાડે પગે ચાલવામાં તેમને સંકોચ નથી. એકબીજાને મળવા માટે ઍપોઈન્ટમેન્ટના આગ્રહી નહિ. રસ્તામાં યે ગમે ત્યારે ગમે તેની સાથે વાતે વળગી જાય. બૌદ્ધધર્મ પછી હવે તો 'હરેકૃષ્ણ'નાં મંદિરો પણ કેટલેક સ્થળે સ્થપાયાં છે.

લગભગ અઢી કલાક પ્રદર્શનમાં પુસ્તકો ચિત્રો વગેરે રસપૂર્વક જોતાં હવે પગ પણ થાક્યા હતા અને અહીંનું ખાવાપીવાનું મારે માટે વર્જ્ય હોઈ, ભૂખ પણ કકડીને લાગેલી. નવેક વાગ્યે ઉતારે પાછા ફરતાં સીધા જ રેસ્ટોરાંમાં દોડી જઈને ચાપાણીથી ભૂખ સંતોષી. (ચાલુ)

સત્યજિત રાયની
રહસ્યકથા
(અતાંકથી સંપૂર્ણ)

જેટ બહાદુર

અનુવાદક · સુકન્યા ઝવેરી

વીતી ગએલી વાર્તા અને હવે : 'જેટ બહાદુર'ના શૂટિંગ પ્રસંગે લેખક લાલમોહનબાબુની સાથે મુંબઈ આવેલા ડિટેક્ટિવ ફેલુદા અને તપેશ મહેમાનગતિ માણી રહ્યા છે ત્યારે બીજી તરફ લાલમોહનબાબુએ કલકત્તાથી આણેલા સંપેતરાની આસપાસ એક ભેદી જાળ ગૂંથાતી રહે છે. તેમાં એક ખૂન, વારંવાર ગુલબહાર સેન્ટની ઉગ્ર વાસ અને ટેલિફોન પરથી મળેલી ધમકી જેવી રહસ્યમય ઘટનાઓથી ફેલુદા તેનો ભેદ ઉકેલવા મથી રહ્યા છે. આ ભેદી સંપેતરું પહોંચાડવામાં લાલમોહનબાબુએ અજાણતાં કરેલા ગોટાળામાંથી ફેલુદાને આ રહસ્યના ઉકેલનો માર્ગ મળતો લાગે છે અને અંતે તેના આધારે હવે ફેલુદા આ સમગ્ર ઘટનાઓનો ભેદ ઉકેલીને પોતાના બુદ્ધિચાતુર્યનો એક વધુ પરચો બતાવે છે.

બૉમ્બે-પૂના રોડ ઉપર ખંડાલા અને લોનાવલાની વચ્ચે એક લેવલ ક્રૉસિંગ પાસે 'જેટ બહાદુર' ફિલ્મનાં છેલ્લાં ક્લાઈમેક્સ દશ્યોનું શૂટિંગ હતું, અને અમારે એ જોવા જવાનું હતું. શૂટિંગ તો ચાર દિવસ સુધી ચાલવાનું હતું, પણ અમે વિચારેલું કે જો આજે તેમાં રસ પડે તો જ બાકીના દિવસોએ પણ જવું.

આ દશ્યો ઉતારવા માટે ચારે ય દિવસ બપોરના એક વાગ્યાથી બે વાગ્યા સુધી, એટલે કે એક કલાક માટે ટ્રેન મળવાની હતી, જ્યારે ધાડપાડુઓની ટોળી માટે ઘોડા તથા હીરોની કન્વર્ટિબલ લિંકન કાર રોજ આખા દિવસ માટે રહેવાની હતી. સીન એવો હતો કે ટ્રેનના એન્જિન-ડ્રાઈવરને મારી-હટાવીને વિલન, એટલે કે ખલનાયક ટ્રેન ભગાવી જાય છે, ટ્રેનના એક ડબામાં હીરોઈન અને તેના કાકા હાથપગ બાંધેલી સ્થિતિમાં પડયાં છે; હીરો પોતાની મોટરગાડીમાં ટ્રેનની પાછળ મારમાર કરતો આવી રહ્યો છે, અને આ તરફ, જેને નાનપણમાં ડાકુઓ ઉઠાવી ગએલા તે, હીરોનો જોડિયો ભાઈ પોતાની ઘોડેસવાર ટુકડી સાથે ટ્રેન પર ઍટેક કરે છે. ચાલુ ટ્રેને તે ઘોડા ઉપરથી એન્જિનમાં કૂદી પડે છે, એન્જિનમાં જોરદાર ફાઈટ થાય છે, ડ્રાઈવર બનેલો વિલન ખતમ થાય છે. બરાબર એ જ વખતે હીરો પણ આવી પહોંચે છે. પછી, અને પછી... પણ એ પછીનો ભાગ રૂપેરી પર્દા ઉપર જ જોઈ લેજો. ટૂંકમાં 'જેટ બહાદુર'ની આ અંતિમ ક્લાઈમેક્સ છે. જો કે આ છેલ્લાં દશ્યોને જુદીજુદી ત્રણ રીતે ઉતારવામાં આવશે અને પછી એ ત્રણમાંથી જે વધુ જોરદાર હશે તેને ફિલ્મમાં રાખીને બીજાં બે રદ કરવામાં આવશે.

શૂટિંગમાં પહોંચવા માટે અમારા સારુ થએલી વ્યવસ્થાની ચોકસાઈ કરી લેવા સવારે પુલકબાબુ હોટેલ પર આવી ગએલા. લાલમોહનબાબુને ખુશમિજાજ જોઈ બોલ્યા, 'લાલુદા, તમને જોતાં જ લાગે છે કે કાલે રાતે તમને 'તીરંદાજ' પિક્ચરમાં મઝા આવી હશે.'

મૂળ તો લાલમોહનબાબુ ગઈ રાતની પેલા પુસ્તકની ફેરબદલીવાળી ઘટના યાદ આવતાં મનોમન મલકાયા કરતા હતા, પણ પુલકબાબુ સામે એ જ હસવું હસી દેતાં બોલ્યા, 'ઓહ, ગડપાર રોડના છોકરા! તેં તો કમાલ કરી બતાવી, ભાઈ!'

શૂટિંગ જોઈને પાછા ફરતાં કદાચ રાત પડી જશે, એટલે ફેલુદાના કહેવાથી ગઈ કાલે ખરીદેલાં સંતરાં, બિસ્કિટ, પીપરમિન્ટ વગેરેના ભાગ કરીને ત્રણે જણની હૅન્ડબૅગમાં ભરી લીધાં. અલગઅલગ એટલા માટે કે જેને જ્યારે ઇચ્છા થાય ત્યારે તેનો ઉપયોગ કરી શકે. લાલમોહનબાબુ પાસેનું દસ હજાર રૂપિયાનું જોખમ હોટેલના મૅનેજરને સાચવવા સોંપી તેની પહોંચ લઈ લીધી. લાલમોહનબાબુ ત્યારે બોલેલા પણ ખરા, 'શી ખબર ભાઈ, ફિલ્મના ડાકુઓ જોડે કોઈ ખરો ડાકુ પણ ભળી નહિ ગયો હોય તેની શી ગૅરંટી?'

નીકળતાં પહેલાં ફેલુદાએ બહાર એક ચક્કર મારી લીધું. કહે, 'સિગારેટો ખલાસ થવા આવી છે, અને જ્યાં જઈએ છીએ ત્યાં કદાચ એ ન પણ મળે.' એના પાછા ફર્યા પછી દસેક મિનિટમાં જ અમે ઊપડયા. મોટરમાં બેસતાં જ જોયું કે હજી યે તેમાં ગુલબહારની થોડી અસર હતી.

બૉમ્બેથી લગભગ પચ્ચીસ કિલોમીટર દૂર થાણા સ્ટેશન છે. ત્યાંથી જમણી બાજુ વળીને રસ્તો પૂના તરફના નેશનલ હાઈવે સાથે જોડાઈ જાય છે. એ હાઈવે પર એંસી કિલોમીટર જેટલે દૂર ખંડાલા છે. આજ દિવસ પણ સારો હતો. આકાશમાં છૂટાંછવાયાં વાદળો પવનના સપાટાથી સરસર કરતાં સરકતાં હતાં. એની વચ્ચેથી અવારનવાર બહાર નીકળતો સૂરજ મુંબઈ અને આજુબાજુના આ બધા પ્રદેશને તડકાથી ઉજાળી દેતો હતો. તેજછાયાના પલટાથી ચોપાસનાં દશ્યોમાં અવનવી સુંદરતા પ્રકટ થતી હતી. પુલકબાબુએ સવારે જ કહેલું કે આજના શૂટિંગ માટે આ 'આઈડિયલ વેધર' છે. લાલમોહનબાબુને તો આજે બધું જ સારું લાગતું હતું. અમસ્તાઅમસ્તા જ બોલ્યા, 'વિલાયત જવાની હોંશ પૂરી થઈ ગઈ. બસમાં લોકો લટકતા નહોતા એ જોયું? વાહ, કેટલી સિવિક સેન્સ છે આ લોકોમાં!'

એકાદ કલાકમાં તો થાણા પહોંચી ગયા. શૂટિંગમાં પહોંચવા માટે હજી સમય હતો એટલે માર્ગમાં જ વચ્ચે થોભીને મસાલાવાળી ચા પી લીધી. આગળ જતાં વેસ્ટર્ન ઘાટની પહાડી પાસેથી પસાર થતા હતા તેવું લાગ્યું. રેલવે-લાઈન અમારાથી દૂર હતી. થાણા પછી એ ઉત્તરમાં વળી જઈને કલ્યાણ બાજુ ને ત્યાંથી ફરી દક્ષિણે વંકાઈને માથેરાન–કરજત થઈને પૂના જાય છે એવું ફેલુદાએ કહ્યું. અમારું લેવલ ક્રૉસિંગ આ રસ્તા પર જ ક્યાંક આવશે.

રસ્તામાં લાલમોહનબાબુના ગળામાં સંતરાનું બી ફસાઈ જઈ અંતરસ જવા સિવાય બીજો કોઈ બનાવ બન્યો નહોતો. ફેલુદા પણ ગંભીર બની બેઠા હતા. એના મનમાં શું હશે તે કળાતું નહોતું, પણ ગંભીર હોય એટલે ચિંતાતુર જ હોય એ વાત ફેલુદા માટે ખરી નથી એ તો મેં અનેક વાર જોયું છે.

લગભગ સાડાબારે ખંડાલા છોડી એકાદ માઈલ આગળ જતાં દૂર રસ્તાની પાસે જાણે કે માનવમેળો ભરાયો હોય તેવું લાગ્યું, પણ મેળામાં આટલી બધી મોટરો ન હોય, અને અહીં તો વળી સંખ્યાબંધ ઘોડા પણ હતા. નજીક પહોંચતાં તુરત ખયાલ આવી ગયો કે આ બધો જમેલો 'જેટ બહાદુર'ના શૂટિંગનો હતો. સંખ્યાબંધ માણસો, પેટી-પટારા, કૅમેરા, લાઈટ, રીફ્લેક્ટરો, પાથરણાં... અને કંઈ ભાતભાતની સામગ્રી ખડકાઈ ગઈ હતી. જબરદસ્ત કાર્યની તૈયારી ધમધમી રહી હતી.

એક ઍમ્બેસેડર અને એક બસની વચ્ચે અમારી ગાડી ઊભી રહી. અમે ઊતર્યાં કે પુલકબાબુ સામા આવ્યા. એમણે માથા પર એક સફેદ કૅપ ચડાવી હતી અને ગળામાં દૂરબીન જેવું કંઈ લટકતું હતું.

'ગુડ મૉર્નિંગ. સબ ઠીક હૈ?' આવતાં જ એમણે પૂછ્યું. માથું હલાવી અમે હા પાડી.

'જુઓ, મિસ્ટર ગોરે એક ઈન્સ્ટ્રક્શન આપી ગયા છે, તેઓ માથેરાન ગયા છે. ત્યાં રેલવેના અધિકારીઓ સાથે કંઈ વાત કરવાની છે અને કદાચ પૅમેન્ટ પણ કરવાનું હશે, એટલે તેઓ મોટરમાં નહિ આવી શકે તો કદાચ આ ટ્રેનમાં જ આવશે. ટૂંકમાં તેઓ આવે કે નહિ, પણ તમે ટ્રેન આવે એટલે ફર્સ્ટ ક્લાસના ડબામાં ચડી જજો. ઑલ ક્લીઅર?'

'ક્લીઅર.' ફેલુદાએ જવાબ આપ્યો.

China-Rose
Shoe-Flower
Hibiscus-Rosa-Sinensis



જાસૂદ

(પુષ્પમાળા–૨૦)

લેખક
પ્રા. શંકરદેવ
વિદ્યાલંકાર

સંસ્કૃત નામ : અરુણ, જપાપુષ્પ, હેમપુષ્પ, પદ્મચારિણી, ઓડ્રપુષ્પ, ત્રિસંધ્યા, પિણ્ડપુષ્પ, સિતા, સ્થલપદ્મ.
હિંદી : ગુડહલ, અડહલ, જપા, જાસૂન, જાસુંદ.
મરાઠી : જાસ્વંદ, જાસૂદ · બંગાળી : જવાકુસુમ

મનહર ઘેરા લાલ રંગનાં મોટાં ફૂલોથી સુશોભિત જાસૂદ સારી પેઠે પરિચિત પુષ્પવૃક્ષ છે. જાસવંતીના નામે પણ તે ઓળખાય છે, ને ઘણા તો જાસૂદના બદલે જાસૂસ પણ કહે છે. તેની લાલ, પીળી, સફેદ એવી રંગફેરવાળી અનેક જાત છે. બહુ સહેલાઇથી અને ઝડપથી વધનારા આ સદાપર્ણી અને દીર્ઘાયુ પુષ્પવૃક્ષ પર બારે-માસ ફૂલો આવતાં હોવાથી પણ એ બહુ લોકપ્રિય છે. અસલ તો એ ચીનનું વતની છે, અને કદાચ એથી જ અંગ્રેજીમાં એનું એક નામ 'ચાઈના રોઝ' પડયું હશે, પણ આપણા ઘણા જૂના સાહિત્યમાં તેના ઉલ્લેખો જોવા મળે છે. સૂર્યપૂજામાં અને તાંત્રિક ઉપાસનામાં જાસૂદનાં ફૂલ વધુ વપરાય છે.

જાસૂદનું વૃક્ષ દસબાર ફૂટ ઊંચું વધે છે. તેનું થડ કઠણ, શાખાઓ-વાળું ને ભૂખરી છાલવાળું હોય છે. જાસૂદનાં પાન નીચેથી ગોળાકાર પણ ઉપરની બાજુએ–ટોચે અણીદાર તથા તેની કિનારી કાંગરીવાળી હોય છે, શાખાઓ પર તે એક પછી એક ગોઠવાએલાં હોય છે.

જાસૂદનાં પુષ્પો હાથના પંજા જેટલા ઘેરાવાવાળાં મોટાં, લાંબી દાંડી-વાળાં અને શાખાઓ પર એકાકી ઊગેલાં હોય છે. તેની વચ્ચેથી નીકળતી પુંકેસરની પાતળી લાંબી ને છેડે ઝૂમખાદાર નળી ફૂલની શોભામાં વધારો કરે છે. બાળકો તે હોંસેહોંસે ખાય પણ છે. આપણે ત્યાં જાસૂદનું સંવ-ર્ધન કાપકલમથી થાય છે, કારણ આપણા દેશમાં થતા જાસૂદને ફળ બેસતાં જોવા મળતાં નથી, પરંતુ જ્યાં થાય છે ત્યાં તેનું ફળ ગોળ અને અંદર અનેક બીજવાળું હોય છે.

'રોઝ ઑવ શેરો' (Hibiscus Syriacus)નામની જાસૂદની એક જાતનાં ફૂલ ઘંટાકૃતિ અને જાંબલી રંગનાં હોય છે. આ જાતનાં પાન અને વૃક્ષનું કદ પણ નાનું હોય છે.

'ગુલ-એ-અજાયબ' (Hibiscus-Mutabilis) નામે તેની એક જાત તો ખરેખર અજબ છે. ગુલાબ જેવાં ને જેવડાં તેનાં ફૂલ, સવારે શ્વેત કે અતિ ફિક્કા ગુલાબી રંગનાં હોય છે તે સાંજ પડતાં સુધીમાં ઘેરો લાલ રંગ ધારણ કરી લે છે. આથી એને અંગ્રેજીમાં 'ચેન્જે-બલ રોઝ' પણ કહે છે.

જાસૂદની, લાલ, પીળી, સફેદ એમ વિવિધરંગી જાત થાય છે. જેમાં સફેદ સૌથી વધુ ગુણકારી ગણાય છે. બૅંગ્લોરમાં લાલબાગની જાસૂદની અનેક નવી જાત ઉપજાવવામાં આવી છે. ત્યાંથી મંગાવીને સપ્રોસરા

મુંબઈની ફિલ્મલાઈનમાં આટલા બધા બંગાળીઓ કામ કરતા હશે એ તો અહીં આ ટોળા વચ્ચે ઘૂમ્યા ત્યારે જ ખબર પડી. આમાંથી કોઈ ફેલુદાને ઓળખી યે જાય કદાચ. અને એમ થયું પણ ખરું. કૅમેરા-મૅન દાશુ ઘોષની સાથે પરિચય થતાં જ એમની આંખો ઝીણી થઈ ગઈ, 'મિત્તર? તમે ડિટેક્...?'

'એ જ. પણ હમણાં વાત ખાનગી જ રાખજો.' ફેલુદાએ એમને વચ્ચેથી જ અટકાવીને સૂચના આપી.

'કેમ સાહેબ? તમે તો અમારું પ્રાઈડ છો. પેલી ઈલોરાની મૂર્તિ...'

ફેલુદાએ હોઠ પર આંગળી મૂકી ફરી એ સજ્જનને બોલતા અટ-કાવ્યા. છતાં દાશુબાબુએ ધીમેથી એટલું તો પૂછયું જ, 'અહીં પણ કંઈ તપાસ માટે આવ્યા છો કે શું?'

'ના, ના. આ મારા મિત્ર જોડે ફરવા જ આવ્યો છું.'

દાશુ ઘોષ એકવીસ વર્ષથી મુંબઈમાં રહે છે, છતાં નિયમિત બંગાળી નવલકથાઓ વાંચતા રહે છે. 'જટાયુ'ની પણ બે-ત્રણ ચોપડી વાંચી છે. આ શૂટિંગમાં એમના ઉપરાંત બીજા બે કૅમેરામૅન પણ હતા. પુલક-બાબુના ચાર આસિસ્ટંટમાં યે બે બંગાળી હતા. જો કે ઍક્ટરોમાં કોઈ બંગાળી નહોતું. આજના શૂટિંગમાં અર્જુન મેરહોત્રા અને વિલન મિકી હાજર હતા. મુંબઈના ઊગતા વિલનોમાં મિકી ટૉપ ગણાતા હતા. એક સાથે એમણે સાડત્રીસ પિક્ચર માટે સાઇન કરી હતી. અને એથી એમાંના ઓગણત્રીસ પિક્ચરની વાર્તામાં ચૅઈન્જ કરીને ફાઈટની સંખ્યા ઘટાડવી પડી હતી. સારે નસીબે 'જેટ બહાદુર'માં ફાઈટના કુલ ચાર સીન હતા. જો વધુ હોત તો પુલકબાબુ અને મિ. ગોરેને પણ કાપકૂપ

(જિ. ભાવનગર)ના 'લોકભારતી' મહાવિદ્યાલયમાં બારેક જેટલી જાત લગાડવામાં આવી છે. તાતા કંપનીના ઉદ્યાનવિદ્યા-વિશારદ શ્રી એમ. ડી. શર્માએ વિવિધ ક્રિયાકલ્પો કરીને રૂપ રંગ અને કદમાં નવીનવી જાતનાં જાસૂદ ઉપજાવ્યાં છે. વડોદરાના સયાજી બાગમાં લીલી છાંટવાળાં સફેદ પાનવાળી પણ એક જાત છે.

કવિ ભાસે 'પ્રતિજ્ઞા યૌગંધરાયણ' નાટકમાં એક પાત્રને જાસૂદ જેવાં લાલ લોચનોવાળો વર્ણવ્યો છે–'જપા પુષ્પમિવ રક્ત-લોચનઃ'

કવિગુરુ કાલિદાસે પણ 'મેઘદૂત'માં 'સાંધ્યંતેજઃ પ્રતિનવ-જપા પુષ્પ રક્તં દધાનઃ' કહીને સંધ્યાના રક્ત રંગને નવવિકસિત જપાપુષ્પ –જાસૂદની લાલિમા સાથે સરખાવ્યો છે.

ઉદીયમાન સૂર્યને પણ જાસૂદપુષ્પ જેવો રાતોચોળ વર્ણવાયો છે.

દસમી સદીના સંસ્કૃત કવિ ત્રિવિક્રમ ભટ્ટ પોતાના 'નલચંપૂ' (દમયન્તીની કથા)માં પ્રભાતની શોભાને સ્ફટિકોજ્જ્વલ જાસૂદ પુષ્પો સાથે સરખાવે છે: 'જાતે જરત્–જપા-પ્રસૂન-ભિન્ન સ્ફુટ-સ્ફટિક-કાંતિ-સમપ્રભે પ્રભાતસમયે'(ઉચ્છ્વાસ–૩). કવિભારવીએ પણ 'કિરાતાર્જુનીય'માં સંધ્યાની લાલિમાને 'નવ વિનિદ્ર જપા કુસુમત્વિષામ્' કહી જાસૂદનાં તાજાં ફૂલની લાલિમા સાથે સરખાવી છે. લાટ (ગુજરાત)ના વિખ્યાત સંસ્કૃત કવિ માઘે પણ–

अनुवतं बनराजि-वधू-मुखे

बहल-राम-जपाधर चारुणि ॥

કહીને વનરાજી-વધૂના મુખને જાસૂદનાં પુષ્પરૂપી અધરોથી શોભાયમાન કહી છે.

શોભાવંત પુષ્પવૃક્ષ તરીકે લોકપ્રિય જાસૂદ આ ઉપરાંત પણ બહુ ઉપયોગી વનસ્પતિ છે. તેની છાલમાંથી કિંમતી રેસા નીકળે છે. તેનાં ફૂલનો રંગ બૂટને પૉલીશ કરવામાં ઉપયોગી હોઇ અંગ્રેજીમાં એને 'શૂ-ફ્લાવર' પણ કહે છે. તાજાં ફૂલનો રસ શરબત અને મીઠાઈને લાલ રંગ આપવામાં વપરાય છે.

જાસૂદનાં ફૂલનો રસ વાળની તંદુરસ્તી માટે પણ ગુણકારી હોઈ કેશતેલ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.

જાસૂદ-પુષ્પોનો કવાથ કફનાશક ને તાવમાં ઉપકારક ગણાય છે. આ ફૂલ શીતલ અને પિત્તહર હોઈ તેનું શરબત પ્રદર માટે લાભકર છે.

જાસૂદનાં ફૂલની કળીઓ ધાતુપુષ્ટિ માટે અને મૂત્રદાહ શમાવવામાં ઉપયોગી છે. આવી પાંચ કળીઓને ઘીમાં શેકીને સાકર નાખી તેનો શીરો બનાવીને રોજ ખાવાથી ગર્ભસ્રાવની ફરિયાદ દૂર થતી હોવાનું વૈદ્ય શ્રી બાપાલાલ શાસ્ત્રી સાઠે લખે છે.

જાસૂદનાં પાન સૌમ્ય વિરેચક મનાય છે. □

માટે માથું ખજવાળવું પડયું હોત.

આ બધી માહિતી અમને પ્રૉડક્શન મૅનેજર સુદર્શન દાસે આપી. તેઓ ઓરિસ્સાના હતા. ઘણાં વર્ષોથી મુંબઈમાં જ હતા, પણ તેમણે અમને કહ્યું કે હવે આ ફિલ્મ પૂરી કર્યા પછી કટક જઇને જાતે એક ઉડિયા ફિલ્મ બનાવવા ઇચ્છતા હતા.

ફરતાંફરતાં ફેલુદા એક નાના ટોળા પાસે પહોંચી ગયા. ફિલ્મમાં ડાકુનો પાઠ કરનારા ત્યાં મેકઅપ કરી ડાકુનો વેષ પહેરીને શૂટિંગની રાહ જોતા ઊભા હતા. એક ડાકુ સાથે ફેલુદાને મજાથી વાત કરતા જોઈ મને જરા નવાઈ લાગી. નજીક સર્યો અને પેલા ડાકુનો અવાજ સંભળાયો. ઓત્તારી, આ તો કુંગ-ફુ એક્સપર્ટ વિક્ટર પેરુમલ. હીરોના જોડિયા ભાઈના વેષમાં. દોડતા ઘોડા ઉપરથી ચાલુ ટ્રેનના છાપરા ઉપર એમણે કૂદી પડવાનું હતું અને પછી છ ડબ્બાનાં છાપરાં પર દોડીને એન્જિનમાં પહોંચી જઈ ત્યાં વિલન મિકી સાથે મારામારી કરીને તેને ઘાયલ કરવાનો હતો. આ પછી હતી હીરોની ઍન્ટ્રી અને વીસ વર્ષથી ગુમ થઈ ગએલા પોતાના જોડિયા ભાઈ સાથે હાઈ વૉલ્ટેજ ફાઈટ.

આ બધો મહાભારત વ્યાપાર જોઈ શી ખબર કેમ લાલમોહનબાબુ ચૂપ થઈ ગયા હતા. જો કે ખરી રીતે તો એમણે ખુશ થવા જેવું હતું. એમની વાર્તા પરથી બનતી ફિલ્મ માટે જ તો આ બધી ધમાલ હતી. એ કહે : 'મેં તો એક વાર્તા લખી. પણ તેના પર ફિલ્મ બનાવવા આ આટલા બધા માણસો કેટલી મુશ્કેલીઓ, કેટલી મહેનત ને કેટલો બધો ખર્ચ કરી રહ્યા છે? આ બધું જોઇને એક પિક્યુલીઅર ફીલિંગ થઈ આવે છે, તપેશ. ક્યારેક હું મારી જાતને શક્તિશાળી માનું છું. તો વચ્ચેવચ્ચે એક પ્રકારની ગિલ્ટી ફીલ કરું છું. વળી, સાથે એમ પણ થાય છે કે આ લોકો લેખકને જરાય સન્માન દેતા નથી. કેટલા લોકો અહીં 'જટાયુ'નું નામ જાણતા હશે?'

સાંત્વના દેતાં હું બોલ્યો : 'ફિલ્મ જો હિટ જશે તો જરૂર જાણશે.'

'જોઇએ, આશા રાખીએ.' દીર્ઘ શ્વાસ છોડી લાલમોહનબાબુ બોલ્યા.

વેષ પરિધાન ને મેકઅપ કરીને જે તૈયાર થઈ ગયા હતા તેઓ ઘોડા પલાણીને એક વડલા હેઠળ છાયામાં એકઠા થઇ ઊભા હતા. ગણી જોયા, નવ ઘોડેસવારો હતા.

થોડી જ વારમાં બ્લ્યૂ કાચ બંધ કરેલી એક જબ્બર સફેદ લિંકન કન્વર્ટિબલ ગાડી આવી પહોંચી. તેમાંથી હીરો અને વિલન ઊતર્યા. હીરોઈનની આજે અહીં જરૂર નહોતી. ટ્રેનના ડબામાં બંધાએલી સ્થિતિમાં એના જે શૉટ્સ હતા એ તો બધા સ્ટૂડિયોમાં લેવાના હતા. સારું જ થયું તે અહીં નહોતી આવી. કારણ આ બે પુરુષ ઍક્ટરો પણ જેવા મોટરમાંથી ઊતર્યા કે તેમની આજુબાજુ શૂટિંગ જોવા આવી ચડેલા લોકોએ ધમાચકડી બોલાવી દીધી, તો હીરોઈન આવી હોત તો શું થાત?

સુદર્શનબાબુએ ચા લાવી આપી હતી, એ પીને કપ પાછા આપતા હતા ત્યાં લાઉડસ્પીકરમાંથી ઘોઘરો અવાજ ગાજી ઊઠયો : 'ટ્રેન ઈઝ કમિંગ. ટ્રેન આતી હૈ, એવરીબડી રેડી.'

છુક છુક કરતી ગાડી આવી. આઠ બોગી સાથે જૂની ટાઈપનું એન્જિન આવીને જ્યારે લેવલ ક્રૉસિંગ પર ઊભું રહ્યું ત્યારે ઘડિયાળમાં એકમાં પાંચ મિનિટ બાકી હતી. ફર્સ્ટ ક્લાસ એક જ ડબો હતો, અને તે પણ અસલી ટાઈપનો, બીજા ડબાઓથી અલગ પડી જતો. ગાડીમાં માથેરાનથી જ પૅસેન્જરો બેસાડી દીધા હતા. છોકરા-છોકરી બુઢ્ઢા બુઢ્ઢી અને અલગ-અલગ ટાઈપના લોકો હતા. ટ્રેન ઊભી રહેતાં જ પુલકબાબુના કામની ધમાલ ને દોડાદોડી ચાલુ થઈ ગઈ. તેઓ પોતે પણ એક કૅમેરાથી બીજા કૅમેરા વચ્ચે દોડતા હતા. એક વાર હીરો પાસે, ત્યાંથી વિલન પાસે, ત્યાંથી વળી આસિસ્ટંટ પાસે એમ દોડાદોડી ચાલતી હતી. લાલમોહનબાબુ પણ આ બધું જોઈ બોલી ઊઠયા : 'કબૂલ મોશાય, હવે બરાબર સમજાઈ ગયું કે માત્ર રૂપિયા ખરચવાથી જ ફિલ્મ નથી બનતી.'

હીરોની કાર રેડી હતી. કાળાં ચશ્માં ચડાવી સ્ટીઅરિંગ પકડી અર્જુન મેરહોત્રા તેમાં બેઠો હતો. પાસે તેનો પોતાનો મેકઅપ મૅન પણ હતો. બીજા પણ બે ઉલ્લુ જેવા જુવાનિયા સાથે હતા. ચમચા-બમચા જ હશે. હીરોની ગાડીની આગળ હૂડ ખોલી નાખેલી એક જીપ ગાડીમાં સ્ટૅન્ડ ઉપર કૅમેરા પણ તૈયાર હતો. વિકટરની ઘોડેસવાર ડાકુ ટોળી અગાઉથી રવાના થઈ ગઈ. ચાલુ ટ્રેનમાંથી એમને સિગ્નલ મળે ત્યારે એક ખાસ ટેકરા પરથી નીચે આવીને તેમણે ટ્રેનની સાથેસાથે ઘોડા દોડાવવાના હતા. વિલન મિકીને પણ જોયો. પુલકબાબુના સહકારી સાથે એ એંજિન તરફ જઇ રહ્યો હતો.

અમારે શું કરવું તેની અવઢવમાં અમે હતા. કારણ મિ. ગોરે ક્યાંય

દેખાતા નહોતા. એ આવ્યા છે કે નહિ તે પણ સમજાતું નહોતું. ભીડ ઓછી થવા લાગી, છતાં હજી અમારી પાસે કોઈ આવતું નહોતું એટલે લાલમોહનબાબુને ચટપટી થવા લાગી. કહે : 'ઓ, ફેલુબાબુ, આપણને આ લોકો ભૂલી જ ગયા કે શું?'

'એક જ તો છે આ ફર્સ્ટ ક્લાસનો ડબો. અને વાત થઈ છે તે હિસાબે આપણે એમાં ચડી જવાનું છે. છતાં એકબે મિનિટ રાહ જોઈએ.'

પણ બે મિનિટ પહેલાં જ ઍન્જિનની વ્હીસલ વાગી. એ સાથે જ સુદર્શનબાબુ પણ દોડી આવ્યા. 'અરે તમે અહીં ઊભા છો? તમે ફર્સ્ટ ક્લાસમાં ચડી જાઓ.' અમે હાથમાં બૅગ લઈ દોડયા અને ગાડીમાં ચડી ગયા. દોડતાંદોડતાં સુદર્શનબાબુએ કહ્યું : હમણાં જ એક જણ કહી ગયો છે કે ગોરે સાહેબ અર્ધા કલાક પછી આવી પહોંચશે. પહેલો શૉટ લેવાઈ જતાં તુરત ટ્રેન અહીં પાછી આવવાની છે.'

ડબામાં ચડીને જોયું તો બૅન્ચ પર પાણીનો એક મોટો ફ્લાસ્ક પડયો હતો. બાજુમાં જ સફારી રેસ્ટોરાંના લેબલવાળાં ચાર સફેદ બૉક્સ પણ હતાં. આટલી ધમાલ વચ્ચે યે સજ્જનનું ધ્યાન બધી જ બાબતમાં પહોંચતું હતું એ અમે જોયું.

બીજી વ્હીસલ થઈ અને એક હળવા આંચકા સાથે ગાડી ઊપડી. અમે ત્રણેય બહાર ચાલનારા શૂટિંગનું કામ જોવા તૈયાર થયા. એક નવો જ અનુભવ હતો, અને તેથી રોમાંચ પણ થતો હતો.

ધીમેધીમે ગાડી સ્પીડ પકડતી ગઈ. અમે બારી બહાર ડોકાઈ રહ્યા હતા. ગાડી બરાબર સ્પીડમાં આવી ત્યાં જમણી બાજુના રસ્તા ઉપર કૅમેરા સહિતની જીપ દેખાઈ. તેની પાછળ હીરોની બ્વિક. અત્યારે તેમાં હીરો સિવાય કોઈ નહોતું. જીપમાંનો કૅમેરા તેના ભણી જ મંડાએલો હતો. કૅમેરામૅન સિવાય જીપમાં બીજા ત્રણ હતા. એમાંનો એક તો પુલકબાબુનો આસિસ્ટંટ હતો. હાથમાં ભૂંગળું લઈ એ તેમાં બોલીને અવારનવાર હીરોને ડાબી જમણી બાજુમાં ફેરવવા સૂચના આપતો હતો

ટ્રેનના એક ડબાની અંદર બીજો કૅમેરા હતો, જેની સાથે પુલકબાબુ હતા. ત્રીજો કૅમેરા ટ્રેનના છેલ્લા ડબાના છાપરા ઉપર ગોઠવ્યો હતો.

ફિલ્મમાં જોવા મળે છે તેમ હીરોની ગાડી બહુ સ્પીડમાં દોડતી લાગી નહિ, એટલે હું કંઈક નિરાશ થયો. પણ ફેલુદાએ કહ્યું : 'ભલે ગાડી સ્પીડમાં ન લાગે, પણ પર્દા પર તો એ મારમાર દોડતી દેખાશે. કારણ કૅમેરાની સ્પીડ પણ ઘટાડીને આ શૉટ લેવાતો હશે. વળી, તને એ જેટલી ધીરી લાગે છે એટલી ધીરી એ નથી દોડતી, કારણ આપણી આ ટ્રેન અને એ બંને લગભગ એક ગતિએ જાય છે. અને આ ટ્રેન પણ પણ કંઈ ધીમી નથી જતી.'

ફેલુદાની વાત ખરી હતી, આ મુદ્દો ખ્યાલ બહાર જ રહી ગયો હતો.

જરા વાર પછી કૅમેરા અને હીરોની ગાડી અમારા ડબાથી વધુ આગળ નીકળી ગયાં. જૂનો ડબો હતો એટલે બારીમાં સળિયા નહોતા. ડોક બહાર કાઢીને બહાર જોવાની મરજી થઈ પણ ફેલુદાએ મને વારતાં કહ્યું : 'પછી જેટ બહાદુર ફિલ્મ જોવા જઈશ ત્યારે પર્દા ઉપર તું પોતે જ બારી બહાર ડોક લંબાવીને જોતો દેખાશે એ કંઈ બહુ સારું નહિ લાગે.'

લોભસંવરણ કરીને સામેની બૅન્ચ પર બારી પાસે બેસવા જતો હતો એ જ વખતે પેલી વાસ આવી. જોયું તો ફેલુદા બાથરૂમના બારણા ભણી તાકી રહ્યા હતા. એકાએક એ બીજી જ દિશામાં ફરી ગયા અને તુરત પોતાના કોટના ગજવામાં એમણે જમણો હાથ નાખ્યો.

'એથી કોઈ લાભ નહિ થાય મિસ્ટર મિત્તર. ઑલરેડી તમારા તરફ એક રિવૉલ્વર તો તકાએલી જ છે.'

બરાબર એ જ વખતે પહાડ તરફનો ડબાનો દરવાજો ખૂલી ગયો અને હાથમાં રિવૉલ્વર સાથે એક જણ ડબામાં દાખલ થઈ બારણા પાસે જ ગોઠવાઈને ઊભો. એને અગાઉ ક્યાંક જોયો હતો. હા, એ જ, પેલો લાલશર્ટ. પણ આજે એનો પોશાક જુદો હતો. એના ચહેરા પર જે હિંસક ઝનૂન દેખાતું હતું એ તે દિવસે ઍરપૉર્ટ પર નહોતું. આજે તો એને જોતાં જ લાગતું હતું કે એ નર્યો ખૂની જ છે. એની રિવૉલ્વર સીધી ફેલુદા ભણી તકાએલી હતી. બાથરૂમનો દરવાજો હવે પૂરેપૂરો ખૂલી ગયો અને આખા ડબામાં ગુલબહારની ગંધ ફેલાઈ ગઈ.

'સાન...સાન...' લાલમોહનબાબુ તો ગભરાટથી જાણે એકદમ સંકોડાઈ ગયા હતા. બોલવા જતાં એમની જીભ પણ લોથવાતી હતી.

'હા. સાન્યાલ જ છું.' બાથરૂમમાંથી બહાર આવતાં તેણે કહ્યું. 'અને મૂળ તો મારે તમારું જ કામ છે, મિસ્ટર ગાંગુલી.' અને પછી અવાજ જરા વધુ ઊંચો કરી ઉમેર્યું, 'મેં આપેલું પુસ્તકનું પૅકેટ ક્યાં છે? ઘેર તો નહિ જ મૂકી આવ્યા હો. ચાલો બૅગ ખોલો ને બહાર કાઢો એ. નહિતર શું પરિણામ આવશે તે કહેવાની હવે જરૂર નથી.'

'પૅ...પૅ...પૅકેટ...'

'કયા પૅકેટની વાત કરું છું એ તમે ચોક્કસ જાણો છો. તમારું પોતાનું પુસ્તક તમારા હાથમાં મૂકવા તો હું નહોતો જ આવ્યો તે દિવસે ઍરપૉર્ટ પર. ચાલો, હવે મારું એ પૅકેટ બહાર કાઢો.'

'તમે ભૂલ કરો છો, મિ. સાન્યાલ! એ પૅકેટ એમની પાસે નથી, મારી પાસે છે.' ટ્રેનના ધડધડાટમાં બધાને બરાડા પાડીને બોલવું પડતું હતું, પણ ફેલુદાનો ગંભીર અવાજ ધીમો છતાં ગાડીના અવાજને ઓળંગીને સાન્યાલ સુધી પહોંચી ગયો. ચશ્માંની પાછળ એમની આંખો સળગી ઊઠી.

'લાઈફ ડિવાઈનનાં એટલાં બધાં પાનાંઓ ખરાબ કરવાથી તમારું એશ્વર્ય કંઈ વધ્યું?' ફેલુદાનો અવાજ હજી યે ધીમો જ હતો અને શબ્દો તોળેલા.

'નિમ્મો!' સાન્યાલે બારણા પાસે ઊભેલા પેલા ગુન્ડા ભણી આડી નજરે જોતાં સૂચના આપી, 'ઈન તીનોંમેં સે કોઈ ભી કુછ ગરબડ કરે તો ઉનકો ખત્મ કર દેના.' અને પછી ફેલુદાને, 'હાથ ઉપર રાખો મિ. મિત્તર!'

'તમે વધુ પડતું જોખમ ખેડી નથી રહ્યા?' ફેલુદા બોલ્યા. 'તમે જે વસ્તુ માગો છો એ મળી ગયા પછી યે તમે અમને છોડવાના તો નથી જ, પણ અમને ખત્મ જ કરી દેશો. પરંતુ ટ્રેન થોભ્યા પછી તમારી શી દશા થશે એ તમે વિચારી લીધું છે?'

'ઈટ્સ ઈઝી.' કદરૂપું હાસ્ય કરતાં સાન્યાલ બોલ્યા. 'મને અહીં કોણ ઓળખે છે? આટલા બધા પૅસેન્જરો છે ટ્રેનમાં. તેમાં શું ભળી જઈ નહિ શકાય? તમારી લાશ અહીં પડી રહેશે અને અમે બીજા ડબામાં ચાલ્યા જઈશું. વેરી ઈઝી, ઈઝન્ટ ઈટ?'

ફેલુદા સાથે ઘણી જાતનાં સંકટોમાં પડીને મારી હિંમત વધી ગઈ છે એ ખરું, પણ એક કારણને લીધે અત્યારે હિંમત કરવાની ખૂબ કોશિશ કરવા છતાં યે મારું શરીર ઠંડું પડી જતું હતું. કારણ માત્ર પેલો નિમ્મો. એના જેવા નિષ્ઠુર ખૂની ચહેરા તો માત્ર વાર્તાઓમાં જ જોવા મળે. ડબાના બંધ દરવાજાને અઢેલીને એ ઊભો હતો. એનું ભરત ભરેલું શર્ટ ખુલ્લી બારીમાંથી આવતા પવનથી ફરફરતું હતું. ટ્રેનના હડદોલાથી હલતો હોવા છતાં એના જમણા હાથમાં પકડેલી રિવૉલ્વર બરાબર ફેલુદા સામે તકાઈ રહી હતી.

એકએક ડગલું ભરતા સાન્યાલ આગળ આવતા હતા. ગુલબહારની તીવ્ર વાસ અકળાવી રહી હતી. એની નજર ફેલુદાની બૅગ પર હતી. સામેની સીટ ઉપર જ એ પડી હતી. લાલમોહનબાબુની સ્થિતિ શી હતી તે ખબર નથી, કારણ તેઓ મારી પાછળ હતા, પણ એમના લાંબા શ્વાસોચ્છ્વાસનો અવાજ મને સંભળાતો હતો.

ટ્રેન દોડી રહી હતી, એટલે કે શૂટિંગનું કામ હજી ચાલુ જ હતું. મિ. ગોરેએ અમને કેવી ભયાનક સ્થિતિમાં જકડી લીધા હતા એની બહાર કોઈને ખબર જ ક્યાંથી હોય ? સાન્યાલ પેલી સીટ ઉપર બેઠા અને બૅગનો કૅચ દબાવ્યો, પણ એ ખૂલ્યો નહિ. 'આની ચાવી ક્યાં છે ?' ગુસ્સાથી વિકૃત રૂપે એનો ચહેરો તંગ બની ગયો હતો.

'ખિસ્સામાં.' ફેલુદાએ શાંતિથી જવાબ આપ્યો.

'ક્યા ખિસ્સામાં ?' 'જમણી બાજુના.'

હું જાણતો હતો કે ફેલુદા એ ખિસ્સામાં જ રિવૉલ્વર રાખતા હતા. સાન્યાલ ઊભા થયા. ગુસ્સાથી એ ધૂંધવાઈ રહ્યા હતા. શું કરવું તે વિચારવા થંભ્યા અને પછી બરાડો મારી મને કહ્યું, 'તું અહીં આવ.'

મેં ફેલુદા તરફ જોયું. જોતાં મને સમજાઈ ગયું કે સાન્યાલ કહે તેમ કરવાનું તેમાં સૂચન હતું. હું જ્યારે ફેલુદા તરફ આગળ વધતો હતો ત્યારે ટ્રેનના અવાજ ઉપરાંત બીજો અવાજ પણ સંભળાયો—ઘોડાના ડાબલાનો. આટલી વારમાં ક્યારે ડાબી તરફનો પહાડ આવી ગયો તેનો ખ્યાલ જ નહોતો રહ્યો. ફેલુદાના ખિસ્સામાં હાથ નાખતો હતો ત્યારે પહાડના ઢોળાવ પરથી ડાકુઓનું ટોળું નીચે ઊતરી રહ્યું હતું. રિવૉલ્વરની પાસે ફંફોસતાં બૅગની ચાવી મળી આવી.

'એ ચાવી મને આપી દે.' મેં ચાવી સાન્યાલને આપી દીધી. ફેલુદાના બંને હાથ હજી ઊંચકાએલા જ હતા. સાન્યાલે બૅગ ખોલી. 'લાઈફ ડિવાઈન' પુસ્તક ઉપર જ પડ્યું હતું. એણે તે તુરત ઝડપી લીધું. બહાર ઘોડા તીરવેગે નીચે ધસી આવતા હતા અને ગાડીની સાથે જાણે દોડની સ્પર્ધા કરી રહ્યા હતા.

સાન્યાલે પુસ્તકનાં પાનાં ઊથલાવવા માંડ્યાં, પણ પછીનાં પાનાંની એક આખી થોક ચોંટેલી હતી. નખ ભરાવી સાન્યાલે એ થોક ખોલી નાખી તો તેની વચ્ચે પોલાણ દેખાયું. પાનાંઓને ચારે બાજુ કિનારી અકબંધ રાખી વચ્ચેથી કાપી નાખીને ખાના જેવું બનાવેલું હતું. એની અંદરથી શું નીકળવાની આશા સાન્યાલે રાખી હશે એ તો એ જાણે, પણ જે નીકળ્યું તે જોઈ એનો ચહેરો જોવા જેવો થઈ ગયો. અંદરથી નીકળ્યાં સિગારેટનાં ઠૂંઠાં, બળેલી દીવાસળીઓ અને રાખ.

'ગુસ્સે ન થશો, મિ. સાન્યાલ,' ફેલુદા બોલ્યા, 'પણ રાખદાન તરીકે તેનો ઉપયોગ કરવાનો લોભ હું રોકી ન શક્યો.'

આ વખતે સાન્યાલે ગુસ્સાથી જે બરાડો પાડ્યો તે તો કદાચ ડબાની બહાર પણ સંભળાયો હશે. 'બેઅદબી કરવાની બીજી કોઈ જગ્યા ન મળી ? અંદરનો અસલી માલ ક્યાં છે ?'

'ક્યા માલની વાત કરો છો તમે ?'

'સ્કાઉન્ડ્રેલ ! તને ખબર નથી હું શાની વાત કરું છું ?'

'ચોક્કસ ખબર છે. પણ હું તમારા મોંએથી સાંભળવા માગું છું.'

'ક્યાં છે એ ?' સાન્યાલ ફરી ગર્જી ઊઠ્યા.

'ખિસ્સામાં.' 'ક્યા ખિસ્સામાં ?' 'ડાબી બાજુના ખિસ્સામાં.'

ડાકુઓના ઘોડા હવે અમારા ડબાની બારી નજીક દોડી રહ્યા હતા. પહાડનો ઢાળ હવે ટ્રેનની લગોલગ આવી ગયો હતો. ઘોડા દોડવાથી ઊડતી ધૂળ અમારા ડબામાં પણ આવતી હતી.

'યુ, ધેર !' મને ખબર જ હતી કે ફરી હુકમ છૂટશે, 'એમ ડાચું ફાડીને શું ઊભો છે ? જા, હાથ નાખ ખિસ્સામાં !' ફરી હુકમ માનવો પડ્યો. આ વખતે ખિસ્સામાંથી જે ચીજ મારા હાથમાં આવી તેવી વસ્તુ તો મેં જિંદગીમાં ક્યારેય ઝાલી નહોતી. હીરામોતીથી ઝળહળતો એક હાર મારા હાથમાં લટકી રહ્યો હતો.

'લાવ, એ મને આપી દે.' સાન્યાલની આંખો ફાટી રહી હતી. પણ આ વખતે ગુસ્સાથી નહિ, પરંતુ ઉલ્લાસ અને લોભથી.

મારો હાથ સાન્યાલ ભણી લંબાયો, ફેલુદાના હાથ હજી ઊંચકાએલા જ હતા. પણ લાલમોહનબાબુના મોંમાંથી ઠરડાએલો અવાજ આવ્યો. 'ડાકુ...ડાકુઓની ટોળી...!'

ધડાક ! એક ભારે મોટા અવાજની સાથે અમારો ડબો હચમચી ગયો, અને તુરત મેં નિમ્મોને ડબામાં ગડથોલિયું ખાઈને પડતો જોયો. બારીમાં લટકતા દેખાતા પગની જોરદાર લાત તેને લાગી હતી. પડવા સાથે જ એણે રિવૉલ્વરમાંથી છોડેલી ગોળીએ છતમાંની બત્તીના કાચનો ચૂરો કરી નાખ્યો હતો. અને એ સાથે જ ફેલુદાએ વીજળીવેગે પોતાની રિવૉલ્વર સંભાળી લીધી હતી.

પહાડ ભણીનું ડબાનું બારણું, જ્યાં પહેલાં નિમ્મો અઢેલીને ઊભો હતો, તે ખૂલ્યું અને તેમાંથી જે ડાકુ ડબામાં પ્રવેશ્યો તેને અમે ત્રણે જણ ઓળખતા હતા.

'થૅંક્યુ વિક્ટર, થૅંક્યુ વેરી મચ.' ફેલુદાએ પ્રશંસાપૂર્વક કહ્યું.

મિ. સાન્યાલને હવે સીટ પર બેસી જવું પડ્યું. એમનું શરીર કંપી રહ્યું હતું, ગુસ્સાથી નહિ, ડરથી. કારણ હવે પલટાઈ ગએલી બાજીનો પૂરો ખ્યાલ તેમને આવી ગયો હતો. નાસવા માટે કોઈ માર્ગ રહ્યો નહોતો.

બીજી બાજુ ચાલી રહેલા શૂટિંગમાં કંઈક ગરબડ થઈ ગઈ છે એમ જાણી કોઈએ જરૂર સાંકળ ખેંચી હશે, કારણ દોડી રહેલી ટ્રેન એકદમ આંચકા સાથે અટકી ગઈ હતી. થોડી જ વારમાં શોરગુલ મચી ગયો. અનેક મુખે એક જ નામની બૂમાબૂમ સંભળાતી હતી:

'વિક્ટર, વિક્ટર ક્યાં ગયો ?' કારણ સ્પષ્ટ હતું. વિક્ટરે કૂદી પડવાનું હતું ડબાના છાપરા ઉપર અને એ સીધો અમારા ડબાની અંદર કૂદી આવ્યો હતો.

ફેલુદાએ બારણું ખોલી બહાર ઝૂકીને વિક્ટરને ખોળવા માટે દોડી રહેલા પુલકબાબુને બૂમ મારીને બોલાવ્યા. હાંફળાફાંફળા એ ડબામાં ચડ્યા ત્યારે તેમના ચહેરા પરથી મોતિયાં મરી ગયાં હતાં. કારણ સમજી શકાતું હતું. સાંભળ્યું છે કે આવા શૉટમાં કંઈ ગોટાળો થઈ જાય તો સહેજે ત્રીસ-પાંત્રીસ હજાર રૂપિયાનું પાણી થઈ જાય. ડબામાં આવતાં જ વિક્ટરને જોઈ બરાડ્યા.

'શી વાત છે વિક્ટર ? આ શો ગોટાળો કરી નાખ્યો તેં ?'

'શાંત થાઓ, પુલકબાબુ,' ફેલુદાએ કહ્યું, 'તમારી ફિલ્મમાં જેટ બહાદુરની ઉપમા એક માત્ર આ વિક્ટર પેરુમલને જ મળી શકે છે.'

'એટલે ?' પુલકબાબુ અવાક્ બની ફેલુદા ભણી તાકી રહ્યા. એમના આકુળવ્યાકુળ ચહેરા પરથી હજી ગુસ્સો શમ્યો નહોતો.

'અરે, સ્મગલરનો પાઠ પરમેશ કપૂરના બદલે તમારે આમને દેવો જોઈતો હતો.' ફેલુદાએ મિ. સાન્યાલ તરફ ઇશારો કરતાં કહ્યું.

'શું ઊંધુંસીધું બકો છો ? કોણ છે આ આદમી ?'

આ જ વખતે જમણી બાજુના રસ્તા પરથી બે ગાડીઓ આવી ચડી—પોલીસની જીપ અને પોલીસવાન. જીપ અમારા ડબા પાસે જ ઊભી રહી. તેમાંથી ઈન્સ્પેક્ટર પટવર્ધન બહાર આવ્યા.

પુલકબાબુના સવાલના જવાબમાં ફેલુદાએ મિ. સાન્યાલ તરફ આગળ વધીને બે આંચકે એમનાં દાઢી અને મૂછ ખેંચી કાઢ્યાં. બીજા બે ઝાટકા અને ખોટા વાળની વિગ તથા ચશ્મા પણ ઉતારી લેતાં એ બોલ્યા, 'તમારા બદન પરથી આ ગુલબહાર સેન્ટની વાસ પણ આમ ખેંચીને બહાર ફેંકી શકતો હોત તો બહુ ખુશ થાત, મિ. ગોરે, પણ એ એક જ બાબતમાં ફેલુ મિત્તર બેસહાય છે.'

'પ્રૉડ્યુસર પકડાઈ જવાથી ફિલ્મનું કામ બંધ પડી જશે એવું તમને કોણે કહ્યું, લાલુદા ?'

પુલકબાબુના પ્રશ્નનો લાલમોહનબાબુએ કંઈ ઉત્તર આપ્યો નહિ.

ગરદન નમાવી ગંભીર વદને એ ચૂપ બેઠા હતા. જો કે એ સ્વાભાવિક હતું. 'જેટ બહાદુર'ના ભવિષ્યની એમને ચિંતા હતી.

'જેટ બહાદુરને કોઈ રોકી નહિ શકે, લાલુદા. ગોરે જેલમાં જાય કે ચૂલામાં પડે, મુંબઈમાં કંઈ એક જ પ્રોડ્યુસર નથી. ચૂની પંચોલી તો એક વર્ષથી મારી પાછળ પડ્યો છે. જોજો ને, તમે હજી મુંબઈમાં છો ત્યાં જ નવી બૅનર નીચે ફરી કામ શરૂ થઈ જશે.'

આજનું શૂટિંગ અટકી પડ્યું તે તો હવે બંધ જ છે. ગોરે અને નિમ્મોના હાથમાં હાથકડી પડી ગઈ છે. નાનાસાહેબનો નવલખો હાર પોલીસના હાથમાં સોંપાઈ ગયો છે. આજે આવું કંઈક બનશે જ એ ફેલુદા સમજી ગયા હતા ને એટલે જ સવારે સિગારેટ ખરીદવાને બહાને એ ઈન્સ્પેક્ટર પટવર્ધનને મળીને જરૂરી બંદોબસ્ત કરીને આવ્યા હતા. ગોરેએ એક સમયમાં બાર વર્ષ કલકત્તામાં ગાળ્યાં હતાં. ડૉન બોસ્કો જ નહિ, સેન્ટ ઝેવીઅર્સમાં પણ એ ભણ્યો હતો, એટલે બંગાળી સાફ આવડતું હતું. જો કે મુંબઈમાં એ બંગાળીનો ઉપયોગ જવલ્લે જ કરતો.

અત્યારે અમે ખંડાલાના ડાકબંગલામાં બેઠા છીએ. ખૂબ સુંદર પહાડી જગ્યા છે. હવામાં ખુશનુમા ઠંડક છે. મુંબઈગરાઓ હવાફેર કરવા ખંડાલા આવે છે. પેલા ફર્સ્ટક્લાસમાં લંચ માટે લાવી રાખેલા સફારીના બૉક્સમાંનું મટન, દોપ્યાજી અને નાનને તો અમે ક્યારનાં પતાવી નાખ્યાં હતાં. હવે અત્યારે સાડા ચારે ચા-પકોડાંનો નાસ્તો ચાલતો હતો. અમારા ટેબલ પર હવે અમે ત્રણજ જણ બેઠા હતા. પુલકબાબુ હમણાં જ ઊઠીને મેરહોત્રાના ટેબલ પર ગયા. અર્જુન મેરહોત્રાનું મોં જરા ઊતરી ગયું હતું. કારણ હવે આજનો હીરો હતા પ્રદોષ મિત્તર. ઘણા બધા જણ આવી આવીને એમના ઑટોગ્રાફ લઈ જતા હતા. બીજા તો ઠીક વિલન મિકી પણ ઑટોગ્રાફ લઈ ગયો હતો.

સેકન્ડ હીરો હતા વિક્ટર પેરુમલ. ફેલુદાએ પહેલેથી જ એને કહી રાખ્યું હતું કે 'ઘોડેસવાર થઈ જ્યારે ટ્રેનની નજીક આવે ત્યારે ફર્સ્ટક્લાસના ડબા તરફ પણ નજર રાખજે, અને કંઈ ગરબડ જેવું લાગે તો સીધો અંદર કૂદી પડજે.' ફેલુદાને ઊંચા હાથ કરીને ઊભેલા જોઈને જ એ સમજી ગયા કે કંઈક અસ્વાભાવિક બની રહ્યું છે. પણ આટલું મોટું સાહસ કર્યાં છતાં એનામાં કોઈ ઉત્તેજના કે ઉશ્કેરાટ દેખાતાં નહોતાં. એણે તો ફરી પાછું ડાક બંગલા સામેના ચોગાનમાં વન ટુ થ્રી કરતાં કુંગ-ફુની પ્રૅક્ટિસ ચાલુ કરી દીધી હતી.

'પણ આમ એકાએક આ બધું શું બની ગયું?' આટલી વાર પછી લાલમોહનબાબુએ પહેલી વાર મોં ખોલ્યું.

'શું બની ગયું? તમે તો હજી યે અંધકારમાં જ છો. એમ જ ને?'

જટાયુએ ભોળું હાસ્ય હસીને માથું હલાવીને હા પાડી.

'તમારા મનનો અંધકાર દૂર કરવો અઘરો તો નથી જ, છતાં તમારે ગોરેને માણસ તરીકે ઓળખી લેવો પડશે, અને તો જ એનો કાર્યકલાપ તમને સમજાશે!' ફેલુદાએ કહ્યું: 'પ્રથમ તો એ સમજી લો કે એ માણસ મૂળ તો સ્મગલર, એટલે કે દાણચોર છે. પણ એણે વેષ ધાર્યો હતો સન્માનનીય ફિલ્મ પ્રૉડ્યુસરનો. તમારી વાર્તા પરથી એ ફિલ્મ બનાવતો હતો. તમે વાર્તામાં શિવાજી કૅસલમાં સ્મગલરો રહે છે એમ લખ્યું છે. સ્વાભાવિક છે કે એનાથી એ જરા વિચલિત થયો. તમને શિવાજી કૅસલ વિષે ખરેખર કેટલી ખબર છે તે જાણવા માટે એ સાન્યાલ બનીને તમને મળ્યો. પણ પછી એને ખબર પડી કે તમારાથી ડરવાનું કંઈ કારણ નથી, અને તમે તો તદ્દન સીધા સાદા ભોળા નિર્લિપ્ત માણસ છો. શિવાજી કૅસલની વાત એ તો એક જોગાનુજોગ જ હતો. આ પરથી તેના મગજમાં એક તુક્કો સૂઝ્યો, તમારા દ્વારા નવલખો હાર બૉમ્બે પહોંચાડી દેવાનો. માલ ગોરે જ મોકલતો હતો, એની ગૅંગના એક માણસને. સંભવ છે કે એ માણસ શિવાજી કૅસલના સત્તરમા માળે બે નંબરના ફ્લૅટમાં રહેતો હતો. જો પકડાઈ જાત તો તમે તો સાન્યાલનું જ નામ દેત, ગોરેનું નહિ. સમજાયું? એનો અર્થ એ કે સાન્યાલનું પાત્ર ઊભું કરીને ગોરે પોતે સેઈફ સાઈડ પર રહ્યો.

'હવે આ બાજુ ગોટાળો થઈ ગયો. પચાસ લાખ રૂપિયાના હારને બદલે તમે અજાણતાં જ તમારી પાંચ રૂપિયાની ચોપડી પેલા લાલશર્ટને આપી દીધી. એ લઈને એ, એટલે કે નિમ્મો શિવાજી કૅસલની લિફ્ટમાં સત્તરમા માળે જતો હતો, તે વખતે ગોરેની કોઈ હરીફ ગૅંગના માણસે નિમ્મો પાસેથી પૅકેટ પડાવવા લિફ્ટમાં હુમલો કર્યો. નિમ્મોએ તેનું ખૂન કર્યું અને પૅકેટ યથાસ્થાને પહોંચાડી દઈને પોતે લાપત્તા બની ગયો. આ તરફ પૅકેટમાંથી હાર નથી નીકળ્યો એ જાણ થતાં ગોરે બૉમ્બે દોડી આવ્યો. શું બન્યું હશે એ તેને સમજાઈ ગયું હતું. હવે તેને બે કામ કરવાનાં હતાં. એક તો હાર હાથ કરવાનો હતો અને આપણને ખતમ કરવાના હતા. તેને એક ખાતરી થઈ ગઈ હતી કે આપણે લાઈફ ડિવાઈનનો ભેદ પોલીસને જણાવીને એ હાર એમને સોંપી દીધો નહોતો. એટલે અહીં એને સાન્યાલનો પુનરાવિર્ભાવ કરવો જરૂરી હતો. માલ સાન્યાલે મોકલ્યો હતો એટલે સાન્યાલે જ તે પાછો મેળવવો રહ્યો અને એમ કરે તો જ ગોરે પર કોઈને શક ન જાય.'

'પણ ગુલબહાર...?'

'એ પણ કહું છું. ગુલબહાર સેન્ટનો ઉપયોગ કરીને ગોરેએ પોતાની બુદ્ધિશક્તિનું એક આશ્ચર્યકારક ઉદાહરણ પૂરું પાડ્યું. કલકત્તાથી જ તેણે એવી એક વિશિષ્ટ છાપ ઉપજાવી કે સાન્યાલ એટલે ગુલબહાર અને ગુલબહાર એટલે સાન્યાલ. એ ધારણા કમસે કમ તમારા મનમાં તો બરાબર ઠસી ગઈ હતી, ખરું ને?'

'હા, એવું તો થયું જ હતું.' લાલુદાએ કબૂલ કર્યું.

'બરાબર. હવે યાદ છે તે દિવસે આપણને પોતાના બેઠકખંડમાં બેસારીને ગોરે થોડી વાર માટે ઘરમાંથી બહાર ગયો હતો. એણે દેખાવ એવો કર્યો કે એ તમારા માટે રૂપિયા લેવા ગયો હતો એવું આપણે માનીએ. તમે એવું જ માનેલું ને?'

'હા, મને તો એમ જ લાગેલું.'

'પણ એ બહાને બહાર જઈને લિફ્ટમાં ગુલબહાર સેન્ટ છાંટી આવવું કંઈ મુશ્કેલ નહોતું. ઉપરથી નીચે સુધી બધા જ માળે સૂંઘી જોતાં ક્યાંય પણ એ વાસ આવી નહિ ત્યારે હું સમજ્યો કે એ માત્ર લિફ્ટમાં જ હતી. મતલબ કે એ વાસ કોઈ વ્યક્તિના શરીર પરથી નહોતી આવી, પણ લિફ્ટમાં કરેલા છંટકાવની જ હતી. એ જ રીતે માણસ મોકલીને લોટસ સિનેમા પાસે ઊભેલી તમારી મોટરમાં પણ ગુલબહારનો છંટકાવ કરાવવો પણ તદ્દન સરળ હતો.'

ફેલુદાએ સમજાવ્યું એટલે હવે તો બધું સાચે જ સહજ લાગવા માંડ્યું. લાલમોહનબાબુના દિમાગમાં પણ હવે બત્તી થઈ ગઈ હતી. છતાં એમના મોં પર સ્વાભાવિક મલકાટ ન જોઈ નવાઈ લાગી. પણ એ મલકાટ પુલકબાબુના એક વાક્યથી પ્રકટશે એ ક્યાંથી ખબર પડે? ડાક બંગલામાં ચાપાણી પતી ગયાં હોઈ હવે શહેર તરફ જવાની ધમાલ ચાલતી હતી. સૂર્ય પહાડની પાછળ ઢળી જવાથી હવામાં ઠંડી ઠંડી લહેરખીઓ આવતી હતી. એવામાં પુલકબાબુ ઝડપથી અમારી પાસે આવ્યા ને કહે: 'લાલુદા, શુક્રવારે 'જેટ બહાદુર'ની જાહેરખબર છપાવવાની છે, તે પહેલાં એક વાત પૂછી લેવી જરૂરી છે.'

'શી વાત છે, ભાઈ?' લાલમોહનબાબુએ ઢીલા અવાજે પૂછ્યું.

'તમારું કયું નામ છપાવવું છે? અસલ કે ઉપનામ?'

અને તુરત લાલમોહનબાબુના ચહેરા પર લાલી આવી ગઈ. એક વેંત પહોળું હાસ્ય હસી એમણે કહ્યું: 'ઉપનામ જ તો અસલ નામ છે, ભાઈ! અને જો, સ્પેલિંગ થશે જે એ ટી એ વાય યુ.' (સંપૂર્ણ)

સાહિત્યસંપર્ક

'દર્શક'ના દેશની આનંદયાત્રા

ધીરુ પરીખ

કોઈ એક સર્જકને અભ્યાસવિષય તરીકે સ્વીકારીને પીએચ. ડી. થવાની મિષે કેટલુંક સંશોધનકાર્ય કરવાની એક પરંપરા છે. પરન્તુ સર્જક 'સ્વાન્તઃસુખાય' સર્જન કરતો હોય છે તેમ ભાવકશ્રેષ્ઠ વિવેચક સ્વાન્તઃસુખાય વિવેચનપ્રવૃત્તિ કરતો હોય તેવાં ઉદાહરણો ઓછાં મળે છે. એમાં ય વળી અનુગામી સર્જકને પુરોગામી સર્જકમાં ભાવનકક્ષાએ બહોળો રસ પડે તે આજના સમયસંજોગોમાં વિરલ વાત ગણાય. શ્રી રઘુવીર ચૌધરીનું પુસ્તક 'દર્શકના દેશમાં'* સ્વાન્તઃસુખાય અને વિરલ પ્રવૃત્તિ છે.

આપણા એક સમર્થ નવલકથાકાર 'દર્શક'નો જીવન–સર્જન પરિચય એક ભાવકને નાતે એમના અનુગામી નવલકથાકાર શ્રી રઘુવીર ચૌધરીએ આ પુસ્તકમાં કરાવીને પૂર્વસૂરિને ઉચિત અર્ઘ્ય આપ્યો છે. એમણે નિવેદનમાં જ જણાવ્યું છે તેમ અહીં 'મૂલ્યાંકન કરવા કરતાં ભાવનનો આલેખ આપવામાં' જ એમનું ધ્યાન કેન્દ્રિત થએલું છે. ભાવનનિમિત્તે વચ્ચે વચ્ચે મૂલ્યાંકનની વાતો આવી જાય તે જુદી વાત છે.

પુસ્તકને એમણે આઠ ખંડમાં વહેંચ્યું છે. પ્રથમ ખંડનાં ૭ પ્રકરણોમાં રસળતી કલમે શ્રી 'દર્શક'નો જીવનપરિચય કરાવવામાં આવ્યો છે. આ પરિચયમાંથી પસાર થયા પછી જ્યારે બાકીના ખંડોનું વાચન ભાવક કરતો હોય છે ત્યારે 'દર્શક'ના વ્યક્તિત્વનો રંગ એમના સર્જનને કેવો લાગ્યો છે તે સમજતાં વાર લાગતી નથી. બીજો ખંડ 'દર્શક'ની ૭ નવલકથાઓનો આસ્વાદ કરાવે છે. વિગતવાર કથાસાર આપી પછી એનો આસ્વાદ કરાવવાની પદ્ધતિ અહીં સ્વીકારાઈ નથી, પરન્તુ વાચક ઉક્ત નવલકથાઓમાંથી અગાઉ પસાર થઈ ગયો છે તેવી થોડી પૂર્વધારણા સાથે લેખક ચાલ્યા છે. એટલે નવલકથાનાં રસસ્થાનોને ભાવકો સમક્ષ અનાવૃત્ત કરતાંકરતાં જ્યાં કથાદોરની જરૂર પડે ત્યાં એનો પણ સહારો લઈ એમણે તે તે કૃતિની ચર્ચા કરી છે, અનિવાર્યતા પ્રમાણે મૂળ કૃતિમાંથી અવતરણો પણ ઉદ્‌ધૃત કરવામાં આવ્યાં છે. ક્યાંક ક્યાંક મૂલ્યાંકનની મહોબ્બતથી વિવાદાસ્પદ વિધાનો પણ થઈ ગએલાં જોવા મળે છે. બીજા ખડમાં પ્રથમ પ્રકરણમાં 'બંદીઘર' નવલકથાનો આસ્વાદ કરાવી લેખક અંતે કૃતિની ભાષા તરફ વળે છે ત્યાર છેલ્લે બે વાકય અગડાવી દે છે: 'ભાષા સામાજિક નવલકથાને અનુકૂળ, વ્યવહારમાં ખપ લાગે એવી, અલંકારરહિત છે. આ એનો ગુણ છે, પરતુ સુંદર અવતરણક્ષમ વાક્યો કે વાક્યખંડો રચાયાં નથી એ પણ એક હકીકત છે.' અહીં પ્રથમ વાક્યના સંદર્ભમાં બીજું વાક્ય જાણે 'બંદીઘર'ની ભાષાના એક દોષ તરફ નામ પાડયા વગર નિર્દેશ કરે છે. ત્યારે પ્રશ્ન પણ થાય કે શું સુંદર અવતરણક્ષમ વાક્યો કે વાક્યખંડો એ કોઈ કૃતિની અનિવાર્યતા છે?

ત્રીજા ખંડમાં શ્રી 'દર્શક'નાં ત્રણ નાટકો—'જલિયાંવાલા', 'અઢારસો સત્તાવન' અને 'પરિત્રાણ'—નો આસ્વાદ કરાવવામાં આવ્યો છે, અહીં એમણે આ સ્વરૂપને લક્ષ્યમાં રાખી ચર્ચા કરી છે તે તેની નાટ્યક્ષમતા અંગે ઊભા થતા કે થએલા વ્યવહારુ પ્રશ્નોને પણ સાંકળી લીધા છે. ગ્રંથના પૃ. ૧૫૯ પર 'પરિત્રાણ'ની ભજવણીના સંદર્ભે થએલા ઉલ્લેખો આની ગવાહી પૂરશે.

ચોથો ખંડ શ્રી 'દર્શક'ના ઇતિહાસ વિષયક લખાણોની ચર્ચાનો છે. લેખકે આ ખંડને 'દર્શકનો ઇતિહાસ પ્રેમ' કહી દર્શક' ઇતિહાસ તરફના અભિગમની વ્યંજના પ્રકટ કરી આપી છે. તો પાંચમાં ખંડમાં શ્રી 'દર્શક'ના સમાજજીવનને લગતાં લખાણોનું ભાવન કરાવવામાં આવ્યું છે. આ બન્ને વિભાગોમાં 'દર્શક'ની એક ચિંતક-વિચારક તરીકેની તાસીર પ્રકટાવવામાં આવી છે ઇતિહાસ અને સમાજ બન્ને તરફનું 'દર્શક'નું દૃષ્ટિબિંદુ કેવું પ્રગતિમાન રહ્યું છે તેનો પણ લેખકે અહીં ઠીકઠીક પરિચય કરાવી આપ્યો છે.

છઠ્ઠા ખંડના પ્રથમ ત્રણ પ્રકરણમાં શ્રી 'દર્શક'નાં ત્રણ પુસ્તકોને કેન્દ્રમાં રાખી તેતે પુસ્તકમાંની એમની સાહિત્યવિચારણાને સ્પષ્ટ કરવાનો લેખકે અહીં ઉપક્રમ રાખ્યો છે. આ જ ખંડનાં છેલ્લાં બે પૃષ્ઠોના નાના પ્રકરણમાં પૂર્વોક્ત પુસ્તકોમાંની સાહિત્યવિચારણાના સંદર્ભમાં ઉપસંહાર કરવામાં આવ્યો છે. ત્યાં વળી અન્ય લેખકનો 'દર્શક'ની વિચારણા પરનો પરિચ્છેદ પણ આ લેખકે આપ્યો છે. એમાં માત્ર 'દર્શક'ના જ સાહિત્યની નહિ પણ 'દર્શક' ઉપરના સાહિત્યવાચનનીય લેખકની સજ્જતા પ્રકટી રહે છે. સાતમા ખંડમાં લેખક 'દર્શક'ને આપણા નૂતન કેળવણીકાર નાનાભાઈ ભટ્ટના ઉત્તરાધિકારી તરીકે મૂલવે છે ને આ જ ખંડના બીજા પ્રકરણમાં 'દર્શક'ની સર્ગશક્તિની અછડતી વિવેચના આપે છે. આ રીતે આ ખંડમાં 'દર્શકનાં બે પાસાં—કેળવણીકાર ને સાહિત્યકાર—ની વિશદ ચર્ચા કરવામાં આવી છે.

છેલ્લો આઠમો ખંડ ચાર પરિશિષ્ટોનો બનેલો છે, જે વિશેષે તો અભ્યાસીઓને વધુ ઉપયોગી થાય તેવો છે. આમાં પ્રકરણ પહેલામાં 'દર્શક'ના છત્રીસેક પત્રોમાંથી અંશો મૂકવામાં આવ્યા છે તે પત્રલેખકના વ્યક્તિત્વનાં વિવિધ મર્મસ્થાનોનો નિર્દેશ કરી રહે છે.

પુસ્તકની છપાઈ, કાગળ બધું સુંદર છે. પરન્તુ પૃષ્ઠ ૨૯૬ ઉપરના છેલ્લા ફકરામાં છે તેવી—વાગ્મિતાને સ્થાને વાગ્મિતાં અને 'ધી ક્રિટિકલ ઇડિયમ' ને સ્થાને 'ધી ક્રિટિકલ ઇડિયલ' જેવી—છાપભૂલો નિવારી શકઈ હોત તો? અહીં વળી 'ધી ક્રિટિકલ' નહિ, પણ 'ધ ક્રિટિકલ...' ઉચ્ચારણ થવું જોઈએ એ વાત જુદી.

સમગ્રતયા પુસ્તક તેના લેખકની ઝીણી અભ્યાસવૃત્તિ અને રસજ્ઞ દૃષ્ટિનું પરિચાયક બન્યું છે; અને એથી જ શીર્ષક છે તે પ્રમાણે 'દર્શક'ના ક્ષર અને અક્ષર દેશની વાચકને આનંદયાત્રા કરવે છે.

* પ્રકાશક. આર. આર. શેઠની કંપની, પાકું પૂઠું, પૃ. ૩૩૬, રૂ. ૪૦.

શબ્દકથા: ડોળો · દોહદ

આંખના ડોળા ઉપરાંત ડોળો 'સગર્ભા સ્ત્રીને થતી તીવ્ર ઇચ્છા' એવા અર્થમાં પણ કોશોમાં અપાયો છે. એ મરાઠીમાંથી આવ્યો જણાય છે. મરાઠીમાં डोहळा, डोहाळा છે. બંગાળી અને હિંદીમાં डोहल છે. તેમના મૂળમાં પ્રા. दोहल, डोहल છે, અને તેના મૂળ તરીકે સં. दोहद છે.

સં. दोह्वदનો ઇતિહાસ રસપ્રદ છે. द्विह्वदया એટલે કે 'બે હૃદયવાળી' સગર્ભા સ્ત્રી માટે એ સંસ્કૃતમાં વપરાયો છે. ह्वद એ ह्वदयનું બીજું રૂપ હોઈને द्विह्वद પણ આ જ અર્થ ધરાવે. તેના પરથી પ્રાકૃત અસર નીચે दोहद શબ્દ 'સગર્ભાના કોડ'ના અર્થમાં પ્રચલિત થયો, અને પાછું તેને સંસ્કૃત રૂપ આપીને दौह्वद શબ્દ ઘડી કાઢવામાં આવ્યો!

दोहदનું પ્રાકૃતમાં दोहल થયું છે, તેમાં જે છેલ્લા द નો ल થયો છે તે માટે સરખાવો गोदावरीના ટૂંકા રૂપ गोदाને માટે મહારાષ્ટ્રી પ્રાકૃતમાં મળતું गोला, અને सातवाहन કે सादवाहन રાજાનાં પ્રાકૃત નામાંતર सालाहण અને हाल (સંસ્કૃત રૂપે) शालिवाहन!

—હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

આમોદ : શ્રી સુન્દરજી બેટાઈ ગાંધીયુગના સમભાવી વિવેચક અને ઋજુ કવિ છે. તેમનો આ બીજો વિવેચનસંગ્રહ છે, જેમાં એમણે લેખોને ચાર ખંડમાં વહેંચ્યા છે. પ્રથમ ખંડમાં કવિ-કવિતાને લગતા છ લેખો છે, બીજા ખંડમાં 'ગુજરાતી સાહિત્યમાં અનુષ્ટુપ' નામક એક જ લેખ છે, જે ઠીકઠીક દીર્ઘ છે. ત્રીજા ખંડમાં કૃતિઓ મુખ્યત્વે કેન્દ્રમાં રહી છે. ચોથા ખંડના ત્રણ લેખોમાં બે છે વ્યક્તિચિત્રો—એક છે માનાં મા માણેકબાઈનું, બીજું છે જવાહરલાલ નેહરુનું. બન્ને વ્યક્તિચિત્રોમાં હૃદયનો રંગ ભળ્યો છે ને ભાવનાપ્રીતિ ઉજ્જ્વલ ઊભરાય છે. પ્રથમ ખંડના લેખોમાં સુન્દરજીભાઈનો કવિતાપ્રેમ અને કાવ્યાભ્યાસ ઊડીને આંખે વળગે તેવો છે. સંસ્કૃત કવિઓ વાલ્મીકિ અને કાલિદાસ સાથે ગુજરાતી કવિઓ ન્હાનાલાલ અને બાદરાયણ વિષેના લેખો અહીં ઉપલબ્ધ બન્યા છે. 'મારી સર્જનપ્રક્રિયા' નામક લેખમાં કવિએ નિખાલસપણે પોતાની સર્જનપ્રક્રિયાનો અક્ષર-આલેખ આપવાનો નિષ્ઠાવાન પ્રયત્ન કર્યો છે, જે સર્જકનાં ચૈતસિક વિશ્વમાં ઘડીભર આપણને ડોકિયું કરાવી જાય છે. બીજા ખંડમાં મુકાએલા લેખ 'ગુજરાતી સાહિત્યમાં અનુષ્ટુપ' એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અભ્યસનીય છે. ત્રીજા ખંડના લેખોમાં કૃતિઓ વિષે લેખકે સમભાવપૂર્વક પોતાના પ્રતિભાવો પ્રકટ કર્યા છે, તો 'નર્મદનો વીરરસ અને સ્વદેશભક્તિ' જેવા લેખમાં વર્ણ્ય વિષયોને સદૃષ્ટાંત ચર્ચ્યા છે. અહીં સુઘડ સંવેદનશીલ ગદ્યમાં લેખકના મનોજગતની પારદર્શકતા પ્રકટ થયા વગર રહી નથી. (પ્રકા. આર. આર. શેઠની કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ–૧, પાકું પૂઠું, પૃ. ૧૮૭, રૂ. ૧૫.)

પડિલેહા : ડૉ. રમણલાલ ચી. શાહના આ વિવેચનસંગ્રહમાં પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય, સાહિત્યકાર ને સાહિત્યવિચારધારા વિષયક ૧૦ લેખો ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. પ્રાકૃત ભાષાના 'પડિલેહા' શબ્દનો અર્થ આપતાં લેખક જણાવે છે : 'પડિલેહાનો એક અર્થ છે વ્યાપક, ગહન અને સ્વતંત્ર દૃષ્ટિથી ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો, વારંવાર ચીવટપૂર્વક સૂક્ષ્મ અવલોકન કરવું.' આ લેખોમાં લેખકનો મધ્યકાલીન સાહિત્યનો ઝીણવટપૂર્વકનો અભ્યાસ અને ચીવટપૂર્વકનું સૂક્ષ્મ અવલોકન પ્રતીત થાય છે. અહીંના મોટા ભાગના લેખો કૃતિવિષયક છે. 'કુંવલયમાલા', યશોવિજયકૃત 'જંબૂસ્વામી રાસ', જયશેખર સૂરિકૃત 'ત્રિભુવનદીપકપ્રબંધ', સમયસુંદરકૃત બે રાસકૃતિઓ—'મૃગાવતીચરિત્ર ચોપાઈ' અને 'વલ્કલચીરી રાસ' અને પ્રેમાનંદના નળાખ્યાનના કથાવસ્તુની ચર્ચા કરી છે. આસ્વાદમૂલક આ લેખોમાં કૃતિપરિચય અને કૃતિવિવેચન બન્નેનો સમાવેશ થઈ જાય છે. પ્રથમ લેખમાં પ્રાચીન ભારતમાં જે વાદો હતા તેનો ઐતિહાસિક અને સમીક્ષાત્મક પરિચય આપવામાં આવ્યો છે, તો છેલ્લા લેખમાં જૈન સાહિત્ય વિષે કેટલાક કર્તાઓને કેન્દ્રમાં રાખી પરિચય આપવામાં આવ્યો છે. એક લેખમાં હેમચંદ્રાચાર્યના જીવન-કવનનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે તો બીજા લેખમાં ભાલણના કહેવાતા બીજા 'નળાખ્યાન'નું પગેરું કાઢવાનો સંશોધનાત્મક પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ લેખસંગ્રહ લેખકના અભ્યાસશ્રમનો પરિચાયક બની રહે છે. (પ્રકા. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂા. ૨૫)

ગઝલનું છંદશાસ્ત્ર : આજે આપણે ત્યાં ગઝલોનો જુવાળ આવ્યો છે ત્યારે જાણીતા ગઝલકાર શ્રી જમિયત પંડ્યાનું આ પુસ્તક ગઝલલેખન તરફ કદમ માંડતા નવોદિતને તેના શાસ્ત્રીય જ્ઞાન માટે માર્ગદર્શક બની રહે તેવું હોઈ આવકાર્ય છે. (વિક્રેતા : સુમન પ્રકા-

દિવંગત

પત્રકાર સી. આર. મૅન્ડી (૧૯૦૬–૧૯૮૦)

આપણા દેશના એક સુવિખ્યાત, શતવર્ષીય, ઉત્તમ સચિત્ર સાપ્તાહિક પત્ર 'ધી ઇલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇન્ડિયા'ના એક ભૂતપૂર્વ કુશળ તંત્રી સી. આર. મૅન્ડી ૩ મેના દિવસે (૧૯૮૦)



સ્પેઈનમાં ૭૪ વર્ષની વયે અવસાન પામ્યા. તેઓ ઈલસ્ટ્રેટેડ વીકલીના છેલ્લા બ્રિટિશ તંત્રી હતા. કૉરિન્ડન જૉન રધરફૉર્ડ મૅન્ડી એ એમનું પૂરું અસલ નામ, પણ સ્નેહીમિત્રોમાં તેઓ 'શૉન' નામથી ઓળખાતા. મૅંડી મૂલતઃ આયરિશ હતા. એમણે આયર્લૅન્ડમાં ડબ્લિનની ટ્રિનિટી કૉલેજમાં શિક્ષણ લીધેલું એમ મનાતું હતું. બીજા વિશ્વયુદ્ધ પહેલાં તેઓ થાઇલૅન્ડની બૅંગકોક યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રાધ્યાપક હતા. અને યુદ્ધ દરમિયાન એમણે લશ્કરી અફસર તરીકે પણ સેવા આપી હતી. મુંબઈ આવ્યા તે પહેલાં એમણે સૌરાષ્ટ્રમાં પણ અધ્યાપન કાર્ય કર્યું હતું.

આ શતાબ્દીની ચાલીસીની શરૂઆતમાં તેઓ ઈલસ્ટ્રેટેડ વીકલીના તંત્રી તરીકે જોડાયા હતા. તે દિવસોમાં વીકલી વિકટ તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું. મૅન્ડીએ તેને ઠીકઠીક લોકપ્રિય બનાવ્યું હતું. સોળસત્તર વર્ષ સુધી તંત્રી તરીકે સારી પ્રશસ્તિ પામ્યા પછી વહેલી નિવૃત્તિ સ્વીકારીને એક ફ્રેન્ચ નબીરા પાસેથી શ્રીલંકા નજીક આવેલો એક ટચૂકડો સુરમ્ય બેટ 'ટાપ્રોબાને' ખરીદીને ત્યાંના પુષ્પોદ્યાનવાળા મહાલયમાં શાંત સુખી જીવન ગાળતા હતા. આ પછી તેઓ માલ્ટા ગએલા ને અંતે સ્પેઈનમાં જઈને પોતાના ભાઈની સાથે રહ્યા.

તે જમાનાની વીકલીની એક આખી ભારતીય વાચક પેઢી 'ગૅલિમાફ્રી' (Gallimaufry) શીર્ષકથી લખાતી એમની વિનોદ-પ્રચુર, કટાક્ષયુક્ત સરસ નોંધોને ખૂબ રસપૂર્વક વાંચતી હતી. ગૅલિમાફ્રીનો અર્થ થાય છે 'વિધવિધ વિષયોનું સંમિશ્રણ' (ખીચડો).

એમનું વાચન ખૂબ જ વ્યાપક અને સારગ્રાહી હતું. તેઓ લેખકોની સાહિત્યિક ચોરી (તફડંચી)ને શીઘ્રતાથી પકડી પાડતા હતા. વિલક્ષણ શબ્દાવલીના પ્રયોગો એમને ગમતા હતા. તેઓ કવિતા રસિક હતા અને પોતે પણ કાવ્યો લખતા. લેખકોને ખૂબ પ્રોત્સાહન આપતા. ઘણા ઇન્ડો ઍંગ્લિયન (Indo-Anglian) કવિઓ અને ગદ્ય-લેખકોને તેઓ આગળ લાવ્યા છે.

એક રીતે સી. આર. મૅન્ડીનું નામ વિશેષ સ્મરણીય રહેશે કે એમણે ઈલસ્ટ્રેટેડ વીકલીનું ઍંગ્લો ઇન્ડિયન સ્વરૂપ અને વલણ બદલી નાખ્યું હતું. તેઓ વર્ગીય પક્ષપાતથી પર હતા. ભારત પ્રત્યે એમને ખૂબ સહાનુભૂતિ હતી. એમને રાજકારણમાં બહુ ઓછો રસ હતો.

મૅન્ડીની ટૂંકી વાર્તાઓ 'ધ સની અવર્સ' (The Sunny-hours) નામની ૧૯૪૨માં મુંબઈમાં છપાઈ હતી. એમની આદત સ્કૂલમાસ્તર જેવી હતી—પોતાના સહકારી કાર્યકરોની રચનાઓના હાંસિયા પર 'ફેર', 'ગુડ' અને 'વેરી ગુડ' વગેરે પ્રોત્સાહક શબ્દો તેઓ લખતા. ઉદીયમાન લેખકોને ઉત્તેજન આપવાનું એમને ગમતું હતું. એમણે લખેલા 'ફ્રેડ્સી–પાનવાલા' કે 'બાબુ પિગલાલ' વગેરે જેવા સુંદર શબ્દચિત્રોને હજુ પણ મુંબઈગરાઓ યાદ કરે છે.

પરિભ્રમણ, વનભોજન (પિકનિક) વિનોદગોષ્ઠી, વાર્તાલાપો, શતરંજ ને ફૂલવાડીનો એમનો ખૂબ શૉખ હતો. સાલસ, વિનોદપ્રિય ને મિત્રોના ચાહક એમણે છેવટ સુધી પત્રવ્યવહાર દ્વારા તેમણે પોતાના ભારતીય મિત્રો સાથેનો સંપર્ક જારી રાખ્યો હતો. —શંકરદેવ વિદ્યાલંકાર

આવકાર

આર. આર. શેઠની કંપની
મુંબઈ–૨ અને અમદાવાદ–૧

પ્રિય રજ્ય વિભાવરી : લે. શિવકુમાર જોશી. પૃ. ૧૯૨, પાકું પૂંઠું, રૂ. ૧૫.

શાહમૃગ અને દેવહૂમા : લે. વિષ્ણુ પંડયા. પૃ. ૧૭૨, પાકું પૂંઠું, રૂ. ૧૫.

લાંબી સફર ટૂંકી જિંદગી : લે. વિઠ્ઠલ પંડયા. પૃ. ૩૦૭, પાકું પૂંઠું, રૂ. ૨૩.

શબ્દાતીત : લે. ભગવતીકુમાર શર્મા. પૃ. ૧૯૮, પાકું પૂંઠું, રૂ. ૧૪.

અંતરની ઓળખ : અનુ ગોપાળરાવ વિદ્વાંસ. પૃ. ૨૩૬, પાકું પૂંઠું, રૂ. ૧૯.

કાવ્યમંગલા (પુનર્મુદ્રણ): લે. સુન્દરમ્ પૃ. ૧૩૪, કાચું પૂંઠું, રૂ ૧૭–૫૦.

કાદંબિરીની મા (પુનર્મુદ્રણ): લે ગુણવંત શાહ. પૃ. ૧૮૦, કાચું પૂંઠું, રૂ ૧૪-૭૫.

લોહીની સગાઈ (પુનર્મુદ્રણ) : લે ઈશ્વર પેટલીકર. પૃ. ૨૪૭, પાકું પૂંઠું, રૂ. ૧૯.

લોકપ્રિય પ્રકાશન
મુંબઈ–૨

અદૃશ્ય : લે. ધીરેન્દ્ર મહેતા. પૃ. ૧૮૪, પાકું પૂંઠું, રૂ. ૧૫.

નાજુક સવારી આપની : લે. પ્રીતમલાલ કવિ. પૃ ૩૪૬, પાકું પૂંઠું રૂ. ૨૨-૨૫.

સુખનો સૂરજ દુઃખની સાંજ : લે. ગુણવંત ભટ્ટ. પૃ. ૧૭૫, પાકું પૂંઠું, રૂ ૧૩-૫૦.

બંધી ધરા વંકા વહેણ : લે. નાનાભાઈ જેબલિયા. પૃ. ૧૮૦, પાકું, પૂંઠું. રૂ. ૧૪.

પ્રસાર
૧૮૮૮, આતાભાઈ એવન્યુ. ભાવનગર-૨

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૧ : લે. ઝવેરચંદ મેઘાણી. પૃ. ૧૮૯, પાકું, પૂંઠું રૂ ૧૨.

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૨ : લે. ઉપર મુજબ. પૃ ૧૮૧, પાકું, પૂંઠું, રૂ. ૧૨.

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૩ : લે. ઉપર મુજબ. પૃ. ૨૬૪, પાકું પૂંઠું, રૂ. ૧૨.

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૪ : લે. ઉપર મુજબ. પૃ ૧૭૫, પાકું, પૂંઠું. રૂ. ૧૨.

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૫ : લે. ઉપર મુજબ. પૃ ૨૧૨, પાકું, પૂંઠું, રૂ. ૧૨.

અન્ય પ્રકાશકોનાં પ્રકાશનો

મેઘાણી નવલિકાઓ ભાગ ૧ : લે. ઝવેરચંદ મેઘાણી. પ્ર. લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર. પૃ. ૨૪૮, પાકું પૂંઠું. રૂ. ૧૦.

મેઘાણી નવલિકાઓ ભાગ ૨ : લે. પ્ર. ઉપર મુજબ પૃ ૨૬૨, પાકું, પૂંઠું, રૂ. ૧૦.

કવિતા એટલે : લે. ડૉ. રવીન્દ્ર ઠાકોર. પ્ર. સમીર પ્રકાશન, રૂપમ સિનેમા પાછળ, અમદાવાદ ૧. પૃ. ૪૮, કાચું પૂંઠું, રૂ ૩–૫૦.

કાવ્યમાં છંદ : લે. પ્રા. બટુક દલિયા. પ્ર. ઉપર મુજબ. પૃ. ૪૮, કાચું, રૂ ૩–૫૦.

ભૂકવચ, ભૂકંપ અને જ્વાળામુખી : લે. પ્રા. યશવંત પી. પાઠક. પ્ર. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ–૬. પૃ. ૧૦૮, કાચું પૂંઠું, રૂ. ૪.

ઝિમ્બાબ્વે (પ. પુ. ૫૧૭) : લે. સુભાષચંદ્ર સરકાર. પ્ર. પરિચય પુસ્તિકા ટ્રસ્ટ, મુંબઈ-૨. પૃ ૩૨, કાચું પૂંઠું, રૂ. ૧.

ભારતના કામદાર સંઘો (પ. પુ. ૫૧૮) : લે. હિમાંશુ પટેલ. પ્ર. ઉપર મુજબ. પૃ ૩૨, કાચું પૂંઠું, રૂ. ૧.

જોજે જોજે રાહ : લે. અવન્તિ દવે. પ્ર. તક્ષશીલા પ્રકાશન, ૫૧૫, ભારત ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ, મુંબઈ–૧૫. પૃ. ૧૬, કાચું, રૂ. ૧.

Munshi, Pramchand his life and literary haritage : લે. અવન્તિ દવે. પ્ર ઑલ ઇન્ડિયા પીસ ઍન્ડ સોલીડેરીટી ઓરગેો. કાંદીવલી, મુંબઈ–૬૭. પૃ. ૧૨, કાચું પૂંઠું, રૂ. ૧–૫૦.

ખેડા જિલ્લા સ્વાતંત્ર્ય સંગ્રામ : લે. રા. ના. પાઠક. પ્ર. સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, પો. બો. ૫૧, નડિયાદ. પૃ. ૩૧૮, પાકું પૂંઠું, કિં. નથી.

રંગ રંગ ચૂંદડી : લે. પુરુષોત્તમ શાહ 'ચિતા'. પ્ર. પોતે, બી-૮, અશોક કુંજ, તેજપાળ રોડ, મુંબઈ-૫૭. પૃ. ૬૩, કાચું, કિં. નથી.

પુરુષાર્થની પ્રતિમા : લે. ભેગીલાલ ગાંધી. પ્ર. વિશ્વ માનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા–૫. પૃ. ૧૦૮, કાચું પૂંઠું, રૂ. ૨૦.

ક્રાંતિકાર ગાંધીજી : લે. યશવન્ત શુક્લ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૮૨, કાચું પૂંઠું, રૂ. ૬.

શન: ૮૩, ઠાકરગલી, મુંબઈ ૯. પાકું પૂંઠું, પૃ. ૨૧૦, રૂ. ૯–૫૦.)

શબ્દસલિલ: ડૉ. ભરતકુમાર ઠાકરના આ વિવેચનસંગ્રહમાં સાહિત્યવિવેચન, પ્રવાહો અને કૃતિઓ વિશેના નાનામોટા ૨૨ લેખો મૂકવામાં આવ્યા છે, જેમાં સાહિત્યમાં શ્લીલ-અશ્લીલ, પ્રશિષ્ટ કૃતિ, કલા ખાતર કલા કે જીવન ખાતર કલા, સર્જનની પ્રક્રિયા અને રસાનુભવ જેવા અતિચર્ચિત વિષયો પરના લેખો છે, તો કાવ્યમાં શબ્દ અને અર્થ કે કાવ્યમાં ઉદાત્તતત્ત્વ જેવા ચર્ચાતા વિષયો પણ છે. એમણે અહીં 'કલાપી'ના 'કાશ્મીરનો પ્રવાસ', પન્નાલાલની 'મળેલા જીવ', રાજેન્દ્ર શાહનો 'ધ્વનિ' કાવ્યસંગ્રહ જેવી અવારનવાર અભ્યાસક્રમમાં આવતી કૃતિઓ પરના લેખો પણ આપ્યા છે. તો 'દ્વિરેફની વાર્તાકલા' 'ધૂમકેતુ: નવલકલાકાર' જેવા લેખોમાં પ્રશિષ્ટ ગુજરાતી સર્જકો કે કામૂ જેવા આધુનિક વિદેશી સર્જક વિષે પણ લેખો આપ્યા છે. એકંદરે એક સન્નિષ્ઠ અધ્યાપકનો આ શ્રમ સવિશેષ છાત્રોપયોગી બન્યો હોઈ વિદ્યાર્થીઓ માટે અભ્યાસપૂરક સામગ્રી પુરી પાડશે. (પ્રકાશક: નવભારત સાહિત્યમંદિર, રતનપોળ નાકા, ગાંધી રોડ, અમદાવાદ. પાકું પૂંઠું, પૃ. ૩૨૭, રૂ ૨૨.)

વિજ્ઞાન ટેકનોલૉજી અને સમાજ: આજનો યુગ વિજ્ઞાન અને ટેકનોલૉજીનો છે. વળી, આ બધું જ એક યા બીજી રીતે સમાજ સાથે સંકળાઈ ગયું હોય છે. આવા સંજોગે માં આજના મનુષ્યને—સામાજિકને—વિજ્ઞાન અને ટેકનોલૉજીથી અપરિચિત રહેવું પરવડે નહિ. મૂળ અંગ્રેજીમાં લખાયેલા ડૉ. સરયૂ પ્રસાદ ગુપ્તાના પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ ડૉ. બી.જી. નાયકે કર્યો છે. અનેક વિજ્ઞાનો અને વિજ્ઞાનીઓના સંદર્ભોથી ખચિત આ પુસ્તકની ઉપયોગિતા સ્વયંસિદ્ધ છે. આજના વિકસતા સમાજનો વિજ્ઞાન અને અને ટેકનોલૉજી સાથે શો સંબંધ છે તે જાણવું સહુ જિજ્ઞાસુને માટે આવશ્યક છે. આવી આવશ્યક ચર્ચા માહિતી પૂરી પાડતા આ ગ્રંથનો અદ્દેશ અને સરળ અનુવાદ પ્રકટ કરી ગ્રંથ નિર્માણ બોર્ડ પ્રશસ્ય કામ કર્યું છે. એની ઓછી કિંમત અને અતિ ઉપયોગિતા જોતાં કોઈને પણ લાગશે કે પ્રત્યેક મહાશાળામાં તે હોવું જ જોઈએ. (પ્રકા. યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦ ૦૦૬. પાકું પૂંઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૦.)

પ્રભુનું સ્વપ્ન: ગુજરાતીમાં લખતા વિદેશી વિચારક ફાધર વાલેસની આ જીવનકથા સરળ શૈલીમાં આલેખાઈ છે. ફાધર વાલેસનાં લખાણોથી આકર્ષાયેલા વર્ગને લેખક-વિચારકના આંતરજીવનમાં ડોકિયું કરવાનું સહેજે મન થાય, અને તેની આ પુસ્તક સગવડ કરી આપે છે પ્રેરક એવું આ જીવનચરિત્ર સહુને ઉપયોગી વાચનસામગ્રી આપી રહેશે. (લે. ઉપર મુજબ, પ્રકાશક: વોરા ઍન્ડ કંપની. ગાંધી ચેમ્બર્સ. ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. પાકું પૂંઠું, પૃ. ૩૨૪, રૂ. ૧૨)

સ્વપ્નશિલ્પી : સૌરાષ્ટ્રના કર્મવીર શાહ સોદાગર શેઠ નાનજીભાઈ કાલિદાસ મહેતાનું આ અધિકૃત જીવનવૃત્તાંત કુ. જ્યોતિબેન થાનકીએ તૈયાર કર્યું છે. ચરિત્રનાયકના પ્રબોધક અને પ્રેરક જીવનપ્રસંગો તરુણ વાચકોને ખૂબ જ સંસ્કારપૂર્ણ વાચનસામગ્રી પૂરી પાડે તેમ છે. શ્રી જ્યોતિબેન થાનકીની લખાવટ પર ફાધર વાલેસની શૈલીનો પ્રભાવ અછતો રહેતો નથી. ટૂંકાં-ટૂંકાં સરળ વાક્યોમાં રસિક રીતે એમણે આ જીવનકથાનું આલેખન કર્યું છે. (પ્રકા. રક્ષા થાનકી, ૧૧, સ્ટાફ ક્વાર્ટર્સ, ગુરુકુળ, પોરબંદર, કાચું પૂંઠું, પૃ. ૩૦૬, રૂ. ૧૫)

આધુનિક રાજકીય વિચારધારાઓ : મુખ્યત્વે મહાશાળાના અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખી તૈયાર કરાએલ આ પુસ્તકમાં વિચારધારાનું સ્વરૂપ અને મહત્ત્વ સમજાવ્યા બાદ ગ્રંથકર્તાએ આદર્શવાદ, અરાજકતાવાદ, શ્રમસંઘવાદ, મહાજન સમાજવાદ, ઉદારમતવાદ, સમાજવાદ, લોકશાહી, ગાંધીવાદ, નવ-માનવવાદની શ્રદ્ધેય ચર્ચા કરી છે. જિજ્ઞાસુઓને પણ ઉપયોગી થાય તેવા આ ગ્રંથની આ છે બીજી આવૃત્તિ. (લે. જયંતી કે. પટેલ, પ્રકા. યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પાકું, પૂંઠું, પૃ. ૩૪૪, રૂ. ૧૧)

રચના-૨ : ઈજનેરી વિદ્યાશાખાના સિવિલ ઈજનેરીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે Constructionના બીજા પેપર માટે તૈયાર થએલું આ ગુજરાતી પુસ્તક આપણી ભાષામાં સૌપ્રથમ છે. એની ઉપયોગિતામાં એની સચિત્રતા ઉમેરો કરે છે. લેખક શ્રી ચંદ્રકાંત હિંમતલાલ શાહ આ વિષયના જ્ઞાતા અને અનુભવી છે. આથી વિદ્યાર્થીઓ તથા આ વિષયમાં રસ ધરાવનારને પણ આ પુસ્તક ખૂબ જ માર્ગદર્શન નીવડે તેવું હોઈ આવકાર્ય છે, (પ્રકા. ઉપર મુજબ, પાકું પૂંઠું, પૃષ્ઠ ૯૬૦, રૂ. ૫૩.)

ટૂંકી વાર્તા : મીમાંસા—લઘુકથાના લેખક અને વાર્તાકાર શ્રી મોહનલાલ પટેલ પદ્ધતિસરના વિવેચક નથી, પરંતુ એક સર્જકને નાતે આ સ્વરૂપની સમજનો પોતાનો હેવાલ એમણે આ લઘુ પુસ્તકમાં શાસ્ત્રીય પરિભાષાની પળોજણથી દૂર રહીને સરળ રીતે આપ્યો છે તે અભ્યાસીઓને ઉપયોગી બનશે. ૮ લઘુ પ્રકરણોમાં વહેંચાયેલા આ પુસ્તકનો મુખ્ય ઝોક શુદ્ધ સૈદ્ધાંતિક ચર્ચા કરતાં સ્વરૂપ-સર્જનપ્રક્રિયા ચર્ચવા તરફ વધુ છે તે આની વિશેષતા છે. (વિક્રેતા. આદર્શ પ્રકાશન, રાયખડ રોડ, અમદાવાદ-૧, પાકું પૂંઠું, પૃ. ૧૦૧, રૂ. ૧૧)

ગુજરાતી રંગભૂમિનાં સ્મારકગ્રંથ : ઈ. ૧૮૫૩ થી ૧૯૭૮ના ગાળાના ગુજરાતી રંગભૂમિનાં સવાસો વર્ષના ઉપલક્ષમાં પ્રકટ થએલો આ સ્મારકગ્રંથ નાટ્યવિષયક ગ્રંથોમાં ઉપયોગી ઉમેરો બની રહે છે. ગ્રંથને ચાર વિભાગમાં વહેંચી નખાયો છે : અર્ઘ્ય, પરિસંવાદ, આલેખનના પ્રશ્નો, નવી રંગભૂમિ : સિદ્ધિ અને સમસ્યા. જૂની તેમ જ નવી રંગભૂમિ વિષે અને નાટકમાં ઘટનાગૂંથણની અગત્ય, તેમાં સામાજિક સંદર્ભનું ઔચિત્ય ને સ્વરૂપનું તાત્પર્ય જેવા વિષયો પર અધિકારીઓએ લખેલા લેખો સંગૃહીત થાય છે, જેમાં છે સર્વશ્રી શિવકુમાર જોષી, નંદકુમાર પાઠક, સિતાંશુ યશશ્ચન્દ્ર, હરીન્દ્ર દવે, માર્કણ્ડ ભટ્ટ, રઘુવીર ચૌધરી, ચંદ્રવદન મહેતા વગેરે. અનેક ચિત્રોથી એ સભર છે એટલે એનું દસ્તાવેજી મૂલ્ય પણ અનેકગણું વધી જાય છે. (વિક્રેતા. વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ ૧; પાકું પૂંઠું, પૃષ્ઠ ૨૦૨ કિ. રૂ. ૩૦)

સંસ્કૃતિ અને ગુજરાત : પ્રા. નરોત્તમ વાળંદના આ પુસ્તકમાં સંસ્કૃતિ અને સભ્યતા વિષેના લેખ ઉપરાંત તેના ગુજરાતના સંદર્ભ-વિચાર કરતા લેખો પણ છે. ગુજરાતની સંસ્કૃતિની વિશેષતા પ્રકટ કરતાં મોઢેરા, બહુચરાજી વિષેના લેખો છે, તો ગુજરાતમાં શક્તિપૂજા, શંકરપૂજા, સૂર્યપૂજા ઈત્યાદિ પર પણ લખાણો અહીં મળી રહે છે તે સૌ લેખકના અભ્યાસ અને જાણકારીના દ્યોતક છે. (વિક્રેતા: રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ૪/૭૭૩, ટાવર રોડ, સૂરત-૧; પાકું પૂંઠું, પૃ. ૨૧૦, રૂ ૧૪)

કેટલાક લેખો : ચાર વિભાગમાં વિભક્ત એવા હંસાબહેન મહેતાના આ લેખસંગ્રહમાં કુલ ૩૦ લેખો સમાવવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં ચાર પ્રવાસલેખો છે. બીજા વિભાગમાં રામાયણ પર આધારિત બે લેખો રજૂ થયા છે, જેમાં ધર્મ કેન્દ્રસ્થાને છે. ત્રીજા વિભાગમાં ધર્મ, સાહિત્ય, રાજકારણ જેવા વિવિધ ક્ષેત્રોની બાર વ્યક્તિઓનાં ચરિત્રો આપવામાં આવ્યાં છે; જ્યારે ચોથો પ્રકીર્ણ વિભાગ છે. જેમાં સાહિત્ય, જીવન, સમાજ, કેળવણી વગેરેના કોઈ ને કોઈ પાસાને સ્પર્શતા વિચાર પ્રેરક લઘુલેખો અપાયા છે. આ લેખોનું સંપાદન સર્વશ્રી ચંદ્રવદન મહેતા અને સિતાંશુ યશશ્ચંદ્ર મહેતાએ કર્યું છે. (પ્રકા. ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ માર્ગ મુંબઈ-૪૦૦ ૦૦૪, કાચું પૂંઠું, પૃ. ૨૩૯, રૂ. ૨૦.)

પુરુરવા-ઉર્વશી : શ્રીમતી હંસાબહેન મહેતા શેક્સપીઅરની બે નાટ્યકૃતિઓના અનુવાદથી આપણે ત્યાં અનુવાદક તરીકે નામ રળી ચૂક્યાં છે. તેમનો કાલિદાસના નાટક 'વિક્રમોર્વશીય'નો આ મૂલાનુસારી રોચક અનુવાદ સંસ્કૃત ન જાણનાર માટે તો આસ્વાદ્ય ખરો જ, અભ્યાસીઓને પણ આવકાર્ય છે. (પ્રકા. ઉપર મુજબ, કચું પૂંઠું, પૃ. ૬૪, રૂ. ૫).

છન્દઃપ્રવેશ : આજકાલ છાંદસ રચનાઓ અતિ અલ્પ પ્રમાણમાં રચાય છે ત્યારે કવિતાની કેડી પર ડગ માંડનારને માટે છન્દોગત સૌંદર્ય શું છે તેની સમજ કેળવવાનો કોઈ માર્ગ રહ્યો દેખાતો નથી. વળી, અનેક ઉત્તમ રચનાઓ જે છંદોમાં લખાય તેનું છાંદસ સૌંદર્ય પામવા માટે પણ છન્દની સમજ આવશ્યક બની રહે છે. આ સંજોગોમાં મૂર્ધન્ય કવિ પૂજાલાલ પાસેથી છન્દની શ્રદ્ધેય ચર્ચા કરતો આ ગ્રંથ મળે છે તે આવકાર્ય છે. ગ્રંથને એમણે ત્રણ ખંડમાં વહેંચી નાખ્યો છે : માત્રામેળ છંદો, અક્ષરમેળ છંદો અને સંખ્યામેળ છંદો. આરંભે બે પ્રકરણની બનેલી પ્રસ્તાવનામાં (જો કે આ એક જ પ્રકરણ હોઈ શકે, એને બે વિભાગમાં વહેંચવાનું કોઈ તાર્કિક કે તાત્ત્વિક પ્રયોજન સમજાતું નથી.) એમણે છંદની પારિભાષિક સંજ્ઞાઓ—લઘુ, ગુરુ, માત્રા, વૃત્ત, જાતિ—વગેરેનો સદૃષ્ટાંત પરિચય આપ્યો છે. ત્યાર પછી દરેક વિભાગમાં વિભાગવિષય છંદપ્રકારની પ્રાસ્તાવિક સમજ આપ્યા બાદ વિવિધ છંદોની દૃષ્ટાંતસમેત ચર્ચા કરવામાં આવી છે. બંગાળીની અસરથી આપણે ત્યાં પયાર વપરાતો થયો તો તેની પણ સમજ આપવામાં આવી છે. કવિતાના જિજ્ઞાસુ માટે આ પુસ્તક પ્રારંભિક અભ્યાસ માટેની ઉત્તમ અને શ્રદ્ધેય સંદર્ભસામગ્રી પૂરી પાડે છે. કિંમત પણ પ્રમાણમાં ઓછી હોય સહુને એ પરવડે તેવું છે. (પ્રકા. પોતે જ, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી, કાચું પૂંઠું, પૃ. ૧૯૨, રૂ. ૧૦.)

આપ્તવાણી શ્રેણી-૪ : 'દાદા ભગવાન' તરીકે 'દાદાપંથ'માં જાણીતા પરમ પુરુષની પ્રેરણામયી વાણી આ પુસ્તકમાં સાદી-સરળ ભાષામાં જીવનના ગહન પ્રશ્નોને ઉકેલવા મથે છે તે જ્ઞાનપિપાસુઓને ઉપયોગી થાય તેમ છે. બહુધા ભક્તજનોના પ્રશ્નોના જવાબરૂપે રજૂ થએલા દાદા ભગવાનના આ વિચારો માનવની ઊર્ધ્વેચ્છાની સનાતન સમસ્યાના ઉત્તરો જેવા જ છે. ગહન વિષયને અહીં સામાન્ય જન પણ સમજી શકે તે રીતે દાદાની અનુભવસિદ્ધ આપ્તવાણીમાં રજૂ કરાયો છે. (પ્રકા. જય સચ્ચિદાનંદ સંઘ, ૨૦/૧૦, ઍન્જલ લૅન્ડ, ૪થે માળ, નાયગ્રામ ક્રૉસ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦ ૦૦૧, પાકું પૂંઠું, પૃ. ૩૪૩, મૂલ્ય જણાવ્યું નથી.) —ધીરુ પરીખ

પચ્ચીસ વર્ષ પહેલાં



ઑક્ટોબર ૧૯૫૫ - સળંગ અંક ૩૮૨

ગુજરાતના સાહિત્યપ્રેમી, સંસ્કારી ને શિક્ષિત વર્ગમાં 'સરસ્વતીચન્દ્ર'નું એક અનોખું દૃઢ સ્થાન રહ્યું છે. ગુજરાતીઓના જીવનનું પ્રતિબિંબ પાડી, તેમનામાં ઉચ્ચાગ્રહ ને સાત્ત્વિક જીવનનો વિચારશીલ આદર્શ પ્રેરનારા એ મહાગ્રંથના કર્તા ગો. મા. ત્રિ.—ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની આજથી પચ્ચીસ વર્ષ પહેલાં—ઑક્ટોબર ૧૯૫૫માં જન્મશતાબ્દી ઉજવાઈ હતી. એ સમયે ગુજરાતના જીવનના એ ભાષ્યકાર અને દ્રષ્ટા તથા ગુજરાતી સાહિત્યના પંડિત યુગના પુરોધાનું ચરિત્ર 'કુમાર'માં પ્રકટ થએલું. તેની સાથે એમની ચિરપરિચિત છબી તો હતી જ, એ ઉપરાંત, ઈ. ૧૮૭૮માં પડેલી એમની એક છબી આપી હતી. બ્રેઈનફીવરના કારણે અસ્ત્રો ન ખમી શકવાથી વધારેલી દાઢીવાળા ત્રેવીસ વર્ષના યુવાન ગોવર્ધનરામે પહેરેલો તે સમયનો ગુજરાતી પોશાક પણ જોવો આજે એક સદી પછી રસપ્રદ લાગશે. એ વખતની પાઘડી, ડગલા જેવો લઘરવઘર લાંબો કોટ, ચાર આંગળ પહોળી કિનારનું ધોતિયું અને ઓખાઈ પગરખાં આજે તો, જો સંઘરાયાં હોય તો, કોઈ સંગ્રહસ્થાનમાં જ જોવા મળે. પણ આ દૃષ્ટિએ આ ફોટાનું દસ્તાવેજી મૂલ્ય ઘણું છે.




(આ વિજયાદશમીએ નડિયાદમાં ગોવર્ધનરામનો સવાશતાબ્દી મહોત્સવ આરંભાયો અને આ આખા વર્ષ દરમિયાન પરિસંવાદ, નિબંધસ્પર્ધા, પ્રદર્શન, 'સરસ્વતીચંદ્ર' નાટકની ભજવણી અને 'સરસ્વતીચંદ્ર'નું અંગ્રેજી ભાષાંતર વગેરે વિધવિધ કાર્યક્રમો પણ વિચારાયા છે.)

ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું અન્વેષણ, સંશોધન અને નિર્માણ કરીને આપણા ઇતિહાસ સંશોધન કાર્યમાં યશસ્વી પ્રદાન કરી જનાર આરૂઢ ઇતિહાસકાર રત્નમણિરાવ ભીમરાવ જોટનું આગલા જ માસ સપ્ટેમ્બર (૧૯૫૫)ની ૨૪ તારીખે ૬૦ વર્ષની વયે અવસાન થએલું. તેની નોંધ સાથે પ્રકટ થએલું એમનું ચરિત્ર તો અહીં ઉતારવું શક્ય નથી, પરંતુ આજની પેઢીએ, ગુજરાતને ગૌરવાન્વિત કરનાર એ વિદ્વાનની સ્મૃતિ ભૂલવા જેવી નથી જ. અહીં એમની દેણગીને જરા યાદ કરીએ. 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', 'ખંભાતનો ઇતિહાસ', 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' તથા 'સોમનાથ' આદિ એમના ઇતિહાસ વિષયક અભ્યસનીય સંશોધન-ગ્રંથો છે. તેઓ મર્માળા હાસ્યકાર પણ હતા. સર જેમ્સ બૅરીના The Admirable Crichton' પરથી 'સંભાવિત સુંદરલાલ' નામનું માર્મિક હાસ્યથી રસમય બનતું રસાળતું રૂપાંતર એમણે કરેલું. 'કુમાર'માં પણ એમણે કેટલાક સુંદર હાસ્યલેખો આપેલા. સ્થાપત્ય ને નગરરચના વિષેનું પણ તેમને નક્કર જ્ઞાન અને ઊંડી સમજ હતી. 'કુમાર'માં પ્રકટ થએલા ગુજરાતના વિશિષ્ટ સ્થાપત્ય અંગેના એમના લેખો તેની પ્રતીતિ આપે છે. એવા જ એ સંસ્કૃતના જાણકાર હતા, જેનો પરિચય વર્ષો સુધી 'કુમાર'માં એમણે આપેલાં 'સુભાષિતો' દ્વારા મળે છે.

બાળકોને માટે એમણે સંસ્કૃત વ્યાકરણની કારિકાઓ જેવાં કેટલાંક અર્થહીન જોડકણાં—જેને એ લવારાઓ કહેતા તે—રચેલા. અને તે 'અડકો દડકો દહીં દડુકો'ના લયથી તેઓ બોલતા. આમાં એકે શબ્દનો કશો જ અર્થ ન થતો, છતાં એની સમગ્ર અસર બાળકોનાં મન પર શાતાદાયી થતી. એક નમૂનો: 'જાયે જન્નો, જલકી જલકા, પક્કે ટક્કો, ફેલબિલ, જબલ કિન્ને રોકી, નૈકે નૉથો, રંગબંગ... અને આમ લવારો લંબાતો જ જતો, બાલ-કાવ્ય લખનારાઓએ અજમાવવા જેવું નથી લાગતું?

ધાર્મિક સંજ્ઞાઓ : ધર્મચક્ર



સંબુદ્ધ બન્યા પછી ભગવાન બુદ્ધે કાશી પાસે સારનાથના મૃગદાવના વનમાં પોતાના પાંચ શિષ્યોને સૌપ્રથમ ઉપદેશ આપ્યો. એમાં તેમણે સામાન્યજનને પાળવાનાં ચાર સત્યો અને આઠ માર્ગ પ્રબોધ્યા અને તે જનસામાન્યમાં ફેલાવવા-ધર્મચક્ર ચાલુ કરવા-આજ્ઞા કરી. આમ, એમનું ઐતિહાસિક અને અપૂર્વ 'ધર્મચક્ર-પ્રવર્તન' શરૂ થયું. કલામાં તેનું પ્રતીકરૂપ સર્જાયું તે 'ધર્મચક્ર'. કાળાંતરે ધર્મચક્ર સ્વયં ભગવાન બુદ્ધનું પ્રતિનિધિ ગણાઇને પૂજાસ્થાન પણ પ્રતિષ્ઠા પામ્યું.

ભગવાન બુદ્ધે જે ચાર આર્ય સત્યો પ્રબોધ્યાં તે, દુઃખનું સત્ય, દુઃખના કારણનું સત્ય, દુઃખના અંતનું સત્ય અને દુઃખનો અંત આણનાર માર્ગનું સત્ય. આ ચાર સત્યોમાંથી ચોથું પ્રધાન સત્ય છે. 'આર્ય અષ્ટાંગ માર્ગ' તે: (૧) સમ્યક્ જ્ઞાન-ચાર આર્ય સત્યોને સારી પેઠે જાણવાં તે, (૨) સમ્યક્ સંકલ્પ-શુભ કર્મો કરવાનો જ નિશ્ચય, (૩) સમ્યક્ વાચા-સત્ય, પ્રિય અને હિતકર વાણી, (૪) સમ્યક્ કર્મ-સત્કર્મોમાં જ પ્રવૃત્તિ, (૫) સમ્યક્ આજીવ-પ્રામાણિકપણે જ આજીવિકા મેળવવાનો ઉદ્યમ, (૬) સમ્યક્ પ્રયત્ન કુશળ પુરુષાર્થ, (૭) સમ્યક્ સ્મૃતિ-હું શું કહું છું, શું બોલું છું, શું વિચારું છું તેનું નિરંતર ભાન, અને (૮) સમ્યક્ સમાધિ-પોતાના કર્મમાં, નિશ્ચયમાં, પુરુષાર્થમાં અને ભાવનામાં એકાગ્રતા.

આ અષ્ટ માર્ગોને ચક્રમાં આરા રૂપે દર્શાવવામાં આવે છે. દુઃખ એ બૌદ્ધ ધર્મનું આરંભબિંદુ છે. ધર્મચક્રના આલેખનમાં કેન્દ્રમાં આ દુઃખનાં ત્રણ મુખ્ય કારણો-અનિષ્ટ ઇચ્છા, અજ્ઞાન અને વાસનાનું સૂચન પણ કરવામાં આવ્યું છે. ધર્માનુરાગી કલાકારોએ આ ધર્મચક્રનાં અનેકવિધ રૂપ આલેખ્યાં છે. આપણા રાષ્ટ્રધ્વજમાં સ્વીકારાયેલું ધર્મચક્ર સમ્રાટ અશોકના એક સ્તંભ પરથી અપનાવેલું છે.





હસતું'તું ફૂલ ડાળ પર ચૂંટ્યું ન કોઇએ-
કે દેવના મસ્તક ઉપર મૂક્યું ન કોઇએ;
અંતે ખરી પડ્યું અને કરમાઈ પણ ગયું,
એને રૂપાળી વેણીમાં ગૂંથ્યું ન કોઈએ.
('વસંત અને પાનખર'માંથી) —જયેન્દ્ર મહેતા

ઇતિહાસવેત્તા અને કલામર્મજ્ઞ પ્રાધ્યાપક નિહારરંજન રાય

ઈ. ૧૯૩૪ની વાત છે. કલકત્તા વિશ્વવિદ્યાલયના ભારતીય ઇતિહાસ, કલા અને સંસ્કૃતિના એક આશાસ્પદ શોધપ્રિય તરુણ અભ્યાસુને ત્યાંના ઉપકુલપતિજી લંડન જઇને ગ્રંથાલયશાસ્ત્રનું અધ્યયન કરવા માટે મનાવી રહ્યા હતા.

પોતાના મનપસંદ વિષયો પરત્વે શોધપૂર્ણ નિબંધો લખીને આ તરુણે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. પોતાની માતૃવિદ્યા સંસ્થા (કલકત્તા યુનિવર્સિટી) તરફથી મૃણાલિની સુવર્ણચંદ્રક, પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ અને ગ્રિફિથ પુરસ્કાર પામીને દેશના સારસ્વત સમુદાયમાંથી એમણે સારી કીર્તિ પ્રાપ્ત કરી હતી. ગ્રંથાલયશાસ્ત્ર પરત્વે વિશેષ અભિરુચિ ન હોવા છતાં પોતાના પૂજ્ય ઉપકુલપતિના સ્નેહભર્યા આગ્રહને માન આપી આ યુવાન શિષ્યવૃત્તિ લઇને લંડન ઊપડી ગયા.

બે વર્ષના અધ્યયન પછી લંડન યુનિવર્સિટીનો ગ્રંથાલયશાસ્ત્રનો ડિપ્લોમા એમણે પ્રાપ્ત કર્યો. એટલું જ નહિ, ત્યાંથી હોલૅન્ડ જઇને ત્યાંની, યુરોપમાં પ્રાચ્ય વિદ્યા સંશોધનના વિખ્યાત ધામ યુનિવર્સિટી લીડન તરફથી ડી. લિટ્. અને પીએચ. ડી.ની પ્રતિષ્ઠાપૂર્ણ પદવીઓ લઇને સ્વદેશ પાછા ફર્યા. ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ, પુરાતત્ત્વ, કલા અને સાહિત્યના પ્રતિભાવંત અધ્યેતા પ્રો. નિહારરંજન રાયના નામે આજે એ ખ્યાત છે.

ઈ. ૧૯૦૩માં વર્તમાન બંગલાદેશના મૈમનસિંગ જિલ્લાના એક ગામડાના પ્રતિષ્ઠિત બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા એ નિહારબાબુના પિતાજી મહેન્દ્રરાય આદર્શ શિક્ષક અને સ્વદેશી આંદોલનમાં સક્રિય દેશભક્ત હતા પોતાનું મૅટ્રિક સુધીનું પ્રારંભિક શિક્ષણ મૈમનસિંગમાં જ પૂર્ણ કરીને નિહારબાબુ ૧૯૨૪માં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃત સાહિત્યના વિષયો



લઇને કલકત્તા યુનિવર્સિટીમાંથી બી. એ. બન્યા અને પછી ત્યાંથી જ ૧૯૨૬માં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિનો વિષય લઇને પ્રથમ વર્ગમાં એમ. એ. થએલા. પ્રતિભાવાન છાત્ર તરીકે એમણે અનેક સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા.

ઈ. ૧૯૨૭ થી ૧૯૪૨ સુધી કલકત્તા યુનિ૰માં એમણે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે પોતાની વિદ્યાકીય ને શૈક્ષણિક-કારકિર્દીના ઉજ્જવલ દિવસો વિતાવ્યા. આ કાલખંડ દરમિયાન આ વિદ્યાધામમાં એ ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકર, ડૉ. બેનીમાધવ બરૂઆ, ડૉ. સુનીતિકુમાર ચેટર્જી, ડૉ. હેમચંદ્રરાય ચોધરી, ડૉ. સ્ટેલા ક્રૅમરિશ, ડૉ. કાલિદાસ નાગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ અને કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુર, જેવા પરમ મેધાવી વિદ્યાપુરુષોના સાન્નિધ્ય, સહવાસ ને સ્નેહાનુગ્રહ પ્રાપ્ત કરવા સૌભાગ્યશાળી બન્યા.

ઈ. ૧૯૪૪માં ચાર વર્ષ માટે એમણે કલકત્તા

બાયોકેમિક ઔષધપદ્ધતિ

એલોપથી ઉપચાર પદ્ધતિથી ફંટાઈ ને ડૉ. સૅમ્યુઅલ હાનેમાને હોમિયોપથીની અલગ પદ્ધતિ સ્થાપી. શરીરમાં ખનિજ દ્રવ્યોની ખોટની અસરો અને તેના ઔષધીય ગુણોના સંશોધનમાં એણે પહેલ કરી, પણ આલ્ડનબર્ગ (જર્મન)ના હોમિયોપાથ ડૉ. વિલ્હેમ હેન્રિખ શુસ્લરે (૧૮૨૧–૧૮૯૮) શરીના બંધારણમાં આવેલાં ખનિજ દ્રવ્યોની ઊણપથી રોગો થવા અંગેની અને એ ખનિજ દ્રવ્યો ભરપાઇ થતાં આરોગ્યની પ્રાપ્તિ થતી હોવાનો સિદ્ધાંત રજૂ કર્યો તથા સન ૧૮૭૩માં બાર ખનિજ દ્રવ્યોની 'બાયોકેમિક' ઔષધ પદ્ધતિની સ્થાપના કરી.

રસાયણ વિજ્ઞાનની દૃષ્ટિએ આપણા શરીરના બંધારણમાં સેન્દ્રિય દ્રવ્યો અને ચૂનો, લોહ, પોટાશ, સૅાડા, મૅગ્નેશિયમ, સિલિસીઆ વગેરે ખનિજ પદાર્થો આવેલા છે. આ બધાના કુદરતી પ્રમાણ અને સંવાદી વ્યાપારોથી આરોગ્ય જળવાય છે. ખામી ભર્યા ખોરાક કે અયોગ્ય રીતે જીવવાથી શરીરમાં એક યા વધુ પદાર્થોની ઊણપ ઊભી થઇ રોગાવસ્થા આવી પડે છે. દા. ત. કેલ્શિયમ ફૉસ્ફેટની ખોટ કરોડની નબળાઈ, તો મૅગ્નેશિયમ ફૉસ્ફેટની ઊણપથી જ્ઞાનતંતુ કે સ્નાયુમાં ફાટ, ખેંચ અને તાણ અનુભવાય છે. શરીરમાં ખૂટતા ખનિજ શુદ્ધ ને સૂક્ષ્મરૂપમાં થોડી માત્રામાં ઔષધરૂપે લેવાથી આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

માનવ-શરીરના અવશેષોના વિશ્લેષણમાં શુસ્લરે અખંડિત બાર ક્ષારો જોયા. કેલકેરીઆ ફ્લૉર, કેલકેરીઆ ફૉસ, કેલકેરીઆ સલ્ફ, ફેરમ ફૉસ, કાલીમુર, કાલી ફૉસ, કાલી સલ્ફ, મૅગ ફૉસ, નેટ્રમ મુર, નેટ્રમ સલ્ફ અને સિલિસીઆ. આ ક્ષારોને દુગ્ધ શર્કરા (મિલ્ક સુગર) સાથે ખૂબ જ ઘૂંટી સૂક્ષ્મ બનાવી, દરેક અણુના દસ, સો, હજાર, દસ લાખ અને સો અબજ કણોમાં, કલ્પના ન આવે એવા અતિ અતિ સૂક્ષ્મ અણુમાં ફેરવી નાખીને તેને ઉચ્ચ ગુણાકારી તથા પ્રભાવી બનાવી શકાય છે.

અનુક્રમે એ 1X, 2X, 3X, ૬X અને 12X સંજ્ઞાથી તે ઓળખાય છે. ૧૨X ઓછી કોટિનું, ૩૦X અને ૬૦X મધ્યમ કોટિનું તથા ૧૦૦X અને તેથી વધારે ઉચ્ચ કોટિનાં ઔષધો ગણાય છે.

ઓછી કોટિનાં અને ઉચ્ચ કોટિનાં ઔષધના ગુણ ઊલટા છે. ઓછી કોટીવાળા ફેરમ ફૉસથી અનિદ્રા, તો તેની ઉચ્ચ કોટિથી ઊંઘ આવે છે. સામાન્ય રીતે રોગની જલદ અવસ્થામાં મધ્યકોટિ, ઓછી જલદ સ્થિતિમાં મધ્ય કોટિ અને જીર્ણ રોગમાં ઉચ્ચ કોટિનું ઔષધ વપરાય છે રોગ ઊથલો ન મારે તેટલા સારુ રોગ મટયા પછી ઔષધની ઉચ્ચ કોટિ અપાય છે. રોગનાં લક્ષણોમાં વધારો થાય તો ઔષધ બંધ કરવાનું છે. ઘા, ચાંદા, વાતસોજા માટે ઔષધને ગ્લિસરીન, વેસેલિન કે કોપરેલ યા પાણીમાં ઓગાળી ભેળવીને લગાડાય છે.

ટિશ્યુ રેમેડિઝ નામે ઓળખાતાં બાયોકેમિક ઔષધોની સફળતાથી પ્રેરાઈને શુસ્લરે લખેલું 'એન એબ્રિજડ હોમિયોપેથિક થેરાપ્યુટિક્સ' નામના પુસ્તકનાં યુરોપીઅન ભાષામાં અનેક ભાષાંતરો થયાં, અને જર્મનીમાં તો તે એટલું લોકપ્રિય નીવડયું કે લેખકની હયાતિ દરમિયાન પચ્ચીસ વર્ષમાં તેની પચ્ચીસ આવૃત્તિઓ પ્રકટ થઇ હતી.

ઘરગથ્થુ ઔષધોપચાર તરીકે સામાન્ય જ્ઞાનવાળો માણસ પણ જેનો ઉપયોગ કરી શકે એવાં આ નિર્દોષ ઔષધના યોગ્ય કોટિના વિવેકભર્યા વપરાશમાં બાયોકેમિક ઔષધોપચારના ચાહકો, રોગો મટતા હોવાનો અને સર્જનની વાઢકાપથી બચાવ થતો હોવાનો જ નહિ, પક્ષી-પ્રાણીઓની રોગાવસ્થામાં પણ આ ઔષધોપચાર પદ્ધતિ રહેતી હોવાનો વિશ્વાસ ધરાવે છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

યુનિવર્સિટીમાં ભારતીય લલિતકલા ને સંસ્કૃતિના વાગીશ્વરી પ્રાધ્યાપકનું પદ દીપાવ્યું અને યુનિવર્સિટીના માસિક પત્ર 'કલકત્તા રિવ્યૂ'નું સંપાદન પણ કર્યું. ૧૯૫૦માં એમને બંગીય સરકાર તરફથી શરૂ કરાએલો પ્રથમ રવીન્દ્ર પુરસ્કાર (પાંચ હજાર રૂપિયા) બંગીય પ્રજાના ઇતિહાસગ્રંથ (આદિપર્વ) માટે પ્રાપ્ત થયો. ડૉ. યદુનાથ સરકાર જેવા વિશ્રુત ઇતિહાસાચાર્યે આ પુસ્તક વિષે કહ્યું હતું : 'આપણા દેશમાં પ્રજાના સામાજિક ઇતિહાસના ક્ષેત્રમાં આ કૃતિ અપ્રતિમ અને અમર મનાશે.' એમની બીજી બે ગ્રંથકૃતિઓ 'રવીન્દ્ર સાહિત્યેર ભૂમિકા' (૧૯૪૦) અને 'એન આર્ટિસ્ટ ઈન લાઈફ' (એક કલાકારનું જીવન દર્શન–૧૯૬૯)ને લીધે તો નિહારબાબુ અદ્‌ભુત સત્કાર, પ્રશસ્તિ અને કીર્તિના અધિકારી બની ગયા. બીજા પુસ્તક પર સાહિત્ય અકાદમીએ ૧૯૭૧માં અંગ્રેજી સાહિત્યની વિશિષ્ટ કૃતિ માટે પાંચ હજારનું પારિતોષિક આપ્યું હતું. આ પુસ્તકમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનાં જીવન, કાર્ય અને પ્રતિભાનું સર્વાંગીણ અવલોકન અને વિવેચન ઘણી જ પ્રાંજલ અને આશ્વસ્ત કરનારી શૈલીમાં અપાયું છે. સારા વિવેચકો માને છે કે કવીન્દ્ર રવીન્દ્રના સમગ્ર કર્તૃત્વ વિષે આજ સુધી અંગ્રેજીમાં આવું પુસ્તક લખાયું નથી. આ ગ્રંથ કેરળ યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કર્યો છે. ૧૯૫૨માં નિહારબાબુએ અમેરિકન સંયુક્ત રાજ્ય, હૉલૅન્ડ તથા જર્મનીના અનેક વિશ્વવિદ્યાલયોમાં પર્યટક પ્રાધ્યાપક (વિઝિટિંગ પ્રોફેસર) તરીકે ભારતીય ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ વિષે એક લાંબી વ્યાખ્યાન-યાત્રા આદરી હતી. ૧૯૫૩માં અખિલ બંગીય સાહિત્ય પરિષદના લખનૌ અધિવેશનના પ્રમુખપદે અભિષિક્ત થયા. ૧૯૬૦માં કલકત્તા વિશ્વવિદ્યાલયની વિનયન શાખાના પ્રમુખ નિમાયા અને ભારતની અનેક યુનિવર્સિટીઓમાં પર્યટક પ્રાધ્યાપક તરીકે જ્ઞાનવિસ્તારિણી–વ્યાખ્યાન-માળાઓ આપી. ૧૯૬૭માં ભારતીય ઇતિહાસ કૉંગ્રેસના પટિયાલા (પંજાબ) અધિવેશનના પ્રમુખ ચૂંટાયા અને ભારત સરકારે વિદ્યાકીય અને શૈક્ષણિક ક્ષેત્રે એમની કિંમતી સેવાઓ માટે એમને પદ્મભૂષણના માનથી નવાજ્યા.

ઈ. ૧૯૬૫ થી '૭૦ સુધી સિમલામાં સ્થપાએલી 'ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍડવાંસ્ડ સ્ટડીઝ'ના પ્રતિષ્ઠાપક પરિચાલક તરીકે પોતાની સેવાઓ આપી. ૧૯૭૩માં નિખિલ વિશ્વ પ્રાચ્ય વિદ્યા પરિષદના પારી(સ) અધિવેશનમાં ભારત સરકારે પોતાના પ્રતિનિધિ તરીકે એમની વરણી કરી હતી.

કલકત્તા વિદ્યાપીઠના આશુતોષ ભવનના એમના અધ્યયનકક્ષમાં વિદ્યાવિલાસીઓ અને સંસ્કારવાંછુઓની અવરજવર થયા જ કરે છે. જેમાં યુનિવર્સિટી સ્તરના શોધકર્તાઓ, કલાકારો, લેખકો, પત્રકારો, વિવેચકો, રાજકારણી ગૃહસ્થો, ગ્રંથપ્રકાશકો અને કલારસિક મનીષીઓનો સમાવેશ થાય છે. નિહારબાબુ સ્વદેશ અને વિદેશની બે ડઝનથી યે વધુ વિદ્યાસંસ્થાઓ, સંસ્કાર પ્રતિષ્ઠાનો અને શોધ સંસ્થાઓ સાથે સીધો સંપર્ક ધરાવે છે. એમની સાથે જ્ઞાનચર્ચા કરવાની તક મળવી એ પણ જીવનનો એક લહાવો છે.

નિહારબાબુએ એક દૃષ્ટિસંપન્ન મનીષી અને પ્રશાસક તરીકે ઇતિહાસનું તત્ત્વદર્શન શોધી લીધું છે. તેઓ પોતે સૌંદર્યોપાસક, લોકશાહીના સમર્થક, પ્રસન્ન-મધુર દાક્ષિણ્યયુક્ત અને બૌદ્ધિક આભિજાત્યના ચાહક છે. પોતાના વિપુલ અધ્યયન–અધ્યાપન, લેખન અને પ્રવચન કર્મ દ્વારા એમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે. એમની પ્રતિભા અને કર્તૃત્વ જોતાં ડૉ. આનંદ કે. કુમારસ્વામી, પ્રો. અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, પ્રો. બિનયકુમાર સરકાર, પ્રો. રાધાકુમુદ મુકર્જી, પ્રો. જદુનાથ સરકાર વગેરે મહા મનીષીઓનો સાચો વારસો (ભારતીય ઇતિહાસ સાહિત્ય અને

કલાને ક્ષેત્રે) પૂરી દક્ષતા, ક્ષમતા અને યોગ્યતા સાથે તેઓ સાચવી રહ્યા છે. ઇતિહાસ, પુરાતત્ત્વ, કલા, સંસ્કૃતિ અને સાહિત્ય પ્રત્યે અભિરુચિ ધરાવતા અભ્યાસુઓ અને સ્વાધ્યાય-પ્રેમીઓએ એમના વિવિધ ગ્રંથોનું અવશ્ય અનુશીલન કરવું જોઇએ. એમણે બ્રહ્મદેશમાં પૌરાણિક દેવતાઓ બ્રહ્મદેશમાં સંસ્કૃત બુદ્ધિઝમ, રવીન્દ્ર સાહિત્યેરભૂમિકા, મૌર્ય શુંગકાલીન કલા, બ્રહ્મદેશમાં થેરવાદી બુદ્ધિઝમ, બંગીય પ્રજાનો ઇતિહાસ, કલકત્તા વિશ્વવિદ્યાલયનાં સો વર્ષ, એન આર્ટિસ્ટ ઈન લાઈફ, શીખ ગુરુઓ તથા શીખ સમાજ, આઇડિયા ઍન્ડ ઈમેજ ઈન ઇંડિયન આર્ટ, નેશનાલિઝમ ઈન ઇંડિયા, ઍન ઍપ્રોચ ટુ ઇંડિયન આર્ટ, રાજા રામમોહનરાય, મૌર્ય યુગીન કલા અને મુગલ કોર્ટ પેઇન્ટિંગ વિષય પરના એમના આ અભ્યસનીય ગ્રંથો વિખ્યાત છે.

આવા એક પ્રતિભાવંત વિદ્યાપુરુષ, કલામીમાંસક અને પથાન્વેષી જ્ઞાન-સાધક આપણી વચ્ચે વિદ્યમાન છે અને એમની જ્ઞાનયાત્રા નવા નવા આયામોને વરી રહી છે એ આનંદ અને પરિતોષનો વિષય છે.

—શંકરદેવ વિદ્યાલંકાર

ઉત્સાહ-વર્ધન-પ્રયોગ

શંખપુષ્પી, શતાવરી અને અશ્વગંધા–આ ત્રણે દ્રવ્યો સરખા વજનમાં લઇ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી સવાર-સાંજ ગાયના દૂધ સાથે લેવું. આઠદસ દિવસમાં જ આ પ્રયોગનો પ્રભાવ દેખાવા લાગશે. તેનાથી લાંબા સમય સુધી સતત વાચન, લેખન કે મનન જેવાં કાર્યો કરવા છતાં મગજ શ્રમિત થતું નથી. વાગ્ભટે પણ એક આવો પ્રયોગ કહ્યો છે: બ્રાહ્મી, શંખાવલી, અશ્વગંધા અને શતાવરી – આ ચાર દ્રવ્યો સરખા વજને લઇ તેનું ચૂર્ણ સવારસાંજ ખાવું. આ ચૂર્ણ પણ મેધ્ય એટલે કે બુદ્ધિવર્ધક તથા વયઃસ્થાપન કરનાર છે. માનસિક પરિશ્રમ કરનારાઓ માટે આ પણ એક ઉત્તમ યોગ છે. આવા બીજા 'મેધ્ય રસાયન' પ્રયોગો પણ છે: બ્રાહ્મીનો સ્વરસ રોજ લેવો, અથવા રોજ જેઠીમધનું ચૂર્ણ દૂધ સાથે લેવું, ગળોનો રસ પણ નિયમિત લઈ શકાય અગર તો મૂળ-પુષ્પ સાથે શંખાવલીનો છોડ લાવી તેની ચટણી રોજ લેવી.

ચાળીસ વર્ષની વય પછી સ્મૃતિ, બુદ્ધિ, મનન, સામર્થ્ય, ઉત્સાહ અને ઉત્તમ વયઃસ્થાપન માટે આવા યોગોમાંથી અનુકૂળ યોગ પસંદ કરી દરરોજ તેનું સેવન કરવું જોઈએ. 'ઔષધીઃ પ્રશસ્તા ધારએત્' અર્થાત્ પ્રત્યેક મનુષ્યે પોતાને યોગ્ય હોય એવી કોઇ ઔષધિનું સેવન રોજ રાખવું જોઇએ. ચરકનું આ એક અત્યંત સારગર્ભિત સૂત્ર છે.

ગણિતગમ્મત

આ ત્રણ આંકડા—૩, ૬ અને ૯ને આગળ પાછળ કે વચ્ચે ફેરવીને બની શકતી સંખ્યા લખો.

૩૬૯ ૩૯૬ ૬૩૯ ૬૯૩ ૯૩૬ ૯૬૩

આ છયે સંખ્યાને ૧૩૩૨માંથી જુદીજુદી બાદ કરો.—

૧૩૩૨	૧૩૩૨	૧૩૩૨	૧૩૩૨	૧૩૩૨	૧૩૩૨
–૩૬૯	–૩૯૬	–૬૩૯	–૬૯૩	–૯૩૬	–૯૬૩
૯૬૩	૯૩૬	૬૯૩	૬૩૯	૩૯૬	૩૬૯

દરેક જવાબમાં મૂળ છ સંખ્યાઓમાંની જ એક સંખ્યા છે.

—કિશોર ન. ગોરધનદાસ

બ્રિટન અને દાંત

બ્રિટનની નેશનલ હેલ્થ સર્વિસે કરેલી તારવણી પ્રમાણે આ ઈ. ૧૯૮૦ની સાલમાં ત્યાંનાં બાળકોના જે દૂધિયા દાંત ખરી પડે છે તેનું વજન અઢી ટન જેટલું થશે; ત્યાં સોળ વર્ષથી વધુ વયના દર દસ જણે ત્રણ જણ દાંત વિનાના છે; દર વર્ષે આ દંત-સેવા દ્વારા પંદર વર્ષની વયના ચાર હજાર જણને બનાવટી દાંત બેસાડવામાં આવે છે; અને દર વર્ષે દાંતની સંભાળ પાછળ આ સેવા ૩૭૧ લાખ પાઉન્ડ ખર્ચે છે. દર ૧૦૦૦ બ્રિટિશરે માત્ર ત્રણ જણને જ પૂરા તંદુરસ્ત દાંત હોય છે.


આકાશદર્શન

રાત્રિના પૂર્વાર્ધમાં હાલ દેખાતા આકાશનો આ નકશો છે. તેમાં દર્શાવેલાં બધાં તારામંડળોનો પરિચય અગાઉ આપણે કરેલો છે, અને નહિતર આ નકશાના આધારે પણ એમને ઓળખી શકાશે. નકશામાં યુગ્મતારા, એટલે કે નરી આંખે એક દેખાતા, પણ હકીકતે બે (ક્વચિત્ તેથી યે વધુ) તારાઓની જોડ પણ દર્શાવી છે. આકાશમાં દેખાતા તારાઓમાં ત્રીજા ભાગથી વધુ આવા યુગ્મ તારાઓ છે.

તારાઓમાં બીજો પ્રકાર છે રૂપવિકારી તારાઓનો. નકશામાં એવા કેટલાક નોંધનીય રૂપવિકારી તારાઓ પણ દર્શાવ્યા છે. નિયમિત આકાશદર્શન કરતા હોઈએ તો જણાશે કે અમુક તારાઓના તેજમાં વધઘટ થતી જોવા મળે છે. અલબત્ત, તારાઓનો ટમટમાટ અને આ તેજની વધઘટ એ બંને ભિન્ન છે.

રૂપવિકારી તારાઓના તેજની વધઘટનાં પણ ભિન્નભિન્ન કારણો છે, ને તે પ્રકારે તેના વર્ગ પાડેલા છે. આમાં સૌથી વધુ ધ્યાન ખેંચતો રૂપવિકાર વિસ્ફોટ પામતા તારાનો હોય છે. પોતાના આંતરિક વિસ્ફોટના કારણે એ તારા ઓચિંતા જ એકદમ ઝબકી ઊઠે છે. અને પછી પુનઃ તેમનું તેજ મંદ પડી જાય છે, યા ક્વચિત્ બિલકુલ વિલાઈ જાય છે. લગભગ રોજ એક સરખા દેખાતા તારાઓની વચ્ચે તેમનો ઓચિંતો તેજઝબકાર સ્વાભાવિક રીતે જ તુરત ધ્યાન ખેંચે છે, અન્યથા તેમના પ્રતિ લક્ષ દોરાતું નથી. ઈ. ૧૫૭૨માં 'શર્મિષ્ઠા' તારામંડળ પાસે આવો એક તારો દેખાયો હતો, જે તેના તેજ વરસતા વિસ્ફોટને કારણે ઇતિહાસ-પ્રસિદ્ધ બની ગયો છે. તે પછી ધીરેધીરે એનું તેજ તદ્દન મંદ પડી ગયું હતું.

તારાઓનો આ રૂપવિકાર પણ 'નિયમિત' અને 'અનિયમિત' તેમ બે રીતે અલગ પડે છે. અને આમાંયે 'અલ્પકાલિક' તથા 'દીર્ઘકાલિક' એવા બે પ્રકાર છે. કેટલાક વિરાટ કે એથી યે મોટા તારા થોડા માસથી માંડીને બેએક વર્ષ દરમિયાનના ગાળામાં તેજની સારી એવી વધઘટ બતાવે છે. આ રૂપવિકાર 'દીર્ઘકાલિક' છે. 'અલ્પકાલિક' રૂપવિકારી તારાઓમાં યે બે પ્રકાર છે. એકમાં કેન્દ્રની આસપાસ ઘૂમતા તારાઓ જ્યારે એકબીજાને ઢાંકી દે ત્યારે એકના તેજની આડે બીજાનો પિંડ આવી જતાં –તારાનું ગ્રહણ થતાં– આપણને તેના તેજમાં ઘટાડો થયો લાગે છે. બીજો પ્રકાર છે 'ધબકતા' તારાનો. એમાં એક જ તારો હોય છે, જે અમુક નિશ્ચિત સમયે સંકોચાતો ને વિસ્તરતો જતો હોવાના કારણે તેના તેજમાં વધારો ઘટાડો થતો



દેખાય છે. હાલમાં અવકાશમાં દેખાતા 'યયાતિ' તારામંડળનો 'અલ્ગૂલ', અને 'તિમિ' તારામંડળનો 'મિરા' એ બે તારા રૂપવિકારી તારાઓનાં બે ઉત્તમ દૃષ્ટાંત છે.

એક કેન્દ્રની આસપાસ ઘૂમતા બે તારાઓવાળો યુગ્મતારક 'અલ્ગૂલ' તેના રૂપવિકારની નિયમિતતાને કારણે ખ્યાત છે. જ્યારે તેના બંને તારા આપણી નજર સાથે એક લીટીમાં આવી જાય ત્યારે એકના દ્વારા બીજો ઢંકાઈ જતાં 'અલ્ગૂલ'ની તેજસ્વિતામાં ઘટાડો દેખાય છે. આ 'ગ્રહણકારી' તારો છે. લગભગ દર પોણા ત્રણ દિવસના અંતરે એનું તારાગ્રહણ થાય છે, અને તે ચારેક કલાક ચાલે છે, દરમિયાન તેની લઘુતમ તેજસ્વિતાની સ્થિતિ વીસેક મિનિટ સુધી ટકી રહીને પુનઃ તેનું તેજ વધવા લાગે છે. આમ, અલ્ગૂલના તેજની વધઘટનું ચક્ર ૨ દિવસ, ૨૦ કલાક અને લગભગ ૪૯ મિનિટનું છે. વર્ષ દરમિયાન એ સોએક વાર આમ તેજોહીન બની જાય છે, પણ કેટલીક વાર આ પ્રક્રિયા દિવસ દરમિયાન પતી જતી હોય છે. આપણે તો માત્ર રાત દરમિયાન જ એ જોવાનો લાભ પામી શકીએ.

હાલમાં બીજો દર્શનસુલભ રૂપવિકારી તારો 'મિરા' દીર્ઘકાલીન અનિયમિત પ્રકારનો છે. એના તેજની વધઘટ બહુ અનિયમિત છે. નરી આંખે તો ઠીક, પણ સાધારણ દૂરબીન વડે પણ જોવો મુશ્કેલ પડે તેટલી ઝાંખપથી માંડીને એ સારી પેઠે તેજસ્વી બની જાય છે. લગભગ પાંચેક માસ સુધી તેનું તેજ વધતું જઈ પછી છએક માસમાં એ પાછું તદ્દન ઘટી જાય છે. અને આમાં પણ એ નિયમિત નથી. ક્યારેક તો આખા વર્ષમાં યે એનું દર્શન થતું નથી.

'વૃષપર્વા' તારામંડળમાં પણ કેટલાક રૂપવિકારી તારા છે, તેમાંનો નકશામાં દર્શાવેલો એક તારો ખ્યાત છે, એ યુગ્મ તારાનું તેજ પાંચ દિવસ અને નવ કલાકમાં એની ઓછામાં ઓછી તેજસ્વિતાથી વધીને લગભગ અઢી ગણું થઈ જાય છે બીજા પણ કેટલાક યુગ્મ અને રૂપવિકારી તારાઓ નકશામાં દર્શાવ્યા છે. સાથે કેટલાક અગ્રગણ્ય તારકગુચ્છ તથા નિહારિકાઓનાં સ્થાન પણ નકશામાં આપ્યાં છે. આ બધાના પરિચય અને દોસ્તીનો યે એક અનેરો આનંદ છે ને આકાશદર્શનના આપણા આ પ્રયાસનું લક્ષ પણ એ માણવા પ્રતિ વળવાનું જ છે.

આગામી માસ (નવેમ્બર) ઇતિહાસમાં

કાર્તિકી પૂર્ણિમા : સં. ૧૧૪૫. પોતાની બહુમુખી પ્રતિભા વડે કુમારપાળના સમયમાં ગુજરાતના પાટનગર શ્રીપત્તન (પાટણ)ને ભારતના અગ્રગણ્ય સારસ્વત કેન્દ્રોની હરોળમાં બેસાડનાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો ધંધુકામાં જન્મ. દ્વયાશ્રય, અભિધાન ચિંતામણિ, અનેકાર્થસંગ્રહ, ધનવંતરી નિઘંટુ, રત્નપરીક્ષા, શેષનિઘંટુ, કાવ્યશાસન, છંદાનુશાસન, અલંકાર ચૂડામણિ, વિવેકપ્રમાણમીમાંસા, ત્રિશષ્ઠીશલાકા પુરુષચરિત્ર, યોગશાસ્ત્ર ઇત્યાદિ એમની અભ્યસનીય કૃતિઓ આજ સુધી વિખ્યાત રહી છે. વિ. સં. ૧૨૨૯માં તેઓ કાલધર્મ પામ્યા.

તા. ૩/૧૬૧૮. ગુજરાતથી ઉજ્જૈન તરફ જતાં, જહાંગીરના રસાલામાં દાહોદ મુકામે બેગમ અર્જુમન્દબાનુ મુમતાજ મહાલે શાહજહાંના ત્રીજા પુત્ર અબુલ ઝફર મુહીઉદ્દીન મુહમ્મદ ઔરંગઝેબને જન્મ આપ્યો. પોતાના પુરોગામી શહેનશાહોની સરખામણીમાં અત્યંત કરકસરીઆ ચુસ્ત મુસલમાન બાદશાહ 'આલમગીર' તરીકે એ ખ્યાત હતો. ઈ. ૧૭૦૭માં અહમદનગરમાં એનું અવસાન થયું. એના પછી મુગલ સલ્તનતની જાહોજલાલી અને પ્રભાવ ઉત્તરોત્તર ઘટતાં જઇને છેવટ એ રાજવંશનો ઓગણીસમો બાદશાહ, રમલ (જ્યોતિષ)નો જાણકાર, ઉર્દૂ ઝબાનનો શાયર બહાદુરશાહ ઝફર ૧૮૫૭ના બળવાના નેતા તરીકે અંગ્રેજોની કેદમાં દેશનિકાલની સજા પામી રંગૂનની જેલમાં ૧૮૬૨માં અવસાન પામ્યો તે યે આજ મસની ૭મી તારીખે. કુતુબમીનાર નજીક એના પીરો-મુરશીદની કબરો પાસે એના નામની કબર હજી યે ખાલી પડી છે. રંગૂનથી એના દેહાવશેષો પણ અહીં લાવી શકાયા નથી.

તા./૫ ઇંગ્લૅન્ડમાં ગન-પાઉડર પ્લૉટ દિન. ઇંગ્લૅન્ડમાં નવેમ્બરની પાંચમી તારીખે ગાઇ ફૉક્સના પૂતળાને બાળીને અને આતશબાજી યોજીને આ દિવસ ઉજવવામાં આવે છે, અને જ્યારેજ્યારે પાર્લામેન્ટની બેઠક મળે ત્યારે એ પહેલાં નીચેના ખંડો તપાસી જવાનો વિધિ કરવામાં આવે છે. આની પાછળ એક નાનો ઇતિહાસ છે. ગાદીએ આવેલા નવા રાજા જેઈમ્સ પહેલાએ દાખલ કરેલા સુધારક કાયદાઓથી છંછેડાઈને રાજા તથા તેના મંત્રીઓને ઉડાડી મૂકવા રોમન કૅથલિક પંથના કેટલાક ધર્મઝનૂનીઓએ એક ગુપ્ત કાવતરુ રચ્યું ફાધર ગાર્નેટ અને ફાધર ગ્રીનવે એના સૂત્રધાર હતા. બીજા કેટલાક ખાનદાન નબીરાઓ પણ ભળેલા. કાવતરું પાર પાડવા ફ્લાન્ડરથી ગાઈ ફૉક્સને બોલાવાયો. માર્ચ માસમાં પાર્લામેન્ટના ઉમરાવસભાના ખંડની હેઠળનું ભોંયરું ભાડે રખાયું અને થોડો થોડો કરીને ત્યાં ૩૬ પીપ જેટલો દારૂ એકઠો કરવામાં આવ્યો. અને સ્ફોટ માટેની બધી સામગ્રી ત્યાં એકઠી કરી-છુપાવીને મે માસમાં સૌ છૂટાછૂટા વેરાઈ ગયા. ઑક્ટોબરની ૨૬મી તારીખે લોર્ડ મૉન્ટઇગલને પાર્લમેન્ટની આગામી બેઠકમાં ગેરહાજર રહી પોતાનો જીવ બચાવી લેવાની વિનતિ કરતો એક નનામો પત્ર મળ્યો. મૉન્ટઈગલે તે મુખ્યમંત્રી સૉલ્ઝબરીને બતાવ્યો. તપાસ ચાલી અને પાંચમી નવેમ્બરે બેઠક મળવાની હતી તે વહેલી સવારે પેલા અંધારા ભોંયરામાં સૈનિકો છુપાઈ ગયા. થોડી વારે દીવો અને દારૂ પેટાવવાનાં સાધનો સાથે ગાઈ ફૉક્સ અંદર આવ્યો. સૈનિકો તેના પર તૂટી પડયા, ઝપાઝપી થઈ અને ગાઇ ફૉક્સ કેદ પકડાયો. રાજા તથા તેના મંત્રીઓને પાર્લમેન્ટના મકાન સાથે ફૂંકી મારવાનું કાવતરું નિષ્ફળ ગયું. 'ગન પાઉડર પ્લૉટ' નામે આ પ્રસંગ જાણીતો છે. પ્રજાને જ્યારે આની જાણ થઈ ત્યારે તેનાથી સ્તબ્ધ થઈ જવા સાથે એની નિષ્ફળતાથી આનંદ પામી. અને ત્યારથી ૫મી નવેમ્બરે આ દૈવી બચાવની એ પ્રજા ઉજવણી કરતી રહી છે.

તા. ૨૪/૧૯૨૨ હાવૅર્ડ કાર્ટર નામના એક બ્રિટિશ સંશોધકે ૩૩૦૦ વર્ષ પૂર્વેના મિસર (ઇજિપ્ત)ના ફેરો તુતનખામનની કબર શોધી કાઢી. આ કબરમાંથી અઢળક સોને મઢ્યું તુતનખામનનું મમી, એની સાથે દાટેલું ઝવેરાત અને અન્ય અનેક કિંમતી ચીજોનો હજારો વર્ષ પહેલાંનો અકબંધ રહેલો ખજાનો પણ મળ્યો. પુરાતત્ત્વ-સંશોધન માટેનાં ઉત્ખનનોના ઇતિહાસમાં આ શોધ જેટલો ખળભળાટ અને આશ્ચર્ય આવા કોઈ સંશોધને પેદા કર્યાં નથી.

જેની આ કબર હતી એ તુતનખામન ઇજિપ્તનો કોઈ મહાન રાજા નહોતો. નાની વયે એ ગાદીએ આવેલો. રમતગમતનો એ શોખીન હતો. રાજકાજમાં ઉમરાવો ને ધર્મગુરુઓના વર્ચસ્વ સામે એનો કોઈ આગવો પ્રભાવ નહોતો. 'આમન' દેવના દેવળોમાં સમૃદ્ધિ એકઠી કરવી એ જ એનું એક ગણનાપાત્ર કામ હતું. પોતાનાં કાર્યો કે પરાક્રમોથી નહિ, પણ એના મર્યા પછી ૩૩૦૦ વર્ષ બાદ એની કબરમાંથી જે અઢળક અકબંધ ખજાનો મળ્યો તેના થકી તેનું નામ દુનિયાભરમાં જાણીતું બની ગયું. આજે એમાંનો મોટાભાગનો ખજાનો કાહીરો (કેરો)ના સંગ્રહસ્થાનમાં છે.



એક સ્ત્રીએ એક સ્ટોરમાં ધસી જઇને કહ્યુ: મને એક ઊંદરિયું આપો—જરા જલ્દી કરજો, મારે બસ પકડવી છે.

'પ-પણ, બાનુ. અમે એવડાં મોટાં ઊંદરિયાં નથી રાખતા'.

ભૂલી જવાની એમને આદત હતી. એવી ભુલાએલી બાબત યાદ કરવા પાછળ વેડફાતો સમય બચાવવા કોઈએ એમને જરૂરી બાબતોની નોંધ કાગળમાં ટપકાવી લેવા સૂચવ્યું. એમણે એનો અમલ પણ શરૂ કરી દીધો. તે દિવસે સાંજે ઑફિસમાંથી છૂટવાના સમયે હું એમને મળ્યો ત્યારે ખરીદીને ઘેર લઈ જવાની વસ્તુઓ જેમાં ટપકાવેલી એ કાગળ શોધવા તેઓ ટેબલનાં ખાનાં ફંફોસતા હતા.

'હું હવે મારું દવાખાનું ખોલી રહ્યો છું. તમે તો વર્ષોથી પૅક્ટિસ કરી રહ્યા છો. મને એ અંગે કંઈ સલાહ આપો.'

'જો બેટા, આ ધંધામાં બે બાબત ખાસ ધ્યાનમાં રાખવી. પ્રિસ્ક્રિપ્શન હમેશાં ઉકલે નહિ તેવી રીતે જ લખવું અને બિલ હમેશાં સ્પષ્ટ અક્ષરોમાં લખવું'

આપણા લોકોની તાકાત હવે જરૂર વધી ગઈ છે. જુઓને, અગાઉ અમને સોળ રૂપિયાનું તેલ ઊંચકી લાવતાં હાંફ ચડી જતી, અને આજે આ છોકરાં બત્રીસ રૂપિયાનું તેલ સાવ આસાનીથી ઊંચકી લાવે છે.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

અવેજ ખોયો આવશે, ગયાં મળે છે ગામ,
ગયો ન અવસર આવશે, ગયું મળે ના નામ.

ન્યૂ ઑરીએન્ટલ બૅન્ક તૂટવાના ખબર સાંભળી ગોવર્ધનરામ પોતાના ત્યાં મૂકેલા ૨૭૦૦ રૂપિયા લેવા ગયા ત્યારે બૅન્ક પર તાળું લાગી ગયું હતું! આથી લેશમાત્ર ખિન્ન થયા વગર કે બૅન્કવાળા વિશે કટુવચન સરખું કાઢયા વગર ઘેર આવીને સૌને આ ખબર સંભળાવતાં તેઓ ખડખડાટ હસી પડયા ને બોલ્યા: 'આટલા રૂપિયા જવાના જ હશે તેથી આપણને આટલી મોડી સૂઝ પડી!'

અનેકાર્થી શબ્દ: અંતર: અંદરનું, નજીકનું, અંદરનો ભાગ, અંતઃકરણ, મન, અવકાશ, છેટું, વચલો કાળ, તફાવત, ભેદ, જુદાઈ, સમાસને અંતે 'અન્ય-બીજું' એવા અર્થમાં (રૂપાંતર), સમાચાર (ખબરઅંતર જેડે).

લીંબુ નિચોવેલા ઠંડા પાણીમાં વાસી શાક કલાકેક પલાળી રાખવાથી તાજપ આવશે.



ટિકિટકથા: સ્પેઈન અને ફ્રાંસને અલગ પાડતી પર્વતમાળામાં ઍન્ડોરા નામના એક નાનકડા રાજ્યમાં સદીઓથી બે શાસન ચાલે છે—એક ઉરગલના સ્પેનિશ બિશપનું ને બીજું ફ્રાંસનું. આ દ્વિ-શાસનનો પ્રભાવ ત્યાંની ટપાલ ટિકિટો પર પણ જોવા મળે છે. સ્પેઈનમાંથી જનારી ટપાલની ટિકિટોની કિંમત પેસેટામાં ગણાય છે, જ્યારે ફ્રાંસમાં થઈને જનારી ટપાલનું મૂલ્ય સેન્ટાઈમ અને ફ્રાંકમાં દર્શાવાય છે. ઈ. ૧૯૨૮માં ઍન્ડોરાની પહેલી ટિકિટ બહાર પડી ત્યારથી સ્પેનિશ ઍન્ડોરન ૧૨૦ ટિકિટો બહાર પડી છે અને ફ્રેન્ચ ૩૫૦. આમાં છેલ્લી ફ્રેંચ ટિકિટ પર શાર્લેમાનની છબી છે જેણે ઍન્ડોરાને સ્વાતંત્ર્ય આપવાનું સૌપ્રથમ વિચાર્યું હતું, જ્યારે તેની સાથેની સ્પેનિશ ટિકિટ પર નેપોલિયન પહેલાની છબી છે જેણે ૧૮૦૬માં ઍન્ડોરાના દ્વિ-શાસનને બહાલી આપી હતી

सत्यं ब्रह्म तपः सत्यं
सत्यं विसृजते प्रजाः ।
सत्येन धार्यते लोकः
स्वर्गं सत्येन गच्छति ॥

સત્ય એ બ્રહ્મ રૂપ છે, તપ એ સત્ય રૂપ છે, સત્ય જ પ્રજાને ઉપજાવે છે. સત્ય વડે જ જગત ટકી રહે છે અને સત્ય વડે જ મનુષ્ય સ્વર્ગમાં—સારા લોકમાં જાય છે.

કહેવતોની કથા: 'સુણ ભાઈ માધા, કે નવ તેર કા આધા.' લધો ને માધો નામના બે મિત્રો મુસાફરીમાં લૂંટારાને હાથ પડયા. તેમની સામે બીજું કાંઈ ચાલે તેમ ન હોવાથી લધાએ માધાને સંકેતમાં ઉપલી પંક્તિવાળી કવિતા કહી. તેનો અર્થ એ કે ૯+૧૩=૨૨ તેનું અર્ધું ૧૧. હવે અગિયારા ગણી જવામાં—નાશી જવામાં જ માલ છે. કોઈ મોટી મથામણમાં પણ અંતે સાર ન જણાતાં તેને પડતી મૂકવા માટે પણ મજાકમાં આ કહેવત વપરાય છે. તેની પૂરી પંક્તિઓ આ મુજબ છે:

સુણ ભાઈ માધા, નવ તેર કા આધા,
તેતીસ કા ત્રીજા ભાગ, છે પાંચ કા દુવા લાગ,
મેરા કહા કીજીએ તો નવ ઉપર દો લીજીએ.

જે બધા સંકેતનો અર્થ 'અગિયાર' જ થાય છે.

ચોપડી કે કાગળ ઉપર તેલનો ડાઘ પડયો હોય તો તેની ઉપર (તથા નીચે) ચાકની ભૂકી (મૅગ્નેશ્યમ કાર્બ) ભભરાવી, તેના ઉપર એક કાગળ મૂકી તેના પર ગરમ ઈસ્ત્રી ફેરવવી. ડાઘ ચુસાઈ જશે.

પૉલિશ કરેલું ફર્નિચર સાફ કરવા માટે સરકો અને પાણીનું મિશ્રણ વાપરવું.

જાડી મીણબત્તી કરકસરથી બાળવી હોય તો તેના પર સફેદ વાર્નિશનો હાથ મારીને સૂકવી રાખવી. આથી વાર્નિશ ચોપડેલી મીણબત્તી બળશે ત્યારે ઓગળેલું મીણ પણ વાર્નિશના પડની પાળમાં રોકાઈને બળશે, બહાર રેલા નહિ ઊતરે, યા બહુ ઓછા ઊતરશે.

મુશ્કેલી જેટલી હઠીલી હોય છે તે કરતાં પણ આપણે વધુ હઠીલા થવાનું છે—એ સિવાય બીજો કોઈ રસ્તો નથી
(શ્રી અરવિંદ)

પીપર

બેરોળમાં દૂધ સાથે પીપરનું ચૂર્ણ આપવું. લોહીના કૅન્સરમાં ચકતી પીપરનો પ્રયોગ કરવો. મંદાગ્નિમાં ગોળ સાથે પીપર ખાવી. જૂના તાવમાં ગોળ સાથે પીપર લેવી. ઉધરસમાં પીપરનું ચૂર્ણ ગોળ સાથે લેવું. ખાખરાના ક્ષારના પાણીમાં પલાળીને સૂકવેલી પીપર વધારે અસરકારક છે.



કલાકણિકા: ઈસ્લામી કલાપ્રણાલી પર બારીકીની ચરમ કક્ષાએ પહોંચેલી વેલબુટ્ટીનાં સુશોભનો સોનારૂપાનાં રસણો દ્વારા કતારેલી, આલા હરજાની દખ્ખણ હૈદરાબાદની સુરાહી.

અનુસંધાન] વલ્લભાચાર્ય [પૃ. ૩૨૦થી

પણ ચાલતી આવે છે. જે સ્વરૂપો એમને સેવા માટે સોંપવામાં આવેલાં તેની જ સેવા તે ગાદીના આચાર્યો દ્વારા આજે થાય છે.

વિ. સં. ૧૫૬૩ના શ્રાવણ સુદ અગિયારસ ને ગુરુવારે મધ્યરાત્રિએ ભગવાનનો એમને સાક્ષાત્કાર થએલો. એવું 'સિદ્ધાંતરહસ્ય' પરથી જણાય છે. બીજે દિવસે બારસની વહેલી સવારે એમણે દામોદરદાસ હરસાનીને પ્રભુના ચરણમાં આત્મનિવેદન કરાવ્યું. આ દીક્ષા પુષ્ટિ-સંપ્રદાયમાં 'બ્રહ્મસંબંધ' તરીકે જાણીતી છે. એમણે શ્રી ગોવર્ધનધરણ શ્રીકૃષ્ણની મૂર્તિનાં દર્શન કરી શ્રીનાથજી એવું નામ આપી સહુ પ્રથમ મયૂરપિચ્છનો મુકુટ ને પીતાંબર કાછની ધરાવ્યા. વ્રજવાસીઓને બ્રહ્મ-સંબંધની દીક્ષા આપી ભક્તિમાર્ગની દિશા બતાવી. શ્રીનાથજીનો સેવા-ક્રમ સ્થાપી વ્રજની દ્વાદશ પરિક્રમા કરી તેમ જ શ્રી યમુનાજીનું મા-હાત્મ્ય વધાર્યું. વલ્લભાચાર્યને શ્રીનાથજીના જે કમનીય શૃંગારનાં દર્શન થયાં તેનું નિરૂપણ એમના પ્રસિદ્ધ 'મધુરાષ્ટક'માં થયું છે. જેમાં એમના ઋજુ હૃદય અને કવિત્વનાં સુભગ દર્શન થાય છે.

વલ્લભાચાર્યે ભાગવતધર્મનું ઊંડું પરિશીલન કરેલું અને શુદ્ધાદ્વૈત વેદાન્ત સિદ્ધાંતનું સ્થાપન કરેલું. એમણે લગભગ ૮૧ ગ્રંથોની રચના કરેલી. એમાં ભાગવત પરથી 'સૂક્ષ્મટીકા' અને 'સુબોધિની ટીકા' સુ-પ્રસિદ્ધ છે 'અણુભાષ્ય' સિદ્ધાન્ત પ્રતિપાદનની દૃષ્ટિએ સર્વોત્તમ છે. એ ઉપરાંત, 'સિદ્ધાન્ત-રહસ્ય', 'તત્ત્વાર્થદીપ', 'ચતુઃશ્લોકી', 'પૂર્વમીમાંસા-ભાષ્ય', 'પત્રાવલંબન' ઈત્યાદિ વિશેષ નોંધપાત્ર છે. 'અણુભાષ્ય'માં શેષ રહેલ તત્ત્વાલેખન એમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલું. એમની આ સઘળી લેખનપ્રવૃત્તિ એમની પ્રતિભાની દ્યોતક છે.

'અનાગ્રહશ્ચ સર્વત્ર'માં માનતા ગૃહસ્થી વલ્લભાચાર્યે માંદગી આવતાં ભક્તિમાર્ગીય સંન્યાસ લીધેલો. મહદ્અંશે સમગ્ર જીવન વિદ્યા-વ્યાસંગ ને ભગવત્સેવામાં ગાળી ભાગવતધર્મને પ્રચારી પુષ્ટિમાર્ગી સંપ્રદાયનું સ્થાપન કરનાર આ અવતારી પુરુષે વિ. સં. ૧૫૮૭ના અષાઢ સુદ બીજ–ત્રીજે મધ્યાહ્ને બાવન વર્ષની વયે આ લોકની લીલા સમાપ્ત કરી. વલ્લભાચાર્યનું અંતર્ધાન થવું સંપ્રદાયગ્રંથોમાં 'આસુરવ્યામોહ લીલા' રૂપે ઓળખાય છે. 'આસુરોના વ્યામોહ પૂરતું જ ગમન છે, બાકી તો અહીં નિત્ય બિરાજમાન છે' એથી ભાવના આની પાછળ છે.

વલ્લભાચાર્યે સ્થાપેલ સંપ્રદાય દાર્શનિક જગતમાં શુદ્ધાદ્વૈત વેદાન્ત તરીકે પ્રસિદ્ધ છે. શંકરાચાર્યના અદ્વૈતથી ભિન્ન દર્શાવવાને માટે અ-દ્વૈતની સાથે 'શુદ્ધ' વિશેષણ લગાડયું છે. શંકરાચાર્ય માયાશબલિત બ્રહ્મને જગતનું કારણ માને છે. જ્યારે વલ્લભાચાર્યે નિતાંત શુદ્ધ બ્રહ્મને જગતનું કારણ માન્યું છે. વલ્લભાચાર્યનો આ સિદ્ધાંત માનતો સંપ્રદાય પુષ્ટિમાર્ગ તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. 'પુષ્ટિ' એટલે પોષણ અને પોષણ એટલે શ્રીહરિનો અનુગ્રહ' એવો પુષ્ટિમાર્ગનો સાદો સરળ અર્થ છે. હરિનો અનુગ્રહ જ પુષ્ટિમાર્ગમાં મુખ્ય છે. આ માર્ગનાં ભક્તો પુષ્ટિ-ભક્તો કહેવાય છે. જેના ચાર જેટલા ભેદ છે. (૧) મર્યાદા પુષ્ટિભક્તો (૨) પ્રવાહ પુષ્ટિભક્તો, (૩) પુષ્ટિપુષ્ટ ભક્તો અને (૪) શુદ્ધ પુષ્ટિભક્તો, આમાં છેલ્લો પ્રકાર સર્વોત્તમ કે સર્વોત્કૃષ્ટ છે. પુષ્ટિમાર્ગમાં કૃષ્ણ પરત્વેની અપૂર્વ ભક્તિ જ મુખ્ય છે. એમાં ભગવત્સેવાનું મહત્ત્વ સવિશેષ છે. જે કાળે હિન્દુધર્મનો વિધ્વંશ થવાની સંભાવના હતી એ કપરા કાળે ભાગ-વત ધર્મને પુનઃ જીવિત કરી તેની નૂતન વિભાવના આકારિત કરનાર વલ્લભાચાર્યનો પુષ્ટિસંપ્રદાય આજે ગુજરાતનો મુખ્ય વૈષ્ણવ સંપ્રદાય છે. એમના ઈષ્ટદેવ છે નાથદ્વારામાં બિરાજેલા શ્રીનાથજી. □